પાનાં : ૧૨+૪ પૂર્તિ કિંમત રૂા.૬ તા.૨૮ જુલાઈ ૨૦૨૪ રવિવાર

૨૧ મોહર્રમ હિજરી ૧૪૪૬ ● અષાઢ વદ આઠમ સંવત ૨૦૮૦




નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991




Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-33 અંક-૩૫૯ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### આયોગની બેઠકમાં ‘અપમાન’ કરાયું હોવાનો મમતા બેનરજીનો દાવો

# મમતા નીતિ આયોગની બેઠક અધવચ્ચે જ છોડી નીકળી ગયાં

## ચંદ્રબાબુ નાયડુને બોલવા ૨૦ મિનિટ અપાઈ, આસામ-ગોવાના મુખ્યમંત્રીઓને ૧૦-૧૨ મિનિટ, મને પાંચ મિનિટ બાદ જ અટકાવી દેવાઈ, આ ખોટું છે, તેથી બેઠકનો બહિષ્કાર કરૂં છું : મમતા બેનરજી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા અને તેમણે દાવો કર્યો હતો કે વિપક્ષના એકમાત્ર પ્રતિનિધિ હોવા છતાં તેમને તેમના ભાષણમાં અધવચ્ચે જ અન્યાયી રીતે અટકાવવામાં આવ્યા હતા. જોકે, સરકારે તેમના દાવાને ફગાવી દીધો અને કહ્યું કે તેમનો બોલવાનો સમય પૂરો થઈ ગયો હતો. બેનરજીએ જણાવ્યું હતું કે તેમનો માઈક્રોફોન પાંચ મિનિટ પછી બંધ થઈ ગયો હતોજ જ્યારે અન્ય મુખ્યમંત્રીઓને લાંબા સમય સુધી બોલવાની મંજૂરી અપાઈ હતી. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમોએ કહ્યું, ‘‘આ અપમાનજનક છે. હું હવે પછીની કોઈપણ બેઠકમાં હાજરી આપીશ નહીં.’’ બેઠક છોડી ગયા પછી તેમણે પત્રકારોને






જણાવ્યું કે, ‘‘હું બેઠકનો બહિષ્કાર કરીને બહાર આવી છું. ચંદ્રબાબુ નાયડુને બોલવા માટે ૨૦ મિનિટનો સમય અપાયો હતો. આસામ, ગોવા, છત્તીસગઢના મુખ્યમંત્રીઓએ ૧૦-૧૨ મિનિટ સુધી વાત કરી હતી. માત્ર પાંચ મિનિટ પછી મને બોલતા અટકાવવામાં આવી હતી.’’ મમતાએ કહ્યું કે, ‘‘આ અયોગ્ય છે. વિરોધ પક્ષમાંથી હું એકલી જ છું. સહકારી સંઘવાદને વધુ મજબૂત બનાવવો જોઈએ તે માટે હું આ બેઠકમાં હાજરી આપી હતી.’’ જો કે, પીઆઈબીએ ફેક્ટચેકમાં એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે બેનરજીનો માઈક્રોફોન બંધ હતો તે કહેવું ‘‘ભ્રામક’’ છે. ‘‘ઘડિયાળ જ બતાવતી હતી કે તેમનો બોલવાનો સમય પૂરો થઈ ગયો છે.’’ સૂત્રોએ જણાવ્યું હતું કે મૂળાક્ષરો મુજબ બેનરજીને બોલવાનો વારો લંચ પછી આવ્યો હશે, પરંતુ પશ્ચિમ બંગાળ સરકારની સત્તાવાર વિનંતી પર તેમને સાતમા વક્તા તરીકે સમાવી લેવામાં આવ્યા કારણ કે તેમને વહેલા કોલકાતા પરત ફરવાનું હતું. બેનરજીએ કહ્યું કે તેમણે બેઠક દરમિયાન ઉલ્લેખ કર્યો કે ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રએ રાજકીય રીતે પક્ષપાતી બજેટ રજૂ કર્યું અને પૂછ્યું કે તે રાજ્યો વચ્ચે ભેદભાવ શા માટે કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, ‘‘તેઓ રાજકીય રીતે પક્ષપાતી છે. તેઓ જુદા જુદા રાજ્યો પર યોગ્ય ધ્યાન આપતા નથી. બજેટ પણ રાજકીય રીતે પક્ષપાતી બજેટ છે.’’ ટીએમસીના પ્રમુખે કહ્યું કે, ‘‘તેમને અમુક રાજ્યો પર વિશેષ ધ્યાન આપવામાં મને કોઈ સમસ્યા નથી. મેં પૂછ્યું કે તેઓ શા માટે અન્ય રાજ્યો સાથે ભેદભાવ કરી રહ્યા છે. આની સમીક્ષા થવી જોઈએ. હું તમામ રાજ્યો માટે બોલી રહી છું.’’ તેમણે એમ પણ કહ્યું કે નીતિ આયોગ પાસે કોઈ નાણાકીય સત્તા નથી અને કાં તો તેને તે સત્તાઓ આપવી જોઈએ અથવા આયોજન પંચને પુનઃસ્થાપિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે, ‘‘યોજના પંચ રાજ્યો માટે યોજના બનાવતું હતું. નીતિ આયોગ પાસે કોઈ નાણાકીય સત્તા નથી. તે કેવી રીતે કામ કરશે? તેને નાણાકીય સત્તા આપો અથવા આયોજન પંચને પાછું લાવો.’’ બેનરજીએ કહ્યું કે, ‘‘મેં એમ પણ કહ્યું કે મનરેગા અને (વડાપ્રધાન) આવાસ (યોજના) ફંડને (પશ્ચિમ બંગાળ માટે) ત્રણ વર્ષ માટે કેવી રીતે અટકાવવામાં આવ્યું. જો તેઓ તેમની પાર્ટી અને અન્ય લોકો વચ્ચે ભેદભાવ કરશે તો દેશ કેવી રીતે ચાલશે? જ્યારે તેઓ સત્તામાં હશે ત્યારે તેઓએ બધાનું ધ્યાન રાખવું પડશે.’’ તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન તેમના પશ્ચિમ બંગાળ સમકક્ષના સમર્થનમાં બહાર આવ્યા છે.












## નીતિ આયોગની બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સાથે જે પ્રકારનું વર્તન થયું તે અસ્વીકાર્ય : કોંગ્રેસ

(એજન્સી) તા.૨૭

કોંગ્રેસે શનિવારે કહ્યું કે, નીતિ આયોગની બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી સાથે કરવામાં આવેલું વર્તન ‘અસ્વીકાર્ય’ છે અને આરોપ મૂક્યો છે કે સરકારી થિંક-ટેન્ક તેના કામકાજમાં ‘સ્પષ્ટ રીતે પક્ષપાતી’ છે, તમામ અલગ વિચારોને દબાવીને અસંમત મંતવ્યોને કચડી નાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો છે કે લોકસભામાં તાજેતરમાં રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટમાં તેમના દ્વારા શાસિત રાજ્યોની અવગણના કરવામાં આવી છે. બેનરજીએ તેની ૯મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાંથી બહાર નીકળ્યા પછી વિપક્ષી પક્ષે નીતિ આયોગની તીવ્ર ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમને અયોગ્ય રીતે ભાષણની મધ્યમાં અટકાવવામાં આવી હતી. સરકારે બેનરજીના આરોપને ‘ભ્રામક’ ગણાવીને ફગાવી દીધા અને કહ્યું કે તેમણે તેમના ભાષણ માટે ફાળવેલ સમયનો ઉપયોગ કર્યો છે. પીઆઈબી ફેક્ટચેકે ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘ઘડિયાળ માત્ર બતાવી રહી હતી કે તેમનો બોલવાનો સમય પૂરો થઈ ગયો છે. તેમને ચિહ્નિત કરવા માટે ઘંટડી પણ વગાડવામાં આવી ન હતી.’ કોંગ્રેસે નીતિ આયોગ પર પણ નિશાન સાધતા કહ્યું કે ૧૦ વર્ષ પહેલા તેની સ્થાપના થઈ ત્યારથી તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘ઢોલ વગાડી રહી છે.’ કેન્દ્રીય બજેટમાં બિન-NDA શાસિત રાજ્યો સાથે કથિત ભેદભાવને લઈને વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકનો કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રધાનોએ બહિષ્કાર કર્યો હતો. ‘દસ વર્ષ પહેલાં તેની શરૂઆત થઈ ત્યારથી, નીતિ આયોગ PMO સાથે જોડાયેલ કાર્યાલય છે અને બિન-ઓર્ગેનિક PM માટે ડ્રમબીટ તરીકે કામ કરી રહ્યું છે.’ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને કમ્યુનિકેશનના ઈન્ચાર્જ જયરામ રમેશે આ ટિપ્પણી કરી હતી તેમણે કહ્યું કે કોઈપણ રીતે સહકારી સંઘવાદના મુદ્દાને આગળ વધાર્યો નથી. તેની કામગીરી સ્પષ્ટ રીતે પક્ષપાતી રહી છે અને તે વ્યાવસાયિક અને સ્વતંત્રથી દૂર છે. તે તમામ અલગ-અલગ અને અસંમત દૃષ્ટિકોણને દબાવી દે છે, જે ખુલ્લી લોકશાહીનો સાર છે.

## રાજકીય લાભ મેળવવાનો હેતુ : મમતા બેનરજીનાં બેઠક છોડી જવા અંગે ભાજપની પ્રતિક્રિયા

(એજન્સી)નવી દિલ્હી, તા. ૨૭

પશ્ચિમ બંગાળમાં વિપક્ષ ભાજપે શનિવારે નવી દિલ્હીમાં નીતિ આયોગની બેઠકમાંથી બહાર નીકળવા બદલ મુખ્યમંત્રી મમતા બેનરજીની ટીકા કરી હતીજ અને દાવો કર્યો હતો કે તે રાજકીય લાભ મેળવવાના હેતુથી ‘‘નાટક’’ છે. ભાજપના રાજ્યસભા સાંસદ સમિક ભટ્ટાચાર્યએ કહ્યું કે તે બેનર્જીએ તૈયાર કરેલી ‘‘નબળી સ્ક્રિપ્ટ’’ છે. તેમણે દાવો કર્યો કે, ‘‘તેમને નીતિ આયોગની બેઠકમાં નિયત સમયની મંજૂરી આપવામાં આવી હતી. તેઓ પશ્ચિમ બંગાળના લોકોના આર્થિક લાભ માટે બેઠકમાં નહોતા ગયા પરંતુ રાજકીય લાભ મેળવવા અને બહાર નીકળીને નાટક કરવા ગયા હતા.’’ તેમણે ઉમેર્યું કે, ‘‘તેમણે પોતાને એક વિપક્ષી નેતા તરીકે દર્શાવ્યા હતા અને વહીવટકર્તા તરીકે નહીં.’’ સીપીઆઈ(એમ) રાજ્યસભાના સાંસદ વિકાસરંજન ભટ્ટાચાર્યએ પ્રશ્ન કર્યો હતો કે બેનરજી પ્રથમ સ્થાને શા માટે બેઠકમાં હાજર રહ્યા હતા જ્યારે અન્ય ભારતીય જૂથ પક્ષોના મુખ્ય પ્રધાનોએ તેને છોડી દીધા હતા. તેમણે દાવો કર્યો કે, ‘‘તે પરિણામોથી વાકેફ હતા અને તેમના પગલાથી ફરી એ સિદ્ધાંતને બળ મળે છે કે તેઓ નરેન્દ્ર મોદી સાથે થોડી સમજણ મેળવવા દિલ્હી ગયા હતા. લોકોને સમગ્ર મુદ્દાની દંભીતાનો અહેસાસ થશે.’’ રાજ્ય કોંગ્રેસે કહ્યું કે બેનરજી અન્ય વિપક્ષી દળોની સલાહ લીધા વિના બેઠકમાં ગયા હતા. કોંગ્રેસના પ્રવક્તા સૌમ્યા એચે કહ્યું, ‘‘અમારી પાસે આ મુદ્દા પર કહેવા માટે કંઈ નથી. અમે મીટિંગનો બહિષ્કાર કર્યો હતો અને તેમણે ન કર્યો. તેમણે અમારી સાથે સલાહ લીધી ન હતી અને પોતે જ ગયા હતા.

### શું મમતા બેનરજીને નીતિ આયોગના સંબોધનમાં ‘સહકારી સંઘવાદ’ને કારણે રોકવામાં આવ્યાં? : એમ કે સ્ટાલિનનો સવાલ

તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને શનિવારે તેમના પશ્ચિમ બંગાળના સમકક્ષ મમતા બેનરજીના દાવા પર કેન્દ્રની નિંદા કરી હતી કે નીતિ આયોગની બેઠકમાં તેમના ભાષણમાં તેમને અન્યાયી રીતે અધવચ્ચે અટકાવવામાં આવ્યા હતા. સ્ટાલિને ઠ પર પોસ્ટમાં પૂછ્યું, ‘‘શું આ સહકારી સંઘવાર છે? શું મુખ્યમંત્રી સાથે વ્યવહાર કરવાની આ રીત છે? કેન્દ્રની ભાજપ સરકારે સમજવું જોઈએ કે વિપક્ષી પાર્ટીઓ આપણી લોકશાહીનો અભિન્ન ભાગ છે અને તેમને શાંત કરવા માટે દુશ્મનો તરીકે વર્તવું જોઈએ નહીં. સહકારી સંઘવાદ માટે સંવાદ અને તમામ અવાજો માટે આદર જરૂરી છે.’’ દિલ્હીમાં બેનરજીએ કહ્યું કે તેમનો માઈક્રોફોન પાંચ મિનિટ પછી બંધ થઈ ગયો હતોજ જ્યારે અન્ય મુખ્યમંત્રીઓને લાંબા સમય સુધી બોલવાની મંજૂરી આપવામાં આવી હતી.

### ક્યા બાત હૈ ?!

**તમે રમવા ભલે આવો પરંતુ મહેરબાની કરી યુનિફોર્મ પહેરીને ન આવો !**










# PM મોદી સહિત ભાજપના નેતાઓ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી

**CAAનો પ્રચાર કરવા માટે હિંસાનો સહારો લેવાનો આરોપ, નીચલી કોર્ટમાં અરજી ફગાવાયા બાદ મામલો હાઈકોર્ટમાં ગયો**

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૭

નાગરિકતા સંશોધન અધિનિયમ(સીએએ)નો ભાજપ પક્ષ દ્વારા જોરદાર પ્રચાર કરવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અન્ય ભાજપના નેતાઓ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાની માગ સાથે અલ્હાબાદ હાઈકોર્ટમાં એક દેખરેખ અરજી દાખલ કરવામાં આવી છે. અરજકર્તા ખુરશીદ-ઉર-રહેમાને આ મામલે પહેલાં કલમ(૧૫૬(૩) અંતર્ગત અલીગઢ જિલ્લા કોર્ટમાં અરજી કરી હતી. જેને પહેલાં સીજીએમ અલીગઢે ફગાવી દીધી હતી. ત્યારબાદ અલીગઢની સેસન્સ કોર્ટે પણ સીજેએમના આદેશની વિરૂદ્ધ દેખરેખ અરજીને ફગાવી દીધી હતી. હવે આ બંને આદેશોને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યા છે. અરજકર્તા તરફથી દાખલ થયેલી અરજીમાં કમલ સંદેશ નામની મેગેઝિનમાં પ્રકાશિત એક લેખમાં હવાલો આપવામાં આવ્યો છે અને આરોપ લગાવાયો છે કે, ભાજપ પાર્ટીના લોકોએ ષડયંત્રના ભાગરૂપે પોતાના હિતમાં હિંસા, રમખાણો અને ધાર્મિક ભાવનાઓ ભડકાવવા માટે પોતાના પદ અને શપથનો દુરૂપયોગ કર્યો હતો. નાગરિકતા સંશોધન અધિનિયમ દ્વારા ભાજપના નેતાઓએ ભાષણ, હોલ્ડિંગ્સ અને કમલ સંદેશ નામની મેગેઝિનમાં પ્રકાશિત કરેલા લેખને મોટાપાયે લોકોની વચ્ચે વહેંચ્યા હતા. જેનાથી દેશમાં મોટાપાયે વિરોધ પ્રદર્શન, રમખાણો અને હિંસા ભડકી હતી. જેમાં અનેક લોકોના જીવ ગયા હતા અને જાહેર સંપત્તિને ખાસું નુકસાન પહોંચ્યું હતું. અરજીમાં જિલ્લા અલીગઢ ન્યાયાલયના આદેશો પર રોક લગાવવા અને ભાજપના નેતાઓ સામે એફઆઈઆર દાખલ કરવાની માગણી કરવામાં આવી છે.

### શરદ પવારે ગૃહમંત્રી અમિત શાહ પર પલટવાર કર્યો

# જેમને ગુજરાતમાંથી બહાર કરી દેવાયા હતા તે આજે ગૃહમંત્રી છે : પવાર

**ગુજરાતના કાયદાનો દુરૂપયોગ કર્યો અને એટલા માટે સુપ્રીમ કોર્ટે તેમને ગુજરાતમાંથી બહાર કરી દીધા હતા**



(એજન્સી) મુંબઈ, તા.૨૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં એનસીપી(એસપી) ના પ્રમુખ શરદ પવારને કરપ્શનના કિંગપિન કહ્યા હતા. તેમના આ નિવેદન પર હવે શરદ પવારે વળતો પ્રહાર કર્યો હતો. શરદ પવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને યાદ અપાવ્યું કે કેવી રીતે સુપ્રીમ કોર્ટ દ્વારા ખુદ અમિત શાહને ગુજરાતમાંથી દૂર રહેવા માટે મજબૂર કરાયા હતા. શરદ પવારે કહ્યું કે થોડા દિવસ પહેલા ગૃહમંત્રી અમિત શાહે મારા પર પ્રહારો કર્યા હતા અને કેટલીક વાતો કહી હતી. તેમણે મને દેશના સૌથી ભ્રષ્ટ લોકોના કમાન્ડર ગણાવ્યા હતા. વિચિત્ર વાત એ છે કે ગૃહમંત્રી એક એવી વ્યક્તિ છે જેમણે ગુજરાતના કાયદાનો દુરુપયોગ કર્યો અને એટલા માટે સુપ્રીમ કોર્ટે તેમને ગુજરાતમાંથી બહાર કરી દીધા હતા. શરદ પવારે કહ્યું કે જેમને ગુજરાતમાંથી બહાર કરી દેવાયા હતા તે આજે ગૃહમંત્રી છે એટલા માટે આપણે એ વિચારવું જોઈએ કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. જેમના હાથોમાં આ દેશ છે તે લોકો કયા પ્રકારના ખોટા રસ્તે જઈ રહ્યા છે. આપણે તે અંગે વિચારવું પડશે. નહીંતર મને ૧૦૦% વિશ્વાસ છે કે તે આ દેશને ખોટા રસ્તે લઈ જશે. આપણે તેના પર ધ્યાન આપવું પડશે. મહારાષ્ટ્રના પુણેમાં ભાજપના સંમેલનમાં ૨૧મી જુલાઈએ ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, 'તેઓ (વિપક્ષ) ભ્રષ્ટાચારની વાત કરી રહ્યા છે. ભારતીના રાજકારણમાં ભ્રષ્ટાચારના સૌથી મોટા કિંગપિન શરદ પવાર છે અને મને આમાં કોઈ ભ્રમ નથી. તેઓ આપણા પર શું આરોપ લગાવશે ? જો કોઈએ ભ્રષ્ટાચારને સંસ્થાકીય બનાવવાનું કામ કર્યું હોય, તો શરદ પવાર, તે તમે જ છો.'

# ગાઝામાં કન્યા શાળા પર ઈઝરાયેલી હવાઈ હુમલો, ઓછામાં ઓછા ૩૦ લોકોની હત્યા

**દેર અલ-બાલાહમાં ઈઝરાયેલી હુમલા પછી એક કન્યા શાળામાં આશ્રય લેતા ઓછામાં ઓછા ૩૦ લોકોને અલ અક્સા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા**



(એજન્સી) તા.૨૭

ઈઝરાયેલે હવાઈ હુમલાઓ વચ્ચે શનિવારે મધ્ય ગાઝામાં એક શાળા અને હોસ્પિટલ પર બોમ્બ મારો કર્યો હતો અને દેર અલ-બાલાહમાં કન્યા શાળામાં આશ્રય લેતા ઓછામાં ઓછા ૩૦ લોકોને અલ અક્સા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઈઝરાયલની સૈન્યએ જણાવ્યું હતું કે તેણે હમાસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવ્યું હતું જેનો ઉપયોગ હથિયારોનો સંગ્રહ કરવા અને હુમલાની યોજના બનાવવા માટે થાય છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે શનિવારે અન્ય હુમલાઓમાં ૧૧ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલ સૈન્યએ શનિવારે ખાન યુનિસ પર આયોજિત હુમલા પહેલાં ગાઝામાં નિયુક્ત માનવતાવાદી ઝોનનો એક ભાગ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. જ્યારે વાટાઘાટકારો સૂચિત યુદ્ધવિરામની ચર્ચા કરવા આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીઓને મળવાની તૈયારી કરી રહ્યા છે. આ સ્થળાંતરનો આદેશ રોકેટ ફાયરના જવાબમાં છે. ઈઝરાયેલે જણાવ્યું હતું કે આ વિસ્તારમાંથી રોકેટ હુમલો કરવામાં આવ્યો હતો. સૈન્યએ જણાવ્યું હતું કે તેણે આ શહેરમાં હમાસના આતંકવાદીઓ સામે ઓપરેશનનું આયોજન કર્યું છે, જેમાં મુવાસીના ભાગોનો સમાવેશ થાય છે, તે વિસ્તારમાં ભીડભાડવાળા તંબુ કેમ્પમાં ઈઝરાયેલે હજારો પેલેસ્ટીનીઓને સમગ્ર યુદ્ધ દરમિયાન આશ્રય લેવા કહ્યું છે. યુએસ, ઈજિપ્ત, કતાર અને ઈઝરાયેલના અધિકારીઓ ઈટાલીમાં મળવાના છે અને બંધક અને યુદ્ધવિરામ વાટાઘાટો અંગે ચર્ચા કરવાના છે તેના એક દિવસ પહેલા આ હુમલો થયો છે. CIAના ડિરેક્ટર બિલ બર્ન્સ રવિવારે કતારના વડા પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-થાની, મોસાદના ડિરેક્ટર ડેવિડ બાર્ને અને ઈજિપ્તના જાસૂસ વડા અબ્બાસ કામેલને મળશે એવી અપેક્ષા છે.

ઈઝરાયેલના અનુમાન મુજબ, ઈઝરાયેલના દંડાત્મક હવાઈ અને જમીન અભિયાન દરમિયાન લગભગ ૧૮ લાખ પેલેસ્ટીનીઓ હાલમાં ત્યાં આશ્રય લઈ રહ્યા છે. પેલેસ્ટીની શરણાર્થીઓ માટે યુએન એજન્સી, UNRWAએ જણાવ્યું હતું કે આ વિસ્તાર ખાલી કરાવવાના આદેશથી કેટલા લોકોને અસર થશે તે જાણવું મુશ્કેલ છે કારણ કે ત્યાં આશ્રય કરનારાઓ સતત વિસ્થાપિત થઈ રહ્યા છે. ઉત્તરમાં, મધ્ય ગાઝામાં ઝવૈદા પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં સાત લોકોના મૃત્યુ થયા છે. તેમાં બે પરિવારોના સભ્યો - માતાપિતા અને તેમના બે બાળકો તેમજ એક માતા અને તેના બે બાળકો છે. દેર અલ-બલાહની અલ અક્સા હોસ્પિટલે આ સંખ્યાની પુષ્ટિ કરી હતી.

ગાઝામાં યુદ્ધમાં ૩૯,૧૦૦ થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે. યુએનએ ફેબ્રુઆરીમાં અનુમાન લગાવ્યું હતું કે આ પ્રદેશમાં લગભગ ૧૭,૦૦૦ બાળકો હવે અનાથ થઈ ગયા છે અને આ સંખ્યામાં વધારો થવાની સંભાવના છે.

# કેરળની શાળાઓમાં વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં દર મહિને 'બેગ ફ્રી દિવસો' મળી શકે છે

(એજન્સી) તા.૨૭

દક્ષિણ ભારતીય રાજ્ય કેરળ દેશના તમામ રાજ્યોમાં સૌથી વધુ સાક્ષરતા દર ધરાવે છે. તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે, પરંતુ આ દરમિયાન કેરળ સરકાર શિક્ષણ ક્ષેત્રે વધુ એક પગલું ભરવા જઈ રહી છે. બાળકોના માતા-પિતા ચિંતિત છે કે તેમના બાળકનો બેકપેક ભારે છે. સરકાર વાલીઓની આ ચિંતાને દૂર કરવા વિચારી રહી છે. કેરળની પિનરાઈ વિજયન સરકાર 'બેગ ફ્રી ડેઝ' પહેલ પર કામ કરી રહી છે. જો બધું બરાબર રહેશે તો બાળકોને હવે શાળાએ ભારે બેગ લઈ જવાની જરૂર નહીં પડે. આ યોજના મુજબ મહિનામાં ચાર દિવસ બાળકોને બેગ લઈ જવાથી મુક્ત કરવામાં આવશે. કેરળના શિક્ષણ પ્રધાન વી. શિવનકુટ્ટીએ કહ્યું છે કે સ્કૂલ બેગના વજનને લઈને વધતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર બાળકો અને માતા-પિતાની ચિંતાઓને દૂર કરવા માટે અનેક પગલાં વિચારી રહી છે. શિવનકુટ્ટીએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ધોરણ ૧થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓની ભારે સ્કૂલ બેગના મુદ્દે સરકાર ટૂંક સમયમાં નિર્ણય લેશે. વાલીઓ અને જાહેર શિક્ષણ પ્રણાલીને પસંદ કરતા લોકો તરફથી ઘણી ફરિયાદો અને સૂચનો આવી રહ્યા છે.

# આ તેઓએ શું પહેર્યું હતું ! ફેશન પોલીસે ભારતના ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક યુનિફોર્મને વખોડી કાઢ્યો

**સરેરાશ નેટીઝન તેમજ કેટલાક જેઓ કાપડ અને કાપડનો વેપાર કરે છે તેમણે કહ્યું કે, પ્રખ્યાત ડિઝાઈનર તરૂણ તાહિલિયાનીનો ટીમ ઈન્ડિયા માટે દેશભક્તિની ફેશનનો પ્રયાસ સાવ બકવાસ હતો**




(એજન્સી) તા.૨૭

પેરિસ ઓલિમ્પિક ગેમ્સના ઉદઘાટન સમારોહમાં ભારતમાં જો કોઈ બે મુખ્ય પ્રતિક્રિયાઓ હતી, તો તે 'શું તેઓએ ખરેખર તે કર્યું' અને 'તેઓએ શું પહેર્યું હતું !' તે હતી.

પહેલી પ્રતિક્રિયાનો સંદર્ભ ઉદઘાટન સમારોહ માટે હતો જેમાં ડ્રેગ ક્વીન્સથી લઈને હેવી મેટલ બેન્ડ સુધીનું બધું જ હતું-બોલિવૂડની હિરોઈનમાંથી સાંસદ બનેલી કંગના રનૌતે કથિત રીતે તેને 'હાયપર-સેક્સ્યુઅલાઈઝ્ડ, ઈસ્લાફેમસ' અને ડાબેરીઓ પર ઈવેન્ટને હાઈજેક કરવાનો આરોપ લગાવ્યો હતો જ્યારે બીજી પ્રતિક્રિયા ભારતીય રમતવીરોએ પહેરેલા ગણવેશ માટે હતી.

મહાન ડિઝાઈનર તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ, આપણી સ્પોર્ટ્સ મહિલાઓ સાડીમાં લપેટાયેલી હતી, જ્યારે પુરૂષ એથ્લેટ્સે કુર્તા-બુંદીનો સેટ પહેરીને ત્રિરંગાને લહેરાવીને તેમની માતૃ રાષ્ટ્ર માટે ઊંડો પ્રેમ દર્શાવ્યો હતો.

જો કે, દેશભક્તિની ફેશન પર તાહિલિયાનીનો તેમના માટે પ્રયાસ બૂમરેંગ સાબિત થયો. X (અગાઉ ટ્વિટર) પર એક વપરાશકર્તાએ કહ્યું કે તેણે મુંબઈની શેરીઓમાં રૂા.૨૦૦માં વેચાતી સારી સાડીઓ જોઈ છે. અન્ય એક વપરાશકર્તાએ જાહેર કર્યું: "સાધારણ કાપડ, અયોગ્ય ફિટિંગ, સાદા રંગો, સાધારણ ડિઝાઈન તે સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતું નથી જે #India છે. આ તો રાત્રે સૂતી વખતે પહેરવાના કપડાં જેવા હતા ! આ યુનિફોર્મ માત્ર એક જ વસ્તુ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે છે'ચલાવી લો !" તે માત્ર ઠ પરના વપરાશકર્તાઓ જ નહીં પણ વેઠ સ્પષ્ટ દેખાતી હતી. ફેબ્રિકની પસંદગીઓ 'વર્લ્ડ-ક્લાસ ડિઝાઈન'ને બદલે 'છેલ્લી-મિનિટની પસંદગી' હોય એવું જણાતું હતું. એવું લાગતું હતું કે આજુબાજુ જે કંઈ પડેલું હતું તેનો ઉપયોગ દેખાવ અને અનુભૂતિ બંનેને વધારે હોય તેવી કોઈ વસ્તુને બદલે કરવામાં આવ્યો હતો. સાડીઓ, તેમની લીલા અને નારંગી બોર્ડર સાથે, નારંગી હાઈ-કોલર બ્લાઉઝ અને બ્રાઉન જૂતા સાથે પેર કરવામાં આવી હતી, તે માત્ર બકવાસ જ નહોતી લાગતી, પરંતુ તે સ્પષ્ટ રીતે ચુનંદા એથ્લેટ્સ માટે યોગ્ય ન હતી.. અને તે બ્રાઉન શૂઝ? તેઓ કબાટના પાછળના ભાગમાંથી જે હાથમાં આવ્યું તે ખેંચીને પહેરાવી દેવામાં આવ્યું હોય એવું લાગતું હતું.

કોલકાતા સ્થિત ડિઝાઈનર સયોન મિત્રાએ જણાવ્યું હતું કે, "તરૂણ અત્યંત જટિલ બ્રાઈડલ અને ઔપચારિક અને અલંકૃત જોડાણો સાથે સંકળાયેલો છે અને તેથી, મને લાગે છે કે અમે એવી અપેક્ષા રાખી હતી કે કપડાં તે ડિઝાઈન તત્વોને એકીકૃત કરશે. જો કે, અમારે યાદ રાખવું પડશે કે આ ઈવેન્ટ માટે યુનિફોર્મની આ લાઈન તરૂણ તાહિલિયાની કોચર લાઈનની નથી."

હવે વાત કરીએ પુરૂષોના કુર્તા-બુંદીનો સેટની. સાવ ઝીણી બોર્ડર સાથેનો સાદો સફેદ કુર્તો લઘુત્તમવાદને ચરમસીમાએ લઈ જવામાં આવ્યો છે. તેમાં કોઈ વાસ્તવિક ભાવ અથવા ઉત્તેજનાનો અભાવ હતો, જે ભારત જેવા ગતિશીલ, વૈવિધ્યસભર રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતી વખતે જે જોઈએ છે તે અનુસારનું ન હતું.

પણ જેકેટ, તેના સાવ નાના ખિસ્સા અને નારંગી અને લીલી સરહદની વિગતો સાથે, ફીકું પડી ગયું. જે ભવ્ય હોવું જોઈતું હતું તે નીરસ બની ગયું. ટેલરિંગમાં ચોકસાઈ ? વિગતવાર ધ્યાન? અહિયાં ચૂકી જવાયું હતું. પૂજા ચૌધરીએ કે જે જેઓ લાવણ્યા ધ લેબલ નામની એપેરલ બ્રાન્ડ ધરાવે છે તેણે જણાવ્યું હતું કે, 'સાવ ઢંગ ધડા વગરનો પોષક હતો, જેના પરિણામે કંઈક રસપ્રદ લાગતું હતુ પરંતુ વાસ્તવિક જીવનમાં પહેરવા યોગ્ય બિલકુલ ન હતો.'

અન્ય એક ડિઝાઈનર, નવી દિલ્હી સ્થિત જટ્ટીન કોચરે મીડિયાને જણાવ્યું કે, 'ફેબ્રિકની પસંદગી ચોક્કસપણે સાવ નિમ્ન કક્ષાની હતી, સૂક્ષ્મ ભારતીય હેન્ડ એમ્બ્રોઈડરી સાથે ભારત-કેન્દ્રિત મોટિફ્સનો ઉપયોગ ચોક્કસપણે એક સુંદર પરિણામ લાવી શક્યું હોત.'

# ડાબેરી વિચારધારાએ ઓલિમ્પિકને સંપૂર્ણ રીતે હાઈજેક કર્યું છે : કંગના રણૌતે ઉદ્‌ઘાટન સમારોહમાં ડ્રેગ એક્ટના પ્રદર્શનની નિંદા કરી

**તાજેતરમાં હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપની ટિકિટ પર લોકસભામાં ચૂંટાયેલ કંગના રણૌતે પ્રદર્શનમાં બાળકનો સમાવેશ કરવા બદલ આયોજકોની ટીકા કરી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

અભિનેત્રી અને રાજકારણી કંગના રણૌતે પેરિસ ઓલિમ્પિકના આયોજકોની ઉદ્‌ઘાટન સમારંભમાં એક એક્ટનો સમાવેશ કરવા બદલ ટીકા કરી હતી જેમાં લિયોનાર્ડો દા વિન્સીની 'ધ લાસ્ટ સપર' પેઈન્ટિંગની પેરોડી રજૂ કરતી ડ્રેગ ક્વીન્સ દર્શાવવામાં આવી હતી.

આ ઓલમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ૧૧૭ એથ્લેટ્સ મોકલવામાં આવ્યા છે, અને શુક્રવારે સાંજે ફ્રાન્સની રાજધાનીમાં એક ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સાથે આ ઓલમ્પિક ખેલો શરૂ થયા છે. આયોજકોને ૧૮ કલાકારો દર્શાવતા ડ્રેગ એક્ટ માટે સોશિયલ મીડિયા પર નોંધપાત્ર ટીકાનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ત્રણ જાણીતી ડ્રેગ રેસ ફ્રાન્સ ક્વીન્સનો સમાવેશ થાય છે, જેમાં સીન નદી અને એફિલ ટાવર પાસે લાંબા ટેબલ પાછળ પોઝ આપ્યા હતા. આ ટેબલ પર એક જંગી સર્વિંગ ટ્રે સાથે એક ઓછા વસ્ત્રો પહેરેલ માણસ હતો. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પરની એક પોસ્ટમાં, રણૌતે આ કૃત્યની 'ધ લાસ્ટ સપર'ની 'હાયપર-એસક્સ્યુલાઈઝ્ડ, નિંદાપૂર્ણ રજૂઆત' તરીકે ટીકા કરી હતી. આ વિશ્વની સૌથી પ્રખ્યાત કલાકૃતિઓમાંની એક છે જે જેરૂસલેમમાં તેમના ભક્તો સાથે ઈસુના વધસ્તંભ પહેલાં છેલ્લા ભોજનને દર્શાવે છે. હિમાચલ પ્રદેશના મંડીમાંથી તાજેતરમાં જ લોકસભામાં ચૂંટાયેલા રણૌતએ આ પ્રદર્શનમાં બાળકને સામેલ કરવા બદલ આયોજકોની ટીકા કરી હતી. તેણીએ કહ્યું કે, તેઓએ એક નગ્ન માણસને પણ બતાવ્યો, જેણે ઈસુના રૂપમાં પોઝ આપ્યો અને ખ્રિસ્તી ધર્મની મજાક ઉડાવી છે. ડાબેરીઓએ ઓલિમ્પિક્સ ૨૦૨૪ને સંપૂર્ણપણે હાઈજેક કરી લીધું છે અને તે શરમજનક છે. રનૌતે જણાવ્યું હતું કે, હું સમલૈંગિકતાની વિરૂદ્ધ નથી, પરંતુ ઓલિમ્પિક્સ કોઈપણ જાતીયતા સાથે કેવી રીતે સંબંધિત હોય શકે છે ? શા માટે રમતો, રમતગમતમાં તમામ રાષ્ટ્રોની ભાગીદારીમાં સેક્સ દ્વારા માનવ શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી રહી છે ? સેક્સ આપણા બેડરૂમમાં કેમ રહી શકતું નથી ? શા માટે તે આંતરરાષ્ટ્રીય હોવું જોઈએ ?.. આ વિચિત્ર વાત છે !! આ અગાઉ અબજોપતિ એલોન મસ્કે X પર એક પોસ્ટમાં આ પ્રદર્શનની ટીકા કરી હતી અને તેને ખ્રિસ્તીઓ માટે અત્યંત અનાદર ગણાવ્યું હતું. પેરિસ ઓલિમ્પિક ૧૧ ઓગસ્ટ સુધી ચાલશે.

### એક જ પરિવારના ૮ લોકોનાં મોત

# જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સર્જાયેલો ગમખ્વાર અકસ્માત

**કાર અનિયંત્રિત થઈને ખાઈમાં ખાબકી હતી : કારમાં પાંચ બાળકો અને બે મહિલાઓ સામેલ હતી**

(એજન્સી) જમ્મુ, તા.૨૭

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના ડકસુમમાં આજે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. અહીં એક કાર અનિયંત્રિત થઈને ખાઈમાં ખાબકી હતી. અકસ્માતમાં પાંચ બાળકો સહિત એક જ પરિવારના ૮ સભ્યોના મોત થઈ ગયા છે. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો કિશ્તવાડના નિવાસી હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ પરિવાર કિશ્તવાડથી સિંથન ટોપ થઈને મારવાહ તરફ જઈ રહ્યો હતો. ત્યારે જ તેમનું વાહન ક્ષતિગ્રસ્ત થઈ ગયું હતું. અકસ્માતમાં સામેલ ઈમ્તિયાઝ પોલીસ કર્મચારી હતા. તેમની સાથે કારમાં પાંચ બાળકો અને બે મહિલાઓ સામેલ હતી. આ તમામના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. મૃતકોમાં સામેલ પતિ-પત્ની ઓળખ ઈમ્તિયાઝ અને તેમની બેગમ અફરોઝા તરીકે થઈ છે. આ અકસ્માત અંગે એક અધિકારીએ જણાવ્યું કે, કિશ્તવાડ તરફથી આવી રહેલી તેજ રફતાર મારુતિ સ્વિફ્ટ કાર અનિયંત્રિત થઈને ખાઈમાં ખાબકી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, JK03H9017 રજિસ્ટ્રેશન નંબરવાળી સૂમો ગાડી જમ્મુ વિસ્તારના કિશ્તવાડથી આવી રહી હતી અને ડક્સૂમ નજીક બેકાબૂ થઈને રોડ પરથી નીચે પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં આઠ લોકોના મોત થઈ ગયા છે, જેમાં ૫ બાળકો છે, બે મહિલા અને એક પુરુષ સામેલ છે. આ સંબંધમાં મામલો નોંધીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

**મૃતકોના નામ**

**કિશ્તાવરના રહેવાસી ઈમ્તિયાઝ રાથર, ઉંમર ૪૫ વર્ષ, કિશ્તાવરના રહેવાસી અફરોઝા બેગમ-ઉંમર ૪૦ વર્ષ, રેશમા, ઉંમર-૪૦ વર્ષ- પતિનું નામ માજિદ અહમદ, અરીબા ઈમ્તિયાઝ, ઉંમર ૧૨ વર્ષ, અનિયા જાન, ઉંમર- ૧૦ વર્ષ, અબાન ઈમ્તિયાઝ- ઉંમર ૬ વર્ષ, મુસૈબ માજિદ, ઉંમર ૧૬ વર્ષ, મુશૈલ માજિદ, ઉંમર ૮ વર્ષ**

### આ મુલાકાત યુક્રેનના સ્વતંત્રતા દિવસની આસપાસ થશે

# રશિયા પછી વડાપ્રધાન મોદી યુક્રેનની મુલાકાતે જશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

રશિયાની મુલાકાત બાદ હવે વડાપ્રધાન મોદી યુક્રેનની મુલાકાતે જવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં જ બે દિવસની રશિયાની મુલાકાતે ગયા હતા, ત્યારબાદ પીએમ મોદી હવે યુક્રેન જશે. દિલ્હીમાં યુક્રેનિયન દૂતાવાસને ટાંકીને મળતી માહિતી અનુસાર પીએમ મોદી આવતા મહિને યુક્રેનની રાજધાની કિવ જશે, જ્યાં તેઓ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળશે. આ પહેલા પીએમ મોદી ૮-૯ જુલાઈના રોજ રશિયાના પ્રવાસે હતા, તેઓ ભારત-રશિયાના વાર્ષિક સમિટમાં ભાગ લેવા આવ્યા હતા. પીએમ મોદીની રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ યુક્રેનની આ પ્રથમ મુલાકાત હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર પીએમ મોદીની આ મુલાકાત યુક્રેનના સ્વતંત્રતા દિવસની આસપાસ થશે. યુક્રેનમાં ૨૪ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૨૨થી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પીએમ મોદીની આ મુલાકાત ઘણી મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રશિયા સાથે ભારતના સંબંધો પણ ઘણા સારા છે, જે પછી માનવામાં આવે છે કે પીએમ મોદીની આ મુલાકાત પછી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનો કોઈ રસ્તો નીકળી શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૨થી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, આ યુદ્ધ હવે ૮૮૨ દિવસથી વધુ સમયથી ચાલી રહ્યુ છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ બાદ પીએમ મોદીની યુક્રેનની આ પ્રથમ મુલાકાત હશે. આ પહેલા પીએમ મોદી ૮-૯ જુલાઈના રોજ રશિયા ગયા હતા અને ત્યાં રાષ્ટ્રપતિ પુતિનને મળ્યા હતા. રશિયાના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ પુતિન સાથે શાંતિની વાત કરી હતી. હવે પીએમ મોદી આવતા મહિને યુક્રેન જશે અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળશે. માનવામાં આવે છે કે પીએમ મોદીની આ મુલાકાત બાદ બંને દેશો રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી પર સહમતિ બની શકે છે. જો કે પીએમ મોદી પહેલા જ યુદ્ધ રોકવાનું સમર્થન કરી ચૂક્યા છે. પીએમ મોદીએ જુલાઈમાં રશિયાની મુલાકાત લીધી હતી, ત્યારબાદ હવે તેઓ ઓગસ્ટમાં યુક્રેનની મુલાકાત લેશે અને શક્ય છે કે આ પ્રવાસના આવતા મહિને પીએમ મોદી ઓક્ટોબરમાં ફરી એકવાર રશિયાની મુલાકાત લે. વડાપ્રધાન મોદીના યુક્રેન પ્રવાસને લઈને તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ પહેલા ૧૩ થી ૧૫ જૂન વચ્ચે ઈટાલીમાં યોજાયેલી ૭-૭ સમિટ દરમિયાન પીએમ મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીની મુલાકાત થઈ હતી. તેઓએ યુક્રેનની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી, જેમાં પીએમ મોદીએ કહ્યું કે ભારત શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપવાનું ચાલુ રાખશે. આ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી વચ્ચે પણ રશિયા-યુક્રેન પ્રવાસ અંગે ફોન પર વાતચીત થઈ હતી. ફોન પર વાતચીત દરમિયાન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પીએમ મોદીને યુક્રેન આવવાનું આમંત્રણ આપ્યું હતું.

# જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં એલઓસી પર ચાલી રહેલા ઓપરેશનમાં સૈનિક શહીદ, ઘૂસણખોર ઠાર

(એજન્સી) ,તા.૨૭

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં શનિવારે સવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં એક જવાન શહીદ થયો છે. હુમલામાં એક મેજર સહિત ચાર જવાન ઘાયલ થયા છે. આ એન્કાઉન્ટર માછિલ સેક્ટર પાસેના જંગલ વિસ્તારમાં થયું હતું. ઘાયલ થયેલા તમામ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એન્કાઉન્ટરમાં એક પાકિસ્તાની આતંકવાદી માર્યા ગયાના સમાચાર છે. તે પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમનો SSG કમાન્ડો હોવાની આશંકા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૈનિકો કમકારી વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા ત્યારે આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતું. સુરક્ષા દળોને કમકારી વિસ્તારમાં પાકિસ્તાની આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી, ત્યારબાદ સેનાએ આ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. હુમલા બાદ આતંકવાદીઓ જંગલમાં ભાગી ગયા હોવાની આશંકા છે. વધારાના સૈનિકો મોકલીને શોધખોળ કરવામાં આવી રહી છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડાના કોવુત વિસ્તારમાં બુધવારે થયેલા આતંકવાદી હુમલામાં ઘાયલ નોન-કમિશન્ડ ઓફિસર દિલાવર સિંહનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. સેનાએ એન્કાઉન્ટરમાં એક આતંકીને પણ ઠાર કર્યો હતો. મંગળવારે પૂંછમાં એન્કાઉન્ટર થયું હતું, જેમાં લાન્સ નાઈક સુભાષ કુમાર શહીદ થયા હતા. જુલાઈ ૨૦૨૪માં અત્યાર સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં ૯ મોટા આતંકી હુમલા થઈ ચૂક્યા છે. જેમાં કુલ ૧૩ જવાનો શહીદ થયા છે, જ્યારે સુરક્ષા જવાનોએ ૧૨ આતંકીઓને ઠાર કર્યા હતા.

# ગેરકાયદે રીતે અમેરિકામાં ઘૂસવા જતાં ૧૫૦થી વધુ ગુજરાતી નાગરિકો ઝડપાયા, મોટાભાગના ઉત્તર ગુજરાતના

(એજન્સી) તા.૨૭

ગુજરાતના લોકોને વિદેશ જવાનું એટલું ઘેલું લાગ્યું છે કે વિદેશ જવા માટે પોતાનો જીવ પણ જોખમમાં મૂકી દેટ હોય છે. હવે ગેરકાયદે રીતે પણ અમેરિકા જવાન કિસ્સામાં સતત વધારો થયો છે. આ દરમિયાન અમેરિકામાં ઘૂસવા જતાં અંદાજે ૧૫૦થી વધુ ગુજરાતીઓ ઝડપાયા હોવાની વિગતો સામે આવી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જેમાં મોટા ભાગના ઉત્તર ગુજરાતના યુવાનો છે. ઉત્તર ગુજરાતના ૧૫૦થી વધુ યુવાનો અમેરિકા જવા નીકળ્યા હતા. તેઓ વાયા યુરોપ થઈને ચાર્ટર્ડ પ્લેનમાં લેટિન અમેરિકાના કોઈ દેશમાં ઊતર્યા હતા. ત્યાંથી ચાલતા-ચાલતા મેક્સિકો સુધી પહોંચ્યા હતા અને એક અઠવાડિયા પહેલાં મેક્સિકો બોર્ડરથી અમેરિકા પહોંચ્યા હતા અને ઝડપાયા છે.

# પીએમ મોદીએ બીજેપીના સીએમ, ડેપ્યુટી સીએમ સાથે બેઠક યોજી

(એજન્સી) તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ભાજપ દ્વારા નિયમિત સમયાંતરે આયોજિત "મુખ્યમંત્રી પરિષદ"નો ઉદ્દેશ્ય રાજ્યોમાં મુખ્ય યોજનાઓની સમીક્ષા કરવાનો, શ્રેષ્ઠ શાસન પ્રણાલીઓને અનુસરવાનો અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી પહેલોને લાગુ કરવાનો છે. મોદી ઉપરાંત અહીં બે દિવસીય બેઠકના પ્રથમ દિવસે કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ અને જે.પી. નડ્ડા, ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આસામના મુખ્ય પ્રધાન હિમંતા વિશ્વ શર્મા, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી અને અન્ય નેતાઓએ હાજરી આપી હતી. મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, અરુણાચલ પ્રદેશ, ગોવા, હરિયાણા, મણિપુર અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓ પણ ચર્ચામાં સામેલ થયા હતા. આ બેઠક કેન્દ્રીય બજેટની રજૂઆત બાદ યોજાઈ રહી છે, જેમાં વિપક્ષે સરકાર પર બિહાર અને આંધ્રપ્રદેશ સિવાય અન્ય રાજ્યોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો છે. લોકસભા ચૂંટણી બાદ આ પ્રથમ બેઠક છે. લોકસભા ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને પાર્ટીએ લોકસભામાં બહુમતી ગુમાવી હતી. જો કે, પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે બેઠકમાં શાસનના મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં હતા. આવી છેલ્લી બેઠક ફેબ્રુઆરીમાં યોજાઈ હતી.

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિપક્ષની હિટ એન્ડ રન રણનીતિની ટીકા કરી

(એજન્સી) તા.૨૭

સંસદ ભવનમાં આયોજિત રાજ્યસભાના નવા ચૂંટાયેલા સભ્યો માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે શનિવારે બંધારણની જાળવણી અને લોકશાહીની સુરક્ષામાં સંસદની સર્વોચ્ચ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સંસદના સભ્યો (સાંસદ) લોકશાહીના સૌથી ગંભીર રક્ષક છે, ખાસ કરીને કટોકટીના સમયમાં જ્યારે લોકશાહી મૂલ્યો જોખમમાં હોય છે. નવા સાંસદોને સંબોધતા ધનખરે કહ્યું કે જો લોકશાહીમાં સંકટ આવે, લોકતાંત્રિક મૂલ્યો પર હુમલો થાય તો તમારી ભૂમિકા નિર્ણાયક હોય છે. તેમણે આ દરમિયાન કહ્યું હતું કે કોઈપણ મુદ્દો પહોંચની બહાર નથી. આ દરમિયાન જગદીપ ધનખડે વિપક્ષની હિટ એન્ડ રન રણનીતિની ટીકા કરી હતી. તેમણે પુનરોચ્ચાર કર્યો કે સંસદે સંપૂર્ણ સ્વાયત્તતા અને સત્તા સાથે કામ કરવું જોઈએ, ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ પણ વિષય ગૃહમાં ચર્ચા માટે મર્યાદાથી બહાર નથી. જો કે, યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવે. તેમણે કહ્યું કે સંસદ તેની પ્રક્રિયા તેની કાર્યવાહી માટે સર્વોચ્ચ છે. સંસદની અંદર જે કંઈ પણ થાય તેમાં સ્પીકર સિવાય કોઈને હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી. તે ન તો એક્ઝિક્યુટિવ અથવા અન્ય કોઈ સંસ્થાની હોઈ શકે છે. કેટલાક સભ્યોની વર્તમાન વર્તણૂક પર ચિંતા વ્યક્ત કરતા, ધનખરે 'હિટ એન્ડ રન' વ્યૂહરચનાઓની ટીકા કરી, જ્યાં સભ્યો અન્ય સભ્યોને સાંભળ્યા વિના ગૃહમાં સંક્ષિપ્ત દેખાવ પહેલા અને પછી મીડિયા સાથે જોડાય છે. તેમણે અમુક વ્યક્તિઓને ખુશ કરવાના હેતુથી વ્યક્તિગત હુમલાઓ અને વિક્ષેપજનક વર્તનના વધતા વલણની પણ નિંદા કરી અને ચેતવણી આપી કે આનાથી વધુ વિભાજનકારી કોઈ પ્રવૃત્તિ હોઈ શકે નહીં.

# બિહાર રેલવે પોલીસે મોહમ્મદ ફુરકાનને નિર્દયી પણે માર મારતાં આંતરડા બહાર નીકળી ગયા

## ઘાયલ મો. ફુરકાનની હજી થોડા દિવસો પહેલા સર્જરી થઈ હતી

(એજન્સી) તા.૨૭

બિહારમાં રેલ્વે પોલીસના જવાનોએ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક વ્યક્તિને નિર્દયતાથી માર માર્યો હતો. જેના કારણે તેના આંતરડા બહાર આવી ગયા અને તાજેતરમાં પેટની સર્જરીના ટાંકા પણ તૂટી ગયા. આ ઘટના ગુરુવારે સાંજે બની જ્યારે મુંબઈ જતી કર્મભૂમિ એક્સપ્રેસ ટ્રેન જનકપુર રોડ રેલવે સ્ટેશન પહોંચી. કહેવાય છે કે આ દરમિયાન ટ્રેનમાં સીટોને લઈને મુસાફરોના બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મુસાફરો વચ્ચે ચાલી રહેલી દલીલ જોઈને જીઆરપીના જવાનો પણ આવી ગયા. પરંતુ મુસાફરોએ જવાનોને પણ માર માર્યો હતો. જે બાદ જવાનોએ બળપ્રયોગ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, મારપીટમાં ઘાયલ થયેલા વ્યક્તિની ઓળખ મોહમ્મદ ફુરકાન તરીકે થઈ છે. થોડા દિવસો પહેલા તેમના પેટનું ઓપરેશન થયું હતું. પ્રત્યક્ષદર્શીઓએ જીઆરપી જવાનો પર આરોપ મૂક્યો અને કહ્યું કે સૈનિકોએ મુસાફરોને વિખેરવા માટે લાકડીઓનો ઉપયોગ કર્યો. આ દરમિયાન એક સૈનિકે ફુરકાનના પેટ પર લાકડી વડે માર્યો હતો. જેના કારણે તેના આંતરડા બહાર આવી ગયા હતા. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના બાદ જીઆરપી અધિકારીઓએ બે કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે અને મામલાની તપાસના આદેશ આપ્યા છે. શનિવારે જાણીતી મીડિયા એજન્સી સાથે વાત કરતા, મુઝફ્ફરપુર રેલ્વે પોલીસ અધિક્ષક ગૌરવ મંગલાએ કહ્યું કે આ મામલાની તપાસના આદેશો પહેલાથી જ આપવામાં આવ્યા છે. સાથે જ સૈનિકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે અમે સીસીટીવી ફૂટેજની પણ મદદ લઈ રહ્યા છીએ. તેઓ ત્યાં હાજર લોકોની પૂછપરછ પણ કરી રહ્યા છે. અધિકારીએ જણાવ્યું કે ફુરકાનને મુઝફ્ફરપુરની શ્રી કૃષ્ણ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની હાલત સ્થિર હોવાનું કહેવાય છે.



# હરિદ્વારમાં કાવડ યાત્રાના રૂટ પરની મસ્જિદો અને મઝારોને ઢાંકીને સંતાડવા બાબતે પોલીસ કહે છે 'ભૂલ થઈ'

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

હરિદ્વારમાં ચાલી રહેલી કાવડ યાત્રાના રૂટ પર સ્થિત બે મસ્જિદો અને એક મઝાર શુક્રવારે સવારે મોટી સફેદ ચાદરનો ઉપયોગ કરીને ઢાંકી દેવાઈ હતી. સાંજ સુધીમાં જિલ્લા વહીવટીતંત્રે ચાદર હટાવી દીધી હતી ત્યારે પોલીસે કહ્યું હતું કે, જે થયું તે ભૂલ હતી. જ્યારે વહીવટીતંત્રે દાવો કર્યો હતો કે તેઓએ શીટ્સ મૂકવા માટે કોઈ આદેશ જારી કર્યો નથી. હરિદ્વાર જિલ્લાના પ્રભારી મંત્રી સતપાલ મહારાજે જણાવ્યું હતું કે, કોઈપણ આંદોલન અથવા અશાંતિને રોકવા અને કાવડ યાત્રાની સરળ પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવ્યા હતા.



હરિદ્વારમાં યાત્રાનો માર્ગ શહેરના જ્વાલાપુર વિસ્તારમાંથી પસાર થાય છે જ્યાં મસ્જિદો અને મઝાર આવેલી છે. આવું પહેલીવાર બન્યું છે. આ પગલા વિશે પૂછવામાં આવતા સતપાલ મહારાજે કહ્યું, ''જો આ કરવામાં આવે છે તો તે એટલા માટે છે કે કોઈ આંદોલન ન થાય અને કોઈ ભડકો ન થાય. અમારી કાવડ યાત્રા નિર્વિઘ્ને પસાર થાય તે ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. જ્યારે કોઈ બાંધકામ હોય ત્યારે તે માળખું પણ આવરી લેવામાં આવે છે. અમે અહીં (તે જ) કર્યું છે અને જોઈશું કે અમને શું પ્રતિસાદ મળે છે. અમે તેનો અભ્યાસ કરીશું.'' હરિદ્વારના પોલીસ અધિક્ષક (શહેર) સ્વતંત્ર કુમારે જો કે સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્ર અથવા પોલીસ તરફથી આવું કરવાનો કોઈ આદેશ નથી. કુમારે કહ્યું કે, ''અમે સંબંધિત પક્ષ સાથે પણ વાત કરી છે અને કવર દૂર કર્યા છે. અમે સ્થાનિકો સાથે પણ વાત કરી છે. યાત્રાના રૂટ પર બેરિકેડ લગાવવામાં આવી રહ્યા હતા અને તેમાં કેટલીક ભૂલ થઈ હશે જે કવર લગાવવા તરફ દોરી ગઈ હશે. તે ઈરાદાપૂર્વક નહોતું.''

### નીતિ આયોગની બેઠકમાં મોદીએ રાજ્યોને આપ્યો સંદેશ

# આ દાયકો તકનીકી અને ભૌગોલિક રાજકીય પરિવર્તનો તેમજ તકોનો છે

## ભારતે આ તકોનો લાભ ઉઠાવવો જોઈએ અને આંતરરાષ્ટ્રીય રોકાણ માટે તેની નીતિઓને અનુકૂળ બનાવવી જોઈએ : મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નીતિ આયોગની બેઠકને સંબોધિત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દરેક ભારતીયની મહત્વાકાંક્ષા છે અને રાજ્યો આ લક્ષ્યને હાંસલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે, કારણ કે તેઓ લોકો સાથે સીધા જોડાયેલા છે. નીતિ આયોગે પીએમ મોદીને ટાંકીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દરેક ભારતીયની મહત્વાકાંક્ષા છે. રાજ્યો આ લક્ષ્યને હાંસલ કરવામાં સક્રિય ભૂમિકા ભજવી શકે છે કારણ કે તેઓ લોકો સાથે સીધા જોડાયેલા છે. તેમણે કહ્યું કે આ દાયકો તકનીકી અને ભૌગોલિક રાજકીય પરિવર્તનો તેમજ તકોનો એક છે. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતે આ તકોનો લાભ ઉઠાવવો જોઈએ અને આંતરરાષ્ટ્રીય રોકાણ માટે તેની નીતિઓને અનુકૂળ બનાવવી જોઈએ. ભારતને વિકસિત દેશ બનાવવાની દિશામાં આ પ્રગતિનો માર્ગ છે. નીતિ આયોગની બેઠકમાં ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ બેઠકનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહયોગી શાસન અને સહકારને પ્રોત્સાહન આપવાનો છે, ડિલિવરી મિકેનિઝમને મજબૂત કરીને ગ્રામીણ અને શહેરી બંને વસ્તી માટે જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો છે. ગવર્નિંગ કાઉન્સિલ, નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થા, જેમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો અને



કેટલાક કેન્દ્રીય મંત્રીઓનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલી મુખ્ય સચિવોની ત્રીજી રાષ્ટ્રીય પરિષદની ભલામણો પર પણ બેઠકમાં વિચારણા કરવામાં આવશે. જોકે, કોંગ્રેસ પાર્ટી અને ભારતીય ગઠબંધનની ઘણી પાર્ટીઓ નીતિ આયોગની બેઠકનો વિરોધ કરી રહી છે. દરમિયાન, તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ ભારત જોડાણનો વિરોધ કરવા નીતિ આયોગની બેઠકમાં હાજરી આપી હતી. જો કે, તેણીએ મીટિંગ અધવચ્ચે છોડી દીધી હતી. મીટીંગમાંથી બહાર આવ્યા બાદ મમતા બેનર્જીએ કહ્યું કે તેમને મીટીંગમાં બોલવાનો મોકો મળ્યો નથી, તેથી તે વિરોધમાં બહાર આવી છે.

# કેવી રીતે બાંગ્લાદેશમાં અનામત વિરોધ દરમિયાન ઢાકાની શેરીઓમાં એક યુવાન ફોટો જર્નાલિસ્ટની ગોળી મારીને હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૨૭

અહેવાલ મુજબ મૃત્યુઆંક ૨૦૯ પર પહોંચ્યો છે સરકારી નોકરીઓમાં ક્વોટા સિસ્ટમનો વિરોધ કરી રહેલા મોટાભાગે યુવા વિદ્યાર્થીઓ પર શેખ હસીનાના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રની કાર્યવાહીના કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. જો તે થોડી ડાબી તરફ હોત તો ગોળી તેને વાગી હોત પરંતુ ગોળી તેને ન વાગી. જાહેરાત વ્યાવસાયિક આ વાર્તા કહેવા માટે જીવતો હતો. તે દોડી-દોડી અને દોડતી રહી. સરકારી નોકરીઓમાં ક્વોટા પ્રણાલી સામે વ્યાપક વિરોધ પ્રદર્શનો સામે સરકારની કડક કાર્યવાહી વચ્ચે ઢાકામાં ૧૯ જુલાઈના રોજ યુવાન ફોટો-જર્નાલિસ્ટ તાહિર જમાન પ્રિયોની ખોપરીમાં ગોળી વાગી હતી. યુવા જાહેરાત વ્યવસાયીએ બાંગ્લાદેશની રાજધાનીથી ફોન પર મીડિયાને ઓનલાઈનને જણાવ્યું કે, ''તેને [પ્રિયો] ગોળી મારવામાં આવી તેની માંડ એક મિનિટ પહેલા તેણે મને કહ્યું, આપણે સાથે રહીશું.'' યુવાન પ્રોફેશનલ જે ચટગાંવનો છે તે એક અઠવાડિયાથી વધુ સમયથી તેના ઢાકા ઘરે પરત ફર્યો નથી. તેણે કહ્યું, ''હું લોકો સાથે રહેવાનો પ્રયાસ કરી રહી છું આશા રાખું છું કે તે મને પરિસ્થિતિનો વધુ સારી રીતે સામનો કરવામાં મદદ કરશે. હું ઊંઘી પણ નથી શકતી રસ્તા પર પડેલી તેની [પ્રિયો ની] તસવીર મારી નજર સમક્ષ તરવરી રહી છે જે મને હેરાન કરી રહી છે અને હું તેને લાવવાનો પ્રયાસ કરી રહી છું પણ તેમ કરી શકતી નથી કાયરની જેમ ભાગી રહી છું. આ વિચાર મને મારી રહ્યો છે.'' માર્યા ગયેલા ફોટો-જર્નાલિસ્ટ પ્રિયો જેઓ વીસના દાયકાના અંતમાં હતા અને એડવર્ટાઈઝિંગ પ્રોફેશનલ હતા તેઓ જ્યારે ઢાકાના ગ્રીન રોડ પર આવેલી લેબેઈડ હોસ્પિટલ પાસે સાંજે ૫ વાગ્યાની આસપાસ હતા ત્યારે ગોળી વાગતા તેમનું મૃત્યુ થયું હતું. બાંગ્લા દૈનિકમાં પ્રકાશિત અહેવાલ અનુસાર બાંગ્લાદેશના વિરોધ પ્રદર્શનમાં મૃત્યુઆંક વધીને ૨૦૯ પર પહોંચી ગયો છે. તેમાં ઢાકા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બે મૃત્યુ, મુગદા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક અને એક અઠવાડિયા પહેલા વધુ બે મૃત્યુનો સમાવેશ થાય છે જેની આખરે નોઆખલીથી જાણ કરવામાં આવી છે. બાંગ્લાદેશમાં મૃત્યુઆંક અંગે હજુ સુધી કોઈ સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. મીડિયાના અહેવાલમાં જણાવાયું છે કે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો વિદ્યાર્થીઓ અને દેખાવકારો પર પોલીસ કાર્યવાહીમાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકોની વિગતો આપવાનો ઈનકાર કરી રહી છે. ૧૯ જુલાઈના રોજ પ્રિયોએ તેના કેટલાક મિત્રો સાથે જેમાં ધ ટેલિગ્રાફ ઓનલાઈન સાથે વાત કરી હતી તેવા એડવર્ટાઈઝિંગ પ્રોફેશનલ સહિત બાંગ્લાદેશની સંસદમાં ભેદભાવ વિરૂદ્ધ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં જોડાવાની યોજના બનાવી હતી. પોલીસ અને સૈન્યના બેરિકેડ અને ભારે બંદોબસ્તે તેમને આ વિષે પુનર્વિચાર કરવાની ફરજ પડી. તેઓએ તેમના આગામી સ્ટોપ તરીકે ઢાકા યુનિવર્સિટીને પસંદ કરી. ''અમારા કેટલાક મિત્રોએ સાયન્સ લેબની નજીક રહેતા બીજા મિત્રના ઘરે જવાનું નક્કી કર્યું. અમારા



કેટલાક મિત્રો શાહબાગ તરફ પ્રયાણ કર્યું, બીજા કેટલાક મિત્રોના ઘરે ગયા, જ્યારે હું, પ્રિયો ભાઈ અને અન્ય એક વ્યક્તિ કે જેને હું તે દિવસે મળ્યો હતો તેણે રસ્તા પર આવવાનું નક્કી કર્યું. ગ્રીન રોડની એક તરફ ભારે હથિયારોથી સજ્જ પોલીસનો મોટો કાફલો હતો જ્યારે બીજી તરફ મૌન વિદ્યાર્થીઓ હતા. એડવર્ટાઈઝિંગ પ્રોફેશનલના કહેવા પ્રમાણે બીજી બાજુ રાહ જોઈ રહેલા યુવા ટોળાએ કોઈ સૂત્રોચ્ચાર કર્યા ન હતા. રબરની ગોળીઓ ટીયર ગેસના શેલ અને હેલિકોપ્ટરમાંથી સાઉન્ડ ગ્રેનેડનો વરસાદ ચારેબાજુ વરસ્યો. તેઓ લેબેઈડ હોસ્પિટલની સામે સેન્ટ્રલ રોડ પર રાહ જોતા હતા. આ સાંજના લગભગ ૫ વાગ્યાનો સમય હતો. તેણે કહ્યું, ''આ ત્યારે હતું જ્યારે પ્રિયો ભાઈએ મને કહ્યું હતું કે, આપણે સાથે રહીશું.'' આગળ તેને એક જોરદાર વિસ્ફોટ યાદ આવ્યો જે તેણે વિચાર્યું કે તે અવાજ ગ્રેનેડ હતો. તેણે ટોળા સાથે સેન્ટ્રલ રોડ પર દોડવાનું શરૂ કર્યું જ્યારે તેણે કોઈ અજાણી વ્યક્તિને મદદ માટે પોકાર કરતાં સાંભળ્યા અને જોવા માટે અટકી.

તેણે કહ્યું, ''તે ગ્રીન રોડથી સેન્ટ્રલ રોડ તરફ કોઈને ખેંચી રહ્યો હતો અને તેને મદદ કરવા વિનંતી કરી રહ્યો હતો. મેં અજાણી વ્યક્તિ તરફ થોડાં પગલાં લીધાં અને પછી મેં જોયું કે તે પ્રિયો ભાઈને ખેંચી રહ્યો હતો'' ''તેના માથામાંથી લોહી વહી રહ્યું હતું બાકીનું શરીર નિર્જીવ હતું. પછી અમારી તરફ થોડી વધુ ગોળીઓ છોડવામાં આવી અને હું ભાગી. તેણે કહ્યું, ''મને ખબર નથી પાડતી કે મને ગોળી ન વાગવા બદલ રાહત અનુભવું કે શોક મનાવું.'' તે સાંજે તે સેન્ટ્રલ રોડ પર પાછો ફર્યો ન હતો. તેમજ તે મિત્રોના જૂથમાં જોડાઈ શકી ન હતી જેઓ પ્રિયોની શોધમાં ગયા હતા અને તેને મધરાત પછી ઢાકા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના શબઘરમાં મળ્યો હતો. પ્રિયો સ્કોલરશિપ પર યુરોપ જવા માંગતો હતો અને ફોટોગ્રાફી અને ફિલ્મોનો અભ્યાસ કરવા માંગતો હતો. સિંગલ પિતા એવા પ્રિયોની છ વર્ષની પુત્રી હવે તેની દાદીની સંભાળમાં છે.

# સરકાર દલિતો, આદિવાસીઓ, લઘુમતીઓ પ્રત્યે નફરત ફેલાવી રહી છે : AAP સાંસદ સંજય સિંહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

AAP સાંસદ સંજય સિંહે આક્ષેપ કર્યો હતો કે સરકાર દલિતો, આદિવાસીઓ અને લઘુમતીઓ પ્રત્યે નફરત ફેલાવી રહી છે કારણ કે, તેમણે કાવડ યાત્રાના માર્ગ પર દુકાન માલિકોના નામ દર્શાવવાના કેટલાક ભાજપ શાસિત રાજ્યોના નિર્ણયની ટીકા કરી હતી.

રાજ્યસભામાં બજેટની ચર્ચામાં ભાગ લેતા, તેમણે એમ પણ કહ્યું કે નાણા પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટથી સમાજના કોઈપણ વર્ગને ફાયદો થયો નથી.

તેમણે બજેટને ખેડૂત વિરોધી, યુવા વિરોધી અને વેપાર વિરોધી ગણાવીને ફગાવી દીધું.

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ સરકારના કાવડ યાત્રાના માર્ગો પરના ભોજનાલયોને તેમના માલિકો, કર્મચારીઓના નામ અને અન્ય વિગતો દર્શાવવા માટેના નિર્દેશોના સ્પષ્ટ સંદર્ભમાં સિંહે કહ્યું, ''હું સરકારને પૂછવા માંગુ છું કે શું ૧૦ કરોડ શેરી વિક્રેતાઓ અર્થતંત્રમાં યોગદાન નથી આપતા ? તેઓ સરકારને ટેક્સ ચૂકવે છે... તમે શેરી વિક્રેતાઓને તેમની સંસ્થાની સામે તેમની નેમપ્લેટ પ્રદર્શિત કરવા કહ્યું હતું...(અને એ જણાવવાનું કહ્યું હતું) કે તમે હિન્દુ, મુસ્લિમ, દલિત, પછાત કે આદિવાસી છો.''

તેમણે સરકાર પર આવા પગલાઓ દ્વારા સમાજમાં મતભેદો પેદા કરવાનો આરોપ લગાવ્યો. તેમણે ઉમેર્યું કે, 'દેશમાં આવી



વસ્તુઓ ન થવી જોઈએ. ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે... તમે દલિતો, પછાત વર્ગો, આદિવાસીઓ, લઘુમતીઓ અને મુસ્લિમોને નફરત કરો છો.' સુપ્રીમ કોર્ટે બંને રાજ્ય સરકારો દ્વારા જારી કરાયેલા નિર્દેશો પર વચગાળાનો સ્ટે લગાવી દીધો હતો.

કેન્દ્ર સરકારે જેલો માટે ફાળવણીમાં ઘટાડો કર્યો છે તે તરફ ધ્યાન દોરતા, સિંહે ભાજપ પર કટાક્ષ કર્યો, કહ્યું કે જેલોની સ્થિતિમાં સુધારો થવો જોઈએ કારણ કે 'તમે બધા જેલમાં જશો.'

AAP નેતાએ વિપક્ષી નેતાઓને જેલમાં મોકલવા માટે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવા બદલ સરકારની ટીકા પણ કરી હતી.

સ્વતંત્ર સભ્ય કપિલ સિબ્બલે દેશમાં બેરોજગારીનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે બજેટમાં વધતી બેરોજગારીની ચિંતાને દૂર કરવા માટે કોઈ રોડમેપ નથી. તેમણે ILOના રિપોર્ટને ટાંક્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતના ૮૩ ટકા યુવાનો બેરોજગાર છે.

તેમણે કહ્યું કે, ''આ દેશ જે સંકટનો સામનો કરી રહ્યો છે તમે કલ્પના કરી શકો છો મેં વિચાર્યું હતું કે, નાણામંત્રીએ બેરોજગારી સંકટનો સામનો કરવા માટે રોડમેપ આપશે. દુર્ભાગ્યે, તેઓ આ રોડમેપ પ્રદાન કરવામાં સક્ષમ નથી કારણ કે તેઓએ આગામી ૩૦ વર્ષ સુધી વાર્ષિક ધોરણે ૭૦થી ૮૦ લાખ લોકોને રોજગારીનું સર્જન કરવું પડશે.'' સિબ્બલે કહ્યું કે વિકસિત વિશ્વમાં વસ્તી ઘટી રહી છે અને વૃદ્ધોની સંખ્યા યુવાનો કરતાં વધી રહી છે. તેમણે કહ્યું કે વિકસિત દેશોને તેમના કામ કરવા માટે કૃત્રિમ બુદ્ધિની જરૂર છે પરંતુ ભારતમાં ૮૩ ટકા બેરોજગારીને કારણે છૈંનો ઉપયોગ કરવો મુશ્કેલ છે.

તૃણમૂલ કોંગ્રેસના સભ્ય ડોલા સેને જણાવ્યું હતું કે જો સરકાર સમજદાર હોત તો તેણે મધ્યમ વર્ગ પર ટેક્સનો બોજ ઘટાડયો અને અબજોપતિઓ પર ટેક્સ વધાર્યો હોત.

YSRCP સભ્ય વી. વિજયસાઈ રેડ્ડીએ આંધ્ર પ્રદેશને વિશેષ દરજ્જાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે બજેટમાં માત્ર ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની લોનની જોગવાઈ કરવામાં આવી છે.

AIADMKના એમ થમ્બીદુરાઈ, ભાજપના ભાગવત કરાડ અને કોંગ્રેસના સભ્ય અખિલેશ પ્રસાદ સિંહે પણ કેન્દ્રીય બજેટ પર ચર્ચામાં ભાગ લીધો હતો.

# ૯૦ ટકા દૃષ્ટિ ગુમાવ્યા બાદ અને છ-છ સર્જરી થયા પછી ITIના આ પૂર્વ કર્મી દર વર્ષે એક લાખ લિટર પાણી બચાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ITIના પૂર્વ કર્મચારીએ જળ સંચયના પોતાના જુસ્સાથી હલચલ મચાવી દીધી છે. ૬૩ વર્ષના મહિન્દ્રસિંહ ઝાલાને ૧૯૯૨માં એક વોલીબોલ રમત દરમિયાન ગંભીર ઈજા થઈ હતી જેના કારણે તેમના રેટિના અલગ થઈ ગયા હતા જેના કારણે તેમણે તેમની ૯૦ ટકા દૃષ્ટિ ગુમાવી દીધી હતી. રાજકોટના આ વ્યક્તિ છ સર્જરી કરાવ્યા છતાં તેમની દૃષ્ટિ પાછી મેળવી શક્યા ન હતા. હવે આઠ વર્ષથી વધુ સમયથી ઝાલા તેમના સમુદાયમાં પાણીની અછતની સમસ્યાઓને ઉકેલવા માટે ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનો ખંતપૂર્વક સંગ્રહ કરી રહ્યા છે. ઝાલા જ્યાં રહે છે તે કોઠારિયા કોલોનીમાં તેમની નવીન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. તેમણે તેમના બિલ્ડિંગના વિવિધ સ્તરોમાં સાત ટાંકી સ્થાપિત કરી છે. બીજા માળના ધાબામાં ૩૦૦૦-લિટરની ટાંકી છે અને જ્યારે તે ભરાય છે ત્યારે વધારાનું પાણી પાઈપો દ્વારા પ્રથમ માળની ધાબા પરની બે ૧૦૦૦-લિટરની ટાંકીમાં વહી જાય છે. ત્યાંથી ઓવરફ્લોને ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૦૦૦-લિટરની ટાંકી તરફ નિર્દેશિત કરવામાં આવે છે. વધુમાં પાર્કિંગ એરિયામાં ૧૦૦૦ લિટરની ટાંકી છે જેમાં પાણી સ્વચ્છ અને વાપરવા યોગ્ય છે તેની ખાતરી કરવા માટે ફિલ્ટર્સ છે. આ ટાંકીમાંથી વધારાનું પાણી બે ગ્રાઉન્ડ-લેવલ ૩૦૦૦-લિટરની ટાંકી અને ૨૫૦ ફૂટ ઊંડા બોર સ્ટોરેજ ટાંકીમાં મોકલવામાં આવે છે.

ઝાલા તેમના ભાઈ ગજેન્દ્રસિંહ, પુત્ર યશરાજસિંહ અને ભત્રીજા હર્ષદીપસિંહની મદદથી દર વર્ષે કુલ એક લાખ લીટર પાણીની બચત કરે છે. આ સંગ્રહિત પાણીનો ઉપયોગ આખા વર્ષ દરમિયાન થાય છે જે પાણીને પંપ કરવા માટે વીજળીની જરૂરિયાતને નોંધપાત્ર રીતે ઘટાડે છે. આનાથી વીજળીની પણ બચત થાય છે તેમની પુત્રવધૂ આશા સમજાવે છે કે તેમને હવે



વારંવાર પાણીની મોટરનો ઉપયોગ કરવાની જરૂર નથી.

આ પ્રોજેક્ટ માટે ઝાલાની પ્રેરણા પાણીની અછતથી ઉદ્ભવી હતી જે તેમણે શરૂઆતમાં જ નોંધ્યું હતું. તેઓ જળ સંરક્ષણના મહત્ત્વ પર ભાર મૂકતા કહે છે જો આપણે પાણી નહીં બચાવીએ તો આવનારી પેઢીએ પાણીને બદલે આંસુ પીવું પડશે. તે અન્ય લોકોને પૂછીને પડકારે છે જો આપણે ખાતા ખોલાવી શકીએ અને પૈસા બચાવી શકીએ તો શું આપણે આપણા બાળકો માટે પાણી પણ ન બચાવી શકીએ.

ઝાલાએ પ્રોજેક્ટ સેટ કરવા માટે ૨૫,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું છે. તે અન્ય લોકોને તેમના ઉદાહરણને અનુસરવા પ્રોત્સાહિત કરે છે, કહે છે, મારી આંખોમાં માત્ર ૧૦ ટકા પ્રકાશ છે અને હું આ કરી શકું છું. તમે બધા સ્વસ્થ છો, તમારે ચોક્કસપણે આ લેવું જોઈએ. તેઓ ઉમેરે છે, મને ઓળખાણની પણ જરૂર નથી. ફક્ત જળ સંચય કરો. મારા માટે આનાથી મોટો કોઈ પુરસ્કાર નથી.

# ભારતના સૌથી શિક્ષિત પુરૂષોમાનાં એક IAS અધિકારી જેમણે ૨૦ ડિગ્રી મેળવી, ગોલ્ડ મેડલ મેળવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

તમારા મતે ભારતમાં સૌથી લાયક વ્યક્તિ કોણ છે. આ વ્યક્તિ આકસ્મિક રીતે, ૪૨ યુનિવર્સિટીઓમાંથી આશરે ૨૦ ડિગ્રી ધરાવે છે. હા, તમે સાચું વાંચ્યું.. ભારતના સૌથી લાયક વ્યક્તિ તરીકે ઓળખાતી વ્યક્તિ શ્રીકાંત જિચકર હતા. જિચકરે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધણી કરાવી હતી અને તેઓ ૨૫ વર્ષના થયા ત્યાં સુધીમાં તેમણે ૧૪ પોર્ટફોલિયો પૂરા કરી લીધા હતા. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં જીચકર હજુ પણ દેશમાં સૌથી લાયક વ્યક્તિ છે. તેમની મોટાભાગની પરીક્ષાઓમાં પ્રથમ સ્થાન મેળવવા ઉપરાંત, જિચકરે અનેક ગોલ્ડ મેડલ પણ પોતાના નામે કર્યા.



**શ્રીકાંત જિચકરે નીચેની ડિગ્રીઓ મેળવી છે :**

૧. મેડિકલ ડોક્ટર, MBBS અને MD
૨. કાયદો, LL.B.
૩. આંતરરાષ્ટ્રીય કાયદો, LL.M.
૪. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, DBM અને MBAમાં માસ્ટર્સ
૫. પત્રકારત્વમાં સ્નાતક
૬. M.A. પબ્લિક એડમિનિસ્ટ્રેશન
૭. M.A. સમાજશાસ્ત્ર
૮. M.A. અર્થશાસ્ત્ર
૯. M.A. સંસ્કૃત
૧૦. M.A. ઈતિહાસ
૧૧. M.A. અંગ્રેજી સાહિત્ય
૧૨. M.A. ફિલોસોફી
૧૩. M.A. રજનીતિક વિજ્ઞાન
૧૪. M.A. પ્રાચીન ભારતીય ઈતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્વ
૧૫. M.A. મનોવિજ્ઞાન
૧૬. ડી. લિટ. સંસ્કૃત – યુનિવર્સિટીમાં સર્વોચ્ચ ડિગ્રી
૧૭. IPS
૧૮. IAS

# જામનગર જિલ્લામાં રોગચાળા મુદ્દે કોંગ્રેસ દ્વારા મ્યુનિ. કમિશનર કાર્યાલયમાં ધરણા પ્રદર્શન

### રોગચાળા મામલે કોઈપણ પગલાં લેવામાં નહીં આવતા હોવાનો આક્ષેપ



(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૭

જામનગરમાં વકરી રહેલા રોગચાળાને મુદ્દે કોંગ્રેસ દ્વારા મ્યુનિ. કમિશનર કાર્યાલયમાં ઢોલ નગારા અને મંજીરા વગાડી સૂત્રોચ્ચાર સાથે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને કમિશનર દ્વારા કોઈ પગલાં લેવામાં નહીં આવતા હોવાનો આક્ષેપ પણ કરાયો હતો. જામનગરમાં ચાંદીપુરા કોલેરા જેવા જીવલેણ રોગનું પ્રમાણ વધ્યું છે. અગાઉ કોંગ્રેસ દ્વારા કમિશનરને આવેદનપત્ર આપીને પગલાં લેવા રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ મ્યુનિ.કમિશનર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવ્યા ન હતા. આથી નગરજનોની આ સમસ્યાને વાચા આપવા આજે કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનર કાર્યાલયમાં ધરણાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કમિશનર ચેમ્બર બહાર પોલીસ દ્વારા તાળાબંધી કરી દેવામાં આવી હોવાથી કોંગ્રેસ દ્વારા સતત રજૂઆત છતા તાળા ખોલવામાં ન આવતા હોલમાં મિટિંગ ચાલુ હોવાથી કોંગ્રેસ કાર્યકરો મીટીંગ હોલ બહાર જ ધરણા અને સુત્રોચ્ચાર કરી મંજીરા અને કરતાલ સાથે ધુન બોલાવવામાં આવી. શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, કોર્પોરેટરો અને કોંગ્રેસનાં આગેવાનો સહિતનાઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# નડિયાદના ટુંડેલ પ્રાથમિક શાળામાં બાળકોને સંસ્થા દ્વારા ચોપડા વિતરણ કરાયા



ગુજરાત થિયોસોફીકલ ઓર્ડર ઓફ સર્વિસ દ્વારા ગુજરાત સ્ટેટ પ્રમુખ હિતેશભાઈ પટેલ (સુરત)ના માર્ગદર્શન હેઠળ થિયોસોફીકલ ઓર્ડર ઓફ સર્વિસ નડિઆદના પ્રમુખ મધુબેન વાધેલા અને મંત્રી અશોકભાઈ રાઠોડ દ્વારા નડિયાદ નજીક આવેલ ટુંડેલ પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા આચાર્ય રાકેશભાઈ, ગુજરાત થિયોસોફીકલ ઓર્ડર ઓફ સર્વિસના સ્ટેટ મંત્રી જગદીશભાઈ પરમાર, કારોબારી સભ્ય પીજી પટેલ વગેરે હાજર રહ્યા હતા.

### માળિયા મિંયાણાના નવલખી બંદર નજીક

# જુમ્માવાડી માછીમાર વસાહતના ગરીબ પરિવારોને પોલીસ દ્વારા કનડગત કરાતા કલેક્ટરને આવેદન

### ગરીબ પરિવારો દરિયામાંથી વેસ્ટ કોલસાની ભૂકી એકત્ર કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા



માળિયા મિંયાણા, તા.૨૭

માળીયા મિંયાણાના નવલખીબંદર નજીક જુમ્માવાડી માછીમાર વસાહતના ગરીબ પરિવારો દરિયામાથી વેસ્ટ કોલસાની ભૂકી એકત્ર કરી ઘરનું ગુજરાન ચલાવતા હોવા છતા પોલીસની કનડગતથી કંટાળી કલેક્ટરને આવેદન પાઠવ્યુ હતું. બેરોજગાર બનેલા માછીમાર પરિવારો અને કામદાર પ્રગતિશીલ મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી કરી રજૂઆત કરાઇ હતી.

મોરબી જિલ્લાના માળિયા મિંયાણા તાલુકામા આવેલ એકમાત્ર નવલખીપોર્ટમાં હાલમાં કોલસા ઉતારવાનું કામ ચાલી રહ્યુ છે જૂના સમયમાં અમારા બાપદાદા અનાજ ઉતરાવાનું કામ કરતા હતા. બાપદાદાના સમયકાળથી પરંપરાગત શિપમાથી માલ ઉતારવાનું કામ કરતા હતા જેથી અમોને રોજીરોટી મળતી હતી ધીમે-ધીમે અનાજ આવવાનું બંધ થવાથી બેકાર બન્યા છીએ ત્યારે નવલખીબંદર પર કોલસો ઉતારવાનું કામ શરૂ થતા દરીયામા કોલસાની ભૂકીના પ્રદુષણથી માછલીઓ દરીયાના પાણીથી દૂર થતા પાગડીયા માછીમારો બેરોજગાર બનતા દરિયાકાંઠામા પાણીમા નવલખી પોર્ટનો વેસ્ટ કોલસાની ભૂકી દરિયાના પાણીમાથી કાઢી માછીમાર કિરવારો રેતી કોલસો અલગ કરી કોલસાની ભૂકીનું વેચાણ કરી ગરીબ પરિવારો ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે.

ત્યારે આ ગરીબ માછીમારોને પોલીસ પકડી તેમના પર ચોરીના ખોટા આક્ષેપો મૂકી બોટ કબજે કરી ખોટીરીતે કનડગત કરી હેરાન પરેશાન કરતા હોવાથી ગરીબ માછીમાર પરીવારો બેરોજગાર બનતા રોજગારીના ગંભીર પ્રશ્નને લઈને ગરીબ માછીમારોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી લૈખિત રજૂઆત કરી હતી.

# ભરૂચ શહેરમાં લાખો રૂા.ના ખર્ચે બનેલ રસ્તા ધોવાઈ ગયા : વરસાદે તંત્રની પોલ ખોલી નાંખી



(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૨૭

ભરૂચ શહેરમાં ધોધમાર વરસાદે નગરપાલિકાની તમામ કામગીરીની પોલ ખોલી નાખી છે. લાખો કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તા ઉપર મોટા ખાડાઓ તો પડી જ ગયા છે પણ લાખો રૂપિયાનો કોન્ટ્રાકટ આપીને ડમ્પીંગ સાઈડ બનાવવામાં આવી હતી. તે ડમ્પીંગ સાઈડ ઉપર હવે કચરો નહીં નાખવા દેતા ભરૂચ શહેરની દરેક ગલી અને મહોલ્લાઓમાં કચરાના ઢગલાઓને પગલે ગંદકીનું સામ્રાજ્ય ઊભું થયું છે. ભરૂચ શહેરના મુખ્ય રસ્તા ઉપર પડેલા ખાડાઓને લઈને સૌથી વધુ ટ્રાફિકજામની સમસ્યા ઊભી થઈ રહી છે. સૌથી વધુ ટ્રાફિકજામની સમસ્યા ભરૂચના કસક ગરનાળા પાસે જ ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. કસક ગરનાળાનો રસ્તો એટલો ખરાબ છે કે તેમાં વાહન ચલાવવું મુશ્કેલ છે સાથે વરસાદ બંધ થયા પછી પણ હજુ પણ ગંદુ દુર્ગંધ મારતુ ગટરનું પાણી કસક ગરનાળામાં વહે છે. આ અંગેની ફરિયાદ લોકોએ પાલિકાના અધિકારી પદ અધિકારીઓને કરી વીડિયો વાયરલ કર્યા સોશિયલ મીડિયામાં અને સ્થાનિક અખબારોમાં આવ્યું પરંતુ પાલિકાના એક પણ સત્તાધિશના પેટનું પાણી હાલ્યું નથી બીજી તરફ ભરૂચ શહેરનો આલી ડીગી વાડથી લઈને મહંમદપુરા બાયપાસ સુધીનો રસ્તો આવા જ ઊંડા ઊંડા ખાડાઓ વાળો થઈ ગયો છે. થોડા દિવસો પહેલા જ એટલે કે વરસાદ પહેલા જ લાખો રૂપિયાનું કારપેટિંગ આ રોડ ઉપર કરવામાં આવ્યું હતું. પરંતુ આજે એ કારપેટિંગના બદલે ખાડાઓ દેખાઈ રહ્યા છે. ત્રીજો સૌથી ખરાબ રસ્તો ભરૂચનો પાટા તળાવથી લઈને ઉર્જા ચાર રસ્તા સુધીનો રસ્તો છે અહીં તો લગભગ ૭૦૦ મીટરનો રસ્તો ચંદ્રની સપાટી પર પડેલા ખાડાઓ જેટલા ઊંડા ખાડાવાળો મુખ્ય રસ્તો થઈ ગયો છે. ભરૂચ શહેરમાં ૧૧ વોર્ડમાં દરેક જગ્યાએ ગલીનાકા મોહલ્લા ખુલ્લા મેદાનોમાં કચરાના ઢગલા જોવા મળે છે. તેનું કારણ એક જ છે કે ભરૂચના કંથારીયા અને થામ ગામ વચ્ચે ખેતરમાં ઊભી કરવામાં આવેલી હંગામી ડમ્પીંગ સાઈડ ગામ લોકોએ બંધ કરાવી દીધી છે. અસહ્ય દુર્ગંધ અને પ્લાસ્ટિકનો કચરાએ આજુબાજુના ખેતરનો ડાંટવાળી નાખતા ખેડૂતો અને ગામ લોકો અકળાયા હતા ત્યારે મળતી માહિતી મુજબ આ ડમ્પિંગ સાઇડ ઉપર કચરો નાખવા માટેનો કોન્ટ્રાક્ટ ભાજપના એક લઘુમતીના આગેવાન દ્વારા લેવામાં આવ્યો છે. ભરૂચ શહેરમાં એક સપ્તાહથી ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાનું બંધ કરવામાં આવ્યું છે લોકો હવે જાહેરમાં જ કે ખુલ્લા મેદાનમાં કે સડકની બાજુમાં પ્લાસ્ટિકમાં કચરો ભરીને નાખી રહ્યા છે. લોકોમાં કોલેરા મેલેરિયા કે બીજા અન્ય રોગો ફાટી નીકળે તેવી દેશ જ છે કચરાના ઢગલાઓને લઈને લોકોને હવે બાળકોને ચાંદીપુરમનો વાયરસ તો રોગ લાગે તેવી પણ દહેશત વ્યક્ત કરી છે. હવે તેઓ નગરપાલિકાની આ ડમ્પિંગ સાઇડ ઉપર કોઈપણ સંજોગોમાં કચરો નાખવા નહીં દે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે. નૈતિકતાના ધોરણે નગરપાલિકાના તમામ નગરસેવકોએ તેમજ સત્તાધિશોએ પોતાના પદ ઉપરથી રાજીનામું આપી આ નગરપાલિકાને વહીવટદારને હવાલે કરી દેવી જોઈએ તેઓ લોકો કહી રહ્યા છે.

# ટંકારીઆના મોટા પાદરમાં વરસાદી પાણીનો ભરાવો થતાં પૂર જેવી સ્થિતિ : ભારે નુકસાન



(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

ટંકારીઆ, તા.૨૭

ભરૂચ તાલુકાના ટંકારીઆ ગામે મોટા પાદરમાં વરસાદી પાણીનો ભરાવો થતા પાદરમાં પૂર જેવી સ્થિતિ પેદા થઇ હતી. જેના પગલે નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા જેના કારણે પાણી દુકાનોમાં પ્રવેશી જતા દુકાનધારકોને પારાવાર નુકશાની વેઠવી પડી હતી. તદુપરાંત પાદરમાં આવેલી મસ્જિદ અને આઈ.ટી.આઈ.માં પણ પાણી ઘુસી ગયા હતા. આ પાણી સતત બે દિવસ સુધી રહ્યું હતું અને પાદર જાણે સરોવરમાં ફેરવાઈ ગયું હતું. પાણીનો નિકાલ એકદમ ધીમી ગતિએ થતો હોવાના કારણે પાણી ૨ દિવસ સુધી ભરાયેલું રહ્યું હતું, જેનું મુખ્ય કારણ ટંકારીઆથી સીતપોણ તરફ જતી કાંસ કે જેમાં જંગલી વનસ્પતિ અને બિનજરૂરી વૃક્ષોને કારણે પાણીનો નિકાલ ધીમો રહ્યો હતો અને મળતી માહિતી અનુસાર કાંસની સાફસફાઈ કરવા માટે ગ્રામ પંચાયતે તંત્રને વારંવાર લેખિતમાં રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નહોતી જેના કારણે આ પરિસ્થિતિ પેદા થઇ હતી. તો શું તંત્ર આ વિસ્તાર તરફ ઓરમાયું વર્તન દાખવે છે ? કે પછી તંત્ર આ વરસાદી કાંસની વ્યવસ્થિત સાફસફાઈ કરાવશે ? એમ ગ્રામજનો ચર્ચા કરી રહ્યા છે.

### દિલ્હી હાઈકોર્ટના ઓર્ડરથી કોર્ટ કમિશનની સાથે રેડ

# સુરત શહેરમાં નકલી ઘી, પનીર બાદ હવે ડુપ્લીકેટ ઘડિયાળોનું રેકેટ ઝડપાયું

### વરાછાના વેપારીએ એક વર્ષમાં બ્રાન્ડેડ કંપનીની ૬ કરોડ ડુપ્લીકેટ વોચ વેચી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરત શહેરમાં નકલી ઘી, પનીર બાદ હવે ડુપ્લીકેટ ઘડિયાળોનું રેકેટ પકડાયું છે. વરાછા વિસ્તારમાં આવેલી એક દુકાનમાં બ્રાન્ડેડના નામે ડુપ્લીકેટ ઘડિયાળો વેચી ગ્રાહકોને લૂંટવામાં આવી રહ્યા હતાં. બ્રાન્ડેડ કંપનીની ફરિયાદના પગલે દરોડા પાડી દુકાનદારની પોલ ઉઘાડી પાડવામાં આવી છે.હાલ ચાર સ્થળો પરથી લાખોની મતા કબજે કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના પુણા વિસ્તારમાં આવેલી ઈન્ટરનેશનલ ફેશન માર્કેટમાં આશીર્વાદ વોચ નામની દુકાનમાં સ્કિમી કંપનીની વોચનું ડુપ્લીકેશન થતું હોવાની વાત કંપનીના ધ્યાને આવી હતી. તેથી કંપનીએ આ મામલે કોપીરાઈટ એન્ડ ટ્રેડમાર્કમાં ફરિયાદ કરી હતી. ફરિયાદના પગલે દિલ્હી હાઈકોર્ટના ઓર્ડરથી કોર્ટ કમિશનની સાથે આ કંપનીની વોચનું ડુપ્લીકેશન કરી વેચાણ કરતી અલગ-અલગ દુકાનો પર કંપનીના અધિકારીઓ દ્વારા પોલીસને સાથે રાખી દરોડો પાડવામાં આવ્યો હતો. પુણાની આશીર્વાદ વોચ નામની દુકાનમાં ૩૦૦થી લઈને ૧૩૦૦ રૂપિયા કરતાં વધારે ભાવે કંપનીની વોચ વેચવામાં આવતી હતી. દુકાનદાર ઓનલાઈન દેશભરમાં વોચ સપ્લાય કરતો હતો. કંપનીના જણાવ્યા અનુસાર સર્વસિ સેન્ટરમાં જ્યારે વોચ રીપેરીંગ માટે આવી ત્યારે વોચમાં રહેલા મિકેનિઝમ પર તેમને શંકા થઈ હતી. ત્યારબાદ ટેક્નિકલ બાબતોની તપાસ કરતાં સામે આવ્યું હતું કે, વોચ ડુપ્લીકેટ છે અને તેમની કંપનીની પ્રોડક્ટનું ડુપ્લિકેશન થઈ રહ્યું છે. ત્યારબાદ કંપની દ્વારા આ બાબતે તપાસ કરવામાં આવી અને કોર્ટ કમિશન સાથે દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર ૪૦થી ૫૦ રૂપિયામાં વોચ તૈયાર થતી હતી અને હલકી ગુણવત્તાનું મટીરીયલ આ વોચમાં ઉપયોગ કરી વોચને બ્રાન્ડેડ હોવાનું જણાવી આશીર્વાદ વોચ દ્વારા તેનું વેચાણ કરવામાં આવતું હતું. અન્ય બ્રાન્ડેડ કંપનીઓની વોચનું પણ ડુપ્લિકેશન થતું હોવાનું તપાસ દરમિયાન સામે આવ્યું છે. કંપની દ્વારા તપાસ કરતાં સામે આવ્યું હતું કે, એસએસ એન્ટરપ્રાઇઝ, નિવાન ફેશન અને આશીર્વાદ એન્ટરપ્રાઇઝ નામથી પિયુષ વિરડીયા નામનો વ્યક્તિ ડુપ્લીકેટ વોચનું વેચાણ કરતો હતો. કંપનીની તપાસમાં જાણવા મળ્યું કે, ચાલુ વર્ષમાં ૬ કરોડ કરતાં વધારે રૂપિયાની વોચનું ડુપ્લિકેશન કરી તેનું વેચાણ ગ્રાહકોને કરવામાં આવ્યું છે. તો બીજી તરફ આ તપાસમાં આંકડો વધે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. હાલ તો કંપની દ્વારા સમગ્ર મામલે વોચનું ડુપ્લિકેશન કરતા લોકો સામે ટ્રેડમાર્ક એન્ડ કોપીરાઈટની અલગ અલગ કલમો હેઠળ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

# સુઈગામ પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયો



(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૨૭

બનાસકાંઠા એસીબીનાં હાથે એક લાંચિયો કોન્સ્ટેબલ રંગે હાથ ઝડપાયો છે. જેમાં સુઈગામ પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલે ફરિયાદીનાં વેવાઈ સામે પોલીસ સ્ટેશનમાં થયેલી અરજીમાં સમાધાન કરાવી નિકાલ કરાવવા ૮,૦૦૦ની લાંચ માંગી હતી. જેથી ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેમાં પાલનપુર એસીબીએ લાંચિયા કોન્સ્ટેબલને લાંચની રકમ સ્વીકારતા જ રંગે હાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુઈગામના એક ગૃહસ્થના વેવાઈ સામે પોલીસ મથકે અરજી થઈ હતી. જેની તપાસ શહેરની બીટનો હેડ કોન્સ્ટેબલ તલોજકુમાર વિહાભાઈ વેણ કરી રહ્યો હતો. જેણે અરજીમાં સમાધાન કરાવી નિકાલ કરાવવા સારૂ રૂપિયા ૮,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જેની ગૃહસ્થે બનાસકાંઠા એસીબીમાં જાણ કરી હતી જેથી એસીબીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેમાં ગૃહસ્થ પાસેથી કોન્સ્ટેબલ પૈસા સ્વીકારતા જ એસીબીએ રંગે હાથ ઝડપી પાડ્યો હતો. એસીબીએ તેને ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પતિ સાથે અણબનાવમાં આપઘાત કરવા જતી પત્નીને પોલીસે બચાવી

### આપઘાતના ઈરાદે મહિલા ડભોલી બ્રિજ પર પહોંચી હતી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨૭

સમાજમાં સહનશીલતા ઘટી રહી છે. નાનકડી વાતમાં લોકો અંતિમ પગલું ભરી લેતા હોય છે. આજે સવારે ડભોલી બ્રિજ પર એક મહિલા પતિ સાથે ઝઘડો થયા બાદ આપઘાત કરવાના ઈરાદે પહોંચી હતી, પરંતુ લોકો અને પોલીસની સતર્કતાના પગલે તે મહિલાનો જીવ બચાવી શકાયો હતો. આપઘાત કરવા પાછળનું કારણ પૂછતાં મહિલાએ પતિ સાથે અણબનાવ થતો હોવાનું જણાવ્યું હતુ.હાલ મહિલાના પતિને બોલાવીને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

ડભોલી વિસ્તારમાં રેહતી એક મહિલા આપઘાત કરવા ડભોલી બ્રિજ પર પહોંચી હતી. ડભોલી બ્રિજ પર પહોંચી ગ્રિલ પણ કૂદીને નદીની સાઈડે જતી રહી હતી. પતિ સાથે છેલ્લા થોડા સમયથી મહિલાને અણબનાવ ચાલી રહ્યા હતા. નાના નાના મુદ્દે ઝઘડા થઈ રહ્યા હતા. ત્યારે આ તમામ બાબતોથી કંટાળીને મહિલા આપઘાત કરવા માટે ઘરેથી નીકળી ગઈ હતી. ડભોલી બ્રિજ પર જઈને તાપીના ધસમસતા પાણીમાં જીવન ટૂંકાવે તે અગાઉ બ્રિજ પર જ કોઈનું ધ્યાન ગયું હતું. ડભોલી બ્રિજ પરથી તાપી નદીમાં કુદવા પ્રયાસ કરી રહી હતી. પોલીસને જાણ થતાં જ સીંગણપુર પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મહિલાનો હાથ પકડી રાખી તેને સમજાવી પરત બ્રિજ પર લાવવામાં આવી હતી અને જીવ બચાવી લેવાયો હતો. સિંગણપોર પોલીસની સમય સૂચકતાથી મહિલાનો જીવ બચી ગયો હતો.

મહિલાએપોતાની હૈયા વરાળ ઠાલવતા પોલીસને જણાવ્યું હતું કે, તેના પતિ સાથે અણબનાવ થયા કરે છે, જેથી આપઘાત કરવાનું વિચાર્યું હતું. હાલ તો મહિલાના પતિને બોલાવીને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

# બળાત્કારના આરોપી પિતા-પુત્રના કેશોદ કોર્ટે જામીન મંજૂર કર્યા

કેશોદ, તા.૨૭

કેશોદની એડિશનલ સેશન્સ કોર્ટે કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કારના ગુનાના કામેના બે આરોપી પિતા પુત્રના રેગ્યુલર જામીન મંજૂર કરી જમીન ઉપર છોડવા આદેશ કરેલ છે.

કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ અનુસાર આરોપી પિતા પુત્ર મનીષ કાળુભાઈ ચુડાસમા તથા કાળુ બાબુભાઈ ચુડાસમાની સામે બળાત્કાર જેવા ગંભીર ગુનાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાતા કેશોદ પોલીસે બન્ને આરોપી પિતા પુત્રને તા.૧૦-૭-૨૦૨૪ના રોજ ઝડપી લઇ અટક કરી કેશોદના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતાં તેઓને જયુડિશિયલ મેજિસ્ટ્રેટએ કસ્ટડીમાં મોકલી આપેલ હતા.

દરમિયાન આરોપીના સગાઓએ પોતાના વકીલ મારફત કેશોદની આરોપીઓની રેગ્યુલર જામીન અરજી એડિશનલ સેશન્સ કોર્ટમાં રજૂ રાખેલ. જેમાં આરોપી પક્ષે વકીલોની દિપ્તીબેન ગળચરની રજૂઆત તથા દલીલો ધ્યાને લઇને નામદાર કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા.

# જામનગરમાં ઉદ્યોગનું કેમિકલવાળું પાણી રંગમતી નદીમાં ઠલવાતાં રોષ



(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨૭

જામનગરમાં ભાગોળે આવેલા ઉદ્યોગનગરનું કેમિકલવાળું પાણી સીધું રંગમતી નદીમાં ઠલવાતું હોવાથી જમીનના તળના પાણી પણ પ્રદુષિત થઈ રહ્યા છે. આ અંગે વિરોધ કરવામાં આવ્યો છે. જામનગરના કોંગ્રેસ અગ્રણી પાર્થ પટેલના જણાવ્યા પ્રમાણે ઉદ્યોગ નગરના કારખાનામાંથી નીકળતા કેમિકલવાળા અને પ્રદૂષિત પાણીનો નિકાલ રંગમતી નદીના પાણીમાં કરવામાં આવે છે પરિણામે નદીનું પાણી પણ પ્રદૂષિત થાય છે. જેમાંથી ઢોર પાણી પીતાં હોય છે. આ ઉપરાંત જમીનના તળના પણ પાણી પ્રદૂષિત થતા અનેક લોકો ડંકી બોરમાંથી પાણી પીતા હોવાથી તેમના આરોગ્ય ઉપર પણ ખતરો ઝળૂંબી રહ્યો છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને જામનગર મહાનગરપાલિકાની કચેરી દ્વારા આ ગંભીર બાબતે કોઈ પગલાં પણ લેવામાં આવતા નહિ હોવાનો તેમણે આક્ષેપ પણ કર્યો છે. હકીકતે આવા પ્રદૂષિત પાણીને ટ્રીટમેન્ટ કર્યા બાદ જ નદીમાં છોડવું જોઈએ તેવી પણ તેમણે માંગણી કરી છે.

### અંકલેશ્વર ઓએનજીસી બ્રિજ

# નવ કરોડના ખર્ચે મરામત બાદ તિરાડો સાથે વોલ બેસી જવાનો લોકોને ભય

### લોકોએ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરી હોબાળો મચાવ્યો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર પંથકના ઓએનજીસી બ્રિજની મરામત માટે નવ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે બ્રિજને ખુલ્લો મૂકતાં જ ૯૦ દિવસમાં જ માર્ગો ઉપર ભુવા પડવા અને પ્રોટેક્શન દીવાલમાં મસ્ત મોટી તિરાડો પડવી સહિત વોલ ધસી પડે તો લોકોના જીવનું જોખમ ઊભું થાય તેવા આક્ષેપ સાથે લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. અંકલેશ્વર ઓએનજીસી બ્રિજની મરામત માટે અંકલેશ્વરવાસીઓએ એક વર્ષ સુધી હાલાકી ભોગવી હતી અને બ્રિજની કામગીરી પૂર્ણ થઈ હોવાનું કહી બ્રિજને વાહન વ્યવહાર માટે બ્રિજને ૯૦ દિવસ બાદ ખુલ્લી મૂકવામાં આવ્યો હતો અને પ્રથમ ચોમાસામાં જ નવ કરોડના ખર્ચે તૈયાર થયેલો બ્રિજના મુખ્ય માર્ગ ઉપર મસ્ત ભુવા સાથે પ્રોટેકશન દીવાલમાં તીરાડો સાથે પુરાણ કરેલ મેટલો બેસી જતાં મોટા ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે કૌભાંડ થયું હોવાની બૂમો ઉઠી છે. આખરે ઓએનજીસી બ્રિજ મજબૂત અને ફિટનેશનું સર્ટિફિકેટ કયા અધિકારીએ આપ્યું તેવા સવાલો ઊભા થયા છે. અધિકારીઓની લાપરવાહીના કારણે પણ કોન્ટ્રાકટરને છાવરવામાં આવતા હોય તેમ લોકોમાં ચર્ચા સાથે આખરે ઓએનજીસી બ્રિજમાં નવ કરોડનું આંધણ કર્યા બાદ પણ કેટલો ટકશે તેવા સવાલો સાથે હાલ તો તિરાડોમાંથી નીકળતું વરસાદી પાણી અને પિલરોના ધોવાણથી ધસી પડે તેવા આક્ષેપ સાથે કોઈનો જીવ જાય તો જવાબદાર કોણ ?

# જેતપુરના યુવાને ઈંગ્લેન્ડમાં સિવિલ એન્જિનિયરિંગની માસ્ટર ડિગ્રી મેળવી



જૂનાગઢ, તા.૨૭

પ્રિન્ટિંગ અને સાડી ઉદ્યોગનાં હબ ગણાતા જેતપુરનાં રહીશ અને નામાંકિત સિવિલ એન્જિનિયર તેમજ સ્ટ્રકચર પ્લાનર ફિરોજભાઈ ગફારભાઈ અગવાનનાં પુત્ર અમન અગવાને ઈંગ્લેન્ડની વેસ્ટ લંડન યુનિવર્સિટીમાંથી સિવિલ એન્જિનિયરની માસ્ટર્સ ડિગ્રી મેળવી અગવાન પરિવાર તેમજ ઝાલોરી મુસ્લિમ પીંજારા સમાજ તથા પોતાનું પ્રાથમિક શિક્ષણ જ્યાં મેળવ્યું છે તે સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ-જેતપુર તથા સિવિલ એન્જિનિયરિંગ ડિગ્રી અને ડિપ્લોમા ડોકટર સુભાષ કોલેજ એકેડમી-જૂનાગઢનું નામ રોશન કરી ગૌરવ વધારેલ છે.

### માત્ર પાંચ વર્ષની ઉંમરે જ વાઘનું મોત થતાં તર્ક-વિતર્ક

# ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં રહેલ એકમાત્ર સફેદ વાઘનું શંકાસ્પદ મોત

### પેનલ ડૉક્ટર્સ દ્વારા પીએમ કરાયું પરંતુ મૃત્યુનું સાચું કારણ જાણી શકાયું નથી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

ગીર ફાઉન્ડેશન સંચાલિત ગાંધીનગરના એકમાત્ર પ્રાણી સંગ્રહાલયમાં ગણ્યાગાંઠયા પ્રાણી-પક્ષીઓ છે. તેમ છતા તેની જાળવણીના અને સાર-સંભાળના અભાવે એક પછી એક મૃત્યુના આંક વધી રહ્યા છે. જેના પગલે પ્રાણી-પક્ષી પ્રેમીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ રહી છે. આવી સ્થિતિમાં સામાન્યરીતે ૧૫થી ૧૭ વર્ષ જીવતા વાઘનું ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં ફક્ત પાંચ વર્ષની ઉંમરે મૃત્યું થયું છે. જે જાણીને ઘણા પ્રાણી પ્રેમીઓને આઘાત લાગ્યો છે આવી સ્થિતિમાં ગીર ફાઉન્ડેશનના સંચાલકો દ્વારા કોઈ ખુલાસા કરવામાં આવ્યા નથી જે ચોંકાવનારી બાબત છે.



ગીર ફાઉન્ડેશન સંચાલિત ગાંધીનગરના એકમાત્ર પ્રાણી સંગ્રહાલય ઈન્દ્રોડા પાર્ક ખાતે ગત વર્ષે ઓગસ્ટ માસના પ્રારંભે જ 'સુત્રા' નામના ડાલામથા સિંહનું મોત થયું હતું. ત્યારબાદ નવેમ્બર, ૨૦૨૩માં વાઘનું પણ મોત આ પાર્કમાં થયું છે. આ બેંગોલ ટાઈગરની ઉંમર ૧૯ વર્ષ થઈ હતી અને વૃદ્ધાવસ્થાને કારણે આ 'સૃષ્ટિ' નામની વાઘણનું મોત નિપજ્યું હતું. ત્યારે આ વાઘણના મોત બાદ 'ગૌતમ' નામનો વ્હાઈટ ટાઈગર ઈન્દ્રોડા પાર્કમાં એકલો પડી ગયો હતો. જો કે, તેની ઉંમર પણ નાની હતી તેમ છતા ગઈકાલે રાત્રે એકાએક તે હાલતો ચાલતો બંધ થઈ ગયો હતો અને તેનું મોત નિપજ્યું હતું. આ દરમિયાન અધિકારીઓ અને ડૉક્ટરો દોડી ગયા હતા પરંતુ તે પહેલા તો આ વ્હાઈટ ટાઈગર ગૌતમે શ્વાસ છોડી દીધો હતો. ગૌતમના મોતને લઈને ઈન્દ્રોડા પાર્કના સ્થાનિક સ્ટાફ અને કેજ કિપર સહિત તમામ કર્મચારીઓમાં ગમગીની છવાઈ ગઈ છે. એકાએક કોઈ પણ બિમારી કે રોગ વગર યુવાનીમાં સફેદ વાઘના મોતને લઈને અનેક તર્ક વિતર્ક પણ થઈ રહ્યા છે. તેની સાર-સંભાળ તથા જાળવણી સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે પણ ગીર ફાઉન્ડેશનના અધિકારીઓ દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી કે વાઘનું મોત કઈ રીતે થયું છે. વાઘના મૃતદેહનું પેનલ ડૉક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરીને અગ્નિદાહ આપ્યો હોવાનું રટણ કરવામાં આવી રહ્યું છે. નિષ્ણાંતો દ્વારા મળતી માહિતી પ્રમાણે સામાન્યરીતે કેજમાં એટલે કે, જંગલમાં ન હોય અને પ્રાણી સંગ્રહાલય કે અન્ય રીતે પાંજરામાં હોય તેવા કિસ્સામાં વાઘનું આયુષ્ય ૧૫થી ૧૭ વર્ષ જેટલું હોય છે. તેમ છતાં 'સૃષ્ટિ' નામની વાઘણ ૧૯ વર્ષ સુધી જીવીત હતી તો આ જ ઈન્દ્રોડા પાર્કમાં વ્હાઈટ ટાઈગર આજે પાંચ વર્ષની નાની વયે મોતને ભેટ્યો છે. કેજમાં અન્ય પ્રાણીના શિકાર કે બીજી કોઈ રોગની શક્યતા રહેતી નથી તેમ છતા પાંચ વર્ષની ઉંમરે વાઘના મોતે સૌ કોઈને વિચારતા કરી દીધા છે. મોતનું સાચું કારણ જાણવા માટે પાર્કના જ પીએમ રૂમ ખાતે આ વાઘના મૃતદેહનું પેનલ ડોક્ટર્સ એટલે કે બે કે ત્રણ તબીબો દ્વારા પીએમ કરવામાં આવ્યું હતું અને જરૂરી વિશેરા પણ લેવામાં આવ્યા હતા. પીએમ બાદ અધિકારીઓ અને કર્મચારીઓએ આ વાઘને પુષ્પાંજલિ આપી હતી. એટલું જ નહીં, રાષ્ટ્રીય પ્રાણી હોવાને કારણે રાષ્ટ્રીય માન-સન્માન સાથે સફેદ વાઘના મૃતદેહની અંતિમવિધિ કરવામાં આવી હતી.

### ડીસીપીએ ભાજપના આગેવાનોને શીખવાડ્યા ટ્રાફિક નિયમના પાઠ

# રાજકોટમાં કાળા કાચ અને નંબર પ્લેટ વગરની કાર લઈને ફરતા ભાજપના કાર્યકર્તાઓને દંડ

### કાર્યકરોએ બોલાચાલી કરી પણ ટ્રાફિક ડીસીપી ટસના મસ ના થયા : ત્રણ કાર ડિટેઈન કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજકોટના કિશાનપરા ચોક ખાતે ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓ કાળા કાચ અને નંબરપ્લેટ વગરની ત્રણ કાર લઈને નીકળ્યા હતા. આ કારને અટકાવી ડિટેઈન કરતાં ભાજપ કાર્યકરોએ ખેસ પહેરી ટ્રાફિક ડીસીપી સાથે રસ્તા વચ્ચે બોલાચાલી કરી હતી. જો કે, ટ્રાફિક ડીસીપી ટસના મસ ન થયાં અને ત્રણેય કાર ડિટેઈન કરી હતી.ત્રણેય કાર રાજકોટનાં મહિલા ધારાસભ્ય ડૉ.દર્શિતાની ભલામણથી જવા દીધીની વાત પણ સામે આવી હતી.

જો કે, આ અંગે ડૉ. દર્શિતાએ જણાવ્યું હતું કે, અમારા કાર્યકર્તાઓની કાર ગઈકાલે ડિટેઈન કરાઈ હતી. મેં પોલીસ વિભાગનું માર્ગદર્શન માગવા માટે ડીસીપીને ફોન કર્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે જ અમે આરસી બુક જમા કરાવીને કારને છોડાવી છે. નિયમો બધા માટે સરખા છે. ભાજપના કાર્યકર્તાઓ દંડ ભરવા માટે બંધાયેલા છે. ભવિષ્યમાં આવું ન બને એ માટે કાર્યકર્તાઓને સૂચના આપી છે. મારા સહિત દરેક કાર્યકર્તા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે બંધાયેલા છે. રાજકોટ શહેર ટ્રાફિક-પોલીસ દ્વારા ગઈકાલે સમગ્ર શહેરમાં ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ અને એસીપી જયવીર ગઢવી સહિત પોલીસ સ્ટાફ કિશાનપરા ચોક ખાતે વાહન ચેકિંગ કરી રહ્યો હતો. દરમિયાન કાળા કાચવાળી અલગ-અલગ ત્રણ ગાડીઓ નંબરપ્લેટ વગર પસાર થતાં તેમને અટકાવી ડિટેઈન કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે આ ત્રણેય ગાડીઓમાં શહેર ભાજપના યુવા મોરચાના હોદ્દેદારોની પ્લેટ લગાવવામાં આવી હતી. કાર ડિટેઈન કરવાનું કહેતાં ભાજપનો ખેસ પહેરી ૧૦ જેટલા લોકો આવી રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ અને ટ્રાફિક એસીપી જયવીર ગઢવી સાથે બોલાચાલી કરી ડિટેઈન ન કરવા અને હાજર દંડ મેળવી લેવા ભલામણ કરતા હતા. તે દરમિયાન અધિકારીઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરંતુ ડીસીપીએ સ્ટાફને તમામ ત્રણેય કાર ડિટેઈન કરવા સૂચના આપી હતી. ડીસીપી યાદવનું આકરૂં વલણ જોઈ ભાજપના બે આગેવાન કાર છોડીને કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા અને ત્યાંથી ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલિત વાડોલિયા, મહામંત્રી બાબુ માટિયા સહિતના આગેવાનોને લઈને આવ્યા હતા. ભાજપના આગેવાનોએ સ્થળ પર દંડ વસૂલી કાર છોડી દેવા કહ્યું હતું, પરંતુ ડીસીપી યાદવે કાયદો તમામ માટે એકસમાન છે એમ કહી બંનેની કાર ડિટેઈન થશે તેવું કહી દેતાં આગેવાનો વિલા મોઢે ત્યાંથી રવાના થઈ ગયા હતા. ત્રણેય કાર ત્યાંથી શિતલપાર્ક ડેપો ખાતે મોકલવાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી, અહીં RTOનો મેમો આપવામાં આવ્યો હતો અને આરસી બુક કબજે કરી કારો આપી દેવાઈ હતી. આરટીઓનો મેમો ભરેલી પહોંચ રજૂ કર્યા બાદ ત્રણેય કારની આરસી બુક પરત કરવામાં આવશે. એક કાર વોર્ડ નં. ૨ના યુવા ભાજપના ઉપપ્રમુખ હર્ષવર્ધનસિંહ મનુ કિહોર અને બીજી કાર વોર્ડ નં.૧૨ના બક્ષીપંચ મોરચાનો પ્રમુખ મહેશ દેવદાન અવાડિયા ચલાવતો હતો. હર્ષવર્ધનસિંહ મનુ કિહોરે પોલીસે આપેલા મેમોમાં સહી પણ કરી નહોતી. ડીસીપી પૂજા યાદવે પ્રશંસનીય કામગીરી કરી પ્રજા અને નેતા માટે કાયદો એક સરખો હોવાનું સાબિત કર્યું હતું. કાયદા દરેક વ્યક્તિ માટે સમાન છે તે વાક્યને રાજકોટ પોલીસે સાચા અર્થમાં સાર્થક કર્યું છે.



### સુપ્રીમના આદેશ પછી ૪.૯૦ કરોડનો NSFAમાં સમાવેશ કરી અનાજ અપાશે

# શ્રમિકોને રેશનિંગના અનાજનો આદેશ ત્યારે ગુજરાતમાં પાંચ લાખ કાર્ડ સાયલન્ટ

### રાજ્યમાં ૧.૧૬ કરોડ ઈ-શ્રમ કાર્ડ રજિસ્ટર હોવાનું સરકારે અગાઉ જાહેર કરેલું છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

સુપ્રીમ કોર્ટે એકતરફ ઈ-શ્રમ પોર્ટલ ઉપર રજિસ્ટર થયેલા દરેક શ્રમિકનો એનએફએસએમાં સમાવેશ કરીને તેમને ૪ સપ્તાહમાં રેશનિંગનું અનાજ મળવું જોઈએ તેવો ચૂકાદો આપેલો છે, બીજી તરફ ગુજરાત સરકાર રેશન કાર્ડની સંખ્યા ઓછી કરતી જાય છે. છેલ્લા ત્રણ મહિનામાં અનાજ લીધું નહીં હોવાના નામે પુરવઠા વિભાગ અત્યાર સુધીમાં ૫ લાખ રેશનિંગ અનાજ મેળવતા નાગરિકોના કાર્ડ સાયલન્ટ કરી ચૂકી છે. જેમાં સ્થળાંતરિત સહિતના શ્રમિકોનો મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. ગુજરાતમાં ૧.૧૬ કરોડ જેટલા ઈ-શ્રમ કાર્ડ રજિસ્ટર થયા હોવાનું સરકારે અગાઉ જાહેર કરેલું છે. આ મુદ્દે માહિતી અધિકાર ગુજરાત પહેલના દ્વારા જણાવાયા અનુસાર સુપ્રીમના આ ચૂકાદાથી આ તમામ શ્રમિકોને અનાજ મેળવી શકે તે પ્રમાણે માપદંડ મુજબ ચકાસણી કરી તેમને એનએફએસએમાં સામેલ કરવાની પ્રક્રિયા રાજ્ય સરકારે કરવી પડશે. સુપ્રીમ કોર્ટે તે બાબતની પણ સ્પષ્ટતા કરેલી છે કે કાર્ડ માટે એનએફએસએનો ક્વોટા કે ૨૦૧૧ની વસતી ગણતરીના મુદ્દાઓ અવરોધરૂપ બનશે નહીં. ગુજરાતમાં હાલ ૭૪,૧૮,૭૧૦ કુટુંબના ૩,૬૦,૨૨,૭૩૧ લોકોને એનએફએસએમાં સામેલ કરવામાં આવ્યા છે. જે ૨૦૧૧ની વસતી ગણતરીના ડેટા મુજબ ૫૯.૫૫ ટકા થાય છે. કાયદાની જોગવાઈ મુજબ રાજ્યની ૬૭.૫ ટકા વસતીને એનએફએસએમાં સામેલ કરી શકાય છે. તે પ્રમાણે હાલની વસતીની સંખ્યા મુજબ કુલ ૪.૯૦ કરોડ લોકોનો એનએફએસએમાં સમાવેશ કરી તેમને સસ્તુ અનાજ મળે તેવી વ્યવસ્થા કરી શકાય છે. હાલ જેટલા લોકોનો સમાવેશ કરાયો છે તે જોતા સરકારે વધુ ૧.૨૯ કરોડ લોકોનો સમાવેશ રેશનિંગની અનાજ વિતરણ વ્યવસ્થામાં કરવો પડશે. સૌથી વધુ સ્થળાંતરિત શ્રમિકો છે તેવા પંચમહાલ જિલ્લામાં ૨૪,૨૦૦, દાહોદમાં ૬૬૫૬, વલસાડમાં ૧૪,૪૩૬, સુરતમાં ૩૧,૦૯૭, બનાસકાંઠામાં ૧૭,૧૮૭ સહિત અનેક જિલ્લામાં હજારો લોકો રેશનિંગનું અનાજ લેવાથી વંચિત રહે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ગંભીર બાબત એ છે કે સુપ્રીમ કોર્ટ વધુ લોકોને અન્ન સુરક્ષા મળે તે માટે ચૂકાદો આપી રહી છે તેનાથી વિપરીત પુરવઠા વિભાગ કેટલાક મહિના સુધી અનાજ લેવા ના આવે તો રેશનકાર્ડ સાયલન્ટ કરી રહી છે. અત્યાર સુધી સૌથી ગરીબ કહેવાય તેવા ૪૪,૨૭૭ અંત્યોદય અને અગ્રતા ક્રમના ૪.૫૯ લાખ મળીને કુલ ૫.૦૩ લાખ કાર્ડ સાયલન્ટ કરી દેવાયા છે.

# રજિસ્ટર્ડ ભાડા કરાર મુદ્દે સરકાર અડગ : પ્રિ-સ્કૂલોને ફટકો પડશે

### રજિસ્ટર્ડ ભાડા કરારના નિયમોમાં ફેરફાર કરવા માટે સંચાલકોની રજૂઆત હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં આવેલી પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનને લઈને સંચાલકોને ફટકો પડી શકે છે. સરકાર દ્વારા પ્રિ-સ્કૂલોની નોંધણી માટે રજિસ્ટર્ડ ભાડા કરારના નિયમમાં બાંધછોડ કરવાના મુડમાં જણાતી નથી. સંચાલક મંડળ દ્વારા આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ વિભાગ દ્વારા સરકારના નિયમોને આધીન જ રજિસ્ટ્રેશન થશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. જેથી અનેક પ્રિ-સ્કૂલો રજિસ્ટર્ડ ભાડા કરાર ન હોવાના લીધે રજિસ્ટ્રેશનથી વંચિત રહી શકે છે.

### સરકારના નિયમોને આધીન જ રજિસ્ટ્રેશન થશે તેવી વિભાગ દ્વારા કરાઈ સ્પષ્ટતા

શિક્ષણ વિભાગ દ્વારા પ્રિ-સ્કૂલો પર પણ નિયંત્રણ લાવવા માટે ૧૫ મે, ૨૦૨૩ના રોજ ૧૬ પાનાનો ઠરાવ બહાર પાડી પ્રિ-સ્કૂલોના રેગ્યુલેશન જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશન અને મંજુરી અને માર્ગદર્શિકા જાહેર કરી હતી. રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં મંડળ નોંધણીનો દાખલો, સંસ્થાનું મકાન ૧૫ વર્ષના રજિસ્ટર્ડ લીઝ પર હોવાના કિસ્સામાં સબ રજિસ્ટાર કચેરીમાં કરાવેલા રજિસ્ટર્ડ લીઝ, સંસ્થાનું મકાન વપરાશ યોગ્ય છે તે મતબલનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલી બિલ્ડીંગ યુઝ પરમિશન અને સક્ષમ અધિકારી દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલું ફાયર એનઓસીની ચકાસણી કરવાનું નક્કી કરાયું હતું. જો બાંધકામ ૯ મીટર કે તેથી ઓછી ઊંચાઈ ધરાવતું હોય તેવા કિસ્સામાં ફાયર સેફટી સેલ્ફ ડેક્લેરેશન આપવાનું હતુ. આમ, આ તમામ શરતોમાં સંચાલકોને ૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડા કરાર સામે વાંધો હતો. પ્રિ-સ્કૂલો પાસેથી ૧૫ વર્ષનો ભાડા કરાર માંગવામાં આવ્યો હતો, જેને લઈને સંચાલકોને ભારે મુશ્કેલી થઈ રહી હોવાથી સામે આવ્યું છે. કોઈ પણ મકાન માલિક પોતાનું મકાન અન્યને ૧૫ વર્ષના લીઝ પર આપ્યું છે તેવું રજિસ્ટર્ડ કરાર કરીને આપે તે શક્ય ન હોવાથી સંચાલકોને આવા ભાડા કરાર ન મળવાના કારણે તેઓ રજિસ્ટ્રેશન કરાવી શકતા નથી. સરકાર દ્વારા પ્રિ-સ્કૂલોને રજિસ્ટ્રેશન માટે એક વર્ષનો સમય આપ્યો છે અને તે મુદ્દત ફેબ્રુઆરી-૨૦૨૫માં પુર્ણ થઈ રહી છે. જોકે, હાલમાં મુદ્દતને પાંચેક માસ જેટલો સમય થયો છતાં માંડ ૧૦ ટકા જેટલી જ પ્રિ-સ્કૂલોનું રજિસ્ટ્રેશન થયું છે.

### અનામત, મોંઘવારી, સામાજિક ન્યાય અને સુરક્ષા મુદ્દે લડત

# દિલ્હીના જંતરમંતરથી દેશવ્યાપી આંદોલન કરાશે : ગુજરાત કોંગ્રેસના પ્રમુખ પણ જોડાશે

### ભાજપ સરકારમાં મહિલાઓ પર અત્યાચાર વધી રહ્યા છે સામાજિક ન્યાય અને સુરક્ષાનો અધિકાર આપો : જેનીબેન ઠુમ્મર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ દ્વારા તા.૨૯ જુલાઈ સોમવારના રોજ ભારતની રાજધાની દિલ્હીના જંતરમંતરથી દેશવ્યાપી આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે. આ આંદોલનમાં ગુજરાતમાંથી ૧૫૦થી વધુ મહિલાઓ દિલ્હી ખાતે આંદોલનનો ભાગ બનવા જઈ રહી છે. આંદોલનની મુખ્ય ત્રણ માગણીઓ છે. તે અંગે પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, પ્રથમ માગણી રાજકીય ન્યાય અને રાજકીય ભાગીદારી હેઠળ છે. માગણી એ છે કે, ૩૩ ટકા મહિલા અનામતનો કાયદો લાગુ કરો, આજે જ કરો, હમણાં કરો તથા અત્યંત પછાત વર્ગની એસસી, એસટી અને ઓબીસી બહેનોની સાથે તેમનું સ્થાન અને ભાગીદારી સુનિશ્ચિત કરીને મહિલા અનામત કાયદાનો અમલ કરવામાં આવે. હવે જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. સત્ર ચાલી રહ્યું છે, આ અંગે ચર્ચા કરીને અમલ કરો. હરિયાણા, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર, આ રાજ્યોમાં ૨૦૨૪ના અંત સુધીમાં ચૂંટણી યોજાવાની છે, જેથી આ રાજ્યની મહિલાઓને અનામતનો લાભ મળી શકે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, બીજી માગણી આર્થિક ન્યાય છે. વધતી જતી મોંઘવારી અને વધતી બેરોજગારીને કારણે ઘણી બહેનો ઘરેલુ હિંસાનો શિકાર બની રહી છે. અમારી માંગ છે કે દેશની અડધી વસતીને મોંઘવારીમાંથી રાહત આપવી જોઈએ. આ બજેટમાં મહિલાઓને મોંઘવારીમાંથી રાહત મળશે તેવી અપેક્ષા હતી, પરંતુ આ બજેટ નિરાશાથી ભરેલું હતું. મહિલાઓ માટે નોકરી કે મોંઘવારીમાંથી રાહતની કોઈ ચર્ચા થઈ નથી. અમારી માંગ છે કે મહિલાઓ માટે મહાલક્ષ્મી યોજના લાગુ કરવામાં આવે.

ત્રીજી માગણી સામાજિક ન્યાય અને સુરક્ષાનો અધિકાર ભાજપ સરકારમાં મહિલાઓ પર અત્યાચાર, મહિલાઓ સામેના ગુનાઓ સતત વધી રહ્યા છે અને ગુનેગારોમાં કાયદાનો ડર ઓછો થઈ રહ્યો છે. તાજેતરની ઘટના ગુજરાતના રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે ડી.બી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના બે આરોપીઓ પરેશ રાદડિયા અને મધુ ટાઢાણી દ્વારા યુવતી ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું જે ઘટનામાં પીડિતા યુવતીએ પોતે મીડિયા સમક્ષ આવીને પોતાને ન્યાય મળે તે માટે માગણી કરી રહી છે કે મારી સાથે અવારનવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે ત્યારે સરકાર ફક્ત પોકળ દાવા અને ખોટા આશ્વાસન આપે છે. આરોપીની ધરપકડ થવી જોઈએ અને ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે એવી અમારી સરકાર સમક્ષ માગણી છે. છેલ્લા એક મહિનામાં ટેટ-ટાટ-એલ.આર.ડી.ની બહેનો જ્યારે પોતાના હક, અધિકાર અને ન્યાય માટે ગાંધીનગર આવી શાંતિપૂર્ણ ધરણા કરી રહી હતી ત્યારે પોલીસ તેમજ સરકાર દ્વારા જે તેમની સાથે ગેરવર્તન કરવામાં આવ્યું તેમજ તેમને ઘસડી-ઘસડીને અટકાયત કરવામાં આવી તે નિંદનીય તેમજ અમાનવીય છે.

મુખ્ય ત્રણ માગણીઓને લઈને દિલ્હી ખાતે શરૂઆત કરી આ આંદોલન ગુજરાતમાં પણ મહિલા કોંગ્રેસ સંગઠનના માધ્યમથી જિલ્લા સ્તર પર કરવામાં આવશે અને જ્યાં સુધી સરકાર દ્વારા આ માગણીઓ પરીપૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં સુધી મહિલા કોંગ્રેસ ગુજરાતની મહિલાઓ માટે અને સાથે રહી લડત ચલાવશે એમ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું.

# નડિયાદના જાણીતા ધારાશાસ્ત્રી અને ખંભાતના નવાબના દીવાનના પુત્ર ચીનુભાઈ દેસાઈનું અવસાન

### વર્ષ ૨૦૦૨ના તોફાન વખતે ઓડ હત્યાકાંડમાં સરકારે સ્પે. પબ્લિક પ્રોસિક્યુટર તરીકે તેમની નિમણૂક કરી હતી અને તેમણે આરોપીઓને સજા અપાવી હતી : અંતિમયાત્રામાં વકીલો, ડોક્ટરો તેમજ તમામ જ્ઞાતિના લોકો જોડાયા

નડિયાદ, તા.૨૭

ખંભાતમાં નવાબ ખાનદાનમાં દિવાન તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનાર સગુનભાઈ દેસાઈના પુત્ર ચીનુંભાઈ સગુનભાઈ દેસાઈનું ૮૮ વર્ષે નડિયાદમાં અવસાન થયું છે વકીલાત વ્યવસાયે ખેડા જિલ્લા નહીં પરંતુ ગુજરાત ભરમાં સારી નામના મેળવનાર અને સન ૨૦૦૨ના તોફાનમાં ઓડમાં થયેલા હત્યાકાંડના સરકાર તરફથી સ્પેશિયલ પબ્લિક પોશિક્યુટર તરીકે નિમણૂક પામનાર ચીનુભાઈ દેસાઈના અવસાનને લઈ તમામ જ્ઞાતિના લોકોમાં દુ:ખની લકીર ખેંચાઈ ગઈ છે તેમની આજે નીકળેલી સ્મશાન યાત્રામાં તમામ જ્ઞાતિના લોકો હાજર રહ્યા હતા.



નડિયાદ વાણીયાવડ નજીક આવેલી નૈરોબી કોલોનીમાં રહેતા ચીનુભાઈ સગુનભાઈ દેસાઈ મૂળ ખંભાતના વતની છે તેમના પિતા સગુનભાઈ દેસાઈ ખંભાત નવાબના ખાસ દીવાન તરીકે હોદ્દો સંભાળતા હતા સગુનભાઈ દેસાઈ પર નવાબ ખાનદાનનો ખૂબ જ વિશ્વાસ હતો ચિનુભાઈના જુનિયર અને હાલમાં બોરસદમાં રહેતા મહમદઈસુબખાન પઠાણે જણાવ્યું હતું કે, સગુનભાઈ દેસાઈને નવાબે કેટલાક ગામો આપ્યા હતા અને તેમનો વહીવટ સોંપ્યો હતો એટલું જ નહીં મહિલા ગૃહ હોય તેમાં કોઈને જવાની પરમિશનના હોય તેવી જગ્યાએ સગુનભાઈ દેસાઈને પરમિશન હતી એટલે સગુનભાઈ દેસાઈ પર નવાબ ખાનદાનને કેટલો વિશ્વાસ હતો. તેનો અંદાજો લગાવી શકાય તેમ છે સગુનભાઈ દેસાઈનું ખાનદાન પણ ઊંચું ખાનદાન છે તેમના પુત્ર ચીનુભાઈએ નડિયાદમાં આવ્યા બાદ વકીલાતનો અભ્યાસ કર્યો અને બાદમાં વકીલાત ચાલુ કરી હતી નડિયાદ કોર્ટમાં સૌ જુનિયર સિનિયર વકીલો તેમને ચિનુકાકાના નામથી ઓળખતા હતા જુનિયર હોય તેની સાથે પણ તેમનો વ્યવહાર માયાળુ હતો દરેકને માર્ગદર્શન આપવામાં તેઓ અગ્રેસર રહેતા હતા. કોર્ટમાં તેમની ઉલટ તપાસ હોય કે દલીલો તે સાંભળવા માટે જુનિયર વકીલો હંમેશા હાજર રહેતા હતા ન્યાયાધીશો પણ તેમના કામથી પ્રભાવિત હતા. તેમના ત્રણ સંતાન છે એમાંથી ચિંતનભાઈ દેસાઈ અને મનનભાઈ દેસાઈ વકીલાતનો વ્યવસાય કરે છે જ્યારે વિશાલભાઈ દેસાઈ બિઝનેસમાં છે. તેમની અંતિમયાત્રામાં વકીલો, ડોક્ટરો તેમના અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં સેવા બજાવી સારી કામગીરી કરી હતી

# રાજ્યના નિવૃત્ત સનદી અધિકારી એસ.કે. નંદાનું અમેરિકામાં નિધન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત રાજ્યના પૂર્વ સનદી અધિકારી ડૉ. સુદીપકુમાર નંદાનું ગઈકાલે અમેરિકામાં હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું છે. તેઓ અત્યંત સરળ અને સંવેદનશીલ અધિકારી તરીકે જાણીતા હતા. તેમના સર્જનાત્મક અને તત્વચિંતન કાર્યના કારણે તેમનું રાજ્યમાં અલગ સ્થાન હતું. ડો. એસ.કે. નંદા, જેમણે તેમના વ્યાવસાયિક જીવન દરમ્યાન અનેક મહત્વના સરકારી હોદ્દા પર કામ કર્યું. તેઓ ગુજરાતી પ્રજા માટે એક સારા સંચાલક હતા. તેમણે આરોગ્ય, પ્રવાસન, માહિતી અને પ્રસારણ, નાણાં, અન્ન અને નાગરિક પુરવઠા અને વન અને પર્યાવરણ જેવા વિભાગોનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.



આ ઉપરાંત તેઓ એક પ્રતિભાશાળી લેખક અને વૈશ્વિક વિદ્વાન હતા. ડો. નંદાએ અનેક વ્યાવસાયિક વિષયો પર લેખો અને પુસ્તકો લખ્યા હતા. ૨૦૦૨ના રમખાણોમાં તેમની આરોગ્ય સેવા માટે પીએમઓ તરફથી પ્રશંસા અને પુરસ્કારો પ્રાપ્ત થયા હતા. નિવૃત્તિ બાદ, ડો. નંદા આદિવાસી વિકાસ, ગર્લ ચાઈલ્ડ, પર્યાવરણ, સ્કાઉટ ઓર્ગેનાઈઝેશન, હેમ રેડિયો અને કલા અને સંસ્કૃતિના પ્રચાર જેવા ક્ષેત્રોમાં સેવા આપી રહ્યા હતા.

# રાજ્યના પૂર્વ મંત્રીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા કાર્યક્રમ યોજાયો




અમદાવાદ, તા.૨૭

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી અને દરિયાપુર કાજીપુર વિધાનસભાના પાંચ ટર્મ સુધી ધારાસભ્ય તરીકે સેવા આપી તેમજ ગુજરાત સરકારમાં વિવિધ વિભાગોમાં મંત્રી તરીકે સેવા કરનાર ભરતભાઈ બારોટના ૭૫માં જન્મદિવસ નિમિત્તે ધારાસભ્ય અસારવા વિધાનસભા દર્શનાબેન વાઘેલા, દરિયાપુર વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ જૈન, વર્તમાન કાઉન્સિલર, પૂર્વ કાઉન્સિલર લઘુમતી મોરચાના આગેવાન ઈનામૂલ ઈરાકી તથા સિનિયર કાર્યકર્તાઓ દ્વારા શુભેચ્છા પાઠવતો કાર્યક્રમ શાહીબાગ અંડર બ્રિજ પાસે આવેલ રાણી સતી મંદિર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે છેલ્લા ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા ઈનામૂલભાઈ ઈરાકી એ જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ભરતભાઈ બારોટે અમને રાષ્ટ્રભાવના સાથે જોડવા સમજણ આપી એમની રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાને અમોએ અમારા જીવનમાં ઉતારીને અમે હાલમાં ભારતીય જનતા પાર્ટીની સાથે સતત જોડાયેલા છીએ જન્મદિવસના આ પ્રસંગે સિનિયર કાર્યકર્તાઓએ પણ પ્રસંગોપાત ઉદબોદન કરીને જુના અનુભવોની વાતો કરી ને ભારતીય જનતા પાર્ટીના કપરા સમયમાં પક્ષને મજબૂત કરવામાં અથાગ મહેનત કરી જેના પરિણામ સ્વરૂપ આજે ભારતીય જનતા પાર્ટીની પંચાયતથી પાર્લામેન્ટ સુધી સત્તા છે જેના નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ ટર્મથી સત્તા સ્થાને છે.

આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરૂષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો.BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

ALVI
ALVI HAJJ - UMRAH SERVICE
(M) 75740 94933, 88490 94933
ઓગષ્ટ ઉમરાહ સફર 2024 ₹ 85,786/- (દિન - 20) મક્કા - 10 મદીના - 9
ગ્યારવી સાથે ઉમરાહ સફર ₹1,75,786/-(દિન-27) બગદાદ-5, કરબલા-3, નજફ-2, મક્કા-8, મદીના-8
₹ 95,000 ગ્યારવી શરીફ બગદાદ (દિન - 11)
₹ 1,35,000 ઈરાક - ઈરાન (દિન - 18)
₹ 2,70,000 ઈરાક-ઈરાન-બૈતુલ મુકદ્દસ-કેરો (ઈજીપ્ત) (દિન - 30)
શોપ નં. ૪૧૫, શીતલવર્ષા, જમાલપુર ચાર રસ્તા પાસે, અમદાવાદ.

અલ સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
અમદાવાદથી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
દિવાળી વેકેશન ઉમરાહ
દિવસ : 19 રવા. 02-11-2024 રિટર્ન તા.20-11-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 1,02,000
દિવસ 15 રવા.14-08-2024 રિટર્ન તા. 28-8-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 87,000
ઈદે મિલાદ ઉમરાહ ૨૦૨૪ મદીના શરીફમાં
દિવસ : 27 રવા. 02-11-2024 રિટર્ન તા.27-11-2024 ફક્ત રૂપિયા 1,05,000
દિવસ :17 રવા.11-09-2024 રિટર્ન : તા.27-9-2024 ડિલક્ષ પેકેજ ફક્ત રૂપિયા 98,000
હેડ ઓફિસ : લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અમદાવાદ - 380 001
હાજી કાસમભાઈ (ચા વાળા) 8401226544, 9725058828
મો.સહદ 8347063437 મો.બિલાલ 8454041646 મો.અતા 9978659664

# ગાઝા પટ્ટીના શહેરોમાં ફક્ત આ અઠવાડિયે ૧,૯૦,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ વિસ્થાપિત થયા : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૨૭

સંયુક્ત રાષ્ટ્રના એક અધિકારીએ જણાવ્યું કે, ઈઝરાયેલના સ્થળાંતરના આદેશોને કારણે આ અઠવાડિયે ગાઝા પટ્ટીના શહેરોમાંથી ઓછામાં ઓછા ૧,૯૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે.

યુએનના નાયબ પ્રવક્તા ફરહાન હકે પત્રકારોને જણાવ્યું કે, "અમારા માનવતાવાદી ભાગીદારોનો અંદાજ છે કે સોમવારના ખાલી કરાવવાના આદેશથી આ અઠવાડિયે ખાન યુનુસ અને દેર અલ-બલાહમાં ૧,૯૦,૦૦૦થી વધુ પેલેસ્ટીની વિસ્થાપિત થયા છે."

હકે જણાવ્યું કે, લડાઈ ચાલુ હોવાથી સેંકડો લોકો પૂર્વ ખાન યુનુસમાં ફસાયેલા છે. યુનાઈટેડ નેશન્સ ઑફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઑફ હ્યુમેનિટેરિયન અફેર્સ (OCHA) કહે છે કે તાજેતરના સ્થળાંતર નિર્દેશો અને તીવ્ર દુશ્મનાવટએ સહાય કામગીરીને અસ્થિર બનાવી છે અને ખાન યુનિસમાં નાગરિકોને મહત્ત્વપૂર્ણ રાહત પૂરી પાડવાના પ્રયત્નોમાં અવરોધ ઊભો કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ અઠવાડિયે એક ડઝન ખોરાક વિતરણ કેન્દ્રો અને આઠ રાંધેલા ખોરાક વિતરણ કેન્દ્રોને તેમની કામગીરી બંધ કરવાની ફરજ પડી હતી અને ૨,૮૦૦થી વધુ બાળકો અને સગર્ભા સ્ત્રીઓને સહાય પૂરી પાડતા બે આશ્રયસ્થાનો પરના પોષણ કાર્યક્રમો પણ ખોરવાઈ ગયા છે.

હકે જણાવ્યું કે, ગાઝામાં માનવતાવાદી કામદારોના પ્રવેશ અને બહાર નીકળવા માટે ચાલુ અસુરક્ષા અને માત્ર એક પ્રવેશ બિંદુ, કેરેમ શાલોમ ક્રોસિંગ, ગાઝામાં વધારાની કટોકટીની તબીબી ટીમો તૈનાત કરવાના પ્રયત્નોને અવરોધે છે.

તેમણે જણાવ્યું કે, "આ કર્મચારીઓને થાકેલા સ્થાનિક આરોગ્ય દળને મદદ કરવા માટે સખત જરૂર છે. ગાઝાની ૩૬ હોસ્પિટલોમાંથી કોઈ પણ સંપૂર્ણ રીતે કાર્યરત નથી.

# 'UNRWA ત્રાસવાદી સંસ્થાન નથી', ઈઝરાયેલે તેને 'આતંકવાદી સંગઠન જાહેર કરવું જોઈએ નહીં : અમેરિકા



(એજન્સી) તા.૨૭

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે ગઈકાલે જણાવ્યું કે, UNRWA "એક આતંકવાદી સંગઠન નથી," ઈઝરાયેલી સરકારને તે કાયદાને અવરોધિત કરવા વિનંતી કરી જે તેને આતંકવાદી જાહેર કરી શકે.

તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, "અમે સ્પષ્ટ છીએ કે UNRWA ગાઝામાં પેલેસ્ટીનીને માનવતાવાદી સહાય અને અન્ય મહત્ત્વપૂર્ણ સહાય પૂરી પાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે - અને માત્ર ગાઝામાં જ નહીં, પરંતુ સમગ્ર પ્રદેશમાં.

તેમણે જણાવ્યું કે, "જેમ તમે જાણો છો, અમે હાલમાં કાયદા દ્વારા UNRWA દ્વારા સહાય પૂરી પાડવા માટે પ્રતિબંધિત છીએ પરંતુ તેનો અર્થ એ નથી કે અમે તેઓ જે કામ કરે છે તેને સમર્થન આપતા નથી અને અમે માનવતાવાદી સહાયને સમર્થન આપતા નથી. મેળવવાની અન્ય પદ્ધતિઓને સમર્થન આપતા નથી." જાન્યુઆરીથી અમલમાં આવેલા કાયદાને ટાંકીને તેમણે જણાવ્યું કે, જ્યારે ઈઝરાયેલે દાવો કર્યો હતો કે UNRWA સ્ટાફે ઑક્ટોબર ૭ના રોજ ઈઝરાયેલી શહેરોમાં ઘૂસણખોરીમાં ભાગ લીધો હતો ત્યારે તેણે દાવા માટે કોઈ પુરાવા આપ્યા નથી.

"ઈઝરાયેલી સરકારે UNRWA પર કરેલા હુમલાઓ ખુબ જ નકામા છે. ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પહોંચાડવાના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે તેઓ કશું કરતા નથી." સોમવારે ઈઝરાયેલની સંસદ, નેસેટે, UNRWAને આતંકવાદી સંગઠન જાહેર કરતા અને માનવતાવાદી એજન્સી સાથેના તમામ સંબંધો તોડવાની દરખાસ્ત કરતા બિલને પ્રાથમિક મંજૂરી આપી હતી.પ્રથમ વાંચન પસાર કર્યા પછી આ બિલને વધુ ચર્ચા માટે સંસદીય સમિતિને મોકલવામાં આવશે.

UNRWA જે ૩૦,૦૦૦થી વધુ સ્ટાફ ધરાવે છે અને આ પ્રદેશમાં લગભગ ૫૦.૯ લાખ પેલેસ્ટીની શરણાર્થીઓને સેવા આપે છે ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટીમાં "૪૦૦થી વધુ આતંકવાદીઓ" ને રોજગારી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સે ઈઝરાયલના "પાયાવિહોણા" આરોપોને પગલે યુએન એજન્સીને ભંડોળ સ્થગિત કર્યું.

બ્રિટન, ફ્રાન્સ અને યુરોપિયન યુનિયન સહિતના કેટલાક અન્ય દેશોએ પણ UNRWA માટેનું ભંડોળ પાછું ખેંચ્યું હતું પરંતુ તેમનું યોગદાન પુનઃ સ્થાપિત કર્યું છે.

ઈઝરાયેલે હમાસના સભ્યોને બદનામ કરવા માટે UNRWA સ્ટાફની વારંવાર સરખામણી કરી છે અને આ દાવાઓ માટે કોઈ પુરાવા આપ્યા નથી જ્યારે UNRWA બંધ કરવા માટે ભારપૂર્વક લોબિંગ કર્યું છે કારણ કે, તે એકમાત્ર સંયુક્ત રાષ્ટ્રની એજન્સી છે જે મૂળભૂત બાબતોની સંભાળ રાખવા માટે ચોક્કસ આદેશ ધરાવે છે. જો એજન્સી હવે અસ્તિત્વમાં નથી તો ઈઝરાયેલ દલીલ કરે છે કે શરણાર્થી મુદ્દો હવે અસ્તિત્વમાં ન હોવો જોઈએ અને પેલેસ્ટીની શરણાર્થીઓ માટે તેમની જમીન પર પાછા ફરવાનો કાયદેસરનો અધિકાર બિનજરૂરી બની જશે. ઈઝરાયેલે ૧૯૪૦ના દાયકાના અંતથી પાછા ફરવાના તે અધિકારને નકારી કાઢ્યો છે તેમ છતાં તેનું યુએન સભ્યપદ પેલેસ્ટીની શરણાર્થીઓને તેમના ઘરો અને જમીનો પર પાછા ફરવાની મંજૂરી આપવા પર શરતી હતું.

# ગાઝામાં સીઝફાયર કરાવવા રોમમાં યોજાશે બેઠક, સીઆઈએ પ્રમુખ ઈઝરાયેલ, કતાર અને ઈજિપ્તના અધિકારીઓને મળશે

(એજન્સી) તા.૨૭

એક અહેવાલ અનુસાર CIAના ડિરેક્ટર વિલિયમ બર્ન્સ રવિવારે ઈટાલીની રાજધાની રોમમાં ઈઝરાયેલ કતાર અને ઈજિપ્તના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે. Axios ન્યૂઝ વેબસાઈટે અનામી અમેરિકન અને ઈઝરાયેલના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે આ બેઠકનો હેતુ વાટાઘાટોને આગળ વધારવા મતભેદોને ઉકેલવા અને ગાઝામાં ફાઈનલ યુદ્ધવિરામ કરાર માટે માર્ગ મોકળો કરવાનો છે.

બર્ન્સ કતારના વડા પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-થાની, મોસાદના ડાયરેક્ટર ડેવિડ બર્નેઆ અને ઈજિપ્તના જાસૂસ વડા અબ્બાસ કામેલ સાથે મુલાકાત કરશે. આવો એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો. શુક્રવાર બપોર સુધીમાં કોઈ સત્તાવાર સૂત્રોએ આ અહેવાલને સમર્થન કે નકારી કાઢ્યું નથી. ઈજિપ્તની સરકાર સાથે સંકળાયેલા અલ-કૈરા ન્યૂઝ ચેનલે એક અનામી હાઈ-પ્રોફાઈલ સ્ત્રોતને ટાંકીને જણાવ્યું હતું કે, "આ બેઠક યુદ્ધવિરામ કરાર સુધી પહોંચવા માટે મધ્યસ્થીઓના પ્રયાસોનો એક ભાગ છે." સ્ત્રોતે વધુ વિગતો આપવામાં આવી ન હતી પરંતુ જણાવ્યું હતું કે ઈઝરાયેલના મોસાદના વડા ડેવિડ બાર્નેઆ બેઠકમાં ભાગ લેશે.

ઈઝરાયેલી વાટાઘાટોકારો રોમમાં પ્રગતિ માટે આશાવાદી




નથી. કારણ કે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ કોઈ વાત સમજવા માગતા નથી અને તેમની માગણીઓ વધતી જઈ રહી છે એવા સમયે જ્યારે બાઈડેન ખુદ આ મામલે દબાણ કરી રહ્યા છે.

નેતાન્યાહુ એક એવો સોદો ઈચ્છે છે જે મેળવવો અશક્ય છે," એક ઈઝરાયેલી અધિકારીએ Axiosને જણાવ્યું હતું. નેતાન્યાહુ હાલમાં અમેરિકાના પ્રવાસે છે અને ગુરૂવારે બિડેન સાથે તેમની નવી માંગણીઓ અંગે ચર્ચા કરી હોવાના અહેવાલ છે. ગુરૂવારે ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે રોમમાં ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત કરી.

# ગાઝામાં જોર્ડન ફિલ્ડ હોસ્પિટલે બાળકની સર્જરી કરી

(એજન્સી) તા.૨૭

ગાઝામાં જોર્ડનિયન ફિલ્ડ હોસ્પિટલના સ્ટાફે જે ગાઝા/૭૯ તરીકે ઓળખાય છે ગુરૂવારે ત્રણ મહિનાના બાળકના શરીરમાંથી છરાના ટુકડાઓ દૂર કરવા માટે શસ્ત્રક્રિયા કરી હતી.

જોર્ડનની ફિલ્ડ હોસ્પિટલ ગાઝા/૭૯ના સ્ટાફ મંગળવારે ગાઝા પટ્ટીમાં તેમની માનવતાવાદી અને તબીબી ફરજો નિભાવવા અને ત્યાંના લોકોને સહાય પૂરી પાડવા માટે પહોંચ્યા.

હોસ્પિટલ ફોર્સના કમાન્ડરે જણાવ્યું કે, "જોર્ડનિયન ફીલ્ડ હોસ્પિટલ ગાઝા/૭૯ના જનરલ સર્જરી, ઓર્થોપેડિક્સ અને એનેસ્થેસિયા સ્ટાફની બનેલી વિશિષ્ટ તબીબી ટીમ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેણે ઓપરેશનની સફળતામાં ફાળો આપ્યો હતો અને બાળક ઓપરેશનમાંથી સલામત અને યોગ્ય બહાર આવ્યું હતું.

જનરલ સર્જને જણાવ્યું કે બાળકના



જમણા હિપમાં દસ દિવસથી છરા ભરાયેલા હતા જેના કારણે સોજો આવી ગયો હતો અને પુષ્કળ પ્રમાણમાં પરૂ એકઠું થયું હતું પરિણામે સતત તાવ આવતો હતો અને બાળક સ્તનપાનનો ઈનકાર કરતો હતો. તેથી સર્જરી કરવામાં આવી હતી.

બાળકના પરિવારે સફળ ઓપરેશન માટે કિંગ અબ્દુલ્લા II અને જોર્ડનની ફિલ્ડ હોસ્પિટલના સ્ટાફના પ્રયાસો પ્રત્યે ઊંડો આભાર અને પ્રશંસા વ્યક્ત કરી.

# પેલેસ્ટીનની પ્રાચીન સાઈટને યુનેસ્કો દ્વારા ટેગ આપવામાં આવ્યું ગાઝા સંઘર્ષ મધ્યે આ વિસ્તાર જોખમી સ્થળ તરીકે સૂચિબદ્ધ છે

(એજન્સી) તા.૨૭

ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, પેલેસ્ટીનમાં સેન્ટ હિલેરિયન ઉમ્મ આમેરની પ્રાચીન હેરિટેજ સાઈટને શુક્રવારે યુનેસ્કો ટેગ મળ્યો હતો અને તે સાથે જ "ઈમરજન્સી નોમિનેશન" પછી જોખમમાં રહેલા વિશ્વ ધરોહરની સૂચિમાં મૂકવામાં આવ્યું હતું. દિલ્હીમાં વર્લ્ડ હેરિટેજ કમિટી (WHC)ના ચાલી રહેલા ૪૬મા સત્ર દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. ભારત પ્રથમ વખત યુનેસ્કોના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. પેલેસ્ટીનમાં સેન્ટ હિલેરિયન ઉમ્મ આમેરને વર્લ્ડ હેરિટેજ લિસ્ટ અને ડેન્જરમાં વર્લ્ડ હેરિટેજની યાદીમાં અંકિત કરવામાં આવ્યું છે, તેની જાહેરાત સત્રની બેઠકમાં કરવામાં આવી હતી.



ઑક્ટોબર ૭થી ઈઝરાયેલ ગાઝામાં મોટા પાયે લશ્કરી આક્રમણ કરી રહ્યું છે. ભારતે નવેમ્બરમાં બંને પક્ષોને હિંસા ટાળવા, પરિસ્થિતિને શાંત કરવા અને પેલેસ્ટીન મુદ્દાના બે-રાજ્યના ઉકેલ તરફ સીધી શાંતિ વાટાઘાટોની વહેલી પુનઃ શરૂઆત માટે શરતો બનાવવા વિનંતી કરી હતી. આ જાહેરાત સાથે આવા હેરિટેજ સ્થળોના રક્ષણની આશા જાગી છે.

યુનેસ્કોએ એક નિવેદનમાં કહ્યું કે આ નિર્ણય સાઈટના મૂલ્ય અને તેને જોખમથી બચાવવાની જરૂરિયાત બંનેને માન્યતા આપે છે. ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આ હેરિટેજ સાઈટ પરના જોખમોને ધ્યાનમાં રાખીને, વર્લ્ડ હેરિટેજ કમિટીએ વર્લ્ડ હેરિટેજ કન્વેન્શનમાં પૂરી પાડવામાં આવેલ કટોકટી લેખ પ્રક્રિયાનો ઉપયોગ કર્યો છે. આ સંમેલનની શરતો અનુસાર, તેના ૧૯૫ રાજ્યોના પક્ષો આ સાઈટને પ્રત્યક્ષ અથવા પરોક્ષ નુકસાન પહોંચાડવાની સંભાવના ધરાવતા કોઈપણ ઈરાદાપૂર્વકના પગલાં લેવાનું ટાળવા માટે પ્રતિબદ્ધ છે, જે હવે વર્લ્ડ હેરિટેજ સૂચિમાં અંકિત છે.

યુનેસ્કોએ જણાવ્યું હતું કે જોખમમાં રહેલ વર્લ્ડ હેરિટેજની સૂચિમાં સમાવેશ એ સંપત્તિના રક્ષણની બાંયધરી આપે છે અને જો જરૂરી હોય તો, તેના પુનર્વસનને સરળ બનાવવા માટે વિસ્તૃત આંતરરાષ્ટ્રીય તકનીકી અને નાણાકીય સહાય મિકેનિઝમ્સ માટે સહાયતા આપે છે.

સેન્ટ હિલેરિયન/ટેલ ઉમ્મ આમેર, મધ્ય પૂર્વના સૌથી જૂના સ્થળોમાંનું એક છે, જે સેન્ટ હિલેરિયન દ્વારા સ્થાપવામાં આવ્યું હતું. એશિયા અને આફ્રિકા વચ્ચે વેપાર અને વિનિમયના મુખ્ય માર્ગોના ક્રોસરોડ્સ પર સ્થિત, તે ધાર્મિક, સાંસ્કૃતિક અને આર્થિક આદાનપ્રદાનનું કેન્દ્ર હતું.

પેલેસ્ટીની પ્રતિનિધિ મંડળમાં યુનેસ્કોમાં પેલેસ્ટીનના રાજદૂત અને સ્થાયી પ્રતિનિધિ મૌનીર અનાસ્તાસનો સમાવેશ થાય છે, તેમણે યુનેસ્કોનો આભાર માન્યો અને સંઘર્ષનો સામનો કરી રહેલા વિસ્તારોમાં સ્થિત હેરિટેજ સાઈટ પર રક્ષણાત્મક કવર અને વિશ્વનું ધ્યાન દોરવા બદલ આભાર માન્યો છે. તેમણે યુનેસ્કોની સલાહકાર સંસ્થા ICOMOS અને યુનેસ્કોના સચિવાલયનો પણ આભાર માન્યો હતો.

લેબેનોન, તુર્કિયે અને કઝાકિસ્તાનના વિવિધ રાજ્ય પક્ષોએ પેલેસ્ટીનમાં હેરિટેજ સાઈટના યુનેસ્કોના નિર્ણયનું સ્વાગત કર્યું છે. સેન્ટ હિલેરિયન ટેલ ઉમ્મ આમેરની સાઈટ માટે નોમિનેશન એ ઈમરજન્સી નોમિનેશન હતું. પેરિસ સ્થિત ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (ICOMOS)એ પણ આ સાઈટ માટે પ્રેઝન્ટેશન કર્યું હતું. આ નોમિનેશન ડોઝિયર જૂન ૨૦૨૪માં સબમિટ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ડેસ્ક સમીક્ષા કરવામાં આવી હતી.

# UNએ રફાહ ક્રોસિંગ ખોલવાની હાકલ કરી ગાઝામાં હજારો દર્દીઓને સ્થળાંતરની જરૂર

(એજન્સી) તા.૨૭

પેલેસ્ટીનમાં યુનાઈટેડ નેશન્સ (યુએન) માનવતાવાદી સંયોજક મુહાન્નાદ હાદીએ ગાઝા પટ્ટીમાંથી દર્દીઓને બહાર કાઢવા અને માલસામાનના પ્રવેશની સુવિધા માટે રફાહ ક્રોસિંગને ફરીથી ખોલવાની હાકલ કરી હતી. હાદીએ નોંધ્યું હતું કે સ્ટ્રીપમાં હજારો દર્દીઓને વિદેશમાં સારવાર મેળવવા માટે તાત્કાલિક સ્થળાંતરની જરૂર છે. ગાઝામાં માનવતાવાદી પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે અલ્જેરિયા, ચીન અને રશિયાની વિનંતી પર યુએન સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા આયોજિત બ્રીફિંગ સત્રમાં એક ભાષણ દરમિયાન આ હાકલ કરવામાં આવી હતી. તેમના ભાષણમાં હાદીએ ભારપૂર્વક જણાવ્યું કે, : "ગાઝામાંથી દર્દીઓને બહાર કાઢવા અને સ્ટ્રીપમાં વ્યક્તિઓ માલસામાન અને બળતણના પ્રવેશને સરળ બનાવવા માટે રફાહ ક્રોસિંગને ફરીથી ખોલવાની જરૂર છે." તેમણે આ સંદર્ભે ધ્યાન દોર્યું હતું કે ગાઝામાં હજારો દર્દીઓને "તાત્કાલિક તબીબી સ્થળાંતર" ની જરૂર છે અને તેમણે ગાઝામાં પ્રવેશતી માનવતાવાદી સહાય પર કોઈ નિયંત્રણો ન લાદવા વિનંતી કરી. ઈઝરાયેલે દક્ષિણ ગાઝા પટ્ટીમાં રફાહ ક્રોસિંગ બંધ કર્યું ત્યારથી તેની સેનાએ ૭ મેના રોજ તેનો કબજો મેળવ્યો હતો અને ખાસ કરીને ઈઝરાયેલી યુદ્ધના પરિણામે ગાઝામાં બગડતી આરોગ્ય વ્યવસ્થાને જોતાં દર્દીઓ અને ઘાયલોને સારવાર માટે વિદેશમાં મુસાફરી કરવાની ક્ષમતાથી વંચિત રાખ્યા હતા. ઈઝરાયેલે ગાઝામાં માનવતાવાદી સહાયના પ્રવેશ પર પણ ગંભીર નિયંત્રણો લાદયા હોવાને કારણે ખાસ કરીને પટ્ટીના ઉત્તરીય વિસ્તારોમાં



ખોરાક અને તબીબી પુરવઠાની વિશાળ અછત સર્જાઈ છે. હાદીએ પેલેસ્ટીની શરણાર્થીઓ માટે યુએન રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (યુએનઆરડબ્લ્યુએ) સામેના હુમલાઓને "અસ્વીકાર્ય" ગણાવ્યા અને ચેતવણી આપી કે તેઓ ગાઝામાં માનવતાવાદી રાહત પ્રયત્નો માટે જોખમ ઊભું કરે છે. ગાઝા પરના તેના યુદ્ધ સાથે સંયોગમાં ઈઝરાયેલે UNRWA પર તીવ્ર હુમલો શરૂ કર્યો છે અને દાવો કર્યો છે કે તેના કર્મચારીઓએ અલ-અક્સા પૂર હુમલામાં ફાળો આપ્યો હતો. UNRWA તેની સામે ઈઝરાયેલના આરોપોને નકારે છે અને પુષ્ટિ કરે છે કે તે તટસ્થતા માટે પ્રતિબદ્ધ છે અને શરણાર્થીઓને સમર્થન આપવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. UNRWA પરના તેના હુમલાના ભાગ રૂપે, ઈઝરાયેલે પેલેસ્ટીની પ્રદેશોમાં ખાસ કરીને ગાઝામાં સંસ્થાના કાર્ય પર પ્રતિબંધો લાદ્યા, જ્યાં તેણે તેની ડઝનેક ઈમારતોનો નાશ કર્યો અને તેના ઘણા કર્મચારીઓને મોતને ઘાટ ઉતારી દીધા. ગાઝામાં માનવતાવાદી દુર્ઘટનાના અન્ય પાસાઓનો ઉલ્લેખ કરતા હાદીએ ધ્યાન દોર્યું કે ગાઝામાં બાળકોને કચરો અને ગટરના કારણે ગંભીર રોગો થવાના જોખમનો સામનો કરવો પડે છે અને ગાઝા પરના યુદ્ધે ૬,૨૫,૦૦૦ પેલેસ્ટીની બાળકોને આખા શૈક્ષણિક વર્ષથી વંચિત કર્યા છે.

# ઈઝરાયેલી દળો સાથેની અથડામણમાં વધુ બે લડાકુઓ મૃત્યુ પામ્યા : હિઝબુલ્લાહ

(એજન્સી) તા.૨૭

લેબનીઝ હિઝબુલ્લા સમુહે જાહેરાત કરી કે, ઈઝરાયેલી દળો સાથેની અથડામણમાં તેના વધુ બે લડાકુઓ મૃત્યુ પામ્યા છે.

બે અલગ-અલગ નિવેદનોમાં સમુહે બે લડાકુઓની ઓળખ અબ્બાસ હમ્મુદ અને ફડલ નૌરેદ્દીન તરીકે કરી છે અને જણાવ્યું કે, તેઓ "જેરૂસલેમના માર્ગમાં" મૃત્યુ પામ્યા છે. આ નિવેદન ગાઝામાં ઈઝરાયેલના વિનાશક હુમલાનો સામનો કરી રહેલા પેલેસ્ટીની પ્રતિકારના સમર્થનમાં હિઝબુલ્લાહની લડાઈના સંદર્ભમાં હતું. આ નવા મૃત્યુથી ૮ ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી દળો સાથેની લડાઈમાં મૃત્યુ પામેલા હિઝબુલ્લાહ લડાકુઓની કુલ સંખ્યા ૩૭૯ થઈ ગઈ છે. બંને પક્ષો વચ્ચે સરહદ પારથી હુમલાને કારણે ઈઝરાયેલ અને લેબનીઝ પ્રતિકાર સમુહ વચ્ચે સંપૂર્ણ પાયે યુદ્ધની આશંકા વધી છે. ગાઝા પર ઈઝરાયેલના ઘાતક હુમલાની પૃષ્ઠભૂમિ સામે આ વધારો થયો છે



જેમાં ઓક્ટોબરથી અત્યાર સુધીમાં લગભગ ૩૯,૨૦૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૯૦,૪૦૦થી વધુ ઘાયલ થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# આસામ સરકારે નાગરિકત્વ અંગે નવો આદેશ આપ્યો, જેમાં મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા છે : પણ શું તેનાથી બંગાળી હિંદુઓને લાભ થશે ?

## સરકારના નવા આદેશમાં બોર્ડર પોલીસને ૨૦૧૫ પહેલા ભારતમાં આવેલા બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ, જો તેઓ મુસ્લિમ હોય તો જ તેઓને વિદેશીઓની ટ્રિબ્યુનલમાં મોકલવા માટે કહેવામાં આવ્યું છે



**ચર્ચાની એરણે**

**- રકીબુઝ ઝમાન**

આજથી ત્રણ વર્ષ પહેલા આસામ પોલીસની બોર્ડર વિંગ અજીત મહંતા બૈસ્નાબના ઘરે આવી હતી. બોંગાઈગાંવ જિલ્લામાં ૫૩ વર્ષીય ઈ-રિક્ષા ડ્રાઈવરને કહેવામાં આવ્યું હતું કે તે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ હોવાની શંકા છે અને ૨૦૦૨માં તેની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. બૈસ્નાબે સ્ક્રોલને કહ્યું કે, મને ખબર પણ ન હતી કે મારી સામે કેસ કરવામાં આવ્યો છે, પોલીસે મને વકીલ સાથે વાત કરવા અને કોર્ટમાં કેસ લડવાનું કહ્યું હતું.

બૈસ્નાબ પોતે વિદેશી હોવાનો ઈન્કાર કરે છે. તેણે કહ્યું કે તેનો જન્મ પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લામાં થયો હતો અને જ્યારે તે છ વર્ષનો હતો ત્યારે ગોસાઈગાંવ આવ્યો હતો. તેમણે કહ્યું કે, મેં ત્યાં ધોરણ ૪ સુધી અભ્યાસ કર્યો અને મારી પાસે ૧૯૮૨નું શાળા પ્રમાણપત્ર છે જે તે દર્શાવે પણ છે, તેણે એમ પણ કહ્યું કે તેની પાસે દસ્તાવેજો છે જે સાબિત કરે છે કે તેના પિતા ૧૯૫૭માં બંગાળના રહેવાસી હતા.

છેલ્લા ત્રણ વર્ષથી, બૈસ્નાબના કેસની સુનાવણી વિદેશીઓના ટ્રિબ્યુનલ્સમાં થઈ રહી છે જે અર્ધ-ન્યાયિક સંસ્થા છે અને જે નાગરિકતાની બાબતો પર નિર્ણય કરે છે અને આસામ માટે તે અનન્ય છે. જો કે આસામ પોલીસે તેની સામેની ફરિયાદ પર કાર્યવાહી કરવા માટે જુલાઈ ૨૦૨૪ સુધી રાહ જોઈ હોત, તો બૈસ્નાબ આસામની ભુલભુલામણી સાથેની નાગરિકતા ટ્રાયલનો સામનો કરવાની મુશ્કેલીમાંથી બચી શક્યો હોત.

૫ જુલાઈના રોજ, આસામ સરકારના એક અધિકારીએ રાજ્ય પોલીસની બોર્ડર વિંગને એક પત્ર લખીને નિર્દેશ આપ્યો હતો કે બિનદસ્તાવેજીકૃત વસાહતીઓને એક શરતે ૨૦૧૫ પહેલા રાજ્યમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હોવાની શંકા હોય તો પણ તેઓને વિદેશીઓના ટ્રિબ્યુનલમાં મોકલવામાં ન આવે. નાગરિકતાના કેસોની તપાસ કરતી સરહદ પોલીસને આસામના ગૃહ વિભાગ દ્વારા કહેવામાં આવ્યું હતું કે હિંદુ, શીખ, ખ્રિસ્તી, પારસી, જૈન અને બૌદ્ધ ધર્મના બિનદસ્તાવેજીકૃત વસાહતીઓને નાગરિકતા સંશોધન અધિનિયમ પોર્ટલ પર નાગરિકતા માટે અરજી કરવાની "સલાહ" આપવી જોઈએ.

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ૨૦૧૯માં પસાર કરાયેલ વિવાદાસ્પદ નાગરિકતા સુધારો અધિનિયમ, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના છ લઘુમતી સમુદાયોના શરણાર્થીઓને નાગરિકતા માટે ઝડપી-ટ્રેક પ્રદાન કરે છે. આ કાયદામાં માત્ર મુસ્લિમોને જ આ રાહતનો ઈનકાર કરવામાં આવ્યો છે. જો કે શરત એ છે કે તેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા દેશમાં પ્રવેશ્યા હોવા જોઈએ, ભલે તેઓ ગેરકાયદેસર પણ આવ્યા હોય.

આ અધિનિયમમાં મુસ્લિમોને બાકાત રાખવા માટે તે ભેદભાવપૂર્ણ છે એવી ટીકા કરવામાં આવી છે, અને ૨૦૧૯માં દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા અને અમુક ઉગ્ર વિરોધ આસામમાં પણ કરવામાં આવ્યા હતા અને ૨૦૧૯ના આ વિરોધમાં પાંચ લોકો માર્યા ગયા હતા. આસામી રાષ્ટ્રવાદીઓને ભય હતો કે આ કાયદો લાગુ થશે તો ભારતના પડોશમાંથી લાખો સ્થળાંતર કરનારાઓ માટે દરવાજો ખુલશે અને ઉત્તરપૂર્વીય રાજ્યમાં તેઓ આવશે. આ વિરોધને લીધે આ કાયદાના અમલીકરણમાં ચાર વર્ષનો વિલંબ થયો હતો અને તેના નિયમો આ વર્ષે માર્ચમાં જ સૂચિત કરવામાં આવ્યા હતા.

અત્યાર સુધીમાં, આસામમાં આ કાયદાનો લાભ લેનારા બહુ ઓછા લોકો છે, બાંગ્લાદેશથી આસામમાં સ્થળાંતર કરનારા બંગાળી હિન્દુઓ આ કાયદા હેઠળ ભારતીય નાગરિકતા માટે અરજી કરવામાં અચકાય છે. બૈસ્નાબ જેવા બંગાળી હિંદુઓના કેસોને નજરઅંદાજ કરવા માટે બોર્ડર પોલીસને નિર્દેશ આપીને રાજ્ય સરકાર આને બદલવાની આશા રાખે છે. રાજ્યના ગૃહ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ ઓળખ ન આપવાની શરતે સ્ક્રોલને જણાવ્યું હતું કે આ નિર્દેશ પાછળનો હેતુ નાગરિકતા સુધારા કાયદાને લાગુ કરવાનો છે.

જો કે, નિષ્ણાતો નિર્દેશ કરે છે કે સરહદ પોલીસની તપાસમાંથી બિન-મુસ્લિમોને બાકાત રાખવાનો આ નિર્દેશ નાગરિકતા શાસન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે જે ધર્મના આધારે ભેદભાવ કરે છે અને જેની CAAમાં કલ્પના કરવામાં આવી છે. ગૌહાટી હાઈકોર્ટના એડવોકેટ સંતનુ બોરઠાકુરે જણાવ્યું હતું કે, હવે માત્ર મુસ્લિમોએ જ તેમની નાગરિકતા સાબિત કરવી પડશે અને તેમને વિદેશીઓની ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવશે. આ આદેશ બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન કરે છે કારણ કે CAA તેમના ધર્મના આધારે વ્યક્તિઓ વચ્ચે ભેદભાવ કરે છે.

બંગાળી હિંદુઓના પ્રતિનિધિઓએ આ આદેશનું સ્વાગત કર્યું છે, પણ તેઓ હજુ પણ એ અંગે અનિશ્ચિત છે કે શું આ મુક્તિ તેમની નાગરિકત્વની ઘણી ગૂંચ ઉકેલવા માટે યોગ્ય છે. આ સમુદાયના સભ્યો પણ CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવામાં અનિચ્છા ધરાવે છે, કારણ કે તેમાં દસ્તાવેજી પુરાવા સબમિટ કરવાનો સમાવેશ થાય છે કે આ વ્યક્તિએ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અથવા બાંગ્લાદેશથી સ્થળાંતર કર્યું છે.

ગુવાહાટીના બંગાળી હિંદુઓના નેતા સંતનુ મુખર્જીએ કહ્યું કે, દરેક જણ જાણે છે કે કોઈ પણ વ્યક્તિ CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવા તૈયાર નથી. મુખ્યમંત્રી હવે બંગાળી હિંદુઓને ગેરમાર્ગે દોરે છે અને બ્લેકમેલ કરી રહ્યા છે જેથી તેઓને આ કાયદા હેઠળ અરજી કરવાની ફરજ પાડી શકાય.

દાખલા તરીકે, બૈસ્નાબના વકીલ એસ બાસુએ જણાવ્યું હતું કે ગૃહ વિભાગના આદેશની તેમના અસીલના કેસ પર કોઈ અસર થશે નહીં. તેમજ તે CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવા માટે તૈયાર ન હતો. જો FT ચુકાદો અમારી વિરુદ્ધ છે, તો અમે આગળના પગલા વિશે વિચારી શકીએ છીએ. શું આપણે તેને હાઈકોર્ટ સમક્ષ પડકારવું જોઈએ કે CAA હેઠળ અરજી કરવી જોઈએ? આ કાયદાથી બંગાળી હિંદુઓને ફાયદો થશે કે નહીં, તેનું ચિત્ર હજુ પણ સ્પષ્ટ નથી.

CAA કાયદો બન્યો તે પહેલાં ૨૪ માર્ચ, ૧૯૭૧ પહેલા આસામમાં રહેતા લોકો અથવા તેમના વંશજો, આસામમાં ભારતીય નાગરિક બનવા માટે લાયક હતા. અને જેઓ આ તારીખ પછી રાજ્યમાં આવ્યા હતા તેઓને વિદેશીઓની ટ્રિબ્યુનલ સમક્ષ ટ્રાયલનો સામનો કરવો પડે તેમ છે. પરંતુ આસામ પોલીસને ૫ જુલાઈના પત્રે બંગાળી હિંદુઓને માફી આપીને આમાં ફેરફાર કર્યો છે. આ પત્ર મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાની સુનિશ્ચિત પ્રેસ કોન્ફરન્સના થોડા કલાકો પહેલાં મીડિયાને લીક કરવામાં આવ્યો હતો.

આ પ્રેસ મીટમાં સરમાએ સ્પષ્ટતા કરી હતી કે ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ હોય તેવા કેસો છોડવામાં આવશે નહીં. પરંતુ અરજદારોને નાગરિકતા સુધારા અધિનિયમ હેઠળ નાગરિકતા માટે અરજી કરવા પ્રોત્સાહિત કરવા માટે તેઓને થોડા મહિના માટે રોકવામાં આવી શકે છે. મુખ્યમંત્રી સરમાએ કહ્યું કે, અમે એવા તમામ લોકોને (હિન્દુ બંગાળી) જેમના કેસ અલગ-અલગ અદાલતોમાં પડતર છે તેમને CAA હેઠળ અરજી કરવાની તક આપીશું, પરંતુ જો તેઓ CAA હેઠળ અરજી નહીં કરે, તો અમે કેસ દાખલ કરીશું.

ગૃહ વિભાગના પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ વિભાજન સાથેનો આદેશ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પછી આસામમાં પ્રવેશેલા લોકોને તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના લાગુ પડશે નહીં. તેઓને એકવાર શોધી કાઢવામાં આવે તે પછી, તેઓને આગળની કાર્યવાહી માટે તરત જ ફોરેનર્સ ટ્રિબ્યુનલમાં મોકલવા જોઈએ.

૫ જુલાઈના આદેશથી સરહદ પોલીસ અને વિદેશીઓની ટ્રિબ્યુનલ દ્વારા બંગાળી હિંદુઓની સતામણીનો અંત આવવાની અપેક્ષા છે. પૂર્વ ગૃહ સચિવ હિતેશ દેવ સરમાએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, ૨૦૧૪ સુધી આવેલા હિંદુ બંગાળીઓ સામે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં કોઈ કેસ ન હોવા જોઈએ કારણ કે તેઓ નવા નાગરિકત્વ કાયદા અનુસાર નાગરિકતા માટે પાત્ર છે. આ ઓર્ડરની સરળ અને સીધી સમજ એ છે કે તેઓને બિનજરૂરી રીતે હેરાન ન કરવા જોઈએ.

રાજ્યના ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીએ સ્વીકાર્યું હતું કે CAA વિદેશીઓની ટ્રિબ્યુનલ સમક્ષ પડતર કેસોનો સંદર્ભ આપતું નથી. પરંતુ એકવાર કોઈ ચોક્કસ વ્યક્તિ CAA મુજબ નાગરિકતા પ્રમાણપત્ર મેળવે છે, તો કેસ બંધ થઈ જશે.

હિંદુ બંગાળી સમુદાયના નાગરિકત્વ પરના એક સંશોધક, જેમણે પોતાની ઓળખવાનો ઈન્કાર કર્યો હતો, તેમણે આ ઓર્ડરને ગેમ ચેન્જિંગ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આસામના ઈતિહાસમાં, એવો કોઈ સત્તાવાર આદેશ નથી કે જેમાં પોલીસને બંગાળી હિંદુઓની તપાસ ન કરવા માટે કહેવામાં આવ્યું હોય. આ સંશોધકે કહ્યું કે, આ આદેશથી સ્પષ્ટ છે કે FTs અને સરહદ પોલીસ હવેથી માત્ર બંગાળી મૂળના મુસ્લિમોને જ નિશાન બનાવશે.

૨૦૨૨માં, હિમંતા બિસ્વા સરમાની આગેવાની હેઠળની સરકારે લગભગ ૪૦ લાખ "આસામી મુસ્લિમો"ને બંગાળી મૂળના મુસ્લિમ સમુદાયથી અલગ પાડવા માટે તેઓને સ્વદેશી દરજ્જો આપ્યો હતો. આ નાગરિકત્વની અજમાયશમાં સ્વદેશી મુસ્લિમોને ફાયદો થવાની સંભાવના છે, ભૂતકાળમાં તેઓને ભારતીય હોવાનું સાબિત કરવા માટે કહેવામાં આવ્યું નથી.

છેલ્લા છ દાયકાઓથી, આસામની રાજનીતિ બાંગ્લાદેશના બિનદસ્તાવેજીકૃત વસાહતીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સંસાધનો અંગે તેમના વિરોધની ભાવના અને ચિંતા ઊભી થઈ રહી છે. ૧૯૬૦ના દાયકામાં બોંગલ ખેડા આંદોલનથી લઈને તમામ બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાની માંગણી કરતી આસામ ચળવળ છ વર્ષો સુધી ચાલી હતી, અને આ દુશ્મનાવટને આસામમાં હિન્દુ અને મુસ્લિમ બંગાળીઓને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આસામી રાષ્ટ્રવાદના સમર્થકોએ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના, આ રાજ્યની સંસ્કૃતિ અને સંસાધનો માટે જોખમ તરીકે જુએ છે પરંતુ ભાજપ માને છે કે માત્ર મુસ્લિમ સ્થળાંતર કરનારા લોકો જ સ્વદેશી લોકોના હિતોને જોખમમાં મૂકે છે.

બંગાળી હિંદુ ઈમિગ્રન્ટ્સને રાહત આપતો વર્તમાન આદેશ પક્ષના વલણને અનુરૂપ છે. ભવિષ્યમાં બંગાળી હિંદુઓ સામે કોઈ નવા કેસ થશે નહીં.

બંગાળી હિંદુઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓએ જણાવ્યું હતું કે આ આદેશે લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરતી વખતે સરમાએ આપેલું વચન પણ પૂરું કર્યું છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંગાળી હિંદુ સમુદાયમાં ડી-મતદારોનો મુદ્દો છ મહિનામાં ઉકેલાઈ જશે. ડી-વોટર્સ, અથવા શંકાસ્પદ મતદારો, એ એક એવી શ્રેણી છે જે ચૂંટણી પંચે ૧૯૯૭માં જેઓની નાગરિકતા શંકાસ્પદ હતી તેમને ચિહ્નિત કરવા માટે બનાવી હતી. તેઓને મતાધિકારથી વંચિત કરવામાં આવ્યા હતા અને વિદેશીઓના ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવ્યા હતા. સેંકડો લોકોને અટકાયત કેન્દ્રોમાં પણ મોકલવામાં આવ્યા હતા. સત્તાવાર માહિતી અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં, રાજ્યમાં ૧૦૦ વિદેશીઓ ટ્રિબ્યુનલ સમક્ષ ડી-વોટર્સના ૯૪,૧૪૯ જેટલા કેસ પેન્ડિંગ હતા.

આમાંના મોટાભાગના કેસો ૨૦૧૪ના હોવાને કારણે, તેમાંથી હિંદુ બંગાળીઓ ઓર્ડરથી ફાયદો ઉઠાવે છે. જો કે ગૃહ વિભાગના આદેશમાં ડી-મતદારોનો કોઈ ઉલ્લેખ નથી. આ આદેશથી બંગાળી હિંદુઓ પ્રોત્સાહિત થયા છે કે સરકાર અમારા માટે કંઈક કરી રહી છે. બંગાળી હિંદુઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતું એક જૂથ કહે છે કે, અન્ય કેટલાક બંગાળી હિંદુ જૂથો આસામની નાગરિકતા શાસનની ગૂંચવણોને જોતા આદેશની અસર વિશે શંકાસ્પદ છે. આસામના ભાષાકીય લઘુમતીઓના અધિકારોની હિમાયત કરતી નાગરિક અધિકાર સંરક્ષણ સમિતિના સચિવ કિશોરકુમાર ભટ્ટાચારીએ પૂછ્યું કે, એનઆરસીમાંથી બચેલા લાખો હિન્દુ બંગાળીઓનું શું થશે?

બાંગ્લાદેશથી મોટી સંખ્યામાં બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ રાજ્યમાં વસવાટ કરી રહ્યા હોવાની આશંકાઓની પૃષ્ઠભૂમિ સામે, આસામ નાગરિકોની સૂચિ બનાવવાના પ્રયાસમાં ૨૦૧૯માં આસામમાં NRC અથવા રાષ્ટ્રીય નાગરિક નોંધણી અપડેટ કરવામાં આવી હતી. રાજ્યના ૧૯ લાખથી વધુ રહેવાસીઓને રજિસ્ટરમાંથી બહાર રાખવામાં આવ્યા હતા, જે સંભવિતપણે તેમને રાજ્યવિહીનતાના ભવિષ્ય તરફ લઈ જાય છે. આસામના મુખ્યપ્રધાનના જણાવ્યા અનુસાર, તેમાંથી ૧૨ લાખ બંગાળી હિન્દુઓ હતા. નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝનમાંથી બાકાત કરાયેલા લોકોએ પણ તેમની નાગરિકતા સાબિત કરવા માટે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં અપીલ કરવી પડશે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ બંગાળી હિંદુઓને FTsમાં મોકલશે નહીં પરંતુ તેમનું ભવિષ્ય શું હશે? શું તેમને વચન મુજબ બિન-શરતી નાગરિકતા મળશે? CAA બંગાળી હિન્દુઓને મદદ કરશે નહીં.

શંકાનું કારણ એ સીએએનો એક એવો નિયમ છે જે અરજદારો પાસેથી દસ્તાવેજોની માંગણી કરે છે જે એ સાબિત કરે છે કે તેઓ બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અથવા પાકિસ્તાનથી આવ્યા છે. બીજું, તેઓએ એવા દસ્તાવેજો આપવા પડશે જે દર્શાવે છે કે તેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા ભારતમાં આવ્યા હતા. રાજ્યના ગૃહ વિભાગના અધિકારીઓએ સ્વીકાર્યું છે કે બાંગ્લાદેશના બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ CAA દ્વારા માંગવામાં આવેલા કાગળો બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. લોકો CAA હેઠળ અરજી કરી રહ્યા નથી કારણ કે તેમની પાસે પ્રમાણપત્ર અથવા દસ્તાવેજ નથી કે તેઓ મૂળ દેશ બાંગ્લાદેશથી આવ્યા છે. ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીએ સ્ક્રોલને જણાવ્યું કે, તેઓને આ દસ્તાવેજ ક્યાંથી મળશે? તેઓ કદાચ ૫૦ વર્ષ પહેલા અહીં આવ્યા હશે. તેમણે કહ્યું કે આ અંગે "કંઈક" કરવું પડશે.

બંગાળી હિંદુ નેતા સંતનુ મુખર્જીએ ધ્યાન દોર્યું કે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ કેસો સામે કાર્યવાહી નહીં કરવાની સરમાની ખાતરી માત્ર મૌખિક હતી. આ આદેશમાં એવું કંઈ નથી જે ટ્રિબ્યુનલ્સમાં પેન્ડિંગ કેસ વિશે વાત કરે છે. ગૌહાટી હાઈકોર્ટના એડવોકેટ બોરઠાકુરે ધ્યાન દોર્યું કે CAA સામેના કાનૂની પડકારો પણ પરિસ્થિતિને જટિલ બનાવે છે. આ અધિનિયમની બંધારણીયતા પોતે જ પડકાર હેઠળ છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. સરકારે તે પડકારના પરિણામની રાહ જોવાની જરૂર હતી. જો સુપ્રીમ કોર્ટ અધિનિયમને ફગાવી દે, અને તે દરમિયાન આ લોકોને નાગરિકતા આપવામાં આવે, તો શું તેઓ તેમની નાગરિકતા રદ કરશે? **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

---

**નવાબ ખાનદાનમાં દીવાન તરીકે ચીનુભાઈના પિતાએ શ્રેષ્ઠ કામગીરી કરી હતી**

# નડિયાદના જાણીતા ધારાશાસ્ત્રી અને ખંભાતના નવાબના દીવાનના પુત્ર ચીનુભાઈ દેસાઈનું અવસાન

**વર્ષ ૨૦૦૨ના તોફાન વખતે ઓડ હત્યાકાંડમાં સરકારે સ્પે. પબ્લિક પ્રોસિક્યુટર તરીકે તેમની નિમણૂક કરી હતી અને તેમણે આરોપીઓને સજા અપાવી હતી : અંતિમયાત્રામાં વકીલો, ડોકટરો તેમજ તમામ જ્ઞાતિના લોકો જોડાયા**

નડિયાદ, તા.૨૭

ખંભાતમાં નવાબ ખાનદાનમાં દિવાન તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનાર સગુનભાઈ દેસાઈના પુત્ર ચીનુંભાઈ સગુનભાઈ દેસાઈનું ૮૮ વર્ષે નડિયાદમાં અવસાન થયું છે વકીલાત વ્યવસાયે ખેડા જિલ્લા નહીં પરંતુ ગુજરાત ભરમાં સારી નામના મેળવનાર અને સન ૨૦૦૨ના તોફાનમાં ઓડમાં થયેલા હત્યાકાંડના સરકાર તરફથી સ્પેશિયલ પબ્લિક પોશિક્યુટર તરીકે નિમણૂક પામનાર ચીનુભાઈ દેસાઈના અવસાનને લઈ તમામ જ્ઞાતિના લોકોમાં દુઃખની લકીર ખેંચાઈ ગઈ છે તેમની આજે નીકળેલી સ્મશાન યાત્રામાં તમામ જ્ઞાતિના લોકો હાજર રહ્યા હતા.

નડિયાદ વાણીયાવડ નજીક આવેલી નૈરોબી કોલોનીમાં રહેતા ચીનુભાઈ સગુનભાઈ દેસાઈ મૂળ ખંભાતના વતની છે તેમના પિતા સગુનભાઈ દેસાઈ ખંભાત નવાબના ખાસ દીવાન તરીકે હોદ્દો સંભાળતા હતા સગુનભાઈ દેસાઈ



પર નવાબ ખાનદાનનો ખૂબ જ વિશ્વાસ હતો ચિનુભાઈના જુનિયર અને હાલમાં બોરસદમાં રહેતા મહમદઈસુબખાન પઠાણે જણાવ્યું હતું કે, સગુનભાઈ દેસાઈને નવાબે કેટલાક ગામો આપ્યા હતા અને તેમનો વહીવટ સોંપ્યો હતો એટલું જ નહીં મહિલા ગૃહ હોય તેમાં કોઈને જવાની પરમિશનના હોય તેવી જગ્યાએ સગુનભાઈ દેસાઈને પરમિશન હતી એટલે સગુનભાઈ દેસાઈ પર નવાબ ખાનદાનને કેટલો વિશ્વાસ હતો તેનો અંદાજો લગાવી શકાય તેમ છે સગુનભાઈ દેસાઈનું ખાનદાન પણ ઊંચું ખાનદાન છે તેમના પુત્ર ચીનુભાઈએ નડિયાદમાં આવ્યા બાદ વકીલાતનો અભ્યાસ કર્યો અને બાદમાં વકીલાત ચાલુ કરી હતી નડિયાદ કોર્ટમાં સૌ જુનિયર સિનિયર વકીલો તેમને ચિનુકાકાના નામથી ઓળખતા હતા જુનિયર હોય તેની સાથે પણ તેમનો વ્યવહાર માયાળુ હતો દરેકને માર્ગદર્શન આપવામાં તેઓ અગ્રેસર રહેતા હતા. કોર્ટમાં તેમની ઉલટ તપાસ હોય કે દલીલો તે સાંભળવા માટે જુનિયર વકીલો હંમેશા હાજર રહેતા હતા ન્યાયાધીશો પણ તેમના કામથી પ્રભાવિત હતા. તેમના ત્રણ સંતાન છે એમાંથી ચિંતનભાઈ દેસાઈ અને મનનભાઈ દેસાઈ વકીલાતનો વ્યવસાય કરે છે જ્યારે વિશાલભાઈ દેસાઈ બિઝનેસમાં છે. તેમની અંતિમયાત્રામાં વકીલો, ડોક્ટરો તેમના અગ્રણીઓ વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

---

**૧૪મા નાણા પંચની ગ્રાન્ટમાંથી ૯.૨૯ લાખનું બિલ ચૂકવાતા**

# ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસરને મ્યુ.એડમિનિસ્ટ્રેશન ગાંધીનગરનું તેડું

**કોઈપણ જાતની જાહેરાત કે તાંત્રિક મંજૂરી વિના લાખોની ખરીદી કરાતા પૂર્વ પ્રમુખ, પૂર્વ ચેરમેન સહિતનાઓને નોટિસ**

ડભોઈ, તા.૨૭

વર્ષ ૨૦૧૯માં ડભોઈ નગર પાલીકાના તત્કાલીન પ્રમુખ કાજલબેન દુલાણીના સમયમાં પંપીગ સ્ટેશનનું ગટરનું ચેમ્બર બનાવવા કોઈ પણ જાતની જાહેરાત કે તાંત્રિક મંજુરી વિના એસ. કે. મકવાણાને ૫૫ ટકા વધુથી કામગીરી કરવાનો ઠરાવ કરી કામગીરી કરાઈ હતી. જેમા રૂા.૯,૨૯,૬૭૪નું બિલ ૧૪મા નાણા પંચની ગ્રાંટમાથી ચુકવાયું હતું. આમ ડભોઈ નગરપાલિકા દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમન ૧૯૬૩ની કલમ ૬-૭ (૧) અન્વયે રૂા.૫૦૦૦થી વધુનું બિલ હોય તો વર્તમાન પત્રમાં જાહેરાત આપી. ટેન્ડર મંગાવી નોટિસ પ્રસિદ્ધ કરવાની હોય જે પ્રક્રિયા ડભોઈ નગરપાલિકાએ કરેલ નથી. ડભોઈ નગરપાલિકા દ્વારા ૧૪માં નાણા પંચની જોગવાઈ વિરૂદ્ધ ગેરકાયદે કાર્યવાહી કરેલ હોવાનુ માનવામાં આવે છે. ૧૪મા નાણાપંચમાંથી ચુકવવાનો ઠરાવ કરી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૬૭નો ભંગ કરેલ છે જેને લઈને કમિશનર મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશનની કચેરી ૮-૮-૨૪ના રોજ સુનાવણી રાખી છે. જેમા વર્ષ ૨૦૧૯માં ડભોઈ નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર એસ.કે.ગરવાલ, પૂર્વ પ્રમુખ કાજલબેન દુલાણી, બિરેન શાહ પૂર્વ ચેરમેન નાણા સમિતિ ડભોઈ નગર પાલિકા, ઈઝરાયેલ પારીખાવાલા પૂર્વ સભ્ય, દાનિયલ સૈયદ પૂર્વ સભ્ય, દક્ષાબેન રબારી પૂર્વ સભ્યને નોટિસ ફટકારાઈ છે.

---

# શિહોરમાં મહિલા વકીલ સાથે કેસ અંગે અસીલ સહિતનાઓએ ધમકી આપી

**છ મહિના થવા છતાં કેમ ખાધાખોરાકીની રકમનો હુકમ થયેલ નથી કહી માર મારવાનો પ્રયત્ન**

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૭

શિહોરમાં રહેતા મહિલા વકીલને તેના અસીલ સહિત ચાર વ્યક્તિએ ખાધા ખોરાકી બાબતે ચાલતા કેસ મામલે બોલાચાલી કરી ગાળો આપી ધમકી આપતા મહિલા વકીલે ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત મુજબ શિહોરમાં આવેલ જલુના ચોકમાં રહેતા અને વિજય પેલેસમાં ઓફિસ ધરાવતા મહિલા વકીલ વહીદાબેન ગફારભાઈ પઢીયાર ગઈ કાલે બપોરે તેમની ઓફિસે હાજર હતા તે દરમિયાન તેમના અસીલ મિતલબેન નીરવભાઈ પંચાલ, અનુબેન ઉર્ફે અનસોયાબેન ઈશ્વરભાઈ મકવાણા, ધર્મેન્દ્ર ઈશ્વરભાઈ મકવાણા અને તૃપ્તિબેન ધર્મેન્દ્રભાઈ મકવાણા (રહે. તમામ સિહોર) તેમની ઓફિસે આવ્યા હતા અને ભાવનગર ફેમિલી કોર્ટમાં ભરણ પોષણનો કેસ ચાલે છે તેમાં છ મહિના થવા છતાં કેમ હજુ સુધી ખાધા ખોરાકીની રકમનો હુકમ થયેલ નથી, તેમ જ અમોને સમાધાન માટે તમે કેમ અગાઉ કહ્યું હતું, સામેવાળા પાસેથી તમે પૈસા લીધા છે ? તેમ કહીને બોલાચાલી અને ઝઘડો કરી ગાળો આપી માર મારવાનો પ્રયત્ન કરતા વહીદાબેને તેમની ઓફિસમાંથી બહાર નીકળી પોલીસને ફોન કરવાનું કહેતા આ તમામ ધમકી આપીને જતા રહ્યા હતા. આ બનાવ બાદ રાત્રીના સમયે મિતલબેને તેમને મોબાઈલ ફોન કરી માર મારવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે મહિલા વકીલ વહીદાબેન ગફારભાઈ પઢિયારે તેમના અસીલ મિતલબેન નીરવભાઈ પંચાલ, અનુબેન ઉર્ફે અનસોયાબેન ઈશ્વરભાઈ મકવાણા, ધર્મેન્દ્ર ઈશ્વરભાઈ મકવાણા અને તૃપ્તિબેન ધર્મેન્દ્રભાઈ મકવાણા વિરૂદ્ધ શિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

---

# પાલીતાણા દુષ્કર્મના કેસમાં ભત્રીજાને મદદગારી કરનાર યુવતીની જામીન અરજી રદ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૭

ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના સગાપરા ગામમાં રહેતા એક શખ્સે યુવતીને તેના પિતા અને ભાઈની હત્યા કરવાની ધમકી આપી એક યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચરેલ પરિણામે યુવતીને ગર્ભ રહી જતા યુવકના કાકા વૈશાલી નામના કિન્નરે યુવતીને બળજબરીથી ગર્ભપાતની ગોળીઓ ખવડાવી દુષ્કર્મના ગુનામાં મદદગારી કરી હતી. આ બનાવમાં વૈશાલી ઉર્ફે ફૈબાએ ભાવનગરના થર્ડ એડીશ્નલ સેશન્સ જજ રાઠોડની કોર્ટમાં જામીન અરજી મુકતા અદાલતે અરજદાર ફૈબાની જામીન અરજી નામંજૂર કરી હતી. દુષ્કર્મના આ કેસની વિગતો મુજબ પાલીતાણાના મેહુલ મનજીભાઈ પરમાર નામના શખ્સે એક યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. યુવતી ઘરે એકલી હોય ત્યારે તેના ઘરે જતો અને હું કહુ તેમ તારે કરવું પડશે. જો તુ મારુ કહ્યું નહી માને તો તારા પિતા અને ભાઈની હત્યા કરી નાંખીશ તેવી ધમકી આપી યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચરતો હોઈ કિશોરીને ગર્ભ રહી ગયો હતો. ગર્ભ રહી જતાં મેહુલના કાકા વૈશાલી ઉર્ફે ફૈબા નામના કિન્નરે મેહુલને મદદગારી કરી હતી અને તેણે યુવતીને ગર્ભપાતની ગોળીઓ આપી હતી. આ અંગે પાલિતાણા રૂરલ પોલીસે દુષ્કર્મમાં મદદગારીના ગુનામાં વૈશાલી ઉર્ફે ફૈબાની ધરપકડ કર્યા બાદ તે જેલમાં હોય તેણે ભાવનગરના થર્ડ એડીશ્નલ સેશન્સ જજ રાઠોડની કોર્ટમાં જામીન અરજી મુકી હતી. જામીન અરજીની સુનાવણીમાં સરકાર તરફે એડવોકેટે રજૂઆત કરી હતી કે, આરોપીએ સગીર કિશોરીને ગર્ભપાતની ટીકડીઓ આપી ગુનામાં મદદગારી કરી છે. જો જામીન અપાશે તો પુરાવા સાથે ચેડા કરશે. ન્યાયાધીશે બન્ને પક્ષની રજૂઆત સાંભળ્યા બાદ બનાવની ગંભીરતા અને અરજદારની ભૂમિકાને ધ્યાનમાં રાખી અરજદાર વૈશાલી ઉર્ફે ફૈબાની જમીન અરજી નામંજૂર કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# આસામ સરકારે નાગરિકત્વ અંગે નવો આદેશ આપ્યો, જેમાં મુસ્લિમોને બાકાત રાખવામાં આવ્યા છે : પણ શું તેનાથી બંગાળી હિંદુઓને લાભ થશે ?

## સરકારના નવા આદેશમાં બોર્ડર પોલીસને ૨૦૧૫ પહેલાં ભારતમાં આવેલા બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ જો તેઓ મુસ્લિમ હોય તો જ તેઓને વિદેશીઓની ટ્રિબ્યુનલમાં મોકલવા માટે કહેવામાં આવ્યું છે



**ચર્ચાની એરણે**

**- રકીબુઝ ઝમાન**

**આ**જથી ત્રણ વર્ષ પહેલા આસામ પોલીસની બોર્ડર વિંગ અજીત મહંતા બૈસ્નાબના ઘરે આવી હતી. બોંગાઈગાંવ જિલ્લામાં ૫૩ વર્ષીય ઈ-રિક્ષા ડ્રાઈવરને કહેવામાં આવ્યું હતું કે તે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ હોવાની શંકા છે અને ૨૦૦૨માં તેની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. બૈસ્નાબે સ્ક્રોલને કહ્યું કે, મને ખબર પણ ન હતી કે મારી સામે કેસ કરવામાં આવ્યો છે, પોલીસે મને વકીલ સાથે વાત કરવા અને કોર્ટમાં કેસ લડવાનું કહ્યું હતું.

બૈસ્નાબ પોતે વિદેશી હોવાનો ઈન્કાર કરે છે. તેણે કહ્યું કે તેનો જન્મ પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લામાં થયો હતો અને જ્યારે તે છ વર્ષનો હતો ત્યારે ગોસાઈગાંવ આવ્યો હતો. તેમણે કહ્યું કે, મેં ત્યાં ધોરણ ૪ સુધી અભ્યાસ કર્યો અને મારી પાસે ૧૯૮૨નું શાળા પ્રમાણપત્ર છે જે તે દર્શાવે પણ છે, તેણે એમ પણ કહ્યું કે તેની પાસે દસ્તાવેજો છે જે સાબિત કરે છે કે તેના પિતા ૧૯૫૭માં બંગાળના રહેવાસી હતા. છેલ્લા ત્રણ વર્ષથી, બૈસ્નાબના કેસની સુનાવણી વિદેશીઓના ટ્રિબ્યુનલ્સમાં થઈ રહી છે જે અર્ધ-ન્યાયિક સંસ્થા છે અને જે નાગરિકતાની બાબતો પર નિર્ણય કરે છે અને આસામ માટે તે અનન્ય છે. જો કે આસામ પોલીસે તેની સામેની ફરિયાદ પર કાર્યવાહી કરવા માટે જુલાઈ ૨૦૨૪ સુધી રાહ જોઈ હોત, તો બૈસ્નાબ આસામની ભુલભુલામણી સાથેની નાગરિકતા ટ્રાયલનો સામનો કરવાની મુશ્કેલીમાંથી બચી શક્યો હોત. ૫ જુલાઈના રોજ, આસામ સરકારના એક અધિકારીએ રાજ્ય પોલીસની બોર્ડર વિંગને એક પત્ર લખીને નિર્દેશ આપ્યો હતો કે બિનદસ્તાવેજીકૃત વસાહતીઓને એક શરતે ૨૦૧૫ પહેલા રાજ્યમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હોવાની શંકા હોય તો પણ તેઓને વિદેશીઓના ટ્રિબ્યુનલમાં મોકલવામાં ન આવે. નાગરિકતાના કેસોની તપાસ કરતી સરહદ પોલીસને આસામના ગૃહ વિભાગ દ્વારા કહેવામાં આવ્યું હતું કે હિંદુ, શીખ, ખ્રિસ્તી, પારસી, જૈન અને બૌદ્ધ ધર્મના બિનદસ્તાવેજીકૃત વસાહતીઓને નાગરિકતા સંશોધન અધિનિયમ પોર્ટલ પર નાગરિકતા માટે અરજી કરવાની "સલાહ" આપવી જોઈએ.

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ૨૦૧૯માં પસાર કરાયેલ વિવાદાસ્પદ નાગરિકતા સુધારો અધિનિયમ, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના છ લઘુમતી સમુદાયોના શરણાર્થીઓને નાગરિકતા માટે ઝડપી-ટ્રેક પ્રદાન કરે છે. આ કાયદામાં માત્ર મુસ્લિમોને જ આ રાહતનો ઈનકાર કરવામાં આવ્યો છે. જો કે શરત એ છે કે તેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા દેશમાં પ્રવેશ્યા હોવા જોઈએ, ભલે તેઓ ગેરકાયદેસર પણ આવ્યા હોય.

આ અધિનિયમમાં મુસ્લિમોને બાકાત રાખવા માટે તે ભેદભાવપૂર્ણ છે એવી ટીકા કરવામાં આવી છે, અને ૨૦૧૯માં દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા અને અમુક ઉગ્ર વિરોધ આસામમાં પણ કરવામાં આવ્યા હતા અને ૨૦૧૯ના આ વિરોધમાં પાંચ લોકો માર્યા ગયા હતા. આસામી રાષ્ટ્રવાદીઓને ભય હતો કે આ કાયદો લાગુ થશે તો ભારતના પડોશમાંથી લાખો સ્થળાંતર કરનારાઓ માટે દરવાજો ખુલશે અને ઉત્તરપૂર્વીય રાજ્યમાં તેઓ આવશે. આ વિરોધને લીધે આ કાયદાના અમલીકરણમાં ચાર વર્ષનો વિલંબ થયો હતો અને તેના નિયમો આ વર્ષે માર્ચમાં જ સૂચિત કરવામાં આવ્યા હતા.

અત્યાર સુધીમાં, આસામમાં આ કાયદાનો લાભ લેનારા બહુ ઓછા લોકો છે, બાંગ્લાદેશથી આસામમાં સ્થળાંતર કરનારા બંગાળી હિન્દુઓ આ કાયદા હેઠળ ભારતીય નાગરિકતા માટે અરજી કરવામાં અચકાય છે. બૈસ્નાબ જેવા બંગાળી હિંદુઓના કેસોને નજરઅંદાજ કરવા માટે બોર્ડર પોલીસને નિર્દેશ આપીને રાજ્ય સરકાર આને બદલવાની આશા રાખે છે. રાજ્યના ગૃહ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ ઓળખ ન આપવાની શરતે સ્ક્રોલને જણાવ્યું હતું કે આ નિર્દેશ પાછળનો હેતુ નાગરિકતા સુધારા કાયદાને લાગુ કરવાનો છે.

જો કે, નિષ્ણાતો નિર્દેશ કરે છે કે સરહદ પોલીસની તપાસમાંથી બિન-મુસ્લિમોને બાકાત રાખવાનો આ નિર્દેશ નાગરિકતા શાસન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે જે ધર્મના આધારે ભેદભાવ કરે છે અને જેની CAAમાં કલ્પના કરવામાં આવી છે. ગૌહાટી હાઈકોર્ટના એડવોકેટ સંતનુ બોરઠાકુરે જણાવ્યું હતું કે, હવે માત્ર મુસ્લિમોએ જ તેમની નાગરિકતા સાબિત કરવી પડશે અને તેમને વિદેશીઓની ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવશે. આ આદેશ બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન કરે છે કારણ કે CAA તેમના ધર્મના આધારે વ્યક્તિઓ વચ્ચે ભેદભાવ કરે છે.

બંગાળી હિંદુઓના પ્રતિનિધિઓએ આ આદેશનું સ્વાગત કર્યું છે, પણ તેઓ હજુ પણ એ અંગે અનિશ્ચિત છે કે શું આ મુક્તિ તેમની નાગરિકત્વની ઘણી ગૂંચ ઉકેલવા માટે યોગ્ય છે. આ સમુદાયના સભ્યો પણ CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવામાં અનિચ્છા ધરાવે છે, કારણ કે તેમાં દસ્તાવેજી પુરાવા સબમિટ કરવાનો સમાવેશ થાય છે કે આ વ્યક્તિએ અફઘાનિસ્તાન, પાકિસ્તાન અથવા બાંગ્લાદેશથી સ્થળાંતર કર્યું છે.

ગુવાહાટીના બંગાળી હિંદુઓના નેતા સંતનુ મુખર્જીએ કહ્યું કે, દરેક જણ જાણે છે કે કોઈ પણ વ્યક્તિ CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવા તૈયાર નથી. મુખ્યમંત્રી હવે બંગાળી હિંદુઓને ગેરમાર્ગે દોરે છે અને બ્લેકમેલ કરી રહ્યા છે જેથી તેઓને આ કાયદા હેઠળ અરજી કરવાની ફરજ પાડી શકાય.

દાખલા તરીકે, બૈસ્નાબના વકીલ એસ બાસુએ જણાવ્યું હતું કે ગૃહ વિભાગના આદેશની તેમના અસીલના કેસ પર કોઈ અસર થશે નહીં. તેમજ તે CAA હેઠળ નાગરિકતા માટે અરજી કરવા માટે તૈયાર ન હતો. જો FT ચુકાદો અમારી વિરુદ્ધ છે, તો અમે આગળના પગલા વિશે વિચારી શકીએ છીએ. શું આપણે તેને હાઈકોર્ટ સમક્ષ પડકારવું જોઈએ કે CAA હેઠળ અરજી કરવી જોઈએ ? આ કાયદાથી બંગાળી હિંદુઓને ફાયદો થશે કે નહીં, તેનું ચિત્ર હજુ પણ સ્પષ્ટ નથી.

CAA કાયદો બન્યો તે પહેલાં ૨૪ માર્ચ, ૧૯૭૧ પહેલા આસામમાં રહેતા લોકો અથવા તેમના વંશજો, આસામમાં ભારતીય નાગરિક બનવા માટે લાયક હતા. અને જેઓ આ તારીખ પછી રાજ્યમાં આવ્યા હતા તેઓને વિદેશીઓની ટ્રિબ્યુનલ સમક્ષ ટ્રાયલનો સામનો કરવો પડે તેમ છે. પરંતુ આસામ પોલીસને ૫ જુલાઈના પત્રે બંગાળી હિંદુઓને માફી આપીને આમાં ફેરફાર કર્યો છે. આ પત્ર મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાની સુનિશ્ચિત પ્રેસ કોન્ફરન્સના થોડા કલાકો પહેલાં મીડિયાને લીક કરવામાં આવ્યો હતો. આ પ્રેસ મીટમાં સરમાએ સ્પષ્ટતા કરી હતી કે ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ હોય તેવા કેસો છોડવામાં આવશે નહીં. પરંતુ અરજદારોને નાગરિકતા સુધારા અધિનિયમ હેઠળ નાગરિકતા માટે અરજી કરવા પ્રોત્સાહિત કરવા માટે તેઓને થોડા મહિના માટે રોકવામાં આવી શકે છે. મુખ્યમંત્રી સરમાએ કહ્યું કે, અમે એવા તમામ લોકોને (હિન્દુ બંગાળી) જેમના કેસ અલગ-અલગ અદાલતોમાં પડતર છે તેમને CAA હેઠળ અરજી કરવાની તક આપીશું, પરંતુ જો તેઓ CAA હેઠળ અરજી નહીં કરે, તો અમે કેસ દાખલ કરીશું.

ગૃહ વિભાગના પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ વિભાજન સાથેનો આદેશ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પછી આસામમાં પ્રવેશેલા લોકોને તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના લાગુ પડશે નહીં. તેઓને એકવાર શોધી કાઢવામાં આવે તે પછી, તેઓને આગળની કાર્યવાહી માટે તરત જ ફોરેનર્સ ટ્રિબ્યુનલમાં મોકલવા જોઈએ.

૫ જુલાઈના આદેશથી સરહદ પોલીસ અને વિદેશીઓની ટ્રિબ્યુનલ દ્વારા બંગાળી હિંદુઓની સતામણીનો અંત આવવાની અપેક્ષા છે. પૂર્વ ગૃહ સચિવ હિતેશ દેવ સરમાએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, ૨૦૧૪ સુધી આવેલા હિંદુ બંગાળીઓ સામે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં કોઈ કેસ ન હોવા જોઈએ કારણ કે તેઓ નવા નાગરિકત્વ કાયદા અનુસાર નાગરિકતા માટે પાત્ર છે. આ ઓર્ડરની સરળ અને સીધી સમજ એ છે કે તેઓને બિનજરૂરી રીતે હેરાન ન કરવા જોઈએ.

રાજ્યના ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીએ સ્વીકાર્યું હતું કે CAA વિદેશીઓની ટ્રિબ્યુનલ સમક્ષ પડતર કેસોનો સંદર્ભ આપતું નથી. પરંતુ એકવાર કોઈ ચોક્કસ વ્યક્તિ CAA મુજબ નાગરિકતા પ્રમાણપત્ર મેળવે છે, તો કેસ બંધ થઈ જશે.

હિંદુ બંગાળી સમુદાયના નાગરિકત્વ પરના એક સંશોધક, જેમણે પોતાની ઓળખવાનો ઈન્કાર કર્યો હતો, તેમણે આ ઓર્ડરને ગેમ ચેન્જિંગ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આસામના ઈતિહાસમાં, એવો કોઈ સત્તાવાર આદેશ નથી કે જેમાં પોલીસને બંગાળી હિંદુઓની તપાસ ન કરવા માટે કહેવામાં આવ્યું હોય. આ સંશોધકે કહ્યું કે, આ આદેશથી સ્પષ્ટ છે કે FTs અને સરહદ પોલીસ હવેથી માત્ર બંગાળી મૂળના મુસ્લિમોને જ નિશાન બનાવશે.

૨૦૨૨માં, હિમંતા બિસ્વા સરમાની આગેવાની હેઠળની સરકારે લગભગ ૪૦ લાખ "આસામી મુસ્લિમો"ને બંગાળી મૂળના મુસ્લિમ સમુદાયથી અલગ પાડવા માટે તેઓને સ્વદેશી દરજ્જો આપ્યો હતો. આ નાગરિકત્વની અજમાયશમાં સ્વદેશી મુસ્લિમોને ફાયદો થવાની સંભાવના છે, ભૂતકાળમાં તેઓને ભારતીય હોવાનું સાબિત કરવા માટે કહેવામાં આવ્યું નથી.

છેલ્લા છ દાયકાઓથી, આસામની રાજનીતિ બાંગ્લાદેશના બિનદસ્તાવેજીકૃત વસાહતીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સંસાધનો અંગે તેમના વિરોધની ભાવના અને ચિંતા ઊભી થઈ રહી છે. ૧૯૬૦ના દાયકામાં બોંગલ ખેડા આંદોલનથી લઈને તમામ બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાની માંગણી કરતી આસામ ચળવળ છ વર્ષો સુધી ચાલી હતી, અને આ દુશ્મનાવટને આસામમાં હિન્દુ અને મુસ્લિમ બંગાળીઓને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આસામી રાષ્ટ્રવાદના સમર્થકોએ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના, આ રાજ્યની સંસ્કૃતિ અને સંસાધનો માટે જોખમ તરીકે જુએ છે પરંતુ ભાજપ માને છે કે માત્ર મુસ્લિમ સ્થળાંતર કરનારા લોકો જ સ્વદેશી લોકોના હિતોને જોખમમાં મૂકે છે.

બંગાળી હિંદુ ઈમિગ્રન્ટ્સને રાહત આપતો વર્તમાન આદેશ પક્ષના વલણને અનુરૂપ છે. ભવિષ્યમાં બંગાળી હિંદુઓ સામે કોઈ નવા કેસ થશે નહીં.

બંગાળી હિંદુઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓએ જણાવ્યું હતું કે આ આદેશે લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરતી વખતે સરમાએ આપેલું વચન પણ પૂરું કર્યું છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંગાળી હિંદુ સમુદાયમાં ડી-મતદારોનો મુદ્દો છ મહિનામાં ઉકેલાઈ જશે. ડી-વોટર્સ, અથવા શંકાસ્પદ મતદારો, એ એક એવી શ્રેણી છે જે ચૂંટણી પંચે ૧૯૯૭માં જેઓની નાગરિકતા શંકાસ્પદ હતી તેમને ચિહ્નિત કરવા માટે બનાવી હતી. તેઓને મતાધિકારથી વંચિત કરવામાં આવ્યા હતા અને વિદેશીઓના ટ્રિબ્યુનલમાં મોકલવામાં આવ્યા હતા. સેંકડો લોકોને અટકાયત કેન્દ્રોમાં પણ મોકલવામાં આવ્યા હતા. સત્તાવાર માહિતી અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં, રાજ્યમાં ૧૦૦ વિદેશીઓ ટ્રિબ્યુનલ સમક્ષ ડી-વોટર્સના ૯૪,૧૪૯ જેટલા કેસ પેન્ડિંગ હતા.

આમાંના મોટાભાગના કેસો ૨૦૧૪ના હોવાને કારણે, તેમાંથી હિંદુ બંગાળીઓ ઓર્ડરથી ફાયદો ઉઠાવે છે. જો કે ગૃહ વિભાગના આદેશમાં ડી-મતદારોનો કોઈ ઉલ્લેખ નથી. આ આદેશથી બંગાળી હિંદુઓ પ્રોત્સાહિત થયા છે કે સરકાર અમારા માટે કંઈક કરી રહી છે. બંગાળી હિંદુઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતું એક જૂથ કહે છે કે, અન્ય કેટલાક બંગાળી હિંદુ જૂથો આસામની નાગરિકતા શાસનની ગૂંચવણોને જોતા આદેશની અસર વિશે શંકાસ્પદ છે. આસામના ભાષાકીય લઘુમતીઓના અધિકારોની હિમાયત કરતી નાગરિક અધિકાર સંરક્ષણ સમિતિના સચિવ કિશોરકુમાર ભટ્ટાચારીએ પૂછ્યું કે, એનઆરસીમાંથી બચેલા લાખો હિન્દુ બંગાળીઓનું શું થશે?

બાંગ્લાદેશથી મોટી સંખ્યામાં બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ રાજ્યમાં વસવાટ કરી રહ્યા હોવાની આશંકાઓની પૃષ્ઠભૂમિ સામે, આસામ નાગરિકોની સૂચિ બનાવવાના પ્રયાસમાં ૨૦૧૯માં આસામમાં NRC અથવા રાષ્ટ્રીય નાગરિક નોંધણી અપડેટ કરવામાં આવી હતી. રાજ્યના ૧૯ લાખથી વધુ રહેવાસીઓને રજિસ્ટરમાંથી બહાર રાખવામાં આવ્યા હતા, જે સંભવિતપણે તેમને રાજ્યવિહીનતાના ભવિષ્ય તરફ લઈ જાય છે. આસામના મુખ્યપ્રધાનના જણાવ્યા અનુસાર, તેમાંથી ૧૨ લાખ બંગાળી હિન્દુઓ હતા. નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝનમાંથી બાકાત કરાયેલા લોકોએ પણ તેમની નાગરિકતા સાબિત કરવા માટે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં અપીલ કરવી પડશે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ બંગાળી હિંદુઓને FTsમાં મોકલશે નહીં પરંતુ તેમનું ભવિષ્ય શું હશે? શું તેમને વચન મુજબ બિન-શરતી નાગરિકતા મળશે? CAA બંગાળી હિન્દુઓને મદદ કરશે નહીં.

શંકાનું કારણ એ સીએએનો એક એવો નિયમ છે જે અરજદારો પાસેથી દસ્તાવેજોની માંગણી કરે છે જે એ સાબિત કરે છે કે તેઓ બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અથવા પાકિસ્તાનથી આવ્યા છે. બીજું, તેઓએ એવા દસ્તાવેજો આપવા પડશે જે દર્શાવે છે કે તેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા ભારતમાં આવ્યા હતા. રાજ્યના ગૃહ વિભાગના અધિકારીઓએ સ્વીકાર્યું છે કે બાંગ્લાદેશના બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ CAA દ્વારા માંગવામાં આવેલા કાગળો બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. લોકો CAA હેઠળ અરજી કરી રહ્યા નથી કારણ કે તેમની પાસે પ્રમાણપત્ર અથવા દસ્તાવેજ નથી કે તેઓ મૂળ દેશ બાંગ્લાદેશથી આવ્યા છે. ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીએ સ્કોલને જણાવ્યું કે, તેઓને આ દસ્તાવેજ ક્યાંથી મળશે? તેઓ કદાચ ૫૦ વર્ષ પહેલા અહીં આવ્યા હશે. તેમણે કહ્યું કે આ અંગે "કંઈક" કરવું પડશે.

બંગાળી હિંદુ નેતા સંતનુ મુખર્જીએ ધ્યાન દોર્યું કે વિદેશીઓની ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ કેસો સામે કાર્યવાહી નહીં કરવાની સરમાની ખાતરી માત્ર મૌખિક હતી. આ આદેશમાં એવું કંઈ નથી જે ટ્રિબ્યુનલ્સમાં પેન્ડિંગ કેસ વિશે વાત કરે છે. ગૌહાટી હાઈકોર્ટના એડવોકેટ બોરઠાકુરે ધ્યાન દોર્યું કે CAA સામેના કાનૂની પડકારો પણ પરિસ્થિતિને જટિલ બનાવે છે. આ અધિનિયમની બંધારણીયતા પોતે જ પડકાર હેઠળ છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. સરકારે તે પડકારના પરિણામની રાહ જોવાની જરૂર હતી. જો સુપ્રીમ કોર્ટ અધિનિયમને ફગાવી દે, અને તે દરમિયાન આ લોકોને નાગરિકતા આપવામાં આવે, તો શું તેઓ તેમની નાગરિકતા રદ કરશે?

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# ઝારખંડ : પોલીસ અને આદિવાસી વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણમાં છ પોલીસ કર્મી સહિત ૧૫ ઘાયલ

(એજન્સી) તા.૨૭

પોલીસે જણાવ્યું હતું કે, ઝારખંડના પાકુર જિલ્લામાં પોલીસ અને આદિવાસી વિદ્યાર્થીઓ વચ્ચેની અથડામણમાં છ પોલીસ કર્મચારીઓ સહિત ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ઘટના જ્યારે પોલીસની એક ટીમ અપહરણ કેસની તપાસ માટે કેકેએમ કોલેજ કેમ્પસમાં પહોંચી હતી ત્યારે બની હતી. તેઓએ જણાવ્યું હતું કે, કોલેજ પરિસરમાં આદિવાસી છાત્રાલયના વિદ્યાર્થીઓના જૂથે કથિત રીતે કેમ્પસમાં પોલીસના પ્રવેશનો વિરોધ કર્યો હતો, જે પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણમાં ફેરવાઈ ગયું હતું. રાજ્ય ભાજપે આરોપ લગાવ્યો છે કે, જિલ્લાના મહેશપુર વિસ્તારમાં બાંગ્લાદેશી ઘૂસણખોરી સામે વિરોધ રેલી કાઢવાના હતા તેવા આદિવાસી વિદ્યાર્થીઓને પોલીસે નિર્દયતાથી માર માર્યો હતો. ભગવા પક્ષે આ ઘટનામાં સંડોવાયેલા પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. હોસ્ટેલના વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે પોલીસ દ્વારા લગભગ ૧૦ કેદીઓને નિર્દયતાથી મારવામાં આવ્યો હતો અને તેઓ પાકુરની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. એક વિદ્યાર્થીએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેમના વિરોધ છતાં કોલેજ કેમ્પસમાં બળજબરીથી પ્રવેશ કર્યો હતો. વિદ્યાર્થીએ નામ ન આપવાની વિનંતી કરતાં કહ્યું કે, 'તેઓએ અમારી સૂચિત રેલી વિશે પણ વાત કરી અને કહ્યું કે વિદ્યાર્થીઓએ રાજકારણમાં સામેલ થવું જોઈએ નહીં.' પાકુરના પોલીસ અધિક્ષક પ્રભાત કુમારે દાવો કર્યો હતો કે, આ ઘટના આદિવાસી છાત્ર સંઘ દ્વારા પ્રસ્તાવિત રેલી સાથે જોડાયેલી નથી કારણ કે, તેની પરવાનગી પેટા વિભાગીય અધિકારી દ્વારા પહેલેથી જ આપવામાં આવી હતી. એસપીએ મીડિયાને જણાવ્યું કે, 'શુક્રવારે રાત્રે ટાઉન પોલીસ સ્ટેશનને એક માતાપિતા પાસેથી માહિતી મળી હતી કે તેમના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું છે અને તેને ટીનપહાર વિસ્તાર તરફ લઈ જવામાં આવી રહ્યો છે. છોકરાના મોબાઈલ ટાવરનું સ્થાન KKM કોલેજની આસપાસ ટ્રેસ કરવામાં આવ્યું હતું. એક સ્થાનિક પેટ્રોલિંગ વાન જેમાં સબ ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે, એક કોન્સ્ટેબલ અને ડ્રાઈવરને સ્થળ પર મોકલવામાં આવ્યા હતા.' પોલીસે વિસ્તારના કેટલાક લોકોની પૂછપરછ કરી પરંતુ છોકરાનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ તેઓએ જોયું કે કોલેજનો ગેટ ખુલ્લો હતો અને અમે કેમ્પસમાં પ્રવેશ્યા હતા.

એસપીએ જણાવ્યું હતું કે, 'જ્યારે પોલીસે હોસ્ટેલના છાત્રને પૂછ્યું કે શું તેણે આ કેસ અંગે કોઈ પ્રવૃત્તિ જોઈ છે, તો તેણે પોલીસને પ્રશ્ન કર્યો કે તેઓ પરવાનગી વિના કોલેજ પરિસરમાં કેવી રીતે પ્રવેશ્યા. આનાથી તેમની વચ્ચે ઉગ્ર શબ્દોની આપ-લે થઈ.' તેમણે કહ્યું કે, વિદ્યાર્થી છાત્રાલયની અંદર ગયો અને હોકી લાકડીઓ અને લાઠીઓથી સજ્જ મોટી સંખ્યામાં અન્ય કેદીઓ સાથે પાછો ફર્યો.

કુમારે ઉમેર્યું કે, 'તેઓએ સબ-ઈન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલને નિર્દયતાથી માર માર્યો. પોલીસ કર્મચારીઓ કોઈક રીતે તેમના જીવ બચાવી કોલેજમાંથી ભાગવામાં સફળ થયા. વિદ્યાર્થીઓએ પોલીસ વાહનની વિન્ડશિલ્ડ પણ તોડી નાખી.' બાદમાં ટાઉન પોલીસ સ્ટેશનના પ્રભારી અનુપ રૌશન ભેંગરાના નેતૃત્વમાં પોલીસ દળને કોલેજ કેમ્પસમાં મોકલવામાં આવ્યું હતું, પરંતુ વિદ્યાર્થીઓ દ્વારા તેમના પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં છ જેટલા પોલીસ કર્મચારીઓ ઘાતકી રીતે ઘાયલ થયા હતા હોવાનું તેમણે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે પોલીસે હોસ્ટેલના ૧૦૦ છાત્રો વિરૂદ્ધ FIR દાખલ કરી છે. ઝારખંડ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમર બૌરીએ આક્ષેપ કર્યો હતો કે હેમંત સોરેનની આગેવાનીવાળી સરકારે 'આદિવાસીઓ પર ત્રાસની તમામ હદો' વટાવી દીધી છે. બૌરીએ આક્ષેપ કર્યો હતો કે, મહેશપુર વિધાનસભા સીટના ગાયબથાન વિસ્તારમાં મુસ્લિમ ઘૂસણખોરોએ આદિવાસીઓની જમીન હડપ કરી હતી. જ્યારે જમીનના માલિકોએ વિરોધ કર્યો ત્યારે તેમને માર મારવામાં આવ્યો હતો. જ્યારે પ્રશાસને કોઈ પગલાં ન લીધા ત્યારે પાકુરમાં આદિવાસી સંગઠનોએ શનિવારે મેગા રેલી યોજવાનું નક્કી કર્યું. આ ઘટના ઘૂસણખોરો સામે પગલાં લેવાને બદલે પોલીસે KKM કોલેજમાં એક આદિવાસી છાત્રાલયની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓને નિર્દયતાથી માર્યા, જેઓ આંદોલનનું નેતૃત્વ કરવાના હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ બાબુલાલ મરાંડીએ આક્ષેપ કર્યો હતો કે બાંગ્લાદેશી ઘૂસણખોરી ઝારખંડની 'ઓળખ અને અસ્તિત્વ' માટે જોખમ ઊભી કરી રહી છે. મરાંડીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, 'આ ઘટનામાં સામેલ તમામ પોલીસકર્મીઓ સામે કેસ દાખલ કરીને કડક પગલાં લો. પાકુરના ડેપ્યુટી કમિશનરે તમામ ઘાયલ વિદ્યાર્થીઓની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.'

# ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં કાવડ સાથે કાર અથડાતા કાવડિયાઓએ હોબાળો કર્યો

(એજન્સી) તા, ૨૭

શ્રાવણ માસ દરમિયાન ગાઝિયાબાદ જિલ્લાના મુરાદનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રાવલી રોડ પાસે શનિવારે કારની ટક્કરથી કાવડિયાના કાવડ તૂટી ગયા. ઘટના દરમિયાન કાવડિયાઓ ગુસ્સે ભરાયા હતા અને કાર ચાલકને બહાર કાઢીને માર માર્યો હતો. કાર તોડફોડ કરી રસ્તા વચ્ચે પલટી મારી ગઈ હતી. કાવડ તોડવાના કારણે કાંવડીયાઓ લગભગ એક કલાક સુધી ગુસ્સે રહ્યા. તેઓએ દિલ્હી-મેરઠ રોડ પર હોબાળો કર્યો હતો. જેના કારણે ટ્રાફિક જામ થયો હતો અને મુસાફરોને પણ ભારે હાલાકીનો સામનો



કરવો પડ્યો હતો. માહિતી મળતાં એસીપી નરેશ પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કાવડીયાઓ સાથે વાત કરી અને સમજાવ્યું. આ પછી કાવડયાઓને આગળ મોકલવામાં આવ્યા.

# કોઈપણ ધર્મ પાળવાની સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવે છે : કેરળ હાઈકોર્ટ

(એજન્સી) તા.૨૭

કેરળ હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે વ્યક્તિ માત્ર જન્મથી જ એક ધર્મ સુધી સીમિત ન રહી શકે. કોર્ટે અવલોકન કર્યું કે જો કોઈ વ્યક્તિ નવો ધર્મ અપનાવવા માટે તેમની સ્વતંત્રતાનો ઉપયોગ કરે છે, તો તેમના રેકોર્ડમાં આ ફેરફારને પ્રતિબિંબિત કરવો જોઈએ. જસ્ટિસ વી.જી. અરૂણે આ અવલોકન કોચીના બે ભાઈઓ, લોહિથ એસ અને લોગિથને હિંદુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં રૂપાંતર કર્યા પછી તેમના શાળાના પ્રમાણપત્રોમાં ધર્મ બદલવાની પરવાનગી આપતી વખતે કર્યું હતું. ભાઈઓ, જેઓ હિંદુ માતા-પિતાને ત્યાં જન્મ્યા હતા અને મે ૨૦૧૭ સુધી હિંદુ ધર્મને અનુસરતા હતા, તેઓએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો અને માવેલીકારામાં મલંકારા કેથોલિક ચર્ચમાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. કોર્ટે કહ્યું કે, "જો તે સ્વીકારવામાં આવે કે શાળાના પ્રમાણપત્રોમાં ધર્મ પરિવર્તનને સક્ષમ કરતી કોઈ જોગવાઈ નથી, તો પણ ફક્ત તેના જન્મના કારણે તે વ્યક્તિને એક ધર્મ સાથે જોડવાનું કોઈ કારણ નથી. બંધારણના અનુચ્છેદ ૨૫(૧) દ્વારા પોતાની પસંદગીના કોઈપણ ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ તે સ્વતંત્રતાનો ઉપયોગ કરીને અન્ય ધર્મ અપનાવે છે, તો તેના રેકોર્ડમાં જરૂરી સુધારા કરવા પડશે, " તેમના ધર્માંતરણ પછી, લોહિથ અને લોગિથે તેમના શાળાના રેકોર્ડમાં તેમના ધર્મને અપડેટ કરવાનો પ્રયાસ કર્યો. તેમ છતાં તેમના નામ બદલવાની તેમની વિનંતી મંજૂર કરવામાં આવી હતી, તેમ છતાં શાળાના પ્રમાણપત્રોમાં આવા ફેરફાર માટે કોઈ કાયદાકીય જોગવાઈ ન હોવાના આધારે તેમની ધર્મ બદલવાની અરજીને શરૂઆતમાં નકારી કાઢવામાં આવી હતી. જો કે, કોર્ટે ભાઈઓની તરફેણમાં ચુકાદો આપતાં જણાવ્યું હતું કે શાળાના રેકોર્ડમાં ધર્મ બદલવા માટેની કોઈ ચોક્કસ જોગવાઈની ગેરહાજરીમાં પણ, જે વ્યક્તિઓ નવો ધર્મ અપનાવે છે તેઓ આ ફેરફાર તેમના સત્તાવાર દસ્તાવેજોમાં પ્રતિબિંબિત કરવા માટે હકદાર છે. કોર્ટે કહ્યું, "Ext.P૧૦ ચુકાદામાં યોગ્ય રીતે અવલોકન કર્યા મુજબ, સુધારણા હાથ ધરવાનો ઈન્કાર અરજદારોના ભાવિ પર પ્રતિકૂળ અસર કરશે. વધુમાં, આવો કઠોર અભિગમ બંધારણીય ગેરંટીની પણ વિરૂદ્ધ છે."

# સુઝુકીએ 125cc સેગમેન્ટમાં ૩,૮૮,૪૧૧ સ્કૂટર પાછા ખેંચી લીધા : તેનું કારણ ?

(એજન્સી) તા.૨૭

ઓટો ન્યૂઝ ડેસ્ક-જાપાનની પ્રખ્યાત ટુ-વ્હીલર ઉત્પાદક સુઝુકીને લઈને આ સમયે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કંપનીએ તેની લાઈનઅપમાં 125cc સ્કૂટરના ત્રણ મોડલ પાછા ખેંચી લીધા છે. આ સાથે, કંપનીએ તેની એડવેન્ચર બાઈક 800 DEના કેટલાક યુનિટ પણ પાછા લઈ લીધા છે. કંપનીના આ નિર્ણયથી કુલ ૩,૮૮,૪૧૧ વાહનોને અસર થશે. આ કંપની દ્વારા કયા મોડલ્સને પાછા લઈ લેવામાં આવ્યા છે અને આ નિર્ણય પાછળનું કારણ શું છે?

**કયા મોડેલો પાછા બોલાવવામાં આવ્યા છે ?**

સુઝુકીએ તેના સૌથી વધુ વેચાતા 125cc સ્કૂટર્સ એક્સેસ, એવેન્સિસ અને બર્ગમેનના યુનિટ પાછા ખેંચી લીધા છે. ૩૦ એપ્રિલ, ૨૦૨૨ અને ૨ ડિસેમ્બર, ૨૦૨૨ વચ્ચે ઉત્પાદિત સ્કૂટર્સને પાછા લેવામાં આવ્યા છે. કંપની દ્વારા રિકોલ કરાયેલા સ્કૂટર્સમાંથી ૨ લાખ ૬૦ હજાર સ્કૂટર્સ માત્ર એક્સેસ ૧૨૫ મોડલના છે. તેમજ એવેન્સિસ ૧૨૫ સ્કૂટરના ૫૨,૫૭૮ યુનિટ અને બર્ગમેન ૧૨૫ના ૭૨,૦૪૫ યુનિટ પાછા લેવામાં આવ્યા છે. કંપનીએ ગ્રાહકોને સ્કૂટરને નજીકના સર્વિસ સેન્ટર પર લઈ જવા અને શક્ય તેટલી વહેલી તકે તેની તપાસ કરાવવા જણાવ્યું છે.

**કારણ શું છે ?** સુઝુકી દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય ઈગ્નીશન કોઈલ સાથે ફીટ કરવામાં આવેલ હાઈ ટેન્શન કોર્ડમાં ખામીને કારણે લેવામાં આવ્યો છે. કંપનીનું કહેવું છે કે સંબંધિત સમસ્યાના કારણે ગ્રાહકોને એન્જિન બંધ થવા અને શરૂ કરવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. આ કારણોસર, કંપનીએ કહ્યું છે કે સ્કૂટરને નજીકના સર્વિસ સેન્ટર પર લઈ જાઓ અને તેની તપાસ કરાવો અને જો કોઈ સમસ્યા ઊભી થશે તો તેને સર્વિસ સેન્ટર દ્વારા ઠીક કરવામાં આવશે.

# બેંગ્લુરૂ પીજી મર્ડર કેસ : અભિષેકે કૃતિ કુમારીની હત્યા કેમ કરી ? તપાસમાં શું બહાર આવ્યું

### આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, પોલીસે જણાવ્યું કે, અભિષેક બેંગ્લુરૂમાં હોસ્ટેલ (પીજી આવાસ)માં પ્રવેશ્યો જ્યાં પીડિતા અન્ય મહિલા સાથે રહેતી હતી, પીડિતા મૂળ બિહારની રહેવાસી હતી

(એજન્સી) તા.૨૭

બેંગ્લુરૂના કોરમંગલામાં ૨૩ જુલાઈના રોજ પેઈંગ ગેસ્ટ સુવિધા તરીકે રહેતી ૨૪ વર્ષની કૃતિ કુમારીની હત્યાની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે. તપાસમાં આરોપી પીડિતાના રૂમમેટ સાથે રોમેન્ટિક રીતે સંકળાયેલો હોવાનું માનવામાં આવે છે અને ઘણીવાર રૂમમેટ સાથે વિવાદમાં હોવાનું જણાયું હતું. યુવતીની હત્યા કરનાર આરોપીને પોલીસે પકડી લીધો છે. શંકાસ્પદની ઓળખ અભિષેક તરીકે થઈ હતી અને તેની ભોપાલમાં ધરપકડ કરવામાં આવી હતી. ન્યુઝ એજન્સીના અહેવાલ મુજબ કૃતિ કુમાર અને તેના રૂમમેટ અવારનવાર તેની સાથે તેની બેરોજગારી અંગે દલીલો કરતા હતા. કૃતિ કુમારી, જે બેંગ્લુરૂમાં એક ખાનગી કંપનીમાં કામ કરતી હતી, તે ક્યારેક આ વિવાદોમાં ફસાઈ જતી, તેથી તેણીએ તેના રૂમમેટને તેના ભાગીદારથી અંતર જાળવવાનું સૂચન કર્યું હતું. અહેવાલ અનુસાર સંબંધો વધુ ખરાબ થતા કૃતિ કુમારી અને તેના મિત્રો આરોપીઓને અવગણતા હતા. અભિષેકે થોડા સમય પહેલા તેમના પીજી આવાસમાં હંગામો મચાવ્યો હતો જ્યારે કૃતિ કુમારીએ તેની મિત્રને નવી હોસ્ટેલમાં શિફ્ટ થવામાં મદદ કરી હતી. ભોપાલમાં અભિષેકની ધરપકડ બાદ બેંગ્લુરૂ પોલીસ કમિશનર બી. દયાનંદે સમાચાર એજન્સીના જણાવ્યું કે, તેને ટ્રાન્ઝિટ ડિમાન્ડ પર બેંગ્લુરૂ લાવવામાં આવી રહ્યો છે. જો કે, પોલીસે હજુ સુધી હત્યારાના હેતુ અંગે સત્તાવાર સ્પષ્ટતા કરી નથી. શુક્રવારે ઘાતકી હત્યાના સીસીટીવી કેમેરા ફૂટેજ ઈન્ટરનેટ પર સામે આવ્યા અને વાયરલ થયા હતા. વીડિયોમાં આરોપી પોલીથીન બેગ લઈને હોસ્ટેલના કોરિડોરમાં જતો જોવા મળે છે. અભિષેક દરવાજો ખખડાવે છે અને જ્યારે તેણીએ તે ખોલ્યું, ત્યારે તે કૃતિને બહાર ખેંચે છે. કુમારીના પ્રતિકાર છતાં હત્યારાએ તેણીનું ગળું કાપી નાખ્યું અને તેણીને વારંવાર ચાકુ માર્યા હતા. પીડિતાના પતન પછી પણ હત્યારાએ તેને વાળથી પકડી રાખ્યો હતો અને તે પહેલાં તેણીને ચાકુ મારવાનું ચાલુ રાખ્યું હતું પછી તે તે ભાગી જાય છે. જોરદાર અવાજ સાંભળીને લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા પરંતુ તેણીને બચાવી શક્યા નહીં.

# બાળ વિકાસ મંત્રાલયે કહ્યું કે, ભારતના પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૩૬ ટકા બાળકો કુપોષિત છે : કોંગ્રેસે મોદી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, આ એ જ સરકાર છે જેણે નાસ્તો સામેલ કરવા માટે મધ્યાહ્ન ભોજનના વિસ્તરણ માટે ફંડ આપ્યું ન હતું

(એજન્સી) તા.૨૭

કોંગ્રેસે શનિવારે બાળકોના કુપોષણના મુદ્દા પર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે આ એક માનવીય દુર્ઘટના છે અને ભારતનું ભવિષ્ય આપણી નજર સામે ખતમ થઈ રહ્યું છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે શુક્રવારે કહ્યું કે ૦-૫ વર્ષની વય જૂથના લગભગ ૧૭ ટકા બાળકોનું વજન ઓછું છે, જ્યારે ૩૬ ટકા કુપોષિત છે અને છ ટકા કમજોર છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, બિન-જૈવિક વડા પ્રધાનની સરકારે સ્વીકાર્યું છે કે ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૫૦ ટકાથી વધુ બાળકો ક્રોનિક કુપોષણથી પીડાય છે. ૧૭ ટકા ઓછા વજનવાળા છે, ૩૬ ટકા કુપોષિત છે અને છ ટકા કમજોર છે. આ એક માનવીય દુર્ઘટના છે, અને સામાજિક-આર્થિક આપત્તિ તોળાઈ રહી છે. બાળ કુપોષણના લાંબા ગાળાના સ્વાસ્થ્ય તેમજ શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પરિણામો પર ગંભીર પરિણામો છે. ભારતનું ભવિષ્ય આપણી નજર સમક્ષ બરબાદ થઈ રહ્યું છે. યાદ રાખો કે આ એ જ સરકાર છે જેણે ૪,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નાસ્તાનો સમાવેશ કરવા માટે મધ્યાહન ભોજનના વિસ્તરણને નકારી કાઢ્યું હતું. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે, જૂન ૨૦૨૪ના પોશન ટ્રેકર ડેટા અનુસાર, છ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૮.૫૭ કરોડ બાળકોનું માપન કરવામાં આવ્યું હતું, જેમાંથી ૩૫ ટકા કુપોષિત હોવાનું જણાયું હતું. માત્ર ૧૭ ટકા ઓછા વજનવાળા અને પાંચ વર્ષથી નીચેના માત્ર છ ટકા બાળકો કમજોર હોવાનું જણાયું હતું.

**હદીસ બોધ**

પાડોશીને મુસીબતના સમયે દિલાસો આપો અને ખુશીના પ્રસંગે તેને મુબારકબાદ આપો. -હદીસ બોધ

**બોધ વચન**

મનુષ્યની મહાનતા તેના વિચારમાં રહેલી છે. સારા વિચાર કરવા એ જ મોટું કર્તવ્ય છે. -પાસ્કલ

**આજની આરસી**

૨૮ જુલાઈ રવિવાર ૨૦૨૪
૨૧ મોહર્રમ હિજરી ૧૪૪૬
અષાઢ વદ આઠમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૪૧
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# યુપી : દલિતો અને પછાત વર્ગોમાં પ્રવેશ કરવાની સંઘની યોજના, આ કરવામાં આવશે; એસપીના પીડીએ સમીકરણને નષ્ટ કરવાની વ્યૂહરચના




(એજન્સી) તા.૨૭

રાણસી સંઘના વડા મોહન ભાગવતે કાશીમાં તેમના એક દિવસના રોકાણ દરમિયાન શાખા વિસ્તરણ અંગે ચર્ચા કરી હતી. તેઓ ગાઝીપુર શહીદ અબ્દુલ હમીદના કાર્યક્રમમાં ભાગ લેવા માટે રવાના થયા તે દરમિયાન તેમણે કહ્યું કે સંઘ દલિતો અને પછાત વર્ગોમાં પ્રવેશ કરશે.

RSSના વડા મોહન ભાગવતે સિગ્રા સ્થિત ઓફિસમાં શાખામાં ભાગ લીધો હતો. સંઘના અધિકારીઓ સાથે શાખા વિસ્તરણ અંગે ચર્ચા કરી. દલિતો અને પછાત વર્ગોને શક્ય તેટલું બ્રાન્ચમાં ઉમેરવા જણાવાયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં શાખાના વિસ્તરણની સાથે સાથે આ સમાજના સભ્યોની સંખ્યા વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષ નિમિત્તે આવતા વર્ષે શતાબ્દી વર્ષની ઉજવણીની તૈયારીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પછી, તેઓ ગાઝીપુરમાં અબ્દુલ હમીદની જન્મજયંતિ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા માટે રવાના થયાં હતા. શતાબ્દી વર્ષ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન યોજાનાર સંઘના કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે સામાજિક સમરસતા વધારવા સાથે દલિતો અને પછાત વર્ગોમાં પ્રવેશ કરવા માટે વધુ કામ કરવાની જરૂર છે. સંઘની શાખાઓના વિસ્તરણ અને પ્રચારકોની સંખ્યા વધારવા માટે વિશેષ પ્રયત્નોની જરૂર છે. દલિત વસાહતોમાં સામાજિક સમરસતાના કાર્યક્રમો ચલાવવા અને તેમના પ્રશ્નોના નિરાકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે સંઘ પહેલાથી જ સહભોજ કાર્યક્રમો ચલાવી ચૂક્યું છે, આ કાર્યક્રમને વધુ મજબૂતીથી આગળ વધારવા માટે સૂચના આપવામાં આવી છે. એવું માનવામાં આવે છે કે સંઘે સપાના પીડીએ સમીકરણને તોડી પાડવા અને હિન્દુત્વને મજબૂત કરવાની દિશામાં કામ કરવાનું શરૂ કરી દીધું છે.

# ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં ઉત્તરપ્રદેશમાં દલિતો સુધી પહોંચવા કોંગ્રેસનું વ્યાપક આયોજન

## તેના SC એકમને પાયાના સ્તરે મજબૂત કરવા માટે સંગઠનમાં અગ્રણી દલિત નેતાઓને નવી ભૂમિકાઓ સોંપવા અંગે પણ ચર્ચા થઈ રહી છે

(એજન્સી) તા.૨૭

ઉત્તરપ્રદેશમાં તેના પરંપરાગત દલિત મતદાર આધારના નોંધપાત્ર હિસ્સાને પુનઃપ્રાપ્ત કરવામાં તેની તાજેતરની સફળતાની લહેર પર સવાર થઈને કોંગ્રેસ પાર્ટીએ ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા આ સમર્થનને મજબૂત કરવા માટે મહત્વાકાંક્ષી આઉટરીચ ઝુંબેશ શરૂ કરી છે. આ વ્યાપક ઝુંબેશ વ્યૂહરચનામાં દલિત સમુદાયમાં લક્ષિત સદસ્યતા અભિયાન દરેક વિધાનસભા મતવિસ્તારમાં મુખ્ય દલિત પ્રભાવકોને ઓળખવા અને ચોક્કસ સમુદાયના મુદ્દાઓને સંબોધવા માટે પ્રાદેશિક 'સંમેલનો' અને જિલ્લા-સ્તરની 'દલિત ચૌપલો'નું આયોજન કરવાનો સમાવેશ થાય છે. ''તાજેતરની લોકસભાની ચૂંટણીઓ દર્શાવે છે કે દલિતો ભાજપથી દૂર થઈ ગયા છે, જેમાં ઘણા કોંગ્રેસ અને એસપી ગઠબંધનને સમર્થન આપે છે. વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક રાજેશ એન. બાજપેયીએ જણાવ્યું હતું કે, સંમેલન, ચૌપાલો અથવા સમાન મેળાવડા દ્વારા દલિતો સાથે જોડાવવાની કોંગ્રેસની વ્યૂહરચના એ એક સ્માર્ટ ચાલ છે. CSDS દ્વારા વિશ્લેષણ દર્શાવે છે કે 'બંધારણ બચાવો' ઝુંબેશને કારણે લગભગ ૬% દલિત મતો ઈન્ડિયા ગઠબંધનમાં સ્થાનાંતરિત થયા છે, જે ચૂંટણીમાં વિપક્ષની સફળતામાં ફાળો આપે છે. લખનૌમાં રાજ્ય કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે તાજેતરમાં ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન રાજ્યભરના અગ્રણી દલિત નેતાઓના ઈનપુટ સાથે વિગતવાર ૧૫-દિવસીય કાર્ય યોજના ઘડવામાં આવી હતી. જો કે, હજુ સુધી આ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પ્રારંભિક સંમેલન ગોરખપુર (CM યોગી આદિત્યનાથનો ગઢ), લખનૌ (મધ્ય યુપી), વારાણસી (PM નરેન્દ્ર મોદીનો સંસદીય મતવિસ્તાર) અને મેરઠ (પશ્ચિમ યુપી) માટે આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ પહેલ પાર્ટીના હાઈકમાન્ડના નિર્દેશોનું પાલન કરે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અમરનાથ અગ્રવાલે જણાવ્યું હતું કે, ''દલિતોએ ઐતિહાસિક રીતે અમને ટેકો આપ્યો છે, પરંતુ કેટલીક ગેરસમજને કારણે, તેઓ સમય જતાં દૂર થઈ ગયા. તાજેતરની ચૂંટણીઓમાં જો કે, તેઓએ અમને સમર્થન આપ્યું, કાં તો બંધારણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને કારણે અથવા રાહુલ જીના કારણે.'' યુપી કોંગ્રેસના અનુસૂચિત જાતિ (એસસી) વિભાગના વડા અને યુપી પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ આલોક પ્રસાદે આ લાગણીનો પડઘો પાડ્યો હતો. તેમણે કહ્યું, '૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દલિતોએ કોંગ્રેસમાં વિશ્વાસ દર્શાવ્યો છે અને હવે તે આત્મવિશ્વાસ વધારવાની અમારી જવાબદારી છે.' પ્રસાદે ઉમેર્યું, 'રાહુલ જી અને કોંગ્રેસ તેમને સમજાવવામાં સક્ષમ રહ્યા હતા કે ભાજપને મત આપવાથી બંધારણમાં ફેરફાર થઈ શકે છે.' પ્રસાદે દલિત સમુદાયને અસર કરતા મુખ્ય મુદ્દાઓ જેમ કે જમીન વિવાદ, આરક્ષણ લાભો અને શિષ્યવૃત્તિ કૌભાંડો પર ધ્યાન આપીને આ સમર્થનને વળતર આપવાની પક્ષની જવાબદારી પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, 'જો દલિતોએ અમારી તરફ એક પગલું ભર્યું છે, તો અમારે તેમની તરફ વધુ એક પગલું ભરવું જોઈએ.' પાર્ટી ગોરખપુરમાં વિભાગીય-સ્તરના 'દલિત સંમેલનો' પછી સભ્યપદ અભિયાન શરૂ કરવાની યોજના ધરાવે છે, જેમાં દરેક વિધાનસભા ક્ષેત્રમાંથી ઓછામાં ઓછા ૧૦૦૦ નોંધપાત્ર દલિત વ્યક્તિઓની નોંધણી કરવાનો લક્ષ્યાંક છે. વધુમાં જિલ્લા પક્ષના એકમો સાથે સંકલન કરીને દલિત બહુલ વિસ્તારોમાં પખવાડિયે 'દલિત ચૌપાલો' યોજવામાં આવશે. તેના SC એકમને પાયાના સ્તરે મજબૂત કરવા માટે સંગઠનમાં અગ્રણી દલિત નેતાઓને નવી ભૂમિકાઓ સોંપવા અંગે પણ ચર્ચા થઈ રહી છે. આઉટરીચ ઝુંબેશ ડૉક્ટરો અને શિક્ષકો સહિત દલિત સમુદાયના વ્યાવસાયિકોને તેમની ચોક્કસ ચિંતાઓને દૂર કરવા માટે પણ જોડશે. ઘણા નિરીક્ષકો સમાજવાદી પાર્ટીના ફૈઝાબાદના સાંસદ અવધેશ પ્રસાદને લોકસભાના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટવા માટેના દબાણને શાસક ભાજપને પડકારવાની વ્યૂહાત્મક ચાલ તરીકે જુએ છે, ખાસ કરીને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગૃહમાં પ્રસાદના મહત્વ પર ભાર મૂક્યા પછી. આ પગલાને ઈન્ડિયા જૂથના એ સંદેશ તરીકે જોવામાં આવે છે કે તે દલિત નેતાઓને ઉન્નત કરવા માટે પ્રતિબદ્ધ છે. અન્ય કોંગ્રેસના નેતા મારૂફ ખાને જણાવ્યું હતું કે, 'આ SP અને કોંગ્રેસ વચ્ચે સારો સંકલન પણ દર્શાવે છે કારણ કે, બંને પ્રસાદ કે જે એક એક પાસી દલિત નેતા છે તેમને લોકસભામાં ટોચના હોદ્દા પર પ્રમોટ કરવા માટે તૈયાર હતા.'

# ગ્રાઉન્ડ રિપોર્ટ : MPની બૈગા આદિજાતિ મૂળભૂત જરૂરિયાતોથી વંચિત, પર્વત પર ખાડાઓ ખોદીને દૂષિત પાણી પીવા માટે મજબૂર

## અનુપપુરના બૈગંટોલામાં લગભગ ૭-૮ ફૂટ ઊંડા ખાડાઓ ખોદવામાં આવ્યા છે, આ ખાડાઓમાં રાત્રે પહાડોમાંથી કુદરતી પાણી એકઠું થાય છે, આ પાણી પીને લોકો બીમાર પડી રહ્યા છે, દરમિયાન હજુ સુધી ગાદીદાદરમાં વીજળી પહોંચી નથી

(એજન્સી) તા.૨૭

ભોપાલ મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાના ઘણા આદિવાસી ગામોમાં હજુ સુધી રસ્તા, પાણી અને વીજળી પહોંચી નથી. મીડિયા સાથે વાત કરતા, બૈગંટોલા ગામની રહેવાસી ૨૪ વર્ષીય શામલી બાઈએ કહ્યું, ''અમે અંધકારમાં જીવીએ છીએ. અમને પ્રકાશની આશા ઓછી છે. ગામમાં વીજળી પહોંચવી એ સ્વપ્ન સમાન છે. સાંજ પડતાં જ અમે લાકડાં સળગાવીને પ્રકાશ પાડીએ છીએ. અમને ચાંદની રાત ગમે છે, એ રાતોમાં ગામ ઝળહળી ઉઠે છે.'' રાજધાની ભોપાલથી લગભગ ૬૦૦ કિ.મી. દૂર આવેલા અનુપપુર જિલ્લામાં બૈગા જનજાતિનું વર્ચસ્વ ધરાવતા ગામો હજુ પણ મૂળભૂત સુવિધાઓથી દૂર છે. તેમની સમસ્યાઓ વિશે જાણવા માટે, મીડિયાની ટીમ પુષ્પરાજગઢના તે વિસ્તારોમાં પહોંચી જ્યાં સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી મૂળભૂત સુવિધાઓ હજુ પણ ગાયબ છે.

આદિવાસી સમુદાયની વિશેષ પછાત જાતિ (PVTGs) બૈગા સમુદાયના લોકો અનુપપુરમાં રહે છે. આ વિસ્તારોમાં કેટલાક વિસ્તારો અને ગામડાઓ સુધી પહોંચવા માટે કોઈ રસ્તો નથી, ત્યાં પગપાળા જ પહોંચી શકાય છે. સૌ પ્રથમ અમે પુષ્પરાજગઢ વિસ્તારના ગ્રામ પંચાયત બોધા હેઠળના ગડીદાદર ગામમાં પહોંચ્યા, આ આદિવાસી બહુલ ગામની વસ્તી લગભગ ૯૦૦ હશે. પરંતુ દેશની આઝાદી પછી આ ગામમાં કોઈએ વીજળી જોઈ નથી.

મીડિયા સાથે વાત કરતા, ગાદી દાદર ગામની રહેવાસી ઈન્દ્રાવતી કહે છે, આઠ વર્ષ પહેલાં મારા લગ્ન આ ગામના સુરેન્દ્ર સિંહ સાથે થયા હતા અને જ્યારે હું ગાડી દાદરમાં મારા સસરાના ઘરે પહોંચી ત્યારે અહીં વીજળી નહોતી. તે સમયે મને કહેવામાં આવ્યું હતું કે થોડા દિવસો પછી વીજળી આવશે પરંતુ હવે ૮ વર્ષ પછી પણ ગામમાં વીજળી પહોંચી નથી.

ગામના અન્ય લોકોએ જણાવ્યું કે, દરેક વખતે તેમને કહેવામાં આવે છે કે જલ્દી વીજળી આવશે પરંતુ હજુ સુધી કોઈ સમાચાર નથી. ગ્રામજનોનો આરોપ છે કે જ્યારે પણ ચૂંટણી આવે છે ત્યારે તેમના ગામમાં વીજળી આપવાનું વચન આપવામાં આવે છે, પરંતુ કંઈ કરવામાં આવતું નથી. દરમિયાન પંચાયત સચિવ નંદકિશોર સરિવને જણાવ્યું કે આ ગામમાં વર્ષો પહેલા થાંભલા લગાવવામાં આવ્યા હતા પરંતુ વીજળી પહોંચી નથી.



ગાડી દાદર પછી અમે પુષ્પરાજગઢ વિસ્તારના એક એવા ગામમાં પહોંચ્યા જ્યાં ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર જવા માટે કોઈ રસ્તો નથી. આ ગામ શહેરી વિસ્તારથી સાવ કપાયેલું છે. ગુટ્ટીપરા ગ્રામ પંચાયત હેઠળનું બાળગંટોલા ગામ રોડથી લગભગ ૫ કિલોમીટરના અંતરે આવેલું છે. પહાડ પર આવેલા બે ગામડાઓમાં વીજળી, પાણી, રસ્તા, આરોગ્ય અને શિક્ષણ જેવી પ્રાથમિક જરૂરિયાતો બૈગા આદિવાસીઓથી દૂર છે.

અહીંના તમામ ઘરો કાચા અને ઝૂંપડા જેવા છે. ગામની વસ્તી લગભગ ૨૦૦ લોકોની છે. તેઓ બે અલગ-અલગ ગામમાં રહે છે. ગામના લોકો પ્રાચીન પદ્ધતિથી ખેતી કરે છે. આ સિવાય કેટલાક લોકો ગામની બહાર મજૂરી કામ કરવા જાય છે. આ લોકો પાયાની સુવિધા મેળવવા અનેક વખત જનપ્રતિનિધિઓ સહિતના અધિકારીઓને મળ્યા હતા પરંતુ તેનો કોઈ ફાયદો થયો ન હતો. ગામમાં પાણીની સમસ્યા છે. અહીં ખીરીયા (નાના ખાડા) ખોદીને પીવાનું પાણી લેવામાં આવી રહ્યું છે.

તમને જણાવી દઈએ કે ઝિરિયા કુદરતી જળ સ્ત્રોત છે. ગામલોકો દ્વારા પર્વતની નીચે નાના-નાના ખાડાઓ ખોદવામાં આવે છે. તેઓ મોટા અને નાના પથ્થરોની મદદથી ચારે બાજુથી બાંધેલા છે. લગભગ ૭-૮ ફૂટ ઊંડા ખાડાઓ ખોદવામાં આવ્યા છે. આ ખાડાઓમાં રાત્રે પહાડોમાંથી કુદરતી પાણી એકઠું થાય છે. તેથી જ ગામના લોકો તેમને ખીરીયા કહે છે.

ગ્રામજનો આ પાણીનો ઉપયોગ કરે છે. તિરાડની બાજુમાં એક નાની ખાઈ બનાવવામાં આવી છે. જેમાં વધારાનું પાણી એકઠું થાય છે. આ પાણીનો ઉપયોગ ઘરેલું પ્રાણીઓના પીવા અને ખેતી માટે કરે છે.

પરંતુ ગ્રામજનો જે પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરી રહ્યા છે તે પાણી સંપૂર્ણપણે સુરક્ષિત નથી. જેના કારણે ગ્રામજનો બીમાર પડી રહ્યા છે. ગામના વડા દાદુરામ પાનડિયાએ મીડિયાને જણાવ્યું કે, ''ગામના લોકો દૂષિત પાણી પી રહ્યા છે. જેના કારણે તેઓ બીમાર પણ પડે છે. વડાએ કહ્યું કે ઘણા લોકો માત્ર એટલા માટે મૃત્યુ પામે છે કારણ કે અમે દર્દીને હોસ્પિટલમાં લઈ જઈ શકતા નથી. જંગલ અને પહાડોની વચ્ચે આવેલા બૈગન્તોલામાં કોઈ રસ્તો નથી, વીજળી નથી અને પાણીનો યોગ્ય પુરવઠો નથી. અહીંના લોકો આ જરૂરી પાયાની સુવિધાઓથી સંપૂર્ણપણે વંચિત છે.''

ગામની રહેવાસી ૨૪ વર્ષની શામલીબાઈએ કહ્યું કે તે અંધારામાં જીવે છે. તેને પ્રકાશની ઓછી આશા છે. તેને લાગે છે કે ગામમાં વીજળી પહોંચવી એ એક સ્વપ્ન જેવું છે. શામલી કહે છે કે તે દરરોજ સાંજે લાકડાં સળગાવીને ઘરમાં લાઈટ કરે છે. પરંતુ તેણે તેના ઘરના કામ વહેલા પૂરા કરવા પડશે. અંધારામાં ઘરના કામકાજ કરવા મુશ્કેલ છે.

તેણે જણાવ્યું કે ગામમાં એક નિયમ છે કે કોઈપણ પરિવાર અમર્યાદિત લાકડાનો ખર્ચ કરી શકે નહીં. ભલે તે જંગલમાંથી મફતમાં મળી રહે. તેથી જ રાતો મોટાભાગે અંધારામાં જ પસાર થાય છે. શામલીએ આગળ કહ્યું, અમને ચાંદની રાત ગમે છે. કારણ કે આ દિવસો દરમિયાન ગામમાં રોશની રહે છે. ''ગામથી રોડ પર જવાનો કોઈ રસ્તો નથી. સરકારનો કોઈ અધિકારી અમારી પાસે પહોંચ્યો નથી. માત્ર સરપંચ અને પંચાયત સચિવ મહિનામાં એક વાર નીચેના ગામમાંથી આવે છે.'' શામલીએ કહ્યું.

**ગામના લોકોએ જાતે રસ્તો તૈયાર કર્યો છે :-** બગનટોલામાં બે અલગ-અલગ ટોલા છે. અહીં આવવા માટે એક પર્વતથી બીજા પર્વત પર લગભગ ૮૦૦ મીટર ચાલવું પડે છે. એક જગ્યાએથી બીજા સ્થળે સરળતાથી પહોંચવા માટે ગામના લોકોએ જાતે રસ્તો બનાવ્યો છે. ધીમે-ધીમે પહાડના કેટલાક ભાગોને કાપીને ઉબડખાબડ રસ્તો બનાવવામાં આવ્યો જેથી ગ્રામજનો સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચી શકે.

બૈગંટોલાના લોકો શિક્ષણથી પણ દૂર છે. જો કે, અહીંના સરપંચ દાદુરામ શિક્ષિત છે. દાદુરામે કહ્યું કે તે રસ્તાના કિનારે ગામમાં રહે છે. જેના કારણે તેના માટે શાળાએ જવું સરળ હતું. પરંતુ બૈગંટોલાના લોકો શિક્ષણ સાથે જોડાઈ શકતા નથી. જેનું કારણ ગામથી રોડ સુધીનો ખરાબ રસ્તો છે. ગામમાં એક પ્રાથમિક શાળા છે જેમાં ઘણા દિવસોથી શિક્ષકો આવતા નથી, શાળા લગભગ બંધ જ રહે છે. આ પછી, માધ્યમિક શાળા માટે, તેઓએ ગામ ગુટ્ટીપરા જવું પડશે. બાળકો માટે દરરોજ ત્યાં પહોંચવું મુશ્કેલ છે.


# ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**જોઈએ છે ડ્રાઈવર**
2 વર્ષના અનુભવી ઓટોમેટિક કાર માટે પાલડી
9227707808

**જોઈએ છે**
વકીલશ્રીની ઓફિસ માટે ગુજરાતી ટાઈપિસ્ટ, સરખેજ
8128168888

**વેચવાનું છે**

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
3 BHK AMC ટેક્ષ બીલ, જૂની શરત, લબ્બૈક પાર્કની સામે જુહાપુરા
9825030198

**વેચવાનો છે ફ્લેટ 2 BHK**
720 સ્કે.ફૂટ, આશિયાના એપાર્ટમેન્ટ, પાલડી
9429721139

**પ્લોટ વેચવાનો છે**
94 વાર કાઈદ પાર્ક અહદ સ્પોર્ટ ક્લબની આગળ ફતેહવાડી
9054962313

**FOR SALE**
3 BHK ફ્લેટ અંબર ટાવર સામે, જુહાપુરા રોડ, અમદાવાદ મો.નં. 8141985211
દલાલ માફ

90 હજાર ચાલુ ભાડા સાથે ટાઈટલ ક્લિયર દુકાન વેચવાની છે (રૂપાલી પાસે)
7777999667

**ત્રિપ્લેક્ષ વેચવાનું છે**
રોયલપાર્ક-વિ-૧, જુહાપુરા
9824376801

**દુકાન વેચવાની છે**
પ્રાઈમ લોકેશન મ્યુ. ગર્લ્સ સ્કૂલની બાજુમાં ઢાલગરવાડ રોડ, અમદાવાદ
મો.9998125510

**બંગલો વેચવાનો છે**
ફર્નિચર સાથે, ધોળકામાં, બલાર ચોકડી પાસે, 300 વારના પ્લોટમાં 220 વારનું બાંધકામ, ઝૂલો, ગાર્ડન
મોબાઈલ 9824301132

**ફ્લેટ વેચવાનો છે**
A-1-1004 ઈમાદ હાઈટસ અંબર ટાવરની સામે 2 BHK સેમી ફર્નિશ્ડ સરખેજ
મો.9979005236
નિશાર હુસૈન એમ.શેખ

**વેચવાની**
દુકાન ચોથા માળે, ટ્યુટોરિયલ માર્કેટ, ત્રણ દરવાજા
9824341116

**વેચવાનું છે ટેનામેન્ટ**
4 BHK ફુલ્લી ફર્નિશ્ડ, સોલાર સિસ્ટમ સાથે રિવર ફ્રન્ટ પાસે, રાયખડ
7048561508

3 BHK Flat For Sale
al-burooj, Makarba, Sarkhej Broker
9825415296

સરખેજ હાજીજમાલ નગરમાં ડુપ્લેક્ષ વેચવાનું છે
7777999667

**જોઈએ છે ટેનામેન્ટ**
નૂરે બુરહાન, સમ્એ બુરહાન, શાહીન સોસાયટી, સાબેરા સોસાયટી, જૈનબ પાર્ક
9898070780

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
પહેલો માળ, માસૂમ ફ્લેટ, અલ-અસબાબ પાર્ક, અલ-બુરૂઝ પાસે, મકરબા રોડ
9998844948

3 BHK Flat For Sale
Falaknuma, Sarkhej Broker
9825415296

Plot For Sale
300 Vaar, title clear
Sunrise green dholka
9825415296

**પ્લોટ વેચવાનો છે**
NANOC અરેબિયન-51 જુહાપુરા રોડ, સરખેજ
9601262140

**બંગલો વેચવાનો છે અરેબિયન-51માં**
NANOC જુહાપુરા, સરખેજ રોડ, 9904156331

**ભાડે આપવાનો છે**
જુહાપુરા મેઈન રોડ ટચ 3 BHK, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**ભાડે આપવાની છે**
કાગદીવાડ પાસે 750 sq.ft., ગ્રાઉન્ડ ફ્લોર દુકાન, મેડિકલ સ્ટોર, પ્રોવિઝન સ્ટોરને લાયક પ્રાઈમ લોકેશન
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**બંગલો વેચવાનો છે**
300 વાર 3 BHK અહદ ક્લબની પાસે
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

(૧) ડુપ્લેક્ષ વેચવાનું છે નવું બાંધકામ રોકડાથી ૨૭ લાખ
(૨) હપ્તાથી ૩૦ લાખ
(૩) ગીરવેથી ૧૪ લાખ
જૂના કરાર અલીરજા ડુપ્લેક્ષ નં.૩, સંજરી પાર્ક, આઝાદ પાર્કની બાજુમાં ટોરેન્ટ પાવર પાછળ, સોનલ રોડ, જુહાપુરા
Mo. 9825374285

**વેચવાનું છે**
બે રૂમ કિચનનું ચોથા માળનું ફ્લેટ લીફ્ટ નથી, બુશરા ફ્લેટ લોખંડવાલા પાર્ટી પ્લોટથી આગળ ટીપી-85, જુહાપુરા કિંમત ચાર લાખ
9998499169

**બંગલો વેચવાનો છે (આણંદ)**
1970 sq.feet જમીન, 3 BHK બંગલો, સુફિયાન રેસિડેન્સી, સામરખા ચોકડી (અમદાવાદ-બરોડા હાઈવે) કાર પાર્કિંગ, ગાર્ડન એરિયા, તાત્કાલિક વેચવાનો છે
9426017575

**દુકાન વેચવાની છે**
૪, રોયલ એપાર્ટમેન્ટ, ગુજરાત ટુડે પ્રેસ પાસે, શાહેઆલમ
૯૦૮૧૮૧૦૫૫૧

**મકાન અને જમીન ભાડે-વેચાણ**
જુહાપુરા સરખેજ વિસ્તારમાં દુકાન-જમીન મકાન ફ્લેટ બંગ્લો લે-વેચ-ભાડે માટે મળો 9825434705
ફિરોજખાન

**તાત્કાલિક ભાડે તથા વેચાણથી જોઈએ છે**
ફ્લેટ, દુકાન, બંગ્લો વગેરે પાલડી, જુહાપુરા, ખાનપુર, મિરઝાપુરમાં તાત્કાલિક સંપર્ક કરો
9327646982
www.yourpropertysolution.in

**ભાડે આપવાનો છે**
ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ 2 સ્પેશિયસ બેડરૂમનો, અંબર ટાવર, સરખેજ
9376160163

**રિયાસત માર્કેટ**
ફક્ત ઈમિટેશન વેપારીઓ માટે ભાડા વગર દુકાનો આપવાની છે. કમિશન + ડિપોઝીટ A.C. શોરૂમ
7778954573
સલમાન્સની બાજુમાં પાગામાં, ઢાલગરવાડ, અમદાવાદ

**કાદરી પ્રોપર્ટી કન્સલટન્ટ**
જમીન, મકાન, દુકાન, ગોડાઉન, બંગ્લોઝના ખરીદ-વેચાણ માટે મળો
ફરીદ શેખ
9924318226

જુહાપુરા, સરખેજ વિસ્તારમાં જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો Akik Farooqui
9099421218
Anis Farooqui
9099521218

સરખેજ વિસ્તારમાં ભાડે ચડેલી ગોડાઉન વેચવા માટે મળો
9099421218
Akik Farooqui

**મકાન ભાડેથી**
24 કલાક પાણી શાહેઆલમ, દુકાન/ઓફિસ ભાડેથી ગ્રાઉન્ડ ફ્લોર
ભદ્ર 9376158215

**વેચાણ આપવાનું છે**
બાગે ફાતીમા 2 BHK ફ્લેટ ૭મે માળે-ફર્નીશ્ડ ટાઈટલ લોન પેપર
TP.85-વિશાલા જૂની શરત 131 વાર પ્લોટ 225 વાર બાંધકામ ઈમ્પેક્ટ ફી ભરેલ છે
8141837313
ગુલુચાચા

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ ભાડે-લે-વેચ સરખેજ-જુહાપુરા
8141837313
ગુલુચાચા

**600 Sq.ft ગોડાઉન વેચાણ**
ચાલુ ભાડાની આવક સાથે
અમીન એસ્ટેટ
9376110059

**દુકાન ભાડે આપવાની છે**
રોયલ રેસિડેન્સી સરખેજ
અમીન એસ્ટેટ
9376110059

**પાલડી-કોચરબ, સરખેજ સિટીમાં**
2 BHK/3 BHK વેચાણ આપવાના છે
અમીન એસ્ટેટ
9376110059

**કાદરી પ્રોપર્ટી કન્સલટન્સી**
નરીમાનપુરામાં પ્લોટ ભાડે તથા વેચાણ આપવાનું છે સરદાર સ્મૃતિ તથા ખુરશીદ પાર્કમાં બંગલો તથા પ્લોટ્સ વેચાણ જોઈએ છે
ફરીદ શેખ
9924318226

VIP Muslims Marriage Bureau
Since 2009 (Online - Offline)
www.vipmuslimsmarriagebureau.com
NRI, Business Class Families, Doctor, Highly Educated Can Contact to us Only.
(Age 18 to 55)
Urgent WhatsApp
9327071001

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોઈફાલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

36 વરસની M.com કુંવારી યુવતી માટે યોગ્ય યુવકના વાલી સંપર્ક કરે. ડાયવોર્સીએ સંપર્ક કરવો નહીં. મોબાઈલ
9327041866

38 વરસની M.com ફક્ત 4 મહિનામાં ડાયવોર્સી યુવતી માટે જેને સંતાનના હોય તેવા વ્યક્તિના વાલી સંપર્ક કરે
મોબાઈલ 7600651866

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**૫ ઘર બેઠા સર્વિસ**
બે વર્ષના ઈન્કમટેક્સ રિટર્ન, પાનકાર્ડ, ગુમાસ્તા, GST, અકાઉન્ટિંગ, ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટ લાઈસન્સ, MSME, RTO સલાહકાર
8156003735
8733071335

**લગ્ન વિષયક**

સુન્ની સૈયદ વિધુર યુવક ઉ.વ.૪૩ (બે બાળકોના પિતા) અભ્યાસ ધોરણ ૧૦ અને રહેઠાણ અમદાવાદ તથા પ્રાંતિજ માટે તલાકશુદા, વિધવા, એક સંતાનની માં અથવા મોટી ઉંમરની કુંવારી યુવતીઓના વાલીઓ સંપર્ક કરે. (જ્ઞાતિ બાધ નથી) 9925551905, 9714698175

**મુસ્લિમ લગ્ન વિષયક**
Doctor મુસ્લિમ યુવક-યુવતીઓ જેમ કે MBBS+PG/BHMS/BDS/BAMS/B.Physiotherapistના 350થી વધુ Biodata અને તે સિવાય બીજા 6000થી વધુ હાઈલી એજ્યુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
9825091851
યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો
www.ummbonline.com

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો
**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ**

**કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯**

**જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330**

# 'મને ના શીખવો' : બાંગ્લાદેશી શરણાર્થીઓના વિવાદ અંગે કેન્દ્રને મમતા બેનરજીનો જવાબ

## 'સંઘીય માળખાને સારી રીતે જાણું છું, સાત વખત સાંસદ રહી ચૂકી છું, બે વખત કેન્દ્રીય મંત્રી રહી છું, વિદેશ મંત્રાલયની નીતિ બીજા કરતાં વધારે જાણું છું, તમારે સિસ્ટમમાંથી શીખવું જોઈએ, મને ના શીખવશો' : મમતા બેનરજી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ હિંસાગ્રસ્ત બાંગ્લાદેશના શરણાર્થીઓને આશ્રય આપવા અંગેની તેમની ટિપ્પણી સામે વાંધો ઊઠાવવા બદલ વિદેશ મંત્રાલય પર વળતો પ્રહાર કર્યો હતો. બેનરજીએ કહ્યું, 'હું સંઘીય માળખાને સારી રીતે જાણું છું. હું સાત વખત સાંસદ રહી ચૂકી છું, બે વખત કેન્દ્રીય મંત્રી રહી છું. હું વિદેશ મંત્રાલયની નીતિને અન્ય કોઈ કરતાં વધુ સારી રીતે જાણું છું. તેઓએ મને પાઠ ભણાવવો જોઈએ નહીં; તેઓએ આના બદલે સિસ્ટમમાંથી શીખવું જોઈએ.' મમતા બેનરજીએ બાંગ્લાદેશમાં નોકરીના ક્વોટાના વિરોધમાં હિંસક અથડામણ બાદ યુનાઈટેડ નેશન્સ ઠરાવ હેઠળ બાંગ્લાદેશી શરણાર્થીઓને આશ્રય આપવા માટેની તેમની પ્રતિબદ્ધતા વિશે વાત કરી હતી. તેમની ટિપ્પણીઓ કોલકાતામાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન આવી હતી જ્યાં તેમણે હિંસાથી પ્રભાવિત લોકોને મદદ કરવાની તૈયારી દર્શાવી હતી.



તૃણમૂલ કોંગ્રેસની 'શહીદ દિવસ' રેલીમાં તેમણે કહ્યું, 'જો લાચાર લોકો બંગાળના દરવાજા ખટખટાવશે તો અમે ચોક્કસ તેમને આશ્રય આપીશું.' બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે બેનરજીની ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરી હતી અને રાજદ્વારી ચેનલો દ્વારા વાતચીત કરી હતી કે તેમની ટિપ્પણીઓ મૂંઝવણ પેદા કરી શકે છે અને લોકોને ગેરમાર્ગે દોરી શકે છે. વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી કે, તેને મમતા બેનરજીની ટિપ્પણી પર ઢાકા તરફથી લેખિત વાંધો મળ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, વિદેશી સંબંધોને લગતી બાબતો કેન્દ્ર સરકારનો વિશેષાધિકાર છે. જયસ્વાલે જણાવ્યું હતું કે, 'સાતમી અનુસૂચિ હેઠળ - સૂચિ એક - યુનિયન લિસ્ટ - આપણા બંધારણની આઈટમ ૧૦, વિદેશી બાબતોનું આચરણ અને તમામ બાબતો જે સંઘને કોઈપણ વિદેશી દેશ સાથે સંબંધમાં લાવે છે તે કેન્દ્ર સરકારનો એકમાત્ર વિશેષાધિકાર છે.'

# આસામના અટકાયત કેન્દ્રમાં સુવિધાઓના અભાવ અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

આસામમાં જાહેર કરાયેલા વિદેશીઓ માટેના અટકાયત કેન્દ્રમાં ''અયોગ્ય સ્થિતિ'' અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તેમાં પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો, યોગ્ય શૌચાલય અને સ્વચ્છતાનો અભાવ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તેણે આસામના મતિયામાં અટકાયત કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓની સ્થિતિ વિશે આસામ સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી દ્વારા સબમિટ કરેલા અહેવાલનું નિરીક્ષણ કર્યું છે.



ન્યાયમૂર્તિ અભય એસ ઓકા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, અમને લાગે છે કે સુવિધાઓ ખૂબ જ નબળી છે અને ત્યાં પૂરતો પાણી પુરવઠો નથી, ત્યાં કોઈ યોગ્ય સ્વચ્છતા નથી, ત્યાં કોઈ યોગ્ય શૌચાલય નથી. વિદેશી તરીકે જાહેર કરાયેલા લોકોના દેશનિકાલ અને આસામના અટકાયત કેન્દ્રોમાં પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અંગેની અરજીની સુનાવણી કરતી બેંચે કહ્યું કે આ અહેવાલમાં ખોરાક અને તબીબી સહાયની ઉપલબ્ધતા વિશે કોઈ માહિતી આપી નથી. કોર્ટે આસામ સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીના સેક્રેટરીને કેન્દ્રમાં પૂરા પાડવામાં આવતા ખોરાકના જથ્થા અને ગુણવત્તાની ખાતરી કરવા, રસોડામાં સ્વચ્છતા જાળવવામાં આવે તો અને તબીબી અને મનોરંજન સુવિધાઓના અસ્તિત્વની ખાતરી કરવા માટે વધુ એક મુલાકાત સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે ત્રણ અઠવાડિયાની અંદર તેની સમક્ષ નવો અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું અને સપ્ટેમ્બરમાં સુનાવણી કરશે.

સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે મતિયાના અટકાયત કેન્દ્રમાં જાહેર કરાયેલા ૧૭ વિદેશીઓને દેશનિકાલ કરવા માટે કેન્દ્રએ તાત્કાલિક પગલાં લેવા જોઈએ. તેણે કહ્યું હતું કે અટકાયત કેન્દ્રમાં બે વર્ષથી વધુ સમય વિતાવનારા ચાર લોકોને દેશનિકાલ કરવા માટે પ્રાથમિકતા આપવી જોઈએ. ખંડપીઠે અવલોકન કર્યું કે, કૃપા કરીને આસામ રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા સબમિટ કરાયેલ અહેવાલ જુઓ. આવી ખેદજનક સ્થિતિ છે કે પાણીનો પુરવઠો નથી, યોગ્ય શૌચાલય નથી, તબીબી સુવિધાઓ નથી. તમે કેવા પ્રકારની સુવિધાઓનું સંચાલન કરો છો?

કેન્દ્ર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે તેમની પાસે સર્વોચ્ચ અદાલતના ૧૬ મેના આદેશ અનુસાર દેશનિકાલ અંગેના નિર્દેશો છે. ખંડપીઠે કેન્દ્રના વકીલને અટકાયત કેન્દ્રોમાં આપવામાં આવતી સુવિધાઓ અંગે પણ સૂચનાઓ લેવા જણાવ્યું હતું. અરજદાર માટે હાજર રહેલા વકીલે કહ્યું કે તેઓએ આસામના વકીલો પાસેથી સાંભળ્યું છે કે જેમને દેશનિકાલ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે તેમાંથી કેટલાકના કેસ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. તેઓએ તપાસ કરવી જ જોઈએ કારણ કે તેઓ એવા લોકોને દેશનિકાલ કરી રહ્યા છે જેમના કેસો પેન્ડિંગ છે. અરજદારના વકીલે કહ્યું કે કાનૂની પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલા દેશનિકાલ થવો જોઈએ નહીં. તેઓએ અમને જણાવવું જોઈએ કે શું તે સ્વૈચ્છિક છે, અનૈચ્છિક છે અને શું બાંગ્લાદેશ સરકાર સંમત છે.

બેન્ચે દેશનિકાલના મુદ્દે પોતાનો જવાબ દાખલ કરવા માટે કેન્દ્રને ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો હતો. આ અરજીમાં આસામ સરકારને વિદેશી ટ્રિબ્યુનલ દ્વારા વિદેશી ઘોષિત કરાયેલા કોઈપણ વ્યક્તિને ત્યાં સુધી અટકાયતમાં ન રાખવાનો નિર્દેશ આપવાની પણ માંગ કરવામાં આવી છે જ્યાં સુધી તે નજીકના ભવિષ્યમાં સંભવિત દેશનિકાલનો પુરાવો આપતા નથી.

# સરકાર કહે છે કે, દેશમાં સર્વાઈકલ કેન્સર માટે ૪.૭૧ કરોડ મહિલાઓની તપાસ કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

નેશનલ નોન-કમ્યુનિકેબલ ડિસીઝ (NCD) પોર્ટલ અનુસાર દેશમાં કુલ ૪.૭૧ કરોડ મહિલાઓની સર્વાઈકલ કેન્સર માટે તપાસ કરવામાં આવી છે. સ્વાસ્થ્ય રાજ્ય મંત્રી પ્રતાપ્રપ જાધવે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વાત કહી.





તેમણે એમ પણ જણાવ્યું કે, સર્વાઈકલ કેન્સર તપાસ માટે વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન વિથ એસિટિક એસિડ (VIA)થી HPV DNA ટેસ્ટિંગ પર સ્વિચ કરવાનું હાલમાં સરકાર દ્વારા વિચારણા હેઠળ નથી. જાધવે જણાવ્યું હતું કે, સામાન્ય કેન્સર (મૌખિક, સ્તન અને સર્વાઈકલ) સહિત સામાન્ય NCDનું સ્ક્રીનિંગ આયુષ્માન આરોગ્ય મંદિરો હેઠળ સેવા વિતરણનો એક અભિન્ન ભાગ છે. ૯ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં સમગ્ર ભારતમાં ૧,૭૩,૫૪૬ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત થયા છે.

જૂન ૨૦૨૨માં રસીકરણ પર રાષ્ટ્રીય તકનિકી સલાહકાર જૂથ (NTAGI)એ ૯થી ૧૪ વર્ષની વય જૂથની છોકરીઓ માટે યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામમાં HPV રસી દાખલ કરવાની ભલામણ કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન (NHM)ના ભાગ રૂપે બિન-સંચારી રોગોના નિવારણ અને નિયંત્રણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ (NP-NCD) હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તકનિકી અને નાણાકીય સહાય પૂરી પાડે છે, જે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી પ્રાપ્ત દરખાસ્તોના આધારે અને સંસાધનોની ઉપલબ્ધતાને આધીન છે.

આ કાર્યક્રમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, માનવ સંસાધન વિકાસ, આરોગ્ય પ્રમોશન અને કેન્સર નિવારણ, પ્રારંભિક નિદાન, વ્યવસ્થાપન અને કેન્સર સહિત બિન-સંચારી રોગો (NCDs)ની સારવાર માટે યોગ્ય સ્તરની આરોગ્યસંભાળ સુવિધા માટે રેફરલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

NHM હેઠળ ડાયાબિટીસ, હાયપરટેન્શન અને ત્રણ સામાન્ય કેન્સર (મૌખિક કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર)ની રોકથામ, નિયંત્રણ અને સ્ક્રીનિંગ માટે વસ્તી આધારિત પહેલ શરૂ કરવામાં આવી છે અને દેશમાં વ્યાપક પ્રાથમિક આરોગ્ય સંભાળના ભાગરૂપે કરવામાં આવી છે. પહેલ હેઠળ ૩૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને ત્રણ સામાન્ય કેન્સર માટે તેમની તપાસ માટે લક્ષિત કરવામાં આવે છે. આ સામાન્ય કેન્સરનું સ્ક્રીનિંગ આયુષ્માન આરોગ્ય મંદિરમાં સેવા વિતરણનો એક અભિન્ન ભાગ છે. પ્રશિક્ષિત ફ્રન્ટલાઈન કાર્યકરો દ્વારા નિવારણ, નિયંત્રણ અને સ્ક્રીનિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

આરોગ્ય સંશોધન વિભાગે માહિતી આપી છે કે, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર પ્રિવેન્શન એન્ડ રિસર્ચ (NICPR)એ ૨૦૧૯થી કેન્સર સ્ક્રીનિંગની તાલીમ માટે નિયુક્ત નોડલ કેન્દ્ર છે અને કોલપોસ્કોપીની તાલીમ માટે નોડલ તાલીમ કેન્દ્ર અને ઈન્ડિયન સોસાયટી ઓફ કોલપોસ્કોપી એન્ડ સર્વિકલ પેથોલોજી (ISCCP) છે. કેન્સર સ્ક્રિનિંગમાં ગાયનેકોલોજિસ્ટ, મેડિકલ ઓફિસર, ડેન્ટિસ્ટ, નર્સ અને આશા સહિત ૨૦૦૦થી વધુ હેલ્થકેર પ્રોવાઈડર્સને તાલીમ આપી છે અને રાજ્ય સરકારો સાથે સહયોગ કરવાનું ચાલુ રાખે છે. સામુદાયિક સ્તરે સુખાકારી પ્રવૃત્તિઓ અને લક્ષિત સંચારને પ્રોત્સાહન દ્વારા આયુષ્માન આરોગ્ય મંદિર યોજના દ્વારા વ્યાપક પ્રાથમિક આરોગ્યસંભાળ હેઠળ નિવારક પાસાને મજબૂત બનાવવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું, કેન્સર વિશે જનજાગૃતિ વધારવા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટેની અન્ય પહેલોમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (૭મી નવેમ્બર) અને વિશ્વ કેન્સર દિવસ (૪ ફેબ્રુઆરી)નું અવલોકન અને સતત સમુદાય જાગૃતિ માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાનો ઉપયોગ શામેલ છે. મંત્રીએ જણાવ્યું હતું, NP-NCD, NHM હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેમની પ્રોગ્રામ અમલીકરણ યોજનાઓ અનુસાર હાથ ધરવામાં આવનાર કેન્સર પ્રત્યે જાગૃતિ પેદા કરવાની પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય આપે છે.

# લાંબા સમયથી રાજ્યપાલોની સંમતિની રાહમાં પેન્ડિંગ બિલો અંગે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ અને કેરળના ગવર્નરોના કાર્યાલયોને નોટિસ આપી

(એજન્સી) તા.૨૭

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ અને કેરળના ગવર્નરોની કચેરીઓને બે રાજ્યોની બે અલગ-અલગ અરજીઓ પર નોટિસ જારી કરી હતી જેમાં જણાવ્યું હતું કે રાજ્યપાલોએ સંબંધિત રાજ્યની વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલ પસાર કર્યા નથી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે એડિશનલ ચીફ સેક્રેટરી, પશ્ચિમ બંગાળના ગવર્નર અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરી છે. કેરળ સરકારની અરજી પર કેરળના રાજ્યપાલ અને કેન્દ્ર સરકારના અધિક મુખ્ય સચિવને સમાન નોટિસ જારી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે નોટિસનો જવાબ દાખલ કરવા માટે ત્રણ સપ્તાહનો સમય આપ્યો છે. કોર્ટે સંબંધિત પ્રતિવાદીને ત્રણ સપ્તાહમાં જવાબ દાખલ કરવા જણાવ્યું હતું. પશ્ચિમ બંગાળ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ બેન્ચને કહ્યું કે જ્યારે પણ તે સમાન મામલાની સુનાવણી કરે છે, ત્યારે કેટલાક બિલોને મંજૂરી આપવામાં આવે છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે તમિલનાડુ મામલે પણ આવી જ ઘટનાઓ બની હતી. કેરળ સરકારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કેકે વેણુગોપાલે જણાવ્યું હતું કે આ બિલ આઠ મહિનાથી પેન્ડિંગ છે. પશ્ચિમ બંગાળ સરકાર તરફથી એડવોકેટ અસ્થા શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજ્યપાલ આઠ બિલની સંમતિ અટકાવી રહ્યા છે અને આનાથી રાજ્યના લોકો પર અસર થઈ રહી છે જેમના કલ્યાણ માટે બિલ પસાર કરવામાં આવ્યા હતા. રાજ્યપાલનું વર્તન, કાયદાના શાસન અને લોકતાંત્રિક સુશાસન સહિત આપણા બંધારણના મૂળભૂત પાયાને પરાસ્ત કરે છે, પરંતુ રાજ્યના લોકોના અધિકારોનું ઉલ્લંઘન છે. પશ્ચિમ બંગાળ સરકારે તેની અરજીમાં જણાવ્યું છે કે ૨૦૨૨માં પસાર કરાયેલા આઠ બિલોને કોઈપણ કાર્યવાહી કર્યા વિના રોકવામાં રાખવામાં આવ્યા છે, જેનાથી રાજ્ય વિધાનસભાની કામગીરી ખોરવાઈ ગઈ છે અને તેના કારણે રાજ્યના રહેવાસીઓને સીધી અસર થઈ રહી છે. આ બિલો લોકોના કલ્યાણ માટે પસાર કરવામાં આવ્યા હતા, અને તેના કારણે બંધારણીય પદ દ્વારા જ આ ગેરબંધારણીય સ્થિતિનું નિર્માણ થયું હતું. પશ્ચિમ બંગાળ સરકારે સર્વોચ્ચ અદાલતને જાહેર કરવા વિનંતી કરી છે કે રાજ્યપાલ સી વી આનંદ બોઝ દ્વારા બંધારણીય આદેશનું પાલન કરવામાં નિષ્ક્રિયતા, વિલંબ એ ગેરબંધારણીય, ગેરકાયદેસર, મનસ્વી, ગેરવાજબી અને સત્તાનો ખોટો ઉપયોગ છે. પશ્ચિમ બંગાળ સરકારે તેમના બંધારણીય કાર્યોમાં સહી માટે મોકલવામાં આવેલી ફાઈલો, નીતિઓ અને સરકારી આદેશોને ધ્યાનમાં લેવા માટે રાજ્યપાલ માટે બાહ્ય સમય મર્યાદા નક્કી કરતી માર્ગદર્શિકા મૂકવાની પણ માંગ કરી હતી. ૨૦૨૨થી રાજ્યપાલની સંમતિ માટે બાકી રહેલા આઠ બિલોમાં પશ્ચિમ બંગાળ યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ, ૨૦૨૨, પશ્ચિમ બંગાળ યુનિવર્સિટી ઓફ એનિમલ એન્ડ ફિશરી સાયન્સ (સુધારા) બિલ, ૨૦૨૨, પશ્ચિમ બંગાળ ખાનગી યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલનો સમાવેશ થાય છે. ૨૦૨૨, પશ્ચિમ બંગાળ કૃષિવિશ્વવિદ્યાલય કાયદાઓ (બીજો સુધારો) બિલ, ૨૦૨૨, પશ્ચિમ બંગાળ યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ (સુધારા) બિલ, ૨૦૨૨, આલિયા યુનિવર્સિટી (સુધારા) બિલ, ૨૦૨૨, પશ્ચિમ બંગાળ ટાઉન એન્ડ કન્ટ્રી (પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ) (સુધારા) બિલ, ૨૦૨૩ અને પશ્ચિમ બંગાળ યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ, ૨૦૨૩ છે. કેરળ સરકારે કેટલાક બિલોને રાષ્ટ્રપતિની સંમતિ માટે અનામત રાખવાના રાજ્યના રાજ્યપાલના નિર્ણય સામે સર્વોચ્ચ અદાલતમાં ગયા છે અને કહ્યું છે કે લાંબા સમય સુધી બિલોને પેન્ડિંગ રાખવા એ રાજ્યપાલનું વર્તન સ્પષ્ટપણે મનસ્વી છે. આ અરજીમાં, કેરળ સરકારે જાહેર કરવાની માંગ કરી છે કે કેરળના રાજ્યપાલનું સાત બિલ-યુનિવર્સિટી લોઝ (એમેન્ડમેન્ટ) (નંબર ૨) બિલ, ૨૦૨૧ને અનામત રાખવાનું કાર્ય છે. યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ, ૨૦૨૧; કેરળ કો-ઓપરેટિવ સોસાયટીઝ (સુધારા) બિલ, ૨૦૨૨; યુનિવર્સિટી લોઝ (સુધારા) બિલ, ૨૦૨૨, કેરળ લોકઆયુક્ત (સુધારા) બિલ, ૨૦૨૨; યુનિવર્સિટી કાયદાઓ (સુધારો) (નંબર ૨) બિલ, ૨૦૨૨; અને યુનિવર્સિટી લૉઝ (સુધારો) (નં. ૩) બિલ, ૨૦૨૨ રાષ્ટ્રપતિની વિચારણા માટે મોકલવું એ ગેરકાયદેસર છે.



# હિમાચલમાં આવતા પ્રવાસીઓએ પોતાની સાથે કચરાની થેલીઓ રાખવી જોઈએ : હાઈકોર્ટનું સૂચન

(એજન્સી) તા.૨૭

કોર્ટે હિમાચલ પ્રદેશ સરકારને સૂચન કર્યું હતું કે પ્રવાસીઓ તેમની મુલાકાત દરમિયાન જે પણ કચરો પેદા કરે છે તેના માટે કચરાની બેગ સાથે રાખવાનું ફરજિયાત જાહેર કરે. ન્યાયમૂર્તિ તરલોકસિંહ ચૌહાણ અને સુશીલ કુકરેજાની ખંડપીઠે રાજ્ય સરકારને પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ગોવા અને સિક્કિમ જેવા રાજ્યો દ્વારા લેવામાં આવેલા પગલાંનો અમલ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, તમામ પર્યટન સ્થળોમાં સ્થિરતાને પ્રોત્સાહન આપવા અને આ ધ્યેયને હાંસલ કરવા માટે સમુદાયની ભાગીદારીને સુનિશ્ચિત કરવા માટે, રાજ્યએ સિક્કિમ સરકાર પાસેથી સંકેત લેવો જોઈએ, જેમાં રાજ્યમાં પ્રવેશતા તમામ પ્રવાસી વાહનો માટે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. તેમના સંબંધિત વાહનોમાં ગાર્બેજ બેગ અને કચરાના સંગ્રહ અને નિકાલ માટે ગાર્બેજ બેગના ઉપયોગ વિશેની માહિતી પ્રસારિત કરવાની જવાબદારી સંબંધિત ટૂર ઓપરેટરો, ટ્રાવેલ એજન્સીઓ અને વાહન ચાલકો પર મૂકવામાં આવી છે. કોર્ટે રાજ્ય સરકારને પ્રવાસીઓ પર ઘન કચરા વ્યવસ્થાપન શુલ્ક લાદવાનું પણ સૂચન કર્યું હતું. આ આદેશમાં, કોર્ટે કચરા વ્યવસ્થાપનની ચિંતાઓને લગતા સંખ્યાબંધ નિર્દેશો સૂચિબદ્ધ કર્યા છે. આમાં આ સામેલ છે : - ટ્રેકર્સ દ્વારા વહન કરવામાં આવતા કચરાનું ઓડિટ કરો અને કચરાના વ્યવસ્થાપન અને પર્યાવરણીય સંરક્ષણના પ્રયત્નોમાં ફાળો આપતા વપરાશકર્તા ફી એકત્રિત કરો.



- ચેકપોઈન્ટ પર નાના સૂકા કચરાના સંગ્રહની સુવિધાઓ ઊભી કરવી. આ એકમો એકત્રિત કચરાના અસ્થાયી સંગ્રહ તરીકે કામ કરશે જ્યાં સુધી તેને કેન્દ્રીય કચરો વ્યવસ્થાપન સુવિધાઓમાં લઈ ન જવામાં આવે.

- સંબંધિત પંચાયત, ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (ટીડીસી), ઈકોટુરિઝમ સોસાયટી અને બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ)ના પ્રતિનિધિઓનો સમાવેશ કરતી સમિતિઓ બનાવવી. આ સમિતિઓ કચરાના વ્યવસ્થાપન, પુનઃસ્થાપન કાર્ય અને બચાવ કામગીરીની દેખરેખ માટે જવાબદાર રહેશે.

- સુનિશ્ચિત કરો કે ચેકપોઈન્ટ પર એકત્રિત કરવામાં આવેલી યુઝર ફી પારદર્શક રીતે મેનેજ કરવામાં આવે છે અને કચરાના વ્યવસ્થાપન અને પર્યાવરણીય સંરક્ષણ પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાય છે. કોર્ટે હિમાચલ પ્રદેશ સરકારને પંચાયતો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે કચરાના અલગીકરણ, સામગ્રી પુનઃપ્રાપ્તિ સુવિધાઓ પર સંબંધિત NGOને સાંકળીને તાલીમ કાર્યક્રમ હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો.

# જો વિરોધ કરી રહેલા પંજાબના ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી ન અપાય તો શું હું તેમને લાહોર મોકલું ? મુખ્યમંત્રી ભગવંત માને કેન્દ્રને પૂછ્યું

## ખેડૂતો શંભુ અને ખનૌરી બોર્ડર પોઈન્ટ પર પડાવ નાખીને વિરોધ કરી રહ્યા છે

(એજન્સી) તા.૨૭

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કેન્દ્ર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, જો ભાજપની આગેવાની હેઠળની સરકાર શંભુ અને ખનૌરી બોર્ડર પર પડાવ નાખી વિરોધ કરી રહેલા વિરોધ પ્રદર્શનકારી ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી નહીં આપે તો શું તેમને ''તેમને લાહોર મોકલવા'' જોઈએ. સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચાની આગેવાની હેઠળ પંજાબના ખેડૂતોએ ૧૩ ફેબ્રુઆરીએ 'દિલ્હી ચલો' કૂચ શરૂ કરી હતી જેથી સરકાર પર તેમની માંગણીઓ સ્વીકારવા દબાણ કરવામાં આવે. તેમણે માંગણીઓમાં કેન્દ્રએ માંગ કરી કે એમએસપી માટે કાનૂની ગેરંટી આપવી જોઈએ. ખેડૂતોને હરિયાણા પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓએ અંબાલા-નવી દિલ્હી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સિમેન્ટ બ્લોક્સ સહિત બેરિકેડ્સ ગોઠવ્યા હતા, ત્યારથી ખેડૂતો શંભુ અને ખનૌરી બોર્ડર પોઈન્ટ પર પડાવ નાખી રહ્યા છે. ભગવંત માને હરિયાણામાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે, ''ખનૌરી અને શંભુ ખાતે, સરહદને લોખંડની ખીલીઓ અને બેરિકેડિંગથી મજબૂત કરવામાં આવી છે જેથી ખેડૂતો દિલ્હીમાં પ્રવેશી ન શકે. સરકાર દિલ્હીથી ચાલે છે તેથી ખેડૂતો ત્યાં જવા માંગે છે. જો તેઓ દિલ્હી નહીં જાય, તો શું મારે તેમને લાહોર મોકલવું જોઈએ.'' પંજાબના મુખ્યમંત્રી કહ્યું કે, ''ચાર વર્ષ પહેલા પણ ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. હવે રદ કરાયેલા ખેડૂત કાયદાઓ સામે ખેડૂતોના વિરોધ દરમિયાન ૭૨૬ જેટલા ખેડૂતો મૃત્યુ પામ્યા હતા જ્યારે તેમને અગાઉ અટકાવવામાં આવ્યા હતા.'' હિસારના બરવાલામાં એક કાર્યક્રમમાં બોલતા, માનએ આરોપ લગાવ્યો કે હરિયાણાના લોકોએ અલગ-અલગ પાર્ટીઓને તક આપી પરંતુ બધાએ રાજ્યને લૂંટી લીધું. AAP નેતાએ કહ્યું, ''જો કોઈ ડૉક્ટર બિમારીનો ઈલાજ કરી શકતા નથી તો ડૉક્ટર બદલવો જોઈએ. દિલ્હી અને પંજાબના મતદારોની જેમ હરિયાણાના લોકોએ પણ ''આ વખતે 'બદલાવ' (પરિવર્તન) માટે મત આપવો જોઈએ.'' માન પંજાબ અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) સરકારોની અનેક પહેલો પર પણ સ્પર્શ કર્યો હતો. પંજાબમાં ૪૩,૦૦૦ સરકારી નોકરીઓ સંપૂર્ણ રીતે મેરિટના આધારે આપવામાં આવી છે, મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો. માનએ ઉમેર્યું કે, ''હરિયાણામાં પેપર લીકની ઘટનાઓ બની છે પરંતુ પંજાબમાં, તમે આવી વાતો સાંભળશો નહીં.'' તેમણે કહ્યું કે, ''પંજાબ અને હરિયાણા ભાઈઓ છે. અમે ભલે અલગ રાજ્યો બની ગયા હોઈએ પરંતુ અમારા હૃદય એક છે.'' તેમણે કહ્યું, ''અમે પંજાબમાં બે મહિનાના બિલિંગ ચક્ર દીઠ દરેકને ૬૦૦ યુનિટ મફત વીજળી આપીએ છીએ. દિલ્હીની AAP સરકારે સરકારી શાળાઓમાં સુધારો કર્યો છે. ગરીબ પરિવારના બાળકો હવે દિલ્હીમાં ટોચની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી રહ્યા છે.'' માનએ કહ્યું, ''અમે લોકોને સુવિધા આપવા અને તેમના જીવનને બહેતર બનાવવા માટે સરકારને તેમના ઘર સુધી પહોંચાડી છે.'' તેમણે હરિયાણાના લોકોને બીજેપી અને કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા વચનોથી દૂર ન રહેવાની વિનંતી કરી હતી. તેમણે સભાને સંબોધતા પૂછ્યું કે, ''પહેલાં, તેઓ (ભાજપ અને કોંગ્રેસ) વારાફરતી શાસન કરતા હતા અને લોકો પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો, પરંતુ હવે તેમની પાસે AAP તરીકે વિકલ્પ છે.'' માનએ કહ્યું, ''ભાજપ ૧૦ વર્ષથી સત્તામાં છે શું તેઓએ તમને કોઈ નોકરી આપી શું તેઓએ વિકાસ કર્યો. મને કહેવામાં આવે છે કે જો બરવાળામાં ૧ મિનિટ વરસાદ પડે તો લોકોને બોટમાંથી બહાર નીકળવું પડે છે આવી સ્થિતિ છે.'' કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી દરમિયાન ભગવા પાર્ટીએ ''૪૦૦ પાર''ની વાત કરી હતી પરંતુ હવે તેઓ સાથી પક્ષોના સમર્થનથી તેમની સરકાર ચલાવી રહ્યા છે. ''દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હરિયાણાના છે અને તેમણે દેશની રાજનીતિની દિશા બદલી નાખી છે. તેમણે કહ્યું હતું કે જો ભાજપને બહુમતી મળશે તો બંધારણ બદલશે. સદભાગ્યે, તેઓને બહુમતી મળી ન હતી અન્યથા તેઓએ બંધારણ બદલ્યું હોત.''






### ઓલિમ્પિકમાં ૨૦ વર્ષ બાદ રચાયો ઈતિહાસ

# મનુ ભાકર મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટની ફાઈનલમાં પહોંચી

## મનુ ભાકરે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ૫૮૦ પોઈન્ટ્સ મેળવ્યા : ફાઈનલ આજે બપોરે ૩.૩૦ વાગ્યે થશે

પેરિસ, તા.૨૭

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના પ્રથમ દિવસે (૨૭ જુલાઈ) શૂટિંગમાં ભારત માટે સારા સમાચાર સામે આવ્યા છે. નિશાનેબાજ મનુ ભાકર મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટની ફાઈનલમાં પહોંચી ગઈ છે. મનુ ભાકર ૬૦ શોટના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં કુલ ૫૮૦ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહી. ભાકરે પ્રથમ સીરીઝમાં ૯૭, બીજીમાં ૯૭, ત્રીજીમાં ૯૮, ચોથીમાં ૯૬, પાંચમીમાં ૯૬ અને છઠ્ઠી સીરીઝમાં ૯૬ પોઈન્ટ્સ મેળવ્યા. મનુ ભાકરની ફાઈનલ કાલે (૨૮ જુલાઈ) બપોરે ભારતીય સમય અનુસાર ૩.૩૦ વાગ્યે થશે. જણાવી દઈએ કે મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં રિધમ સાંગવાન પણ ભાગ લઈ રહી હતી, પરંતુ તેણે નિરાશ કર્યા. રિધમ ૫૭૩ પોઈન્ટ્સ સાથે ૧૫મા સ્થાને રહી. ૨૨ વર્ષની મનુ ભાકર ટોક્યો ઓલિમ્પિકમાં કંઈ ખાસ કરી શકી ન હતી, પરંતુ આ વખતે તે વધુ સારું પ્રદર્શન કરવા માંગે છે. તે ત્રણ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છે, જેમાં ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર પિસ્તોલ અને ૧૦ મીટર પિસ્તોલ મિક્સ્ડ ટીમ સામેલ છે.આ પહેલા ભારતીય નિશાનેબાજો ૧૦ મીટર એર રાઈફલ મિશ્રિત ટીમ ક્વોલિફિકેશન તબક્કામાં બહાર થઈ ગયા. ભારતની બે જોડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી હતી. રમિતા જિંદલ અને અર્જુન બાબુતા ૬૨૮.૭ના કુલ સ્કોર સાથે છઠ્ઠા, જ્યારે ઈલાવેનિલ વલારિવન અને સંદીપ સિંહ ૬૨૬.૩ના કુલ સ્કોર સાથે ૧૨મા સ્થાને રહ્યા. રમિતા અને અર્જુનની જોડીએ એક સમયે આશા જગાવી હતી. આ ભારતીય જોડી ત્રણ શોટ બાકી રહેતા પાંચમા સ્થાને હતી, પરંતુ અંતે મેડલ રાઉન્ડના કટ ઓફથી ૧.૦ પોઈન્ટ પાછળ રહી ગઈ.

### સેમિફાઈનલમાં પાકિસ્તાનની હાર થતા બહાર

# એશિયા કપની ફાઈનલમાં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો

## આજે ભારત-શ્રીલંકા વચ્ચેની ફાઈનલ મેચ દામ્બુલા સ્થિત રંગીરી દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૯મી વખત એશિયા કપ ૨૦૨૪ની ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચી દીધો છે. ટીમ આખી ટુર્નામેન્ટમાં એક પણ મેચ હારી નથી. ખિતાબ પોતાના નામે કરવા માટે ભારતીય ટીમ સૌથી મજબૂત દાવેદાર છે. ટીમે સેમિફાઈનલમાં બાંગ્લાદેશને એકતરફી મુકાબલામાં ૧૦ વિકેટથી હરાવ્યું હતું. હવે ભારતીય ટીમ ૨૮મી જુલાઈના રોજ દામ્બુલા સ્ટેડિયમમાં ખિતાબ જીતવા મેદાનમાં ઉતરશે.

ફાઈનલ મેચમાં ભારતનો મુકાબલો યજમાન શ્રીલંકાની ટીમ સાથે થશે. શ્રીલંકાએ ટુર્નામેન્ટની બીજી સેમિફાઈનલની રોમાંચક મેચમાં પાકિસ્તાનને ૩ વિકેટે હરાવ્યું હતું. પાકિસ્તાને આપેલા ૧૪૧ રનના લક્ષ્યનો પીછો કરતાં શ્રીલંકાએ એક બોલ પહેલાં જ મેચ જીતી લીધી હતી. આ મેચમાં શ્રીલંકન કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ૬૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ સિવાય અનુષ્કા સંજીવનીએ ૨૨ બોલમાં ૨૪ રન કરીને ટીમને જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફાઈનલ મેચમાં શ્રીલંકન ટીમ ભારતીય ટીમને મજબૂત ટક્કર આપી શકે છે. ભારતની જેમ શ્રીલંકાની ટીમ પણ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે. ભારતે ગ્રુપ સ્ટેજની મેચમાં પાકિસ્તાનને ૭ વિકેટે, યુએઈને ૭૮ રનથી અને નેપાળને ૮૨ રનથી હરાવ્યું હતું. અને સેમિફાઈનલમાં બાંગ્લાદેશને ૧૦ વિકેટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ શ્રીલંકન ટીમે ગ્રુપ સ્ટેજમાં બાંગ્લાદેશને ૭ વિકેટે, મલેશિયાને ૧૪૪ રનથી અને થાઈલૅન્ડને ૧૦ વિકેટથી હરાવ્યું હતું. સેમિફાઈનલમાં શ્રીલંકાએ પાકિસ્તાનને ૩ વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. અગાઉ બન્ને ટીમોએ ગ્રુપ ટેબલમાં ટોચના સ્થાન પર રહીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારત અને શ્રીલંકા વચ્ચેની ફાઈનલ મેચ આવતીકાલે સાંજે ૭ વાગ્યે (ભારતીય સમય મુજબ) રમાશે. આ મેચ શ્રીલંકાના દામ્બુલા સ્થિત રંગીરી દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ભારતમાં ૨ સ્પોર્ટ્સ નેટવર્ક અને ડિઝની પ્લસ હોટસ્ટાર પર આ મેચનું લાઈવ પ્રસારણ જોઈ શકાશે. ભારતની સંભવિત ૧૫ સભ્યોની ટીમ : હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, દીપ્તિ શર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, ઋચા ઘોષ, ઉમા છેત્રી, પૂજા વસ્ત્રાકર, અરુંધતિ રેડ્ડી, રેણુકા ઠાકુર સિંહ, દયાલન હેમલતા, આશા શોભના, રાધા યાદવ, એસ. સજના અને તનુજા કંવર. શ્રીલંકાની સંભવિત૧૫ સભ્યોની ટીમ : ચમરી અથાપથુ (કેપ્ટન), સચિની નિસાનસાલા, કાવ્યા કવિંદી, શશિની ગિમ્હાની, ઉદેશિકા પ્રબોધની, સુગંધિકા કુમારી, અચિની કુલસૂર્યા, ઈનોશી પ્રિયદર્શિની, અમા કંચના, કવિશા દિલહારી, નીલાક્ષી ડી સિલ્વા, અનુષ્કા સંજીવની, હાસીની પરેરા હર્ષિતા સમરવિક્રમા અને વિશામી ગુણારત્ને.

### કોચિંગની અમુક ખાસ ટિપ્સ આપી

# રાહુલ દ્રવિડના ખાસ મેસેજે ગંભીરને ઈમોશનલ કરી દીધા

પલ્લેકલ, તા.૨૭

શ્રીલંકા પ્રવાસથી ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયા સાથે પોતાની નવી ઈનિંગ હેડ કોચના રૂપમાં શરૂ કરી છે. પોતાનો કાર્યકાળ શરૂ કરતા પહેલા ગંભીરને ટી-૨૦ વર્લ્ડકપ વિજેતા કોચ દ્રવિડનો એક ખાસ મેસેજ મળ્યો છે. જેણે તેમને ઈમોશનલ કરી દીધા છે. બીસીસીઆઈએ આ ઘટનાનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કર્યો છે. પ્રશંસકો આ વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. દ્રવિડે શ્રીલંકા પ્રવાસ શરૂ થતાં પહેલા ગંભીરને એક વોઈસ નોટ મોકલી છે. દ્રવિડે પહેલા ગંભીરને શુભેચ્છા આપતા કહ્યું કે હું આપને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. ગૌતમ મને વિશ્વાસ છે કે તમે ભારતીય ટીમને વધારે ઊંચાઈઓ પર લઈ જશો. તમારા સાથી ખેલાડીના રૂપમાં મેં તમને મેદાન પર પોતાનું સર્વશ્રેષ્ઠ આપતા જોયા છે. તમારા બેટિંગ સાથી અને સાથી ફિલ્ડરના રૂપમાં મેં તમને દૃઢતા અને હાર ન માનવાની આદત જોઈ છે. અનેક આઈપીએલ સીઝનમાં મેં તમને જીતની ઈચ્છા, યુવા ખેલાડીઓની સહાયતા અને મેદાન પર પોતાની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવાની તમારી ઈચ્છા જોઈ છે. હું જાણું છું કે તમે ભારતીય ક્રિકેટના પ્રતિ કેટલા સમર્પિત અને ભાવુક છો અને મને વિશ્વાસ છે કે તમે આ બધા ગુણોને નવી નોકરીમાં પણ લાવશો. દ્રવિડ ગંભીરને ટિપ્સ આપતા કહ્યું કે જેવું કે તમે જાણો છો અપેક્ષાઓ ઘણી વધારે હશે અને પરીક્ષા પણ આકરી હશે. મને એ પણ આશા છે કે તમને દરેક ટીમમાં પૂરી રીતે ફિટ ખેલાડી મળશે.

### ૧૭ અને ૧૯ વર્ષના શૂટરની કમાલ

# પેરિસ ઓલિમ્પિકનો પ્રથમ ગોલ્ડ મેડલ ચીને જીત્યો

પેરિસ, તા.૨૭

૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકનો પ્રથમ ગોલ્ડ મેડલ ચીનના ખાતામાં ગયો છે. ૧૦ મીટર એર રાઈફલ મિક્સ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મુકાબલામાં ચીને દ.કોરિયાને ૧૬-૧૨થી પરાજય આપ્યો. હુ આંગ યુટીગ અને શેન લિહાસોએ આ ગોલ્ડ મેડલ જીત્યો. યુટિગ ૧૯ વર્ષનો છે તો શેંગની ઉંમર ફક્ત ૧૭ વર્ષ છે. ક્વોલીફિકેશન રાઉન્ડમાં પણ ચીનની જોડી ટોપ ઉપર હતી. આ જોડી આ ઈવેન્ટની વર્લ્ડ ચેમ્પિયન પણ છે. દ.કોરિયાના કેઉમ ઝિહયોન અને હાઝૂન પાર્કને સિલ્વર મેડલથી સંતોષ કરવો પડ્યો. ઓલિમ્પિકમાં આ હુઆંગ યુટીગનો બીજો મેડલ છે. ૧૬ વર્ષની ઉંમરમાં તેણે પેરિસ ઓલિમ્પિકમાં ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ કબજે કર્યો હતો. શેંગ લિહાઓએ ૧૭ વર્ષની ઉંમરમાં હવે લગભગ બધી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો છે. તેના નામે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રણ ગોલ્ડ છે. આ ઉપરાંત ગત વર્ષ એશિયન ગેમ્સમાં પણ તેણે ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. કઝાકિસ્તાનની જોડી એલેવ ઝેન્દ્રા અને ઈસ્લામ સતપાયેવે બ્રોન્ઝ મેડલ કબજે કર્યો. બ્રોન્ઝ મેડલ મુકાબલામાં આ જોડીની સામે જર્મનીનો પડકાર હતો. બ્રોન્ઝ મેડલ મુકાબલો એકતરફી રહ્યો હતો. જર્મન જોડી ૧૭-૫થી હારી ગઈ. આ રીતે ૧૦ મીટર એર રાઈફલ મિક્સ ટીમ ઈવેન્ટમાં બધા ત્રણ મેડલ એશિયન દેશોના ખાતામાં ગયા છે.

### મદાંડેએ બાયના ૪૨ રન આપી દીધા

# વિકેટકીપર ક્લાઈવ મદાંડેના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ

બેલફાસ્ટ, તા.૨૭

ઝિમ્બાબ્વેના વિકેટકીપર ક્લાઈવ મદાંડેએ આયરલેન્ડ વિરૂદ્ધ એકમાત્ર ટેસ્ટ મેચમાં શરમજનક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઝિમ્બાબ્વે સામે ફિલ્ડીંગમાં તેણે ૪૨ રન બાયના રૂપમાં આપી દીધા. ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં આ કોઈપણ વિકેટકીપર દ્વારા અપાયેલા સૌથી વધારે રન આપવાનો રેકોર્ડ છે. હેરાનની વાત એ છે કે ક્લાઈવ મદાંડે પોતાની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ મેચ રમી રહ્યો હતો. ફક્ત વિકેટકીપિંગમાં જ નહીં બેટિંગમાં પણ ક્લાઈવ મદાંડે કંઈ ખાસ કમાલ કરી શક્યો નહીં. પોતાની ડેબ્યુ મેચમાં મદાંડે પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહીં. વિકેટકીપિંગમાં બાય આપવાના મામલામાં તેણે ઈંગ્લેન્ડના લેસ એમ્સનો રેકોર્ડ તોડી નાખ્યો. એમ્સની ગણતરી ક્રિકેટના સૌથી સારા વિકેટકીપર બેટસમેનોમાં થાય છે અને તેણે ૧૯૩૪માં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ધ ઓવલમાં રમાયેલી ટેસ્ટ મેચમાં ૩૭ રન બાયના આપ્યા હતા.

# પાલનપુરમાં ચાંદીપુરા વાયરસને લઈ પુણેની ટીમનું આગમન : તપાસ હાથ ધરી

## લોકોની સાથે જાનવરોના લોહીના નમૂના ઈટરડી સહિતના સેમ્પલ લઈ પરીક્ષણ અર્થે મોકલાશે



પાલનપુર, તા.૨૭

બનાસકાંઠા જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ વકરી રહ્યો છે જેમાં ત્રણ અસર ગ્રસ્ત બાળકોનાં મોત થતા તંત્રમાં દોડધામ મચી છે. જોકે આ વાયરસ નાના બાળકો માટે જોખમી હોવાથી તેને ફેલાતો રોકવા પુણેની ટીમ દ્વારા પાલનપુરમાં તપાસ હાથ ધરવામાં આવી છે જેમાં લોકોની સાથે પશુઓના લોહીના નમૂના તેમજ ઈટરડી, ઉંદર મચ્છર સહિતની જીવાતના સેમ્પલ લઈ તેને પરીક્ષણ અર્થે મોકલવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દશેક દિવસમાં ચાંદીપુરાના છ શંકાસ્પદ કેસોમાં ત્રણ બાળકોનાં મોત નિપજતા અને બે બાળકો સારવાર અર્થે હોય જિલ્લામાં આ સેન્ડફલાયને ફેલાતો રોકવા સર્વે તેમજ જંતુનાશક દવાનો છંટકાવ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે વચ્ચે આ વાયરસ ક્યાંથી ઉદ્‌ભવ્યો તેનું સંશોધન કરવા શનિવારે પુણેની ટીમે પાલનપુરમાં ધામા નાખ્યા છે જેમાં જે અસરગ્રસ્ત બાળક દાખલ છે તેમજ મરણ પામેલ અને સાજા થયેલા દર્દીના ઘરની મુલાકાત લઇ તેમના લોહીના નમૂના લેવામાં આવશે તેમજ આસપાસના ખેતરોના પશુઓના પણ સેમ્પલ તેમજ પશુ, પાણી, ઈટરડી, ઉંદર મચ્છરને પકડી તેને તેનાથી આ વાયરસ ફેલાયો છે કે કેમ તેની તપાસ કરવા ગાંધીનગર અને પુણેની લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવશે. જોકે પુણેની ત્રણ તબીબ સહિત સાતની ટીમે સ્થાનિક આરોગ્યની ટીમને સાથે રાખી પાલનપુરના ડોકટર હાઉસ, આરટીઓ કચેરી પાસેની સોસાયટી સહિતના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી.

# પાટડી-દસાડા વચ્ચે જુદી-જુદી બે કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## રૂા.૨૨.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૭

પાટડી દસાડા વચ્ચે વિદેશી દારૂ ભરેલી બે કાર ઝડપાઈ હતી. જેમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દારૂની ૨૬૮૬ બોટલો, બે મોબાઈલ અને રોકડા અને બે ગાડી મળી કુલ રૂા. ૨૨.૯૬ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યો હતો. આ અંગે પાટડી પોલીસ મથકે કુલ દસ શખ્સો સામે ફરિયાદ દાખલ કરી અન્ય આરોપીઓને ઝબ્બે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફને બાતમી મળી હતી કે, એક ગાડી દારૂના જથ્થા સાથે દસાડાથી પાટડી તરફ આવી રહી હોવાની બાતમીના આધારે દસાડા-પાટડી રોડ પર અમૃત હોટલ પાસે નંબર પ્લેટ વગરની ઈનોવા ગાડીને રસ્તો બ્લોક કરીને આંતરીને રોકી એમાં બેઠેલા બે ઈસમોની પૂછપરછ કરતા સમયે શંકાસ્પદ હાલતમાં નીકળેલી કારને આંતરવા છતાં કારચાલક પોલીસને થાપ આપી નાસી છૂટવામાં સફળ થયો હતો. બાદમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે આ ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરી પાટડી રેલવે ફાટક પાસેથી આ કારને આંતરતા કારમાં સવાર બંને ઈસમો કાર મૂકીને અંધારામાં નાસી છૂટવામાં સફળ થયા હતા. બાદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે ઈનોવા કારમાંથી જુદી દારૂની બોટલો નંગ-૧૮૭૪ કિંમત રૂા.૩,૩૨,૩૦૦ તથા અર્ટીગા ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ-૮૧૨ કિંમત રૂા.૨,૫૨,૮૦૦ મળી કુલ વિદેશી દારૂની બોટલો નંગ-૨૬૮૬ કિંમત રૂા.૫,૮૫,૧૦૦, તેમજ અન્ય સામાન મળી કુલ રૂા.૨૨,૯૬,૦૦૦ના મુદ્દામાલ સાથે ભજનલાલ આસુરામ બિશનોઈ અને પપ્પુરામ જગારામ ખીલેરી બિશનોઈને ઝબ્બે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ૩૧મી જુલાઈએ વર્તમાન બોડીની મુદત પૂર્ણ થતાં

# ચાર દિવસ બાદ જૂનાગઢ મનપામાં વહીવટદારનું શાસન : ચૂંટણીની જાહેરાત કયારે ?

જૂનાગઢ, તા.૨૭

આગામી તા.૩૧ જુલાઈના રોજ જૂનાગઢ મનપાની વર્તમાન બોડીની મુદત સમાપ્ત થઈ રહી છે. ત્યારે જૂનાગઢ મનપામાં હવે ૪ દિવસ બાદ વહીવટદાર શાસન આવી જશે. ત્યારે સવાલ એ ઉપસ્થિત થાય છે કે રાજ્ય સરકારે જૂનાગઢ મનપાની ચૂંટણી નહીં યોજીને એક કાંકરે અનેક પક્ષીઓ માર્યા હોવાનું જાણકાર રાજકીય સુત્રોમાં ચર્ચાઈ રહ્યું છે. ભાજપ શાસિત જૂનાગઢ મનપાની વર્તમાન બોડી તમામ મોરચે નિષ્ફળ ગઈ હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. જૂનાગઢ 'ખાડાગઢ'માં ફેરવાઈ ગયું છે. શહેરમાં એક પણ એવો માર્ગ નથી કે ગલી નથી કે જ્યાં ખાડાઓનું સામ્રાજ્ય ન હોય. પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ મનપાનાં શાસકો નિષ્ફળ ગયા છે ત્યારે શહેરનાં મતદારો એવા નાગરીકોમાં ભાજપનાં શાસકો સામે ભારે રોષની લાગણી વ્યાપેલી છે. તેથી ચૂંટણી યોજાય તો લોકોનો પુણ્ય પ્રકોપનો ભોગ વર્તમાન કોર્પોરેટરોને બનવું પડશે તેમાં કોઈ શંકા નથી. ત્યારે ભાજપ સંગઠન તેમજ રાજ્ય સરકારે એવી વ્યુહરચના અપનાવી છે કે જૂનાગઢ મહાનગરપાલિકામાં વહીવટદાર શાસન લાદીને ડેમેજ કંટ્રોલ કરવું અને લોકોમાં રોષ ઓછો થાય ત્યારે ચૂંટણી યોજવી. જો કે ભાજપના આંતરિક સુત્રોના જણાવ્યા મુજબ આ વખતે જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વ્યાપક સાફસુફી અભિયાન ચલાવવામાં આવશે અને પેધી ગયેલા અને ભ્રષ્ટાચાર જ જેનો જીવન મંત્ર છે તેવા કહેવાતા નેતાઓ અને ૪ દિવસ બાદ ભૂતપૂર્વ બની જનારા કોર્પોરેટરોને તેમનું સ્થાન દેખાડી દેવા માટે તખ્તો ગોઠવાઈ ગયો હોવાનું જાણવા મળે છે. જો આવા કોર્પોરેટરોને રીપીટ કરાશે તો પ્રજા તેમને તેમનું સ્થાન દેખાડી દેશે તે નિશ્ચિત છે. તેથી જ ભાજપની નેતાગીરી કોઈ જોખમ લેશે નહીં. અને આ વખતે આગામી સમયમાં જયારે જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે ત્યારે શાસન પણ તરફથી તદ્દન નવા ચહેરાઓને મેદાનમાં ઉતારીને લોકોના રોષને ખાળવાનો પ્રયાસ કરવામાં આવશે. જેથી કરીને નવા ચહેરા સાથે નવેસરથી લોકો પાસેથી મત માંગવા જઈ શકાય. તેમજ જૂનાગઢ કોર્પોરેટરનનાં વિકાસની આડે જે બાબતો અત્યાર સુધી વિઘ્ન બનીને આવી છે તે વિઘ્ન દૂર કરવા માટે વહીવટદાર શાસન દરમ્યાન નકકર કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે. ખાસ કરીને ગેરકાયદેસર બાંધકામો, જોષીપરા ઓવરબ્રિજનો પ્રશ્ન, જૂનાગઢનાં માર્ગો પેવરથી મઢવા, નરસિંહ મહેતા સરોવરનાં કાર્યમાં વહીવટદાર શાસનમાં કોઈની શેહશરમ રાખ્યા વિના નિર્ણયો લેવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

# વડોદરામાં સર્જાયેલી પૂરની સ્થિતિ માનવસર્જિત હોવાના આક્ષેપ સાથે પૂર્વ વિપક્ષી નેતાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

## પૂરની જ્યુડિશિયલ અને વિજિલન્સ તપાસની માંગ કરી, નુકસાનીનો સર્વે કરી વળતર તથા કેશડોલ ચૂકવવાની માંગ કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરા શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં આવેલું પૂર માનવ સર્જિત હોવાનો આક્ષેપ કરતો પત્ર પૂર્વ વિપક્ષી નેતાએ મુખ્યમંત્રીને લખ્યો છે. પત્રમાં તેમણે દર વર્ષે પ્રિ-મોન્સુન કામગીરી માટે ખર્ચાતા રૂપિયા ૬થી ૭ કરોડ અને છેલ્લા ૧૦ વર્ષમાં ખર્ચાયેલા રૂપિયા ૧ હજાર કરોડમા મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તેમણે વડોદરામાં આવેલા પૂરની જ્યુડીશીયલ અને વિજિલન્સ તપાસની માગ કરી ?? વડોદરા કોર્પોરેશનના પૂર્વ વિપક્ષી નેતા અમીબેન રાવતે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, માનવસર્જિત હોનારતના લીધે વડોદરામાં વિસ્તારો, સોસાયટીઓના રોડ રસ્તાઓ ડૂબવાના માટે જવાબદાર સરકારી તંત્ર છે. પૂરના કારણે ૪૦૦ સોસાયટીઓમાં પાણી ભરાયાં છે. અને ૧૫૦ વસાહતો ખાલી કરાવવામાં આવી છે અને ૪,૫૦૦ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા. આ તમામ પરિસ્થિતી માટે પાલિકાનો અણઘડ વહીવટ અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર જવાબદાર છે. તેમણે પત્રમાં આક્ષેપ કરતા વધુમાં જણાવ્યું છે કે, વડોદરા કોર્પોરેશન દ્વારા દર વર્ષે પ્રિ-મોન્સુન કામગીરી પાછળ રૂપિયા ૬થી ૭ કરોડ ખર્ચ કરવામાં આવે છે અને છેલ્લા ૧૦ વર્ષમા ૧ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં વડોદરામાં પૂરની સ્થિતી કેવી રીતે સર્જાઇ. પાલિકા આજવા સરોવરમાં ૨૧૪ ફૂટ પાણી સંગ્રહ કરી શકે તેમ હતું અને જેમ વિશ્વામિત્રી નદીની સપાટીમાં ઘટાડો થાય તેમ પાણી છોડવામાં આવ્યું હોત તો વડોદરામાં પૂરની સ્થિતી સર્જાઇ ન હોત. પરંતુ પાલિકાના ભાજપા શાસકો અને વહિવટી અધિકારીઓના અણઘડ આયોજનના કારણે પૂરની સ્થિતી સર્જાઈ છે. આ પૂર કુદરતી નહીં પરંતુ માનવ સર્જિત છે. પૂર્વ વિપક્ષી નેતા અમી રાવતે મુખ્યમંત્રીને લખેલા પત્ર દ્વારા માંગ કરતા જણાવ્યું છે કે, વડોદરા શહેરમાં માનવસર્જિત પૂરમાં જે લોકોને નુકસાન થયું છે. તેઓની નુકશાનીનો તાત્કાલિક સર્વે કરવામાં આવે અને વળતર ચૂકવવામાં આવે. તે સાથે તાત્કાલિક કેશ ડોલ ચૂકવવામાં આવે. આ ઉપરાંત વિશ્વામિત્રી નદીનો વડોદરા શહેરને આવરી લેતો ૩૫-કિ.મી.નો પટ અને તેના તમામ કાંસો, કોતરોનો વિસ્તાર (એરિયાઅને પટ) જાહેર કરવામાં આવે અને જેમાં સરકારી કે ગેરસરકારી થયેલા દબાણો, પુરાણ દૂર કરવામાં આવે. વિશ્વામિત્રી નદી અને સાથે સંકળાયેલા તળાવો, કાંસો-કોતરો તથા ભૂખી કાંસ, મસિયા કાંસ, રૂપારેલના કાંસોમાં કોર્પો. અને ખાનગી લોકો દ્વારા કરેલા પુરાણો વિશે રજૂઆત કરેલ છે. તેને દૂર કરવામાં આવ્યા નથી. આ બાબતે ગુજરાત સરકાર દ્વારા તેમજ જીપીસીબી દ્વારા કોર્પોને નોટિસ આદેશ આપવામાં આવેલા છતાં પણ આજની તારીખે પણ આ પુરાણોના ઢગલા દૂર કરવામાં આવ્યા નથી અને સરકારે આ બાબતે જવાબદાર સામે પગલાં લેવા અને સત્વરે પુરાણોના તમામ ઢગલાં જેમાં કન્સ્ટ્રકશન અને ડિમોલિશન કચરાને પણ દૂર કરવા માટે તાત્કાલિક કાર્યવાહીની સૂચના આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.

ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ | મિલકતનું સરનામું |
|---|---|---|---|---|---|---|
| 1 | 76403515 | મિલકત સામે લોન | ૧. લાલજી ઠાકોર ૨. ઠાકોર મુન્નીબેન | ૧૦.૦૭.૨૦૨૪ | ભા. રૂા. ૨,૭૯,૪૧૯.૧૭/- | સ્થાવર ગામતળ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સા ધરાવતું મિલકત નં.૪૮૨ ત્યાં ઉભેલ, સ્થિત મોજે તેની જમીન ઉપર/ ગામ : જિડવા, સબ જિલ્લો : દહેગામ, જિલ્લા : ગાંધીનગર, ગુજરાત -૩૮૨૩૧૫, ક્ષેત્રફળ ૧૨૦૦ ચો.ફૂટ અને ખૂંટ આ મુજબ : પૂર્વ : ઠાકોર ગોકાજી પથાજીનું ઘર, પશ્ચિમ : ઠાકોર અમરતજી પુંજાજીનું ઘર, ઉત્તર : ઠાકોર પુજાજી વાલાજીનું ઘર, દક્ષિણ : ઠાકોર જશીબેન જવણજી. |
| 2 | 102228350 અને 102218972 | હોમ લોન | ૧. પ્રથમેશ શિરીષભાઈ મનીઆર ૨. રૂપલ પ્રથમેશ મનીઆર | ૧૦.૦૭.૨૦૨૪ | ભા. રૂા. ૨૯,૭૨,૩૫૨.૫૭/- | બિન ખેતીની જમીનના તે તમામ ભાગ અને હિસ્સા સબ પ્લોટ નં.૩૮૨/૩ના, રેવન્યુ સર્વે ૧૦૮૪, જમીન વિસ્તાર ક્ષેત્રફળ ૬૦.૦૦ ચો.મી. તેના ઉપર બાંધકામ સાથે, સ્થિત અત્રે મોજે. : લાલપર રોડ, સીટી જામનગર, રજિ. સબ જિલ્લો અને જિલ્લો : જામનગર, રાજ્ય ગુજરાત -૩૬૧૦૦૫, ખૂંટ આ મુજબ : પૂર્વ : પ્લોટ નં.૩૬૭, પશ્ચિમ : ૭.૫ મીટર રોડ, ઉત્તર : પ્લોટ નં.૩૮૨/૨, દક્ષિણ : પ્લોટ નં.૩૮૩/૪. |
| 3 | 63595160 | મિલકત સામે લોન | ૧.રતાડીયા રેવાભાઈ ૨.રતાડીયા લાલો રેવાભાઈ | ૧૭.૦૫.૨૦૨૪ | ભા. રૂા. ૨,૮૪,૧૨૭.૦૭/- | સ્થાવર ગામતળ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતું રેસિડેન્સીયલ ઘર નં.૨૦૫ના, મિલકત નં.૨૪૯ પ્લોટ નં.૧૪ના ક્ષેત્રફળ ૧૦૦ ચો.વાર જમીન ઉપર, સ્થિત ગામતળ જમીન ઉપર "મહાકાલીમા", ગ્રામ પંચાયત સામે, આટકોટ રોડ મોજે ગામના, રાજગઢ, તાલુકા : કોટડા સાંગાણી, જિલ્લો રાજકોટ, ગુજરાત-૩૬૦૦૩૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : અન્યની મિલકત, પશ્ચિમ : અન્ય મિલકત, ઉત્તર : અન્ય મિલકત, દક્ષિણ : માનકી નદી. |
| 4 | 30277555 | મિલકત સામે લોન | ૧.સુરેશભાઈ માચી ૨. મીનાબેન માચી | ૧૭.૦૬.૨૦૨૪ | ભા. રૂા. ૨,૧૯,૧૧૫.૯૨/- | ગ્રામ પંચાયત ઘર નં.૧૦૮ના તમામ ભાગ અને હિસ્સાઓ ક્ષેત્રફળ ૭૪૮ ચો.ફૂટ સ્થિત અત્રે ગ્રામ પંચાયત અને ગામ : કુંડા, તા.લુણાવાડા, જિલ્લો મહીસાગર, ગુજરાત-૩૮૯૨૩૫, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ખૂલ્લો વાડો, પશ્ચિમ : આરસીસી રોડ, ઉત્તર : માચી સંકલભાઈ જગાભાઈનું ઘર, દક્ષિણ : જયંતીભાઈ લાલાભાઈનું ઘર |

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

**તા. : ૨૮.૦૭.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

**CIN : L65110TN2014PLC097792**

**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.

ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતોની વિગતો | ડિમાન્ડ નોટિસ | | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | બાકી રકમ (રૂપિયા) | |
| 30762746 & 33051907 | ૧. રામચંદ્રગીરી ભવાનગીરી ગોસ્વામી, ૨. ભાવનાબેન રામચંદ્રગીરી ગોસ્વામી | તે તમામ ભાગ અને હિસ્સાઓ સ્થાવર રેસિડેન્શિયલ મિલકત ધરાવતા પ્લોટ નં.૨૦ અને ૨૧ બંધાયેલ, ક્ષેત્રફળ બિલ્ટ અપ એરિયા ૬૬.૯૧ ચો.મી. સ્થિત સર્વે નં.૧૨૮૦ (જૂના સર્વે નં.૩૫) વિડાજ સીમ, તા. કડી, જિ. મહેસાણા, ગુજરાત-૩૮૨૭૧૫ અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : અજીતભાઈનું ઘર, ઉત્તર : રોડ, દક્ષિણ : બચુભાઈ બજુદાસ પટેલનું ખેતર | 16.02.2024 | Rs. 6,50,805.11/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 34193960 | ૧. ઠાકોર રસીકજી, ૨. ઠાકોર કેશીબેન, ૩. ઠાકોર સુરાજી | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત મિલકત/મિલકત નં.૭૫૧, પ્લોટ વિસ્તાર ૭૦૦ ચો.ફૂટ સ્થિત અત્રે ઠાકોર વાસ, (ગામતળ), ઉમિયા પોર પાસે, બાલીસણા રોડ, મોજેઃ માતપુર, તા. અને જિ. : પાટણ, ગુજરાત-૪૮૪૨૭૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : ખુલ્લી જમીન, દક્ષિણ : ડાહ્યાજી ભીખાજી ઠાકોરની મિલકત | 10.02.2024 | Rs. 3,71,798.47/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 34953411 | ૧. મહેન્દ્રભાઈ રણછોડભાઈ વણકર, ૨. ચિરાગભાઈ વણકર, ૩. ગીતાબેન વણકર | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગામતળ જૂના ઘર નં.૨૦૩, નવા ઘર નં.૨૧૭, સ્થિત અત્રે મોજે : રીંછવાડ અન્ડર માલપુર, તા.જિ. અરવલ્લી, ગુજરાત-૩૮૩૩૪૫, ક્ષેત્રફળ ૧૨૬૦ ચો.ફૂટ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વીરાભાઈ રણછોડભાઈ વણકરનું ઘર, પશ્ચિમ : આર.સી.સી. રોડ, ઉત્તર : આર.સી.સી. રોડ, દક્ષિણ : ખુલ્લો પ્લોટ | 25.01.2024 | Rs. 1,79,222.21/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 37017721 | ૧. અજયકુમાર સુરેશભાઈ વાઘેલા, ૨. સુરેશભાઈ શંકરભાઈ વાઘેલા, ૩. તેજલબેન અજયભાઈ વાઘરી | તે તમામ ભાગ અને હિસ્સાઓ મોજે : બડોલી ગ્રુપ ગ્રામ પંચાયત, મિલકત નં.૨૨૪૭, ક્ષેત્રફળ ૧૦૦૦ ચો.ફૂટ એટલે કે ૯૨.૯૩ ચો.મી. તા.ઈડર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૪૧૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વિસ્તાર રોડ, પશ્ચિમ : ઘર છોડેલ જમીન, ઉત્તર : વાઘેલા મધુબેનનું ઘર, દક્ષિણ : ખુલ્લો પ્લોટ | 30.03.2024 | Rs. 5,68,128.16/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 39470978 | ૧. રમેશભાઈ વણકર, ૨. હીરાભાઈ વણકર, ૨. જશીબેન વણકર | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત મિલકત નં.૧૧૨૨, મિલકત વિસ્તાર ૮૧૦ ચો.ફૂટ વણકર વાસ, અત્રે બધિયા, તા. કાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત- ૩૮૯૩૧૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વાડો, પશ્ચિમ : રોડ, ઉત્તર : માનાભાઈનું ઘર, દક્ષિણ : ખેગારભાઈનું ઘર | 30.03.2024 | Rs. 3,19,616.58/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

**તારીખ : ૨૨-જુલાઈ-૨૦૨૪**
**સ્થળ : ગુજરાત, પાટણ, અરવલ્લી, ઈડર, પંચમહાલ**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

સ્પોર્ટ્સ ટુડે

## સૂર્યકુમાર, રિષભ પંત અને જયસ્વાલની આકર્ષક બેટિંગ

# પ્રથમ ટી-૨૦માં શ્રીલંકા સામે ભારતનો શાનદાર વિજય

### ભારત ૨૧૩/૭, સૂર્યકુમાર(૫૮), રિષભ પંત(૪૯), પથિરાનાની ચાર વિકેટ; શ્રીલંકા ૧૭૦, નિસાંકા (૭૯), મેન્ડીસ (૪૫), પરાગની ત્રણ, અક્ષર-અર્શદીપની બે-બે વિકેટ



પાલેકલ, તા. ૨૭

કેપ્ટન સૂર્યકુમાર યાદવ(૫૮), રિષભ પંત(૪૯) અને જયસ્વાલ(૪૦)ની આકર્ષક બેટિંગ બાદ બોલરોના સારા પ્રદર્શનને કારણે ભારતે પ્રથમ ટી-૨૦ મેચમાં શ્રીલંકાને ૪૩ રનથી પરાજય આપ્યો હતો. ૨૧૪ રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરતાં શ્રીલંકાની સમગ્ર ટીમ ૧૯.૨ ઓવરમાં જ ૧૭૦ રન બનાવી ઓલઆઉટ થઇ ગઇ હતી. શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. મોટા લક્ષ્યાંકનો પીછો કરતાં શ્રીલંકાએ જોરદાર શરૂઆત કરી હતી અને એક સમયે ૯મી ઓવરમાં જ વિના વિકેટે ૮૪ રન બનાવી લીધા હતા. પથુમ નિસાંકા(૭૯) અને કુશલ મેન્ડીસ(૪૫)એ શાનદાર શરૂઆત અપાવી હતી. અર્શદીપસિંહે પ્રથમ સફળતા અપાવી હતી જેમાં મેન્ડીસને આઉટ કર્યો હતો. તેણે ૨૭ બોલમાં ૭ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. ત્યારબાદ ટીમના ૧૪૦ રનના સ્કોરે નિસાંકાને અક્ષર પટેલે ક્લિન બોલ્ડ કર્યો હતો. તેણે ૪૮ બોલમાં ૭ ચોગ્ગા અને ચાર સિક્સર ફટકારી હતી. જોકે, ત્યારબાદ શ્રીલંકાના બેટરો વધુ ચાલી શક્યા ન હતા અને અચાનક વિકેટો પડવાનો ક્રમ ચાલુ રહ્યો હતો. પાર્ટટાઈમ બોલર રિયાન પરાગે અંતિમ ત્રણ વિકેટ ઝડપીને શ્રીલંકાની ઈનિંગનો અંત ૧૭૦ રનના સ્કોરે જ લાવ્યો હતો. આ ૧૪ ઓવરમાં એક વિકેટે ૧૪૦ રન બનાવનારી શ્રીલંકાની આખી ટીમ બીજા ૩૦ રનમાં તંબુભેગી થઈ ગઈ હતી. આ પહેલાં ભારતે મજબૂત શરૂઆત કરતાં જયસ્વાલ અને શુભમન ગિલ(૩૪)ની ઓપનિંગ જોડીએ ૭ ઓવરમાં ૭૪ રન બનાવી લીધા હતા. છઠ્ઠી ઓવરના છેલ્લા બોલે શુભમન ગિલ ૧૬ બોલમાં ૩૪ રન બનાવી આઉટ થયો હતો. સાતમી ઓવરના પ્રથમ બોલે જ જયસ્વાલ પણ આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ સૂર્યકુમાર યાદવ અને રિષભ પંત વચ્ચે ત્રીજી વિકેટ માટે ઝડપી ૭૬ રનની ભાગીદારી થઈ હતી. સૂર્યકુમારે પોતાની ૨૬ બોલની ઈનિંગમાં ૮ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી. રિષભ પંતે ૩૩ બોલમાં ૭ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. જયસ્વાલે ૨૧ બોલની ઈનિંગમાં પાંચ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. શ્રીલંકા તરફથી પથિરાનાએ ચાર વિકેટ ઝડપી હતી. મેચમાં ઝડપી ૫૮ રન બનાવનારા કેપ્ટન સૂર્યકુમાર યાદવને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

### રાજ્યમાં કહેર મચાવતો શંકાસ્પદ રોગચાળો હવે થઈ રહ્યો છે કન્ફર્મ !

# રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો જ વધતો રોગચાળો

# કુલ ૧૩૦ કેસો પૈકી ૪૫ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ

### મોતનો સિલસિલો જારી રહેતા વધુ ૪ મોત સાથે મૃત્યુઆંક થયો બાવન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ચાંદીપુરાથી વાયરસથી હાહાકાર મચ્યો છે. રાજ્યમાં ચાંદીપુરાના કેસમાં દિવસેને દિવસે ઉછાળો આવ્યો છે. ગુજરાત રાજ્યના વાયરલ એન્કેફેલાઈટીસના કુલ ૧૩૦ કેસો નોંધાયા છે. સૌથી વધુ સાબરકાંઠામાં ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કન્ફર્મ કેસ પણ વધી રહ્યા છે. શંકાસ્પદ પૈકી ૪૫ કેસો હાલ પોઝિટિવ છે. જ્યારે રોગચાળાના કારણે વધુ મોત જારી રહેતા રાજ્યમાં ૫૨ બાળકોનાં મોત નિપજ્યા છે. ચાંદીપુરા વાયરસથી ૩૮ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાજ્યમાં હમણાં સુધીમાં અત્યાર સુધી ૪૦ દર્દીઓ સાજા થવામાં સફળ રહ્યા છે. રાજ્યના ચાંદીપુરા વાયરસ (વાયરલ એન્કેફેલાઈટીસ)ના કુલ ૧૩૦ કેસો નોંધાયા છે. જે પૈકી સાબરકાંઠા ૧૨, અરવલ્લી ૭, મહીસાગર ૨, ખેડા ૭, મહેસાણા ૭, રાજકોટ ૬, સુરેન્દ્રનગર ૫, અમદાવાદ



કોર્પોરેશન ૧૨, ગાંધીનગર ૬, પંચમહાલ ૧૫, જામનગર ૬, મોરબી ૫, ગાંધીનગર કોર્પોરેશન ૩, છોટાઉદેપુર ૨, દાહોદ ૩, વડોદરા ૬, નર્મદા ૨, બનાસકાંઠા ૫, વડોદરા કોર્પોરેશન ૨, ભાવનગર અને દ્વારકામાં ૧-૧ કેસ, રાજકોટ કોર્પોરેશન ૪, કચ્છ ૩, સુરત કોર્પોરેશન ૨, ભરૂચ ૩, અમદાવાદ અને જામનગર કોર્પોરેશન ૧-૧ શંકાસ્પદ કેસો નોંધાયા છે. બીજી તરફ રાજ્યમાં ચાંદીપુરા વાયરસનું પ્રમાણ વધી રહ્યું હોય તેમ પોઝિટિવ કેસ પણ વધી રહ્યા છે. સેમ્પલના આવેલ રિપોર્ટ મુજબ રાજ્યમાં ૪૫ દર્દીઓને ચાંદીપુરા વાયરસ કન્ફર્મ થયા છે. જેમાં સાબરકાંઠામાં ૬, અરવલ્લી ૩, મહીસાગર ૧, ખેડા ૪, મહેસાણા ૪, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૨-૨ કેસ, અમદાવાદ કોર્પોરેશન ૩, ગાંધીનગર ૧, પંચમહાલ ૭, જામનગર અને મોરબીમાં ૧-૧ કેસ, દાહોદ ૨, વડોદરા, બનાસકાંઠા અને દ્વારકા અને પોરબંદરમાં ૧-૧ કેસ નોંધાયા, સુરત કોર્પોરેશન અને રાજકોટ કોર્પોરેશન સહિત કચ્છ જિલ્લામાંથી ૧-૧ કેસનો સમાવેશ થાય છે. રાજ્યના વાયરલ એન્કેફેલાઈટીસના ૩૮ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે ૪૦ દર્દીઓને રજા આપવામાં આવી છે. રાજ્યમાં આ શંકાસ્પદ રોગચાળામાં મોતના બનાવો પણ રોજેરોજ વધી રહ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૫૨ બાળ દર્દી મોતને ભેટ્યા છે. જેમાં સૌથી વધુ પંચમહાલ જિલ્લામાં ૬નાં મોત અને તે પછીના ક્રમે અમદાવાદ કોર્પોરેશનમાં પાંચના મોત થયા છે. આ ઉપરાંત રાજકોટમાં ૪, અરવલ્લી-જામનગર-બનાસકાંઠા, મોરબીમાં ૩-૩નાં મોત અને સાબરકાંઠા-મહીસાગર-ખેડા-મહેસાણા-ગાંધીનગર-દાહોદ-કચ્છ-ગાંધીનગર કોર્પોરેશનમાં ૨-૨ દર્દીના મૃત્યુ થયેલ છે.

### સેમિફાઇનલમાં પાકિસ્તાનની હાર થતા બહાર

# એશિયા કપની ફાઇનલમાં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો

### આજે ભારત-શ્રીલંકા વચ્ચેની ફાઇનલ મેચ દામ્બુલા સ્થિત રંગીરી દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે

નવી દિલ્હી, તા.૨૭

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૯મી વખત એશિયા કપ ૨૦૨૪ની ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચી દીધો છે. ટીમ આખી ટુર્નામેન્ટમાં એક પણ મેચ હારી નથી. ખિતાબ પોતાના નામે કરવા માટે ભારતીય ટીમ સૌથી મજબૂત દાવેદાર છે. ટીમે સેમિફાઈનલમાં બાંગ્લાદેશને એકતરફી મુકાબલામાં ૧૦ વિકેટથી હરાવ્યું હતું. હવે ભારતીય ટીમ ૨૮મી જુલાઈના રોજ દામ્બુલા સ્ટેડિયમમાં ખિતાબ જીતવા મેદાનમાં ઉતરશે.

ફાઈનલ મેચમાં ભારતનો મુકાબલો યજમાન શ્રીલંકાની ટીમ સાથે થશે. શ્રીલંકાએ ટુર્નામેન્ટની બીજી સેમિફાઈનલની રોમાંચક મેચમાં પાકિસ્તાનને ૩ વિકેટે હરાવ્યું હતું. પાકિસ્તાને આપેલા ૧૪૧ રનના લક્ષ્યનો પીછો કરતાં શ્રીલંકાએ એક બોલ પહેલાં જ મેચ જીતી લીધી હતી. આ મેચમાં શ્રીલંકન કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ૬૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ સિવાય અનુષ્કા સંજીવનીએ ૨૨ બોલમાં ૨૪ રન કરીને ટીમને જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફાઈનલ મેચમાં શ્રીલંકન ટીમ ભારતીય ટીમને મજબૂત ટક્કર આપી શકે છે. ભારતની જેમ શ્રીલંકાની ટીમ પણ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે. ભારતે ગ્રુપ સ્ટેજની મેચમાં પાકિસ્તાનને ૭ વિકેટે, યુએઈને ૭૮ રનથી અને નેપાળને ૮૨ રનથી હરાવ્યું હતું. અને સેમિફાઈનલમાં બાંગ્લાદેશને ૧૦ વિકેટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ શ્રીલંકન ટીમે ગ્રુપ સ્ટેજમાં બાંગ્લાદેશને ૭ વિકેટે, મલેશિયાને ૧૪૪ રનથી અને થાઈલેન્ડને ૧૦ વિકેટથી હરાવ્યું હતું. સેમિફાઈનલમાં શ્રીલંકાએ પાકિસ્તાનને ૩ વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. અગાઉ બન્ને ટીમોએ ગ્રુપ ટેબલમાં ટોચના સ્થાન પર રહીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારત અને શ્રીલંકા વચ્ચેની ફાઈનલ મેચ આવતીકાલે સાંજે ૭ વાગ્યે (ભારતીય સમય મુજબ) રમાશે. આ મેચ શ્રીલંકાના દામ્બુલા સ્થિત રંગીરી દામ્બુલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ભારતમાં ૨ સ્પોર્ટ્સ નેટવર્ક અને ડિઝની પ્લસ હોટસ્ટાર પર આ મેચનું લાઈવ પ્રસારણ જોઈ શકાશે. ભારતની સંભવિત ૧૫ સભ્યોની ટીમ : હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, દીપ્તિ શર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, ઋચા ઘોષ, ઉમા છેત્રી, પૂજા વસ્ત્રાકર, અરુંધતિ રેડ્ડી, રેણુકા ઠાકુર સિંહ, દયાલન હેમલતા, આશા શોભના, રાધા યાદવ, એસ. સજના અને તનુજા કંવર. શ્રીલંકાની સંભવિત ૧૫ સભ્યોની ટીમ : ચમરી અથાપથુ (કેપ્ટન), સચિની નિસાનસાલા, કાવ્યા કવિંદી, શશિની ગિમ્હાની, ઉદેશિકા પ્રબોધની, સુગંધિકા કુમારી, અચિની કુલસૂર્યા, ઈનોશી પ્રિયદર્શિની, અમા કંચના, કવિશા દિલહારી, નીલાક્ષી ડી સિલ્વા, અનુષ્કા સંજીવની, હાસીની પરેરા હર્ષિતા સમરવિક્રમા અને વિશામી ગુણારત્ને.

### ઓલિમ્પિકમાં ૨૦ વર્ષ બાદ રચાયો ઈતિહાસ

# મનુ ભાકર મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટની ફાઇનલમાં પહોંચી

### મનુ ભાકરે ક્વોલિફાઇંગ રાઉન્ડમાં ૫૮૦ પોઇન્ટ્સ મેળવ્યા : ફાઇનલ આજે બપોરે ૩:૩૦ વાગ્યે થશે

પેરિસ, તા.૨૭

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના પ્રથમ દિવસે (૨૭ જુલાઈ) શૂટિંગમાં ભારત માટે સારા સમાચાર સામે આવ્યા છે. નિશાનેબાજ મનુ ભાકર મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટની ફાઈનલમાં પહોંચી ગઈ છે. મનુ ભાકર ૬૦ શોટના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં કુલ ૫૮૦ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહી. ભાકરે પ્રથમ સીરીઝમાં ૯૭, બીજીમાં ૯૭, ત્રીજીમાં ૯૮, ચોથીમાં ૯૬, પાંચમીમાં ૯૬ અને છઠ્ઠી સીરીઝમાં ૯૬ પોઈન્ટ્સ મેળવ્યા. મનુ ભાકરની ફાઈનલ કાલે (૨૮ જુલાઈ) બપોરે ભારતીય સમય અનુસાર ૩.૩૦ વાગ્યે થશે. જણાવી દઈએ કે મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં રિધમ સાંગવાન પણ ભાગ લઈ રહી હતી, પરંતુ તેણે નિરાશ કર્યા. રિધમ ૫૭૩ પોઈન્ટ્સ સાથે ૧૫મા સ્થાને રહી. ૨૨ વર્ષની મનુ ભાકર ટોક્યો ઓલિમ્પિકમાં કંઈ ખાસ કરી શકી ન હતી, પરંતુ આ વખતે તે વધુ સારું પ્રદર્શન કરવા માંગે છે. તે ત્રણ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છે, જેમાં ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર પિસ્તોલ અને ૧૦ મીટર પિસ્તોલ મિક્સ્ડ ટીમ સામેલ છે. આ પહેલા ભારતીય નિશાનેબાજો ૧૦ મીટર એર રાઈફલ મિશ્રિત ટીમ ક્વોલિફિકેશન તબક્કામાં બહાર થઈ ગયા. ભારતની બે જોડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી હતી. રમિતા જિંદલ અને અર્જુન બાબુતા ૬૨૮.૭ના કુલ સ્કોર સાથે છઠ્ઠા, જ્યારે ઈલાવેનિલ વલારિવન અને સંદીપ સિંહ ૬૨૬.૩ના કુલ સ્કોર સાથે ૧૨મા સ્થાને રહ્યા. રમિતા અને અર્જુનની જોડીએ એક સમયે આશા જગાવી હતી. આ ભારતીય જોડી ત્રણ શોટ બાકી રહેતા પાંચમા સ્થાને હતી, પરંતુ અંતે મેડલ રાઉન્ડના કટ ઓફથી ૧.૦ પોઈન્ટ પાછળ રહી ગઈ.

# ગુજરાતના જાણીતા સનદી અધિકારી અને શિક્ષણવિદ્ ડૉ.કુલીનચંદ્ર યાજ્ઞિકનું અવસાન

નડિયાદ, પાટણ, તા.૨૭

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ અને ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાં તા.૧ સપ્ટેમ્બર ૧૯૨૬ના રોજ જન્મેલા અને નડિયાદને પોતાની કર્મભૂમિ બનાવી સમગ્ર રાજયમાં શિક્ષણ, સાહિત્ય ક્ષેત્રે નામના મેળવેલા કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિકનું ૯૭ વર્ષની જૈફવયે શનિવારે અવસાન થતા સમગ્ર નડિયાદ શોકમગ્ન બન્યું હતું તો પાટણની હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનીવર્સીટી પરિવારમાં પણ શોકની કાલિમા છવાઈ જવા પામી હતી. જિલ્લા વહીવટી તંત્ર વતી અધિક નિવાસી કલેકટર ભરત જોષી અને નડિયાદ પ્રાંત અધિકારી કલ્પેશ સુવેરા દ્વારા કુલીનચંદ્ર યાજ્ઞિકની અંતિમયાત્રામાં પહોચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલિનચંદ્ર યાજ્ઞિકે વર્ષો સુધી નડિયાદની ઝઘડિયા પોળમાં પોતાના નિવાસસ્થાને રહીને ખેડા જિલ્લાના જ્ઞાન પિપાસુઓ તથા વહીવટી તંત્રને વખતોવખત પોતાનું અમૂલ્ય અનુભવપૂર્ણ માર્ગદર્શન આપ્યું



છે. ગુજરાતના રાજયપાલ દ્વારા જેઓને ડીલીટની માનદ્ પદવી એનાયત કરવામાં આવી હતી તેવા યાજ્ઞિકની ઓચિંતિ વિદાય અંગે જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે દુઃખ વ્યક્ત કર્યું હતું. 'વહીવટની વાતો' પુસ્તક લખનાર ડૉ. યાજ્ઞિકના નિધનથી ખેડા જિલ્લા સહિત રાજ્યને તથા દેશને એક બહુ મોટી ખોટ પડી છે. તેમની અંતિમયાત્રા માં નડિયાદવાસીઓની સાથે સાથે લેખકો,સમાજજીવીઓ અને તેમના વિશાળ ચાહક વર્ગ એ જોડાઈ શ્રધ્ધા સુમન સાથે તેમના આત્મા ની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિક મુંબાઈની વિલ્સન કોલેજમાંથી એમ.એ. અને ગવર્મેન્ટ લો કૉલેજ માંથી એલ.એલ.બી. પાસ કરી ૧૯૫૧માં સૌરાષ્ટ્ર સરકારમાં માહિતી મદદનીશ અને પછી મામલતદાર તરીકે જોડાયા હતા. ઉત્તરોત્તર બઢતી મેળવી ૧૯૬૪ની સીનિયોરિટીથી IASમાં નિમાયા તેઓએ ભરૂચ, ડાંગ અને વડોદરા જિલ્લાના કલેક્ટર, એડિશનલ ઈસ્ટ્રીઝ કમિશનર તેમજ રાજયપાલના સચિવ અને મુખ્યમંત્રીના સચિવ તરીકે સેવા આપી. ગુજરાત સરકારના બંદરો અને મત્સોદ્યોગ વિભાગના સચિવ રહ્યા. છેલ્લે શિક્ષણ સચિવ તરીકે ૧૯૮૫માં નિવૃત્ત થયા.ત્યારબાદ ૧૯૮૬થી ૧૯૯૨ સુધી નવી સ્થપાયેલી પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ પદે રહી ઉતર ગુજરાતમાં યુનિવર્સિટીને નામના અપાવી હતી. સ્વ. કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિકના શનિવારે સવારે અવસાનના સમાચાર પ્રાપ્ત થતાં પાટણ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડૉ.કિશોરભાઈ પોરીયા ,રજીસ્ટાર ડો. રોહિતભાઈ દેસાઈ સહિત યુનિવર્સિટી પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી હતી અને તેમના આત્માની શાંતિ માટે કુલપતિ, રજીસ્ટાર સહિતના યુનિવર્સિટી સ્ટાફ પરિવારે બે મિનિટ નું મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

### કોચિંગની અમુક ખાસ ટિપ્સ આપી

# રાહુલ દ્રવિડના ખાસ મેસેજે ગંભીરને ઈમોશનલ કરી દીધા

પાલેકલ, તા.૨૭

શ્રીલંકા પ્રવાસથી ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયા સાથે પોતાની નવી ઈનિંગ હેડ કોચના રૂપમાં શરૂ કરી છે. પોતાનો કાર્યકાળ શરૂ કરતા પહેલા ગંભીરને ટી-૨૦ વર્લ્ડકપ વિજેતા કોચ દ્રવિડનો એક ખાસ મેસેજ મળ્યો છે. જેણે તેમને ઈમોશનલ કરી દીધા છે. બીસીસીઆઈએ આ ઘટનાનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કર્યો છે. પ્રશંસકો આ વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. દ્રવિડે શ્રીલંકા પ્રવાસ શરૂ થતાં પહેલા ગંભીરને એક વોઈસ નોટ મોકલી છે. દ્રવિડે પહેલા ગંભીરને શુભેચ્છા આપતા કહ્યું કે હું આપને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. ગૌતમ મને વિશ્વાસ છે કે તમે ભારતીય ટીમને વધારે ઊંચાઈઓ પર લઈ જશો. તમારા સાથી ખેલાડીના રૂપમાં મેં તમને મેદાન પર પોતાનું સર્વશ્રેષ્ઠ આપતા જોયા છે. તમારા બેટિંગ સાથી અને સાથી ફિલ્ડરના રૂપમાં મેં તમને દ્રઢતા અને હાર ન માનવાની આદત જોઈ છે. અનેક આઈપીએલ સીઝનમાં મેં તમને જીતની ઈચ્છા, યુવા ખેલાડીઓની સહાયતા અને મેદાન પર પોતાની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવાની તમારી ઈચ્છા જોઈ છે. હું જાણું છું કે તમે ભારતીય ક્રિકેટના પ્રતિ કેટલા સમર્પિત અને ભાવુક છો અને મને વિશ્વાસ છે કે તમે આ બધા ગુણોને નવી નોકરીમાં પણ લાવશો. દ્રવિડ ગંભીરને ટિપ્સ આપતા કહ્યું કે જેવું કે તમે જાણો છો અપેક્ષાઓ ઘણી વધારે હશે અને પરીક્ષા પણ આકરી હશે. મને એ પણ આશા છે કે તમને દરેક ટીમમાં પૂરી રીતે ફિટ ખેલાડી મળશે.

### મદાંડેએ બાયના ૪૨ રન આપી દીધા

# વિકેટકીપર ક્લાઈવ મદાંડેના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ

બેલફાસ્ટ, તા.૨૭

ઝિમ્બાબ્વેના વિકેટકીપર ક્લાઈવ મદાંડેએ આયરલેન્ડ વિરૂદ્ધ એકમાત્ર ટેસ્ટ મેચમાં શરમજનક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઝિમ્બાબ્વે સામે ફિલ્ડીંગમાં તેણે ૪૨ રન બાયના રૂપમાં આપી દીધા. ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં આ કોઈપણ વિકેટકીપર દ્વારા અપાયેલા સૌથી વધારે રન આપવાનો રેકોર્ડ છે. હેરાનની વાત એ છે કે ક્લાઈવ મદાંડે પોતાની કારકિર્દીની પ્રથમ ટેસ્ટ મેચ રમી રહ્યો હતો. ફક્ત વિકેટકીપિંગમાં જ નહીં બેટિંગમાં પણ ક્લાઈવ મદાંડે કંઈ ખાસ કમાલ કરી શક્યો નહીં. પોતાની ડેબ્યુ મેચમાં મદાંડે પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહીં. વિકેટકીપિંગમાં બાય આપવાના મામલામાં તેણે ઈંગ્લેન્ડના લેસ એમ્સનો રેકોર્ડ તોડી નાખ્યો. એમ્સની ગણતરી ક્રિકેટના સૌથી સારા વિકેટકીપર બેટસમેનોમાં થાય છે અને તેણે ૧૯૩૪માં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ધ ઓવલમાં રમાયેલી ટેસ્ટ મેચમાં ૩૭ રન બાયના આપ્યા હતા.


IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ | મિલકતનું સરનામું |
|---|---|---|---|---|---|---|
| 1 | 76403515 | મિલકત સામે લોન | ૧. લાલજી ઠાકોર ૨. ઠાકોર મુન્નીબેન | ૧૦.૦૭.૨૦૨૪ | ભા. રૂા. ૨,૭૯,૪૧૯.૧૭/- | સ્થાવર ગામતળ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સા ધરાવતું મિલકત નં.૪૮૨ ત્યાં ઉભેલ, સ્થિત મોજે તેની જમીન ઉપર/ ગામ : જિડવા, સબ જિલ્લો : દહેગામ, જિલ્લા : ગાંધીનગર, ગુજરાત -૩૮૨૩૧૫, ક્ષેત્રફળ ૧૨૦૦ ચો.ફૂટ અને ખૂંટ આ મુજબ : પૂર્વ : ઠાકોર ગોકાજી પથાજીનું ઘર, પશ્ચિમ : ઠાકોર અમરતજી પુંજાજીનું ઘર, ઉત્તર : ઠાકોર પુજાજી વાલાજીનું ઘર, દક્ષિણ : ઠાકોર જશીબેન જવણજી. |
| 2 | 102228350 અને 102218972 | હોમ લોન | ૧. પ્રથમેશ શિરીષભાઈ મનીઆર ૨. રૂપલ પ્રથમેશ મનીઆર | ૧૦.૦૭.૨૦૨૪ | ભા. રૂા. ૨૯,૭૨,૩૫૨.૫૭/- | બિન ખેતીની જમીનના તે તમામ ભાગ અને હિસ્સા સબ પ્લોટ નં.૩૮૨/ ૩ના, રેવન્યુ સર્વે ૧૦૮૪, જમીન વિસ્તાર ક્ષેત્રફળ ૬૦.૦૦ ચો.મી. તેના ઉપર બાંધકામ સાથે, સ્થિત અત્રે મોજે. : લાલપર રોડ, સીટી જામનગર, રજિ. સબ જિલ્લો અને જિલ્લો : જામનગર, રાજ્ય ગુજરાત -૩૬૧૦૦૫, ખૂંટ આ મુજબ : પૂર્વ : પ્લોટ નં.૩૬૭, પશ્ચિમ : ૭.૫ મીટર રોડ, ઉત્તર : પ્લોટ નં.૩૮૨/૨, દક્ષિણ : પ્લોટ નં.૩૮૩/૪. |
| 3 | 63595160 | મિલકત સામે લોન | ૧.રતાડીયા રેવાભાઈ ૨.રતાડીયા લાલો રેવાભાઈ | ૧૭.૦૫.૨૦૨૪ | ભા. રૂા. ૨,૮૪,૧૨૭.૦૭/- | સ્થાવર ગામતળ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતું રેસિડેન્સીયલ ઘર નં.૨૦૫ના, મિલકત નં.૨૪૯ પ્લોટ નં.૧૪ના ક્ષેત્રફળ ૧૦૦ ચો.વાર જમીન ઉપર, સ્થિત ગામતળ જમીન ઉપર "મહાકાલીમા", ગ્રામ પંચાયત સામે, આટકોટ રોડ મોજે ગામના, રાજગઢ, તાલુકા : કોટડા સાંગાણી, જિલ્લો રાજકોટ, ગુજરાત-૩૬૦૦૩૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : અન્યની મિલકત, પશ્ચિમ : અન્ય મિલકત, ઉત્તર : અન્ય મિલકત, દક્ષિણ : માનકી નદી. |
| 4 | 30277555 | મિલકત સામે લોન | ૧.સુરેશભાઈ માચી ૨. મીનાબેન માચી | ૧૭.૦૬.૨૦૨૪ | ભા. રૂા. ૨,૧૯,૧૧૫.૯૨/- | ગ્રામ પંચાયત ઘર નં.૧૦૮ના તમામ ભાગ અને હિસ્સાઓ ક્ષેત્રફળ ૭૪૮ ચો.ફૂટ સ્થિત અત્રે ગ્રામ પંચાયત અને ગામ : કુંડા, તા.લુણાવાડા, જિલ્લો મહીસાગર, ગુજરાત-૩૮૯૨૩૫, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ખૂલ્લો વાડો, પશ્ચિમ : આરસીસી રોડ, ઉત્તર : માચી સંકલભાઈ જગાભાઈનું ઘર, દક્ષિણ : જયંતીભાઈ લાલાભાઈનું ઘર |

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા. : ૨૮.૦૭.૨૦૨૪
સ્થળ : ગુજરાત



IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતોની વિગતો | ડિમાન્ડ નોટિસ તારીખ | ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા) | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| 30762746 & 33051907 | ૧. રામચંદ્રગીરી ભવાનગીરી ગોસ્વામી, ૨. ભાવનાબેન રામચંદ્રગીરી ગોસ્વામી | તે તમામ ભાગ અને હિસ્સાઓ સ્થાવર રેસિડેન્શિયલ મિલકત ધરાવતા પ્લોટ નં.૨૦ અને ૨૧ બંધાયેલ, ક્ષેત્રફળ બિલ્ટ અપ એરિયા ૬૬.૯૧ ચો.મી. સ્થિત સર્વે નં.૧૨૮૦ (જૂના સર્વે નં.૩૫) વિડાજ સીમ, તા. કડી, જિ. મહેસાણા, ગુજરાત-૩૮૨૭૧૫ અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : અજીતભાઈનું ઘર, ઉત્તર : રોડ, દક્ષિણ : બચુભાઈ બજુદાસ પટેલનું ખેતર | 16.02.2024 | Rs. 6,50,805.11/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 34193960 | ૧. ઠાકોર રસીકજી, ૨. ઠાકોર કેશીબેન, ૩. ઠાકોર સુરાજી | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત મિલકત/મિલકત નં.૭૫૧, પ્લોટ વિસ્તાર ૭૦૦ ચો.ફૂટ સ્થિત અત્રે ઠાકોર વાસ, (ગામતળ), ઉમિયા પોર પાસે, બાલીસણા રોડ, મોજેઃ માતપુર, તા. અને જિ. : પાટણ, ગુજરાત-૪૮૪૨૭૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : ખુલ્લી જમીન, દક્ષિણ : ડાહ્યાજી ભીખાજી ઠાકોરની મિલકત | 10.02.2024 | Rs. 3,71,798.47/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 34953411 | ૧. મહેન્દ્રભાઈ રણછોડભાઈ વણકર, ૨. ચિરાગભાઈ વણકર, ૩. ગીતાબેન વણકર | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગામતળ જૂના ઘર નં.૨૦૩, નવા ઘર નં.૨૧૭, સ્થિત અત્રે મોજે : રીંછવાડ અન્ડર માલપુર, તા.જિ. અરવલ્લી, ગુજરાત-૩૮૩૩૪૫, ક્ષેત્રફળ ૧૨૬૦ ચો.ફૂટ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વીરાભાઈ રણછોડભાઈ વણકરનું ઘર, પશ્ચિમ : આર.સી.સી. રોડ, ઉત્તર : આર.સી.સી. રોડ, દક્ષિણ : ખુલ્લો પ્લોટ | 25.01.2024 | Rs. 1,79,222.21/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 37017721 | ૧. અજયકુમાર સુરેશભાઈ વાઘેલા, ૨. સુરેશભાઈ શંકરભાઈ વાઘેલા, ૩. તેજલબેન અજયભાઈ વાઘરી | તે તમામ ભાગ અને હિસ્સાઓ મોજે : બડોલી ગ્રુપ ગ્રામ પંચાયત, મિલકત નં.૨૨૪૭, ક્ષેત્રફળ ૧૦૦૦ ચો.ફૂટ એટલે કે ૯૨.૯૩ ચો.મી. તા.ઈડર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૪૧૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વિસ્તાર રોડ, પશ્ચિમ : ઘર છોડેલ જમીન, ઉત્તર : વાઘેલા મધુબેનનું ઘર, દક્ષિણ : ખુલ્લો પ્લોટ | 30.03.2024 | Rs. 5,68,128.16/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |
| 39470978 | ૧. રમેશભાઈ વણકર, ૨. હીરાભાઈ વણકર, ૨. જશીબેન વણકર | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત મિલકત નં.૧૧૨૨, મિલકત વિસ્તાર ૮૧૦ ચો.ફૂટ વણકર વાસ, અત્રે બધિયા, તા. કાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત- ૩૮૯૩૧૦, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : વાડો, પશ્ચિમ : રોડ, ઉત્તર : માનાભાઈનું ઘર, દક્ષિણ : ખેગારભાઈનું ઘર | 30.03.2024 | Rs. 3,19,616.58/- | 22.07.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૨૨-જુલાઈ-૨૦૨૪
સ્થળ : ગુજરાત, પાટણ, અરવલ્લી, ઈડર, પંચમહાલ

# નફરતી ભાષણોના ગુનેગાર સ્વામી સચ્ચિદાનંદ અને દુર્ગાવાહિની વિરુદ્ધ રાજસ્થાન પોલીસને CJPએ ફરિયાદ કરી

## આ ફરિયાદમાં CJPએ રાજસ્થાન પોલીસને મુસ્લિમ નાગરિકો વિરુદ્ધ નફરત ફેલાવવા બદલ સીરિયલ હેટ ઓફેન્ડર સ્વામી સચ્ચિદાનંદ અને દુર્ગાવાહિની (VHPની મહિલા વિંગ) વિરુદ્ધ FIR દાખલ કરવા વિનંતી કરી છે

(એજન્સી) તા.૨૭

સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ રાજસ્થાન પોલીસ સમક્ષ જોધપુરમાં સીરીયલ હેટ અપરાધી સ્વામી સચ્ચિદાનંદ અને દુર્ગાવાહિની (VHPની મહિલા પાંખ)ના સભ્ય દ્વારા નફરત અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા માટે આપેલા બહુવિધ દ્વેષપૂર્ણ ભાષણો સામે ફરિયાદો દાખલ કરી. CJPએ તેની ફરિયાદોમાં રાજસ્થાન પોલીસને સ્વામી અને દુર્ગાવાહિની વિરુદ્ધ FIR નોંધવા વિનંતી કરી છે. સ્વામીએ ૮ જૂન, ૨૦૨૪ના રોજ જોધપુરમાં આપેલા તેમના ભાષણ દ્વારા, મુસ્લિમ નાગરિકો વિશે ગઝવા-એ-હિંદની નકલી ષડયંત્ર સિદ્ધાંતનો પ્રચાર કર્યો. તેમના ભાષણ દરમિયાન તેઓ જાહેરમાં લોકોને શસ્ત્ર સાથે રાખવા વિનંતી કરે છે. વસ્તી વધારા માટે મુસ્લિમ નાગરિકોને જવાબદાર ગણાવતા, તેમણે ખોટી માહિતી આપી અને વસ્તી વધારા માટે મુસ્લિમ નાગરિકો પર આરોપ લગાવીને નકલી આંકડા આપ્યા. તેણે મદ્રેસાઓ અને મસ્જિદો વિરુદ્ધ અપમાનજનક નિવેદનો આપ્યા અને તેમને હથિયાર/શસ્ત્રોના ભંડાર તરીકે વર્ણવ્યા. સ્વામીએ તેમના સમગ્ર ભાષણમાં ગેરકાયદેસર વસ્તી વધારા માટે મુસ્લિમ નાગરિકોને જવાબદાર ગણાવ્યા અને તેમને દોષિત ઠેરવ્યા અને જાહેરમાં નકલી અને સ્વ-ઉત્પાદિત આંકડાઓનો ઉલ્લેખ કરીને તેમને જમીન પર અતિક્રમણ તરીકે વર્ણવ્યા અને બીજી તરફ અજમેરમાં દુર્ગાવાહિનીના સભ્ય દ્વારા આપવામાં આવેલ ભાષણમાં આ દેશની લાંબા સમયથી ચાલતી સંવાદિતાને ખલેલ પહોંચાડવાના ઈરાદાપૂર્વક લવ જેહાદની નકલી ષડયંત્ર સિદ્ધાંતનો પણ પ્રચાર કર્યો. દુર્ગાવાહિનીના સભ્યોએ ખુલ્લેઆમ સાંપ્રદાયિક નિવેદનો આપ્યા અને વિવિધ સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક તણાવ પેદા કરવાનો પ્રયાસ કર્યો.

૧૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ, CJPએ પોલીસ અધિક્ષક અને જિલ્લા મેજિસ્ટ્રેટ જોધપુર સમક્ષ નોંધાવેલી તેની ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્વામી સતત આવા અપરાધી હોવાના કારણે અન્ય નાગરિકોને ધર્મ અને નકલી પ્રચારિત સિદ્ધાંતના આધારે મુસ્લિમ નાગરિકો વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે. સ્વામીનું ભાષણ નફરત ફેલાવીને અને ધર્મના આધારે દુશ્મનાવટને પ્રોત્સાહન આપીને અને શસ્ત્રોના ઉપયોગને પ્રોત્સાહન આપીને શાંતિની વિરુદ્ધ કામ કરે છે. આ પહેલીવાર નથી જ્યારે સ્વામી સચ્ચિદાનંદે આવું સાંપ્રદાયિક અને ભડકાઉ ભાષણ આપ્યું હોય.

૨૦૧૯ના ડિસેમ્બર મહિનામાં, સોશિયલ મીડિયા પરના



એક વીડિયોમાં જેમાં સ્વામી સચ્ચિદાનંદે ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મને હિંદુ ધર્મના ટોચના દુશ્મન ગણાવ્યા હતા અને મુસ્લિમોનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવા વિનંતી કરી હતી. એ જ રીતે, મે ૨૦૨૪માં, તેણે રાજસ્થાનના ભરતપુરમાં ફરીથી સાંપ્રદાયિક નફરત ફેલાવતું ભાષણ આપ્યું. સ્વામીએ તેમના ભાષણમાં નાગરિકો વચ્ચે નફરત અને દુશ્મનાવટ પેદા કરવાનો પ્રયાસ કર્યો અને નકલી જેહાદ, લવ જેહાદનો પ્રચાર કર્યો અને લોકોને મુસ્લિમ દુકાનદારો અને મુસ્લિમ ભાડૂતોનો બહિષ્કાર કરવા વિનંતી કરી.

એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ૧૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ, CJPએ ઉપદેશક સ્વામી સચ્ચિદાનંદ દ્વારા મુસ્લિમો અને ખ્રિસ્તીઓને તેમના ધર્મ માટે નિશાન બનાવતા સાંપ્રદાયિક ભાષણ વિરુદ્ધ પોલીસ અધિક્ષક અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મૈનપુરી (ઉત્તર પ્રદેશ)ને પણ ફરિયાદ દાખલ કરી છે.

રાજસ્થાનના અજમેરમાં ૭ જૂન, ૨૦૨૪ ના રોજ દુર્ગાવાહિની (VHPની મહિલા પાંખ)ના સભ્યો દ્વારા મુસ્લિમ નાગરિકો વિરુદ્ધ સાંપ્રદાયિક દ્વેષ ફેલાવવા અને મુસ્લિમ વિરોધી લવ જેહાદ સિદ્ધાંતને આગળ ધપાવવા બદલ ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ દુર્ગાવાહિની વિરુદ્ધ CJPએ ફરિયાદ દાખલ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, દુર્ગાવાહિનીના સભ્યએ રાજસ્થાનના અજમેરમાં સાંપ્રદાયિક નફરતનું ભાષણ આપ્યું હતું અને ધાર્મિક ઓળખના આધારે દુશ્મનાવટને પ્રોત્સાહન આપ્યું હતું. તેના ભાષણ દ્વારા, દુર્ગાવાહિની સભ્ય વીડિયોમાં લવ જેહાદની નકલી ષડયંત્ર સિદ્ધાંતનો પ્રચાર કરવાનો પ્રયાસ કરતી જોવા મળે છે અને દુર્ગાવાહિનીના સભ્યોએ ખુલ્લેઆમ નફરત ફેલાવી અને સાંપ્રદાયિક તણાવ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો.

# સુપ્રીમ કોર્ટે હલ્દવાનીમાં બનફૂલપુરાના રહેવાસીઓની હકાલપટ્ટી પહેલા તેમના માટે પુનર્વસન યોજના માટે આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં આદેશ આપ્યો છે કે સત્તાવાળાઓએ હલ્દવાની, નૈનિતાલ જિલ્લાના બનફૂલપુરાના રહેવાસીઓ માટે સ્થાન ખાલી કરવાના આદેશો સાથે આગળ વધતા પહેલા પુનર્વસન યોજના વિકસાવવા કહ્યું છે. આ નિર્ણયનો હેતુ હલ્દવાની રેલવે સ્ટેશનના વિકાસ માટે જમીન સુરક્ષિત કરવાનો છે.




જસ્ટિસ સૂર્યકાન્ત, દીપાંકર દત્તા અને ઉજ્જલ ભૂયાનની ત્રણ જજોની બેન્ચે ૨૪ જુલાઈના રોજ, હલ્દવાનીમાં રેલવેની મિલકતો પર કથિત રીતે અતિક્રમણ કરનારા લગભગ ૫૦,૦૦૦ લોકોને હાંકી કાઢવા પર રોક લગાવતા આદેશમાં ફેરફાર કરવા માટે યુનિયન ઑફ ઈન્ડિયા/રેલવેની અરજી સાંભળી રહી હતી. રેલવેએ દલીલ કરી હતી કે પાટાનું રક્ષણ કરતી રીટેઈનીંગ વોલ ગયા વર્ષના ચોમાસા દરમિયાન ઘુઆલા નદીના પૂરમાં તૂટી ગઈ હતી અને રેલવે કામગીરી માટે તાકીદે જમીનની પટ્ટીની જરૂર હતી.

ખંડપીઠે કેટલાક દાયકાઓથી જમીન પર સ્થાયી થયેલા કથિત અતિક્રમણકારો સામેની તેમની નિષ્ક્રિયતા પર રેલવેને પ્રશ્ન કર્યો હતો. કોર્ટે ઉત્તરાખંડના મુખ્ય સચિવને રેલવે સત્તાવાળાઓ (ડિવિઝનલ સિનિયર મેનેજર, ઉત્તરાખંડ) અને ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય સાથે એક બેઠક માટે નિર્દેશ આપ્યો છે, જે વાજબી, ન્યાયી, પુનર્વસન યોજના ઘડી શકે જે બધાને સ્વીકાર્ય હોય. તાત્કાલિક ઉપયોગ માટે જરૂરી જમીન અને આવા કબજાથી અસરગ્રસ્ત પરિવારોને ચાર અઠવાડિયાની અંદર ઓળખી લેવા જોઈએ. આ કેસમાં ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ફરી સુનાવણી થશે.

રવિશંકર જોશી દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલને પગલે, ડિસેમ્બર ૨૦૨૨માં ઉત્તરાખંડ હાઈકોર્ટ દ્વારા રેલવેની જમીનો ખાલી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જો કે, ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ડિમોલિશનના આદેશ પર સ્ટે મૂક્યો હતો, અને અવલોકન કર્યું હતું કે ૭ દિવસમાં ૫૦,૦૦૦ લોકોને કાઢી શકાય નહીં. હાઈકોર્ટના ૨૦ ડિસેમ્બર, ૨૦૨૨ના ચુકાદા સામે સ્પેશિયલ લીવ પિટિશનની બેચના જવાબમાં સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ રાજ્ય અને રેલવેને નોટિસ જારી કરી હતી.

જસ્ટિસ ઉજ્જલ ભૂયને ૨૪ જુલાઈ, ૨૦૨૪ની સુનાવણી દરમિયાન રેલવેને પ્રશ્ન કર્યો હતો કે તેઓ શા માટે પીઆઈએલ પર આધાર રાખે છે અને શું તેઓએ કથિત અતિક્રમણ કરનારાઓને કોઈ નોટિસ જારી કરી હતી.

બેન્ચે જણાવ્યું હતું કે અતિક્રમણને પ્રોત્સાહન આપી શકાતું નથી, ત્યારે પરિસ્થિતિના માનવીય પાસાને ધ્યાનમાં લેવું આવશ્યક છે. જસ્ટિસ કાંતે લોકોના દાયકાઓના રહેઠાણ અંગે વાત કરી અને વર્ષોથી સત્તાધીશોની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવ્યા હતા. ASGએ રેલવે વિસ્તરણ યોજનાઓ પર અસર અને કુમાઉ પ્રદેશના પ્રવેશદ્વાર તરીકે હલ્દવાનીના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂક્યો હતો. અહી આશરે ૧૨૦૦ ઝૂપડીઓ અને આશરે ૪,૩૬૫ ઘરો અને ૫૦,૦૦૦થી વધુ રહેવાસીઓ સાથે આશરે ૩૦.૪૦ હેક્ટર રેલવે/રાજ્યની માલિકીની જમીન પર અતિક્રમણ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે રેલવેની જરૂરિયાતોને સ્વીકારી પરંતુ અસરગ્રસ્તો માટે માનવીય પુનર્વસન પર ભાર મૂક્યો હતો.

નોંધનીય રીતે, બનફૂલપુરાના રહેવાસીઓમાં બહુમતી મુસ્લિમો છે, જે આરએસએસ, ભાજપ અને સંલગ્ન સંગઠનો માટે વિવાદાસ્પદ છે. કેટલાક જૂથોએ એવા આક્ષેપો કર્યા છે કે ઘણા રહેવાસીઓ રોહિંગ્યા મુસ્લિમો છે. બાણભૂલપુરામાં લઘુમતી વસ્તી વિરુદ્ધ રાજ્યમાં ભાજપ સરકારની ઝુંબેશમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં હિંસા થઈ હતી, જેના પરિણામે સરકારી જમીન પર મસ્જિદ શહીદ કરવા દરમિયાન કથિત પોલીસ ગોળીબારને કારણે છ લોકોનાં મોત થયા હતા. આ વિસ્તારમાં લાંબા સમય સુધી કર્ફ્યુ અને કથિત પોલીસ અત્યાચાર કરવામાં આવ્યો હતો. લઘુમતી મુસ્લિમ સમુદાયની પાંચ મહિલાઓ સહિત ૧૦૦થી વધુ લોકો પર કડક UAPA જોગવાઈઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે અને તેઓ ફેબ્રુઆરી ૨૦૨૪થી જેલમાં છે.

### ક્યારે અને કેવી રીતે થશે વાપસી ? નાસાએ કર્યો ખુલાસો

# ૫૦ દિવસોથી અંતરિક્ષમાં ફસાયેલાં સુનિતા વિલિયમ્સ પૃથ્વીથી કેટલાં દૂર ?

## ભારતીય મૂળનાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની પૃથ્વી પર વાપસી મુશ્કેલ થતી જઈ રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની પૃથ્વી પર વાપસી મુશ્કેલ થતી જઈ રહી છે. તે ૧૪ જૂન ૨૦૨૪ના રોજ પરત ફરવાના હતા, પરંતુ ટેક્નિકલ ખામીના કારણે તે છેલ્લા ઘણા દિવસોથી અંતરિક્ષમાં અટકી રહ્યા છે. નાસાના બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં આ ખરાબીને કારણે સુનિતા વિલિયમ્સ અને તેમની સાથે આવેલા અન્ય એક અવકાશયાત્રી બુશ વિલ્મોર નાસાના આ મિશન પર અટવાઈ ગયા છે. બુશ અને સુનિતા વિલિયમ્સની વાપસી ૯થી વધુ વખત મુલતવી રાખવામાં આવી છે. બોઈંગ કેપ્સૂલમાં ખામીના કારણે બંને અવકાશયાત્રીઓની વાપસી મુશ્કેલ બની રહી છે. જણાવી દઈએ કે નાસાનું આ એક સપ્તાહનું મિશન જૂનના મધ્યમાં સમાપ્ત થવાનું હતું, પરંતુ હવે ૪૦ દિવસથી વધુ સમય વીતી ગયો છે અને બંને વૈજ્ઞાનિકો હજી સુધી પૃથ્વી પર પાછા ફર્યા નથી. બુશ વિલમોર યુએસ નેવીના નિવૃત્ત કેપ્ટન છે જે ૨૦૦૦માં નાસાની અવકાશયાત્રી ટીમમાં જોડાયા હતા. તેમણે ૧૯૯૦ના દાયકા પહેલા અમેરિકન ગલ્ફ વોરમાં ૨૧ લડાકુ વિમાનો સહિત એરક્રાફ્ટ કેરિયર ડેક પરથી લડાકુ વિમાનો ઉડાડતા ચાર ઓપરેશનલ ડિપ્લોયમેન્ટ પુરા કર્યા છે. તેમણે નેવી માટે ટેસ્ટ પાઈલટ અને ફ્લાઈટ ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ સેવા આપી છે. થ્રસ્ટર ફેલ્યોર અને હિલિયમ લીકના કારણે સ્ટારલાઈનરમાં ખરાબી આવી છે અને ફરી એકવાર નાસા અને



બોઈંગના બંને અવકાશયાત્રીઓની વાપસીને સ્થગિત કરવી પડી છે. સતત ચાલી રહેલી તપાસ અને ટેસ્ટિંગ છતાં હજુ સુધી સ્ટારલાઈનરની વાપસી માટે કોઈ તારીખ આપવામાં આવી નથી. નાસાનું પહેલું લક્ષ્ય વિલમોર અને સુનિતા વિલિયમ્સને સ્ટારલાઈનર પરથી પાછા લાવવાનું છે. અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ પણ સ્વીકાર્યું છે કે એજન્સી સ્પેસએક્સની ડ્રેગન કેપ્સ્યુલ્સને બેકઅપ વિકલ્પ તરીકે ઉપયોગ કરવા પર વિચાર કરી રહી છે. નાસાના કમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ મેનેજર સ્ટીવ સ્ટિચે જણાવ્યું હતું કે મિશન મેનેજર્સ આ સમયે રિટર્ન ડેટ જાહેર કરવા તૈયાર નથી. સ્ટીચે એપીને જણાવ્યું હતું કે જ્યારે અમે તૈયાર થઈશું ત્યારે અમે ઘરે આવીશું. નાસા પાસે હંમેશા ઈમરજન્સી વિકલ્પો હોય છે.

# સિવિલ સોસાયટીના સભ્યોએ દિલ્હી રમખાણો અને ભીમા કોરેગાંવ કેસમાં જેલમાં બંધ લોકો સાથે એકતા વ્યક્ત કરતા એમની તાત્કાલિક જામીન પર મુક્ત કરવા માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

લોકશાહી અને લોકોની સ્વતંત્રતાની રક્ષા કરતાં નિર્દોષ લોકો વર્ષોથી જેલમાં બંધ છે એવા લોકો સાથે એકતા વ્યક્ત કરતા, પૂર્વ પ્રધાનો, સંસદસભ્યો, વકીલો, પત્રકારો, શિક્ષણવિદો અને નાગરિક સમાજના સભ્યો એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR) દ્વારા આયોજિત જાહેર સભામાં એકઠા થયા હતા અને પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે તેમની જામીન પર તાત્કાલિક મુક્તિની માંગ કરી હતી.

૨૦૨૦ના દિલ્હી રમખાણો અને અન્ય કેસોમાં ચાર વર્ષથી વધુ સમયથી જેલવાસ ભોગવનારાઓમાં, ઉમર ખાલિદ, ખાલિદ સૈફી, ગુલફિશાન ફાતિમા, શરજીલ ઈમામ, આસિફ ઈકબાલ તન્હા અને અન્ય ઘણા લોકો છે, જોકે તેમની વિરુદ્ધ કોઈ પુરાવા પણ નથી અને હિંસાની કોઈપણ ઘટનામાં તેમની સંડોવણી નથી. તેમનો એક માત્ર દોષ એ છે કે તેઓએ ૨૦૧૯ના કઠોર નાગરિકતા સુધારા અધિનિયમ (CAA)નો વિરોધ કર્યો હતો. ભીમાકોરેગાંવ અને અન્ય કેસોમાં એવા ડઝનેક અન્ય લોકો પણ છે જેઓ તેમની સામે લાગેલા આરોપો અંગે કોઈ નક્કર પુરાવા વિના વર્ષોથી જેલમાં છે. પૂર્વ કાયદા પ્રધાન સલમાન ખુર્શીદ, જેઓ વરિષ્ઠ વકીલ પણ છે, તેમણે આ સિસ્ટમ કેવી રીતે કાર્ય કરે છે તેના પરના તેમના અંગત અનુભવને યાદ કરતાં જણાવ્યું હતું કે પક્ષોમાં આંતરિક લોકશાહી હોવી જોઈએ અને કોઈપણ નેતાઓને કોઈપણ મહત્વપૂર્ણ બાબત પર તેમનો દૃષ્ટિકોણ મૂકવા અને બોલવાની સ્વતંત્રતા હોવી જોઈએ. પક્ષમાં સાઈડલાઈન થવાનો ડર રાખ્યા વિના મુદ્દો ઉઠાવવો જોઈએ. કેટલીકવાર અદાલતના તિરસ્કારની આશંકામાં ન્યાયતંત્રની ટીકા કરવી મુશ્કેલ બની જાય છે. સીપીઆઈ (એમએલ)ના સંસદસભ્ય રાજારામસિંહે સરકારના કામકાજ પર ધ્યાન કેન્દ્રિત કરતા કહ્યું કે, છેલ્લી લોકસભાની ચૂંટણીમાં અમે ફાસીવાદી શાસનને હચમચાવી દીધું છે પરંતુ તેમને રાજકીય રીતે ઉખાડી ફેંકવા માટે વધુ પ્રયત્નોની જરૂર છે. પૂર્વ IAS અધિકારી અને તમિલનાડુના કોંગ્રેસના સાંસદ શશીકાંત સેંથિલે ઉમર ખાલિદ સાથેની તેમની ગાઢ મિત્રતા અને જોડાણ અને તેમનાથી ખૂબ જ પ્રેરિત હોવાને યાદ કરતાં કહ્યું કે, આ ચાલુ યુદ્ધ તમામ મોરચે લડવું પડે છે અને આ લડાઈ પક્ષો, વ્યક્તિઓ વચ્ચે નથી પણ બે માનસિકતા અને બે વિચારધારાઓની છે. સીપીઆઈ (એમ)ના અન્ય સંસદસભ્ય જહોન બ્રિટાસે કહ્યું કે, હું પણ પહેલા પત્રકાર હતો પરંતુ આજે મીડિયા જે કરી રહ્યું છે તે પછી મને પત્રકાર કહેતા શરમ આવે છે. ચૂંટણીના ચુકાદા પછી પણ મુખ્ય પ્રવાહનું મીડિયા મોદીમય બની ગયું છે તે મોદી મંત્રનો જાપ કરી રહ્યું છે. હવે સમય આવી ગયો છે કે આપણે સંસ્થાઓને પવિત્ર કરવી જોઈએ. સંશોધનાત્મક પત્રકાર સૌરવ દાસે માનવ અધિકાર રક્ષકોના કેસોની કાર્યવાહી અને અદાલતોમાં તેમના ફોલોઅપની વિગતવાર ચર્ચા કરી. તેમણે સૂચન કર્યું હતું કે વર્ષોથી જેલવાસ ભોગવતા તમામ લોકોને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે સંસદસભ્યોએ વહીવટી તંત્ર અથવા સરકાર પર દબાણ લાવવા માટે દરમિયાનગીરી કરવી જોઈએ. કાનૂની નિષ્ણાત ગૌતમ ભાટિયાએ




UAPAની કેટલીક જોગવાઈઓનો ઉપયોગ અને દુરુપયોગ કેવી રીતે થઈ શકે છે તેની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે સુપ્રીમ કોર્ટના અવલોકન મુજબ જેમની ટ્રાયલ લાંબા સમયથી પેન્ડિંગ છે તેમને જામીન આપવામાં આવશે. દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર નંદિનીસુંદરે આ મીટિંગનું સંચાલન કર્યું હતું.

# ભારતીય-અમેરિકનોના હજારો બાળકો પર શા માટે દેશનિકાલનું જોખમ છે

(એજન્સી) તા.૨૭

કાનૂની ઈમિગ્રન્ટ્સના ૨,૫૦,૦૦૦થી વધુ બાળકો, જેમાંના ઘણા ભારતીય-અમેરિકનો છે તેઓ ૨૧ વર્ષના થાય છે ત્યારે આશ્રિત દરજ્જો ગુમાવે છે ત્યારે તેઓ પુખ્ત વયના કારણે દેશનિકાલ થવાના જોખમનો સામનો કરે છે. વ્હાઈટ હાઉસ આ કાયદાકીય મડાગાંઠ માટે રિપબ્લિકનને દોષી ઠેરવે છે જ્યારે ધારાશાસ્ત્રીઓ અને હિમાયતી જૂથો આ વ્યક્તિઓને બચાવવા માટે પગલાં લેવા વિનંતી કરે છે. નેશનલ ફાઉન્ડેશન ફોર અમેરિકન પોલિસી (NFAP)એ યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) ડેટાનો ૨ નવેમ્બર સુધી અભ્યાસ હાથ ધર્યો હતો અને જાણવા મળ્યું હતું કે આશ્રિતો સહિત ૧૦.૨ લાખથી વધુ ભારતીયો હાલમાં EB-૧માં ગ્રીન કાર્ડની રાહ જોઈ રહ્યા છે. ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ (INA)એ બાળકને એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે જે અવિવાહિત અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના હોય. જો કોઈ વ્યક્તિ બાળક તરીકે કાયદેસરના કાયમી નિવાસી (LPR) દરજ્જા માટે અરજી કરે છે પરંતુ ગ્રીન કાર્ડ માટે મંજૂરી મેળવ્યા પહેલા ૨૧ વર્ષના થઈ જાય છે તો તેને ઈમિગ્રેશન હેતુઓ માટે હવે બાળક ગણવામાં આવશે નહીં. તેને ''એજિંગ આઉટ'' કહેવામાં આવે છે અને તેનો અર્થ એ છે કે આ વ્યક્તિએ કદાચ નવી અરજી ફાઈલ કરવી પડશે ગ્રીન કાર્ડ માટે વધુ રાહ જોવી પડશે અથવા તે હવે અહી રહેવા માટે લાયક ન પણ હોઈ શકે. વ્હાઈટ હાઉસે કાયદાકીય મડાગાંઠ માટે રિપબ્લિકનને દોષી



ઠેરવ્યા છે કારણ કે, તેઓએ બે વખત દ્વિપક્ષીય કરારને નકારી કાઢ્યો હતો. ૧૩ જૂનના રોજ ઈમિગ્રેશન, સિટીઝનશિપ અને બોર્ડર સેફ્ટીની સેનેટ ન્યાયિક સબકમિટીના અધ્યક્ષ સેનેટર એલેક્સ પેડિલા અને પ્રતિનિધિ ડેબોરાહ રોસની આગેવાની હેઠળ ૪૩ ધારાશાસ્ત્રીઓના જૂથે આ વ્યક્તિઓને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવા બિડેન વહીવટીતંત્રને વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, આ યુવાનો યુનાઈટેડ સ્ટેટ્સમાં મોટા થાય છે અમેરિકન સ્કૂલ સિસ્ટમમાં તેમનું શિક્ષણ પૂર્ણ કરે છે અને અમેરિકન સંસ્થાઓમાંથી ડિગ્રી સાથે સ્નાતક થાય છે. જો કે, ગ્રીન-કાર્ડના બેકલોગને કારણે, મંજૂર ઈમિગ્રન્ટ પિટિશનવાળા પરિવારોને ઘણીવાર કાયમી નિવાસી દરજ્જા માટે દાયકાઓ સુધી રાહ જોવી પડે છે. આ બાળકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા, ઈમ્પ્રુવ ધ ડ્રીમએ તેના ઉકેલની હિમાયત કરવા માટે ૧૦૦થી વધુ કોંગ્રેસની કચેરીઓ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. ઈમ્પ્રુવ ધ ડ્રીમના સ્થાપક દિપ પટેલે પીટીઆઈ દ્વારા જણાવ્યું હતું કે, કાર્યનો અભાવ અને સંબંધિત સૂચિત નિયમોને લીધે કાર્યવાહીમાં વિલંબ નિરાશાજનક છે. હું આશા રાખું છું કે રાષ્ટ્રપતિ બિડેન અને વહીવટીતંત્ર આ અંગે સમર્થન આપશે. જેફ્રીના મિનેસોટામાં સ્નાતક થયેલ વિદ્યાર્થી છે અને તે પુખ્ત થતાં સ્વ-નિકાલનો સામનો કરવો પડી રહ્યો છે. ટેક્સાસમાં એક ક્લાઉડ એન્જિનિયર, ૧૫ વર્ષથી વધુ સમયથી યુ.એસ.માં રહે છે પરંતુ તેના કાયમી રહેઠાણની સ્થિતિ અંગે અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે. એ જ રીતે, રોશન, જે ૧૦ વર્ષની ઉંમરે યુએસ આવ્યો હતો અને લગભગ ૧૬ વર્ષ યુ.એસ.માં વિતાવ્યા છતાં ૨૦૧૯માં પુખ્ત થયા પછી ગયા મહિને દેશ છોડવાની ફરજ પડી હતી.

# ઈમરાનખાન પાકિસ્તાન જેલમાંથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર પદની ચૂંટણી લડશે : અહેવાલ

## ઈમરાનખાન જે ઓક્સફોર્ડ ગ્રેજ્યુએટ છે તે ઘણા કેસોના સંબંધમાં અદિયાલા જેલમાં બંધ છે, તેમણે ૨૦૦૫થી ૨૦૧૪ સુધી બ્રેડફોર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે પણ સેવા આપી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન તેમના જેલ સેલમાંથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર પદ માટે ચૂંટણી લડશે એમ એક અહેવાલમાં જણાવાયું છે. ઈમરાન ખાન જે ઓક્સફોર્ડ ગ્રેજ્યુએટ છે, તે ઘણા કેસોના સંબંધમાં અદિયાલા જેલમાં બંધ છે. તેઓ આ પદ માટે ઓનલાઈન નામાંકન દાખલ કરશે, જે ૨૧ વર્ષ સુધી હોદ્દો સંભાળનાર ટોરી પાર્ટીના અધ્યક્ષ લોર્ડ પેટનના રાજીનામાને કારણે ખાલી છે. ઈમરાન ખાનના સલાહકાર સૈયદ ઝુલ્ફી બુખારીએ મીડિયાને જણાવ્યું હતું કે, 'ઈમરાન ખાન ઓક્સફોર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર માટે ચૂંટણી લડશે કારણ કે, ત્યાં જાહેર માંગ છે કે, તેણે ચૂંટણી લડવી જોઈએ.' તેમણે ઉમેર્યું કે, 'એકવાર અમને ખાન તરફથી મંજૂરી



મળશે અને તેના માટે સહી ઝુંબેશ શરૂ થશે ત્યારે અમે તેની જાહેરમાં જાહેરાત કરીશું.' ઈમરાન ખાને ૧૯૭૨માં કેબલ કોલેજ, ઓક્સફોર્ડમાં અર્થશાસ્ત્ર અને રાજકારણનો અભ્યાસ કર્યો હતો. તેમણે ૨૦૦૫થી ૨૦૧૪ સુધી બ્રેડફોર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે પણ સેવા આપી હતી. ઈમરાન ખાન ઉપરાંત અગ્રણી ઉમેદવારોમાં બ્રિટનના પૂર્વ વડાપ્રધાન સર ટોની બ્લેર અને બોરિસ જોન્સનનો સમાવેશ થાય છે. આ પ્રથમ વખત ચાન્સેલરની ચૂંટણી ઓનલાઈન યોજાશે, પરંપરાગત પ્રક્રિયાને બદલે સ્નાતકોએ સંપૂર્ણ શૈક્ષણિક ડ્રેસમાં હાજરી આપવી જરૂરી છે. ઈમરાન ખાન હાલમાં મે ૨૦૨૩માં શક્તિશાળી પાકિસ્તાની સૈન્ય સામે વિરોધ પ્રદર્શન અને હિંસા ભડકાવવાના આરોપમાં જેલમાં છે, જે આરોપોને તેઓ નકારે છે. જેલમાંથી તાજેતરના ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું હતું કે, 'હું ૭ ફૂટ બાય ૮ ફૂટના ડેથ સેલમાં કેદ છું, જે સામાન્ય રીતે આતંકવાદીઓ માટે આરક્ષિત છે. લોકોએ મને મત આપ્યો કારણ કે, તેઓ વર્તમાન સિસ્ટમ અને પાકિસ્તાન કેવી રીતે ચલાવવામાં આવે છે તેનાથી કંટાળી ગયા છે.'

# ધારાસભ્યની ૨૫ વર્ષની ગેરંટીવાળો રોડ ફક્ત ૩ મહિનામાં જ બિસ્માર બની ગયો

## આમોદ-જંબુસર રોડ પર બત્રીસી નાળાથી લઈ મલ્લા તલાવડી સુધી રોડની ખખડધજ હાલતથી જાગૃત નાગરિક દ્વારા કોર્ટ કેસ દાખલ કરાતા ચકચાર



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૭

આમોદ જંબુસર રોડ પર બત્રીસી નાળાથી લઈ મલ્લા તલાવડી સુધીનો રોડ બિસ્માર બની ગયો હતો જેને લઈ આમોદ જંબુસરનાં ધારાસભ્ય ડી.કે. સ્વામીએ ખાસ રસ દાખવી રોડનું નવીનીકરણ કરવાનો કામ હાથ પર લીધું હતું. અંદાજિત ૭.૩૩ કરોડના ખર્ચે બનેલ રોડ ફક્ત ત્રણ મહિનામાં જ મસમોટા ખાડાઓનું સામ્રાજય સર્જાતા લોકોમાં ભારો ભાર રોષ જોવાં મળી રહ્યો છે જેને લઈ એક જાગૃત નાગરિક દ્વારા ગાંધીનગર ટિબ્યુનલ કોર્ટ ખાતે કેસ દાખલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે જયારે નવીન રોડ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા ઠીંગડા મારવા નું કામ આજ રોજ હાથ ધરવામાં આવ્યું હતુ જેને લઈ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. આમોદના બત્રીસી નાળાથી લઈ મલ્લા તલાવડી સુધી પાંચ લેયરમાં રોડ બનાવવામાં આવ્યો હતો. જે નવીન બનાવેલ રોડમાં ખોદકામ કરી કાળી માટી બહાર કાઢી તેમાં પીળી માટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો છતાં ધારાસભ્યની ૨૫ વર્ષની ગેરંટીવાળો રોડ માત્ર ત્રણ મહિનામાં જ ખખડધજ બનતા કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામેની કામગીરી ઉપર અનેક સવાલો ઊભા થવા પામ્યાં છે. કરોડો રૂપિયાના ખર્ચે બનતા આ રસ્તાઓ જો બે-ચાર મહિનામાં જ તૂટી જતા હોય તો તેના માટે સીધે સીધા જવાબદાર સૌથી પહેલા કોન્ટ્રાક્ટર છે ત્યારબાદ આ કોન્ટ્રાક્ટરના કામને એનઓસી આપનાર જે તે વિભાગના ઉચ્ચ અધિકારી છે સાથે-સાથે આ કામમાં નિરીક્ષણ કરનાર અધિકારીઓ પણ એટલા જ જવાબદાર છે. તેવું આમોદની જનતા કહી રહી છે આ મામલે વીજીલન્સની તપાસ થવી જોઈએ. કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની સાથે-સાથે ફરીથી આ રસ્તો બનાવવા માટેની નોટિસ આપવામાં આવે અને તાત્કાલિક ધોરણે રોડ બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.




તસ્વીર: ઈસ્હાક શેઠ,હિંમતનગર

હિંમતનગર ખાતે આબિદ ભટ્ટ (આભ હિંમતનગરી)ના પુસ્તક 'નાસ્તિકનું મંદિર' (વાર્તા સંગ્રહ), પળને પેલે પાર (લઘુકથા), અપૂર્વ બનાવ (ગઝલ) નામના સાહિત્યનું વિમોચન સાહિત્યકાર પ્રાગજીભાઈ ભામ્ભી, ડો. પ્રેમજીભાઈ પટેલ તથા આબિદભાઈ ખણુસિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કવિ, સાહિત્યકારો તથા મિત્રમંડળોએ હાજરી આપી આબિદભાઈ ભટ્ટને મુબારકબાદી પાઠવી હતી. સમારંભના પ્રમુખ રામચંદ્ર બ. પટેલે વિમોચન થયેલ પુસ્તકો વિશે વાતો કરી હતી. ડો. પી.એસ. પટેલે કવિ ઉમાશંકર જોશીના જન્મદિવસ નિમિત્તે યાદો તાજી કરી હતી. હંસરાજભાઈ સાંખલા, અરવિંદભાઈ ટાંકે આ સાહિત્ય સભાનું આયોજન કર્યું હતું. હંસરાજભાઈ ટાંકે આભારવિધિ કરી. કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો.

### વાઘોડિયાના હાંસાપુરા ગામે

# અન્ય યુવતી સાથે પ્રેમસંબંધમાં અંધ બનેલ પતિએ પત્નીને ચાકુના ઘા ઝીંકી પતાવી નાંખી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના હાંસાપુરા ગામમાં મધરાત્રે ૨ વાગે પતિએ પત્નીની કરપીણ હત્યા કરી હતી. પતિના પર અન્ય યુવતી સાથેના પ્રેમ સંબંધોના કારણે અઢી માસના લગ્ન જીવનનો અંત આણ્યો હતો. પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. જરોદ ગામ પાસે આવેલા હાંસાપુરા ગામમાં રહેતા રઘુવીરસિંહ ઉર્ફે રઘુ વિજયસિંહ ચૌહાણ (ઉં.વ. ૨૩) રહે છે. તેના લગ્ન અઢી માસ પૂર્વે સાબરકાંઠા જિલ્લાના બાદલજીના મુવાડા ગામની ૨૧ વર્ષીય સ્નેહા સાથે

**હત્યારા પતિની ધરપકડ**

જ્ઞાતિના રિતી રિવાજ મુજબ ધામધૂમથી થયા હતા. અઢી માસના લગ્ન જીવન દરમિયાન સ્નેહાને પતિ રઘુના અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની જાણ થઈ હતી. જેના કારણે નવદંપતી વચ્ચે ઝઘડાઓની શરૂઆત થઈ ગઈ હતી. મધ રાત્રે ૨ વાગ્યાના સુમારે રઘુ અને સ્નેહા વચ્ચે પ્રેમ પ્રકરણને લઈને ઝઘડો શરૂ થયો હતો. બંને વચ્ચે થયેલા ઝઘડામાં આક્રોશની સીમા ઓળંગી ગયેલા પતિ રઘુએ પત્ની સ્નેહાના ગળામાં ધારદાર ચાકૂનો ઘા કરી સ્થળ પર ઢીમ ઢાળી દીધું હતું. લોહીલુહાણ થઈ ગયેલી પત્ની સ્નેહા લોહીના ખાબોચિયામાં તરફડિયા મારતી મોતને ભેટી હતી. બીજી બાજુ આ બનાવની જાણ જરોદ પોલીસને કરવામાં આવતા જરોદ પોલીસ મથકના પીઆઇ જે.એ.બારોટ સ્ટાફ સાથે દોડી ગયા હતા. તે સાથે ડીવાયએસપી આકાશ પટેલ તેમજ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. કૃણાલ પટેલ પણ સ્ટાફ સાથે દોડી ગયા હતા. જરોદ પોલીસે લાશનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. તે સાથે આ બનાવની જાણ સ્નેહાના પરિવારજનોને કરાતા તેના માતા-પિતા સહિત પરિવારજનો પણ મોડી સવાર સુધીમાં હાંસાપુરા ગામે દોડી આવ્યા હતા.

# ગુજરાતના જાણીતા સનદી અધિકારી અને શિક્ષણવિદ્ ડો.કુલીનચંદ્ર યાજ્ઞિકનું અવસાન

નડિયાદ, પાટણ, તા.૨૭

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ અને ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાં તા.૧ સપ્ટેમ્બર ૧૯૨૬ના રોજ જન્મેલા અને નડિયાદને પોતાની કર્મભૂમિ બનાવી સમગ્ર રાજ્યમાં શિક્ષણ, સાહિત્ય ક્ષેત્રે નામના મેળવેલા કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિકનું ૯૭ વર્ષની જૈફવયે શનિવારે અવસાન થતા સમગ્ર નડિયાદ શોકમગ્ન બન્યું હતું તો પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી પરિવારમાં પણ શોકની કાલિમા છવાઈ જવા પામી હતી. જિલ્લા વહીવટી તંત્ર વતી અધિક નિવાસી કલેકટર ભરત જોષી અને નડિયાદ પ્રાંત અધિકારી કલ્પેશ સુવેરા દ્વારા કુલીનચંદ્ર યાજ્ઞિકની અંતિમયાત્રામાં પહોચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલિનચંદ્ર યાજ્ઞિકે વર્ષો સુધી નડિયાદની ઝઘડિયા પોળમાં પોતાના નિવાસસ્થાને રહીને ખેડા જિલ્લાના જ્ઞાન પિપાસુઓ તથા વહીવટી તંત્રને વખતોવખત પોતાનું અમૂલ્ય અનુભવપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. ગુજરાતના રાજ્યપાલ દ્વારા જેઓને



ડીલીટની માનદ્ પદવી એનાયત કરવામાં આવી હતી તેવા યાજ્ઞિકની ઓચિંતિ વિદાય અંગે જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે દુઃખ વ્યક્ત કર્યું હતું. 'વહીવટની વાતો' પુસ્તક લખનાર ડૉ. યાજ્ઞિકના નિધનથી ખેડા જિલ્લા સહિત રાજયને તથા દેશને એક બહુ મોટી ખોટ પડી છે. તેમની અંતિમયાત્રા માં નડિયાદવાસીઓની સાથે સાથે લેખકો,સમાજજીવીઓ અને તેમના વિશાળ ચાહક વર્ગે એ જોડાઈ શ્રધ્ધા સુમન સાથે તેમના આત્મા ની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિક મુંબાઈની વિલ્સન કોલેજમાંથી એમ.એ. અને ગવર્નમેન્ટ લો કૉલેજ માંથી એલ.એલ.બી. પાસ કરી ૧૯૫૧માં સૌરાષ્ટ્ર સરકારમાં માહિતી મદદનીશ અને પછી મામલતદાર તરીકે જોડાયા હતા. ઉત્તરોત્તર બઢતી મેળવી ૧૯૬૪ની સીનિયોરિટીથી IASમાં નિમાયા તેઓએ ભરૂચ, ડાંગ અને વડોદરા જિલ્લાના કલેક્ટર, એડિશનલ ઈસ્ટ્રીઝ કમિશનર તેમજ રાજયપાલના સચિવ અને મુખ્યમંત્રીના સચિવ તરીકે સેવા આપી. ગુજરાત સરકારના બંદરો અને મત્સોદ્યોગ વિભાગના સચિવ રહ્યા. છેલ્લે શિક્ષણ સચિવ તરીકે ૧૯૮૫માં નિવૃત્ત થયા.ત્યારબાદ ૧૯૮૬થી ૧૯૯૨ સુધી નવી સ્થપાયેલી પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ પદે રહી ઉતર ગુજરાતમાં યુનિવર્સિટીને નામના અપાવી હતી. સ્વ. કુલીનચંદ્ર પોપટલાલ યાજ્ઞિકના શનિવારે સવારે અવસાનના સમાચાર પ્રાપ્ત થતાં પાટણ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડો.કિશોરભાઈ પોરીયા ,રજીસ્ટાર ડો. રોહિતભાઈ દેસાઈ સહિત યુનિવર્સિટી પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી હતી અને તેમના આત્માની શાંતિ માટે કુલપતિ, રજીસ્ટાર સહિતના યુનિવર્સિટી સ્ટાફ પરિવારે બે મિનિટ નું મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# સચિન જીઆઈડીસીમાં સૂતેલી બાળકી પર મકાનની છત પડતાં ગંભીર

## સિવિલ હોસ્પિટલમાં માથાના ભાગની સર્જરી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરતમાં જર્જરિત મકાનોને લઈને પાલિકા દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. સચીન જીઆઈડીસી વિસ્તારમાં સૂતેલી બાળકી પર સવારના સમયે મકાનની છતનો ભાગ પડ્યો હતો. જેના કારણે બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. બાળકીને માથાના ભાગે ઈજા પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા શ્રીનાથ નગરમાં દોઢ વર્ષની બાળકી ભર નિંદરમાં સૂતી હતી. ત્યારે આજે સવારના ૭:૩૦ વાગ્યાની આસપાસ મકાનની છતનો ભાગ બાળકી પર પડ્યો હતો. જેથી બાળકીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે બાળકીના પિતા કુશ આદિવાસીએ કહ્યું કે, હાલ બાળકીના માથાના ભાગની સર્જરી કરવામાં આવી છે.

### વડોદરા શહેરના વુડા સર્કલ પાસે

# વિશાળ ભૂવા પાસે વડાપ્રધાન મોદીનો ફોટો લગાવી અનોખો વિરોધ દર્શાવ્યો

## ચાર દિવસ છતાં ભૂવો ન પૂરાતા તંત્રને જગાડવાનો જાગૃત નાગરિકનો પ્રયાસ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

કહેવાતી અને કાગળ પરની સ્માર્ટ સિટી વડોદરા નગરી ભુવા નગરી બની છે. ચાર દિવસ પૂર્વે શહેરના વુડા સર્કલ સામે પડેલા ભુવાએ શહેરના આટલા મોટા ભુવા તરીકે રેકોર્ડ તોડ્યો હતો. પરંતુ આજ દિન સુધી આ ભુવાની પુરવાની કામગીરી કરવામાં નહીં આવતા જાગૃત નાગરિકે પીએમ મોદીનો ફોટો લગાવી ભુવામાં નાળિયેર વધેરી ચુંદડી અગરબત્તી સાથે પ્રાર્થના કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે, વુડા સર્કલ પાસે સતત ચાર દિવસ થઈ ગયા છે. છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં નથી આવતી, સ્થાનિક કોર્પોરેટર, ધારાસભ્ય, અધિકારીઓ જોવા સુદ્ધા નથી આવતા. એટલે ખાસ કરીને નરેન્દ્ર મોદી સાહેબનો ફોટો લગાવી ખાતમુહૂર્ત કર્યું છે. એક સામાજિક કાર્યકારની દ્રષ્ટિએ તંત્રને જગાડવાનો અમારો એક પ્રયાસ છે. સાથે સાથે પીએમ મોદી સુધી મેસેજ પહોંચે તે માટે આ તંત્રને જગાડવા પગલું ભર્યું છે કે વહેલામાં વહેલી તકે આ ભુવો પૂરવામાં આવે

### બે બહેનો વચ્ચે એકના એક ભાઈનાં મોતથી પરિવારમાં માતમ

# જર્મનીના હોપસિટીના તળાવમાંથી ચાણસ્માના સેવાળા ગામના યુવાનની લાશ મળતાં ચકચાર

## ૫ વર્ષ અગાઉ ઓટામોબાઈલ એન્જિનિયરિંગના વધુ અભ્યાસ અર્થે યુવાન જર્મની ગયો હતો

પાટણ,તા.૨૭

ચાણસ્મા તાલુકાના સેવાળા ગામના મૂળ વતની અને સુરત ખાતે ધંધાર્થે સ્થાયી થયેલા પટેલ રમેશભાઈ મોતીરામના આશાસ્પદ પુત્ર ચિરાગને પાંચ વર્ષ અગાઉ જર્મની ઓટોમોબાઈલ એન્જિનિયરીંગના વધુ અભ્યાસ અર્થે ગયો હતો. પરંતુ પાંચ દિવસ પહેલા જર્મનીના હોપસિટીના તળાવમાંથી લાશ મળતા અને જેની જાણ મૃતક યુવાનના પરિવારજનોને થતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ છે. ઉલ્લેખનીય છે કે મૃતક આશાસ્પદ યુવાનના મોતથી બહેને એકનો એક ભાઈ ગુમાવ્યો છે. ચિરાગ પટેલે ગુજરાતમાં ઓટોમોબાઈલ એન્જિનિયરીંગનો ગ્રેજયુએટનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને માસ્ટર ડિગ્રીના વધુ અભ્યાસ માટે તે જર્મની ખાતે ગયો હતો અને હોપસિટીમાં આવેલ યુનિવર્સિટીમાં એડમીશન લઈ રૂમ પાર્ટનર મિત્રો સાથે રહેતો હતો પરંતુ ગત અઠવાડિયે તે રૂમ પરથી ગયા બાદ પરત નહીં આવતા મિત્રોએ શોધખોળ કરી હતી પરંતુ પત્તો લાગ્યો ન હતો. આથી પરિવારને જાણ કરી હતી. દરમ્યાન ત્યાંની પોલીસને તળાવ કિનારેથી એક મૃતદેહ મળી આવ્યો હતો જેની જાણ તેના રૂમ પાર્ટનરોને થતા ઓળખવિધિ કરતા તે ચિરાગ પટેલની હોવાનું ફલીત થયું હતું. જર્મન પોલીસે તળાવમાં ડુબવાથી તેનું મોત થયાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

### અજાણ્યા ઈસમની મળેલી લાશનો ભેદ ઉકેલાયો

# પાલનપુરના જગાણા ગામમાં પૈસાની લેતી-દેતી મામલે યુવકની હત્યા કરાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૭

પૈસા અને મોબાઈલની લેતી દેતીમાં હત્યા કરી નાખી હોવાની ઘટના સામે આવી છે. પાલનપુર તાલુકાના જગાણા ગામની સીમમાં સાત દિવસ પહેલા અજાણ્યા ઈસમની મળેલી લાશનો ભેદ ઉકેલાયો છે. ૧૦લાખ રૂપિયા અને મોબાઈલની લેતીદેતીના મામલે નજીવી તકરારે ઉગ્ર સવરૂપ ધારણ કર્યું અને એક વ્યક્તિને હત્યા કરી નાખી. ત્યારે તાલુકા પોલીસે સમગ્ર મામલે તપાસ કરી હત્યાનો ભેદ ઉકેલી એક હત્યારાને ઝડપી જેલ હવાલે કરી દીધો છે. ગત ૨૦ જુલાઈના રોજ પાલનપુર તાલુકાના ભાગળ જગાણા ગામની સીમમાં એક અજાણ્યા ઈસમની લાશ મળી આવી હતી. આ બાબતે પોલીસે મૃતદેહનો કબજો મેળવી સઘન તપાસ હાથ ધરી હતી જોકે સાત દિવસ બાદ ઈસમની ૧૦ હજાર રૂપિયા અને મોબાઈલની લેતી દેતિની તકરારમાં હત્યા કરાઈ હોવાનો મોટો ખુલાસો થયો છે..મૃતક સાબરકાંઠાના ગણવા ગામના વાઘા માનાભાઈ ડાભી અને જોગીવાડ ઉદેપુર રાજસ્થાનવાળા લાલુભાઈ ઉર્ફે લાલો બુબંડીયા વચ્ચે ૧૦ હજાર રૂપિયાની લેતીદેતી અને મોબાઈલ ફોનની તકરાર થતા ઈંટના રોડા મારી હત્યા કરી લાશને સીમમાં ફેંકી દીધી હતી. ત્યારે પોલીસે લાશનો કબજો મેળવી તપાસ હાથ ધરી જેમાં શંકાનાં આધારે પોલીસે હત્યા કરનાર લાલા બુંબડિયાની સખ્ત પૂછપરછ કરતા લાલા બુંબડીયાએ હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. ત્યારે પાલનપુર તાલુકા પોલીસે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના જોગીવાડ ગામના લાલુભાઈ ઉર્ફે લાલો બુબંડીયાને ઝડપી તેને જેલ હવાલે કરી દીધો છે.

### વડોદરામાં સર્જાયેલી પૂરની સ્થિતિના પગલે

# સાંસદ બજેટ સત્ર છોડી વડોદરા દોડી આવ્યા નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરામાં થોડા દિવસ પૂર્વે ભારે વરસાદને કારણે વિશ્વામિત્રી નદી અને આજવા સરોવરના પાણીએ ભયજનક સપાટી વટાવી હતી.જેના કારણે ડેમમાંથી પાણી છોડવું પડ્યું હતું. જે બાદ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. દરમિયાન કેન્દ્રિય બજેટ ચાલતું હોવાથી સાંસદ ડો.હેમાંગ જોષી દિલ્હીમાં હતા. સાંસદ દિલ્હીથી વડોદરાની પળેપળની ખબર રાખી રહ્યા હતા. આખરે આજે વહેલી સવારે વડોદરાના સાંસદ દિલ્હીથી હવાઇ માર્ગે વડોદરા આવી પહોંચ્યા હતા અને પ્રથમ વિશ્વામિત્રી નદીની સપાટી જોવા પહોંચ્યા હતા. ત્યાર બાદ નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લીધી હતી.

સાંસદ ડો. હેમાંગ જોષીએ જણાવ્યું હતું કે, બજેટનું સત્ર હોવાના કારણે હું દિલ્હી હતો. ૨૨, જુલાઇના રોજ ૧૧ જેટલા કલાકમાં ૧૩ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ ઐતિહાસીક હતું ઓછા કલાકમાં વધારે વરસાદ ખાબક્યો હતો. વડોદરાની વોટર કેરીંગ કેપેસીટીથી વધારે વરસાદ પડ્યો. પાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓથી લઇને નાનકડા સફાઇ સેવક સુધી તમામે ટીમ વર્કથી કામ કર્યું છે. મીડિયાએ પણ ૨૪ કલાક રીપોર્ટીંગ કરીને લોકોને જાગૃત કર્યા છે. લોકોને હકીકતથી વાકેફ કર્યા હતા. વડોદરાએ ટીમ વર્ક થકી આ આફતને ટાળવા માટે પ્રયત્નો કર્યા છે. ગઇ કાલે રાત્રે હું આ બાબતે મુખ્યમંત્રીને મળ્યો હતો. મુખ્યમંત્રી સ્થિતિનો સતત તાગ મેળવી રહ્યા હતા. તેમણે પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આશ્વાસન આપ્યું કે, વડોદરાના જે પણ પ્રભાવિત વિસ્તારોમાં સરકાર દ્વારા સહાય કરવાની હશે તે માટે સરકાર કટિબદ્ધ છે. વિશ્વામિત્રી આપણા માટે ખુબ જ ચિંતાનો વિષય હોય છે. વિશ્વામિત્રીનું લેવલ ઘટ્યું છે, તે રાહતની વાત છે. પાણી ઓસરી રહ્યા છે ત્યાં રોગચાળો ન ફાટી નિકળે વધુ સહાય પહોંચે. હજુ ચોમાસુ બાકી છે આ ઘટનાથી આપણે શું શીખી શકીએ તે માટે ચર્ચા કરવામાં આવશે. કાંઠા વિસ્તારના લોકો તંત્રને સહકાર આપે, આપણો જીવ સૌથી મહત્ત્વનો છે. જ્યાં ઘૂંટણથી લઇને કમર સુધી પાણી હોય, મગર અવર-જવરના દશ્યો દેખાય ત્યાં લોકો તેમની અવર-જવર પર ખાસ ધ્યાન રાખે.

# અંકલેશ્વરમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો ચીકલીગર ગેંગના બે રીઢા ચોર ઝડપાયા

અંકલેશ્વર, તા.૨૭

અંકલેશ્વર નવા બોરભાઠા ગામ ખાતે પોલીસે ચોરી કરનાર ચીકલીગર ગેંગના બે રીઢા ચોરને ઝડપી પાડ્યા હતા. ૧૫ માર્ચના રોજ કુ ત્રણ લાખની મત્તાની ચોરી થઇ હતી. અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે બંને રીઢા ચોરને ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકમાંથી ટ્રાન્સફર વોરંટ પર લઈ આવી વધુ તપાસ આરંભી છે. ગત ૧૫મી માર્ચના રોજ અંકલેશ્વર તાલુકાનાં નવા બોરભાઠા ગામ ખાતે આવેલ પરમાર ફળીયામાં રહેતા હીનાબેન માસ્ટર ગત રોજ પોતાના ઘરની બાજુમાં બનાવેલ નવા મકાનને રાત્રીના બંધ કરી બાજુના જુના મકાનમાં સુઈ ગયા હતા. દરમિયાન તસ્કરોએ તેમના નવા મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલા તિજોરીમાંથી રોકડ રૂપિયા ૫૦ હજાર તેમજ સોનાના વિવિધ દાગીના ૪૧.૯૩ ગ્રામ સોનુ કિંમત રૂપિયા ૨.૫૧ લાખ મળી કુલ ૩.૦૧ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ભરૂચ બી ડિવિઝન પોલીસ દ્વારા હાલમાં જ ઝડપી પાડેલા ચીકલીગર ગેંગના રીઢા ચોરની પૂછપરછમાં અંકલેશ્વરની પરમાર ફરિયાની ચોરીની કબૂલાત કરી હતી. જે અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ દ્વારા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે જાણ કરતાં પોલીસે ટ્રાન્સફર વોરંટ પર ભરૂચ કસક નવીનગરી ખાતે રહેતા સતવન સીંગ ઉર્ફે સંતુ ગુરદાસ સીંગ ટાંક (ચીકલીગર) અને વડોદરા બાજવા ખાતે રહેતા તેજીન્દર સિંગ ઉર્ફે રોહિત રઘબીર સિંગ સરદાર (ચીકલીગર) અંકલેશ્વર લઇ આવી હતી અને પૂછપરછ કરી બંને રીઢા ચોર પાસેથી ચોરીનો મુદ્દામાલ રિકવર કરવા માટે રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી.

# વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસમાં દાખલ ૪ વર્ષના બાળકનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરા શહેરની ગોત્રી હોસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરાની સારવાર લેતા રાજપીપળાના ૪ વર્ષના બાળકનું મોત થયું છે. જો કે, બાળકનો રિપોર્ટ હજી આવ્યો નથી. આજે સયાજી હોસ્પિટલમાં નવા બે દર્દીઓ સારવાર માટે દાખલ થયા છે.

શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણો સાથે રાજપીપળાના નેત્રંગનો ૪ વર્ષનો બાળક ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયો હતો. ગઇકાલે રાતે સારવાર દરમિયાન તેનું મોત થયું છે. બાળકનો ચાંદીપુરા વાયરસનો રિપોર્ટ હજી પેન્ડિંગ છે. જયારે સયાજી હોસ્પિટલમાં આજે શંકાસ્પદ ચાંદીપુરા વાયરસની સારવાર માટે વધુ બે બાળકો દાખલ થયા છે. સયાજીમાં હાલમાં ૧૪ બાળકો ચાંદીપુરા વાયરસની સારવાર લઇ રહ્યા છે. જે પૈકી ૭ બાળકો આઇ.સી.યુ.માં અને ૭ બાળકો વોર્ડમાં સારવાર લઇ રહ્યા છે.

# પોરથી વડોદરા જાંબુઆ બ્રિજ પર ૫ કિ.મી લાંબો ટ્રાફિકજામ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

સવારે ૯:૧૫ કલાકની આસપાસ પોરથી વડોદરા જાંબુઆ બ્રિજ પર ૫ કિમી લાંબો ટ્રાફિકજામ થયો હતો. શનિવારે વહેલી સવારથી પોર થી વડોદરા–જામ્બુવા બ્રિજ પર ૫ કિમી ટ્રાફિક જામ થયો હતો. તંત્ર ના વાંકે અને ટ્રાફિક પોલીસની અણઆવડતના કારણે જામ્બુવા બ્રિજ પર દરરોજ ટ્રાફિક જામ થાય છે. જેના કારણે કિલોમિટર સુધીનો ટ્રાફિક જામ થાય છે. આજે સવારે પણ આજ રીતે જામ્બુવા બ્રિજ પર પડેલા મોટા ખાડાઓના કારણે આલમગીરથી જામ્બુવા બ્રિજ સુધી ટ્રાફિક જામ થયો હતો. જેના કારણે હજારો નાગરિકો ટ્રાફિકમાં ફસાયા હતા. જેના વીડિયો વડોદરાના એક નાગરિકે પોતાના મોબાઈલમાં ચાલુ કારમાંથી ઉતારી વાયરલ કર્યા હતા.

**CSB Bank** Trusted Heritage Smart Future

**PUBLIC NOTICE ON AUCTION OF PLEDGED GOLD ORNAMENTS**

The borrower/s in specific and interested bidders,in general, are hereby informed that on account of non-repayment of the Banks due by the borrowers as under despite the payment notice and recall/auction notice issued by the Bank, the gold ornaments pledged with the bank security by the respective borrowers for the loan availed by them will be sold in public auction on "as is where is" and "non-recourse" basis through e-auction portal http://csbgold.auctiontiger.net on 05th August 2024 at 10.30 AM. The auction may be adjourned to any other later date at the discreation of the bank upon publication of the same in the Bank's notice board. The borrowers are hereby further inform that the gold ornaments will be disposed of by private sale if the public auction is not successful and if there is a further balance to be recovered thereafter, legal action will be initiated against the borrower/s for recovery of the balance amounts due to the bank.

| S. No. | Account Name | Client ID | No.of Acc. | Bal. Outstading as on 25/07/2024 | Weight (grams) |
|---|---|---|---|---|---|
| | **BRANCH NAME : BARODA** | | | | |
| 1 | Bhati Shilpaben Mahendrasigh | 4631422 | 1 | 7018.5 | 5.05 |
| 2 | Divan Ashrafbhai Habibsha | 4789600 | 2 | 212966.61 | 49.74 |
| 3 | Garasia Madinabibi | 4318313 | 1 | 40827.5 | 11.19 |
| 4 | Gosai Mahesh Samubhai | 4500412 | 1 | 111530.5 | 29.16 |
| 5 | Panchal Priteshkumar | 4624018 | 2 | 103231.6 | 23.57 |
| 6 | Patel Hetalkumar Ravajibhai | 4024473 | 5 | 2871379.49 | 556.71 |
| 7 | Patel Miteshbhai | 3992553 | 1 | 521276.5 | 99.51 |
| 8 | Patel Ravajibhai Shankarbhai | 4025939 | 3 | 2175074.5 | 418.81 |
| 9 | Pradhan Vinita Sanjay | 4769223 | 1 | 34484 | 8.5 |
| 10 | Prajapati Umakanti Geetamsingh | 4629082 | 1 | 154542.23 | 37.24 |
| 11 | Praveen Kumar | 4740982 | 1 | 141404.39 | 32.29 |
| 12 | Rana Sandipbhai | 4387688 | 1 | 23078.5 | 8.58 |
| 13 | Ravi Lathiya | 4091015 | 1 | 723960.64 | 181.19 |
| | **BRANCH NAME : AHMEDABAD** | | | | |
| 14 | Bharatbhai Ramanbhai Patel | 3741459 | 39 | 8074220.87 | 1928.2 |
| 15 | Kartikkumar Modi | 3594708 | 37 | 3456024.6 | 774.1 |
| 16 | Modi Sahil | 7249972 | 59 | 3172408.73 | 806.3 |
| 17 | Shah Chandrakant Babulal | 3836390 | 70 | 8055850.06 | 1832.1 |
| 18 | Shah Lalitchandra | 3847732 | 76 | 11593767.04 | 2562.5 |
| 19 | Shah Rajesh Mafatlal | 4145603 | 47 | 4471655.96 | 1039.3 |
| 20 | Shah Saharsh Lalitchandra | 7082420 | 112 | 12055155.61 | 2698.4 |
| | **BRANCH NAME : JAMNAGAR** | | | | |
| 21 | Aal Bharatbhai Bhikhabhai | 4049386 | 1 | 446928.24 | 108.4 |
| 22 | Bagathariya Amitbhai | 3621458 | 1 | 77803.1 | 20.6 |
| 23 | Bhagad Firoj Daudbhai | 4768433 | 2 | 97130.5 | 26.43 |
| 24 | Bhagad Osmanbhai | 4629780 | 1 | 30368.05 | 7.45 |
| 25 | Bhatti Jainamben | 4347162 | 1 | 14471.5 | 3.7 |
| 26 | Chauhan Ajaj Ahemad | 4580885 | 1 | 21652.35 | 10 |
| 27 | Dulani Jerambhai | 7679593 | 1 | 43641.77 | 10.75 |
| 28 | Hundala Anvar | 4738293 | 1 | 29466.5 | 7.5 |
| 29 | Jadeja Yuvrajsinh | 4157642 | 1 | 53694.96 | 13.3 |
| 30 | Modhwadiya Sejalben | 4758970 | 1 | 213664.02 | 51.7 |
| 31 | Paresh Rameshchandra Pithdia | 1258360 | 1 | 197968.89 | 48 |
| 32 | Sanghani Alpesh Maganbhai | 4467615 | 1 | 184178.69 | 46.1 |
| 33 | Shekh Abrar Ahmed | 4167985 | 1 | 43716.46 | 22 |
| 34 | Solanki Ketanbhai | 4382157 | 1 | 190314.8 | 48.6 |
| 35 | Sumbhania Husen Abdul | 4764900 | 2 | 92449.02 | 22.7 |
| 36 | Vaghela Harshit | 4758360 | 1 | 45484 | 10.95 |
| 37 | Varotariya Hamirbhai | 4247245 | 2 | 421126.42 | 106 |
| | **BRANCH NAME : VAPI** | | | | |
| 38 | Anmol Singh | 4566022 | 1 | 24130 | 16.7 |
| 39 | Dharmendra Ramjatan | 4014017 | 1 | 69813.59 | 19.3 |
| 40 | Manish Ganpat Rathod | 4421026 | 2 | 228548.54 | 61.9 |
| 41 | Prashant Giri | 4617372 | 1 | 123074.82 | 33.8 |
| 42 | Rajesh Ramjibhai Harijan | 4753105 | 1 | 20377.51 | 6 |
| 43 | Rajni Dharmendra | 3904160 | 1 | 45261.83 | 11.7 |
| 44 | Rohit Satishbhai Babubhai | 4324262 | 1 | 39590 | 11.5 |
| 45 | Sharda Suthar | 3600182 | 1 | 102116.88 | 25 |
| | **BRANCH NAME : BHAVNAGAR** | | | | |
| 46 | Chudasama Balaramsinh Pradyumansinh | 7279224 | 2 | 833163.05 | 170.3 |
| 47 | Hemangi Manishbhai Solanki | 4605267 | 3 | 868055 | 211 |
| 48 | Sarvaiya Vikramsinh G | 3629458 | 6 | 833635.75 | 191.1 |
| 49 | Vaja Dilipsinh | 4782105 | 2 | 115967.1 | 29.2 |
| 50 | Vishal Bharatbhai Renuka | 4782005 | 1 | 53621.71 | 18 |
| | **BRANCH NAME : RAJKOT** | | | | |
| 51 | Agravat Rameshbhai Jagdishbhai | 4626768 | 1 | 161846.76 | 48.7 |
| 52 | Chauhan Mukeshbhai . | 4757787 | 1 | 50811.08 | 10.3 |
| 53 | Dodhiya Sajidbhai Gafarbhai | 4592764 | 2 | 228969.18 | 49.92 |
| 54 | Malek Ramij Liyakatalikhan | 4634494 | 1 | 71720.35 | 14.4 |
| 55 | Meghnathi Bharatgiri Prabhatgiri | 4712180 | 3 | 98913.46 | 21.32 |
| 56 | Parmar Hareshbhai Jadavbhai | 4585565 | 1 | 71752.36 | 15.3 |
| 57 | Urvisha Jignesh Parmar | 4769500 | 3 | 262039.25 | 52.1 |
| | **BRANCH NAME : AHMEDABAD - 2 - DELHI DARWAJA** | | | | |
| 58 | Gopal Mansingh Bodana | 4776940 | 1 | 34726.78 | 8.3 |
| 59 | Nandkishor Ramgopal Soni | 4763867 | 1 | 149551.5 | 37.72 |
| 60 | Vachheta Mukeshbhai | 4766807 | 1 | 212878 | 58.34 |
| | **BRANCH NAME : NIZAMPURA-BARODA** | | | | |
| 61 | Durga Prasad Mishra | 4248523 | 1 | 266635.2 | 63.83 |
| 62 | Jignesh Jayantibhai Solanki | 4631028 | 1 | 33809.5 | 9.78 |
| 63 | Savita Durga Prasad Mishra | 7224637 | 1 | 203137.42 | 50.9 |
| 64 | Sharma Ashokkumar | 4637462 | 1 | 106991 | 29 |

For more details/account wise information borrowers/interested bidders may contact respective branches and for participating in the auction, please visit/login to the e-auction portal http://csbgold.auctiontiger.net.

Gujarat | 28.07.2024 Sd/- Authorized Officer, CSB Bank

# હિમાચલ : ચોમાસાની શરૂઆતથી જ થતી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૫૬નાં મોત, રૂા.૪૧૦ કરોડનું આર્થિક નુકસાન

## ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું કે, લગભગ ૧૦૦ મકાનોને નુકસાન થયું છે, જેમાં જાહેર બાંધકામ વિભાગને સૌથી વધુ રૂા.૧૭૨ કરોડનું નુકસાન થયુ હતુ

(એજન્સી) તા. ૨૭

ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું કે, હિમાચલપ્રદેશમાં ૨૭ જૂને ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૫૬ લોકોનાં મોત થયા છે અને રાજ્યને રૂા.૪૧૦ કરોડનું નુકસાન થયું છે. રાજ્ય કેન્દ્રની માહિતી અનુસાર, ૨૧ લોકોની ઊંચાઈ પરથી પડી જવાથી મૃત્યુ થઈ હતી, ૧૮ લોકો આકસ્મિક રીતે ડૂબવાને કારણે, આઠ લોકોને સાપ કરડવાને કારણે અથવા વીજળી પડવાને કારણે મૃત્યુ થયું હતું જ્યારે એકનું વ્યક્તિનું મોત અચાનક આવેલા પૂરમાં ડૂબી જવાથી થયું હતું. કેન્દ્રએ જણાવ્યું કે, ભૂસ્ખલન અથવા વાદળ ફાટવાના કારણે કોઈ મૃત્યુ નોંધાયા નથી. લગભગ ૧૦૦ મકાનોને નુકસાન થયું છે, જેમાં જાહેર બાંધકામ વિભાગને સૌથી વધુ રૂા.૧૭૨ કરોડનું નુકસાન થયું હતું, ત્યારબાદ બાગાયત વિભાગને



રૂા.૧૩૯ કરોડનું નુકસાન થયુંછે. શિમલા હવામાન કચેરીએ ૩૧ જુલાઈ સુધી રાજ્યના આઠ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપતા 'યલો' એલર્ટ જારી કર્યું હતું અને ૨ ઓગસ્ટ સુધી વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે ભારે પવનને કારણે વાવેતર, ઊભા પાકો, સંવેદનશીલ માળખાં અને 'કાચા' ઘરોને નુકસાન અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અંગે ચેતવણી આપી હતી. સિરમૌર જિલ્લામાં ધૌલકુઆંમાં ૧૨૩ મિમી, નાહનમાં ૭૪.૫ મિમી, કટૌલામાં ૪૦.૨ મિમી, પાલમપુરમાં ૩૨ મિમી, પોંતા સાહિબમાં ૩૧.૨ મિમી, ૨૭.૬ લલામાં ૨૭.૬ મિમી, ડ્હારમાં ૨૭.૬ મિમી અને સુંદરનગર અને બૈજનાથમાં ૨૫ મી.મી. વરસાદ સાથે રાજ્યના જુદા-જુદા ભાગોમાં વચ્ચે-વચ્ચે વરસાદ ચાલુ રહ્યો હતો. રાજ્યમાં ૧ જૂનથી ૨૭ જુલાઈ સુધીમાં ૪૦ ટકા વરસાદની નોંધાયો છે, જેમાં સરેરાશ ૩૨૧.૨ મિમી વરસાદની સામે આ વર્ષે ૧૯૪ મિમી વરસાદ નોંધાયો છે. માત્ર જુલાઈ મહિનામાં ૩૩ ટકા વરસાદ નોંધાયો હતો, કારણ કે રાજ્યમાં ૧ થી ૨૭ જુલાઈ સુધીના સામાન્ય ૨૨૦.૧ મીમીની સામે ૧૪૭.૫ મીમી વરસાદ નોંધાયો હતો.

# નવી મુંબઈમાં ઈમારત ધરાશાયી થતાં એકનું મોત, બેને બચાવી લેવાયા અને ઘણા ફસાયા હોવાની આશંકા

(એજન્સી) તા.૨૭

નવી મુંબઈના CBD બેલાપુર વિસ્તારમાં શનિવારે વહેલી સવારે ચાર માળની રહેણાંક ઈમારત ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત થયું છે અને કાટમાળ નીચે ફસાયેલા અન્ય બેને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, શાહબાઝ ગામમાં સવારે ૪:૫૦ વાગ્યે બનેલી આ ઘટના બાદ બે લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, ઈમારત ધરાશાયી થતાં પહેલાં અધિકારીઓએ ૫૨ રહેવાસીઓને બહાર કાઢવામાં વ્યવસ્થાપિત કરી હતી. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (NMMC)ના કમિશનર કૈલાશ શિંદેએ જણાવ્યું કે, 'આજે સવારે ૧૩ રહેણાંક એકમો અને ત્રણ દુકાનો ધરાવતી ચાર માળની ઈમારત તૂટી પડી હતી. કાટમાળ નીચે ફસાયેલા એક પુરુષ અને એક મહિલાને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.' નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ના અધિકારીએ જણાવ્યું કે, બપોરે કાટમાળમાંથી મોહમ્મદ મિરાજ નામના વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. તેમણે



જણાવ્યું કે અન્ય લોકોને બચાવવાનું ઓપરેશન હજુ ચાલુ છે. મ્યુનિસિપલ કમિશનરના જણાવ્યા અનુસાર ધરાશાયી થયેલી ઈમારત માત્ર ૧૦ વર્ષ જૂની હતી. NMMC ડિવિઝનલ ફાયર ઓફિસર પુરુષોત્તમ જાધવે જણાવ્યું કે, 'કેટલાક રહેવાસીઓએ બિલ્ડિંગમાં તિરાડો જોઈ અને તેના વિશે અધિકારીઓને જાણ કરી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ૧૩ બાળકો સહિત ૫૨ રહેવાસીઓને બિલ્ડિંગમાંથી બહાર કાઢ્યા. સવારે ૬ વાગ્યાની આસપાસ કાટમાળ નીચેથી બે લોકોને બચાવવામાં આવ્યા હતા. તે પછી અધિકારીઓને ખબર પડી કે એક વ્યક્તિ કાટમાળ નીચે ફસાયેલી હોવાની આશંકા છે અને બચાવકર્તાઓએ તેને તેના મોબાઈલ પર કોલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. તેમને પાછળથી જાણ થઈ કે જ્યારે ઈમારત પડી ત્યારે તેના બે મિત્રો પણ તેની સાથે હતા. NDRF અને નાગરિક સંસ્થાના ફાયર વિભાગના કર્મચારીઓ દ્વારા બચાવી લેવામાં આવેલા બે વ્યક્તિઓની ઓળખ લાલ મોહમ્મદ (૨૨) અને રૂખસાના (૨૧) તરીકે થઈ છે. NDRFના અધિકારીએ જણાવ્યું કે બચાવ કાર્યમાં મદદ માટે ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના વડા શિંદેએ જણાવ્યું કે ઘટનાનું કારણ NMMC દ્વારા તપાસ કરવામાં આવશે. દરમિયાન થાણે જિલ્લા વહીવટીતંત્ર તરફથી એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્ય મંત્રી એકનાથ શિંદે, જે નીતિ આયોગની બેઠક માટે દિલ્હીમાં છે, તેમણે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર સાથે વાત કરી અને તેમને બચાવી લેવાયેલા લોકો ઉપરાંત ઘાયલોને પણ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. અસરગ્રસ્ત લોકોને પણ સહાય પૂરી પાડવી જોઈએ.

# દિલ્હીના કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જતાં બે વિદ્યાર્થીનાં મોત, એક વિદ્યાર્થી ગુમ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હીના એક કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જતાં સિવિલસર્વિસના બે ઉમેદવારનું મૃત્યુ થયું હતું જ્યારે એક વિદ્યાર્થી ગુમ થયા હતા તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. પ્રારંભિક અહેવાલો અનુસાર કોચિંગ ક્લાસમાં જઈ રહેલા છોકરાઓ તે ઘટના બાદથી ગુમ થઈ ગયા હતા. બાદમાં એક વિદ્યાર્થીનીનો મૃતદેહ મળી આવ્યો હતો. દિલ્હી ફાયર સર્વિસ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને દિલ્હી પોલીસ સ્થળ પર શોધ અને બચાવ કામગીરી હાથ ધરી હતી. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, ''રાષ્ટ્રીય રાજધાનીમાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના ભોંયરા પાણીથી ભરેલા છે. એનડીઆરએફની ટીમો સ્થળ પર હતી.'' ફાયર વિભાગને લગભગ સાંજે ૭ વાગ્યે એક એલાર્મ કોલ મળ્યો જેણે તાત્કાલિક પ્રતિસાદ આપ્યો. ગુમ થયેલા વિદ્યાર્થીઓનો તેમના મોબાઈલ નંબર દ્વારા સંપર્ક કરવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા જેમાં તેમના ફોન સંપર્કમાં ન હતા.

ગુમ થયેલા વિદ્યાર્થીઓને શોધવા માટે સત્તાવાળાઓ કોચિંગ સેન્ટરના ભોંયરામાં સઘન તપાસ કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે, ''રાવ IAS સ્ટડી સેન્ટર નજીક બડા બજાર માર્ગ 11-B ખાતે પાણી ભરાયેલા ભોંયરામાં બાળકો ફસાયા હોવાના અહેવાલોને પગલે દિલ્હીના જૂના રાજેન્દ્ર નગરમાં બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.'' ભોંયરામાં ભારે પાણી ભરાઈ ગયું છે અને તેની દૃશ્યતા ખૂબ જ ઓછી છે જેના કારણે ડાઈવર્સ માટે શોધ પ્રયાસો પડકારરૂપ બન્યા હતા. ફાયર વિભાગે પાણી કાઢવા માટે ચાર મોટર પંપ તૈનાત કર્યા હતા. બચાવ કામગીરીમાં મદદ માટે કુલ પાંચ ફાયર ટેન્ડર સ્થળ પર પહોંચી ગયા હતા. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું કે સાંજે દિલ્હીમાં ભારે વરસાદને કારણે આ દુર્ઘટના થઈ હતી. આતિશીએ આ મામલે મેજિસ્ટ્રેટ સ્તરની તપાસનો આદેશ પણ આપ્યો હતો. આતિશીએ એક પોસ્ટમાં લખ્યું કે, ''રાજેન્દ્ર નગરમાં એક કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના ભોંયરામાં પાણી ભરાવાના સમાચાર છે. દિલ્હી ફાયર વિભાગ અને એનડીઆરએફ સ્થળ પર છે. દિલ્હીના મેયર અને સ્થાનિક ધારાસભ્ય પણ ત્યાં છે. હું દર મિનિટે ઘટનાનું અપડેટ લઈ રહી છું. આ ઘટના કેવી રીતે બની તેની એક મેજિસ્ટ્રેટ તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જે પણ આ ઘટના માટે જવાબદાર છે તેને બક્ષવામાં આવશે નહીં.''

### ચોમાસાની સિઝનમાં પહાડો પર મુશ્કેલી ઊભી થાય છે

# પૂર-વરસાદથી તબાહીની સ્થિતિ, પહાડો પર કાળ બન્યો વરસાદ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

પહાડો પર આફતનો વરસાદ વરસી રહ્યો છે તો મેદાની વિસ્તારોમાં પણ હવે મેઘમહેર મેઘકહેરમાં ફેરવાઈ ગઈ છે. કેમ કે અનરાધાર વરસાદના કારણે ૩ રાજ્યમાં નદીઓ ગાંડીતૂર બની છે તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આવું અમે એટલા માટે કહીએ છીએ કેમ કે ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ જેવા પહાડી રાજ્યોમાં ભારે વરસાદ લોકોની મુશ્કેલી વધારી રહ્યો છે તો મેદાની પ્રદેશોના ૩ રાજ્યોમાં પણ અનરાધાર વરસાદે જનજીવન પર બ્રેક મારી દીધી છે જેમાં ૧. મધ્યપ્રદેશ ૨. છત્તીસગઢ ૩. મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. સૌથી પહેલાં વાત કરીશું છત્તીસગઢની અહીંયા ધારચુલા ડેમ વિસ્તારના ગણેશપુર ગામમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ૨૦૦ જેટલાં પરિવારોને ભારે અસર થઈ છે. જો કે SDRF અને NDRFની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તમામ લોકોનું રેસ્ક્યુ ઓપરેશન કર્યુ અને તેમને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા. આ તરફ મધ્યપ્રદેશના ભોપાલમાં પણ વરસાદે લોકોની મુશ્કેલી વધારી દીધી છે. ભારે વરસાદના કારણે રસ્તા પર પાણી ભરાઈ ગયા છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ભારે વરસાદના કારણે વારણા નદી બેકાંઠે વહી રહી છે. નદીમાં પાણીનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે. જેના કારણે લોકોને નદીના પાણી નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જવાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિક તંત્રના અધિકારીઓએ નદીકાંઠા વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપી છે. આ તરફ ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં થઈ રહેલા સતત વરસાદથી હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા નદીનું વિકરાળ રૂપ જોઈને લોકો ડરી ગયા છે.

# મમતા બેનરજી વિરૂદ્ધ મોદી સરકાર : નીતિ આયોગના વોકઆઉટથી કેન્દ્ર-રાજ્યનો ટકરાવ ઉગ્ર બન્યો

## વિપક્ષ શાસિત રાજ્યો સાથે અન્યાયી વર્તનનો આક્ષેપ કરીને નીતિ આયોગની બેઠકમાંથી બંગાળના મુખ્યપ્રધાન બહાર નીકળતાં ભાજપે 'રાજકીય ડ્રામા' કર્યો

(એજન્સી) તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની નવમી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક વિવાદથી ઘેરાઈ ગઈ હતી કારણ કે બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી કે જેઓ બેઠકમાં રાષ્ટ્રીય વિરોધ પક્ષના એકમાત્ર પ્રતિનિધિ હતા તેઓ નાટકીય રીતે બહાર નીકળી ગયા હતા. બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે તેમને તેમના ભાષણ દરમિયાન અન્યાયી રીતે અટકાવવામાં આવ્યા હતા. આ ઘટનાએ વિપક્ષો અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર વચ્ચે ઉગ્ર તું તું -મેં મેં સર્જી દીધી. મમતાનો માઈક કપાઈ ગયો હોવાનો દાવો, કેન્દ્રએ ઈન્કાર કર્યો બેનરજીએ જણાવ્યું હતું કે તેમનો માઈક્રોફોન પાંચ મિનિટ પછી બંધ થઈ ગયો હતો, જ્યારે અન્ય મુખ્ય પ્રધાનોને લાંબા સમય સુધી બોલવાની મંજૂરી આપવામાં આવી હતી. તૃણમુલ કોંગ્રેસના વડાએ કહ્યું કે, 'આ અપમાનજનક છે. હું હવે પછીની કોઈપણ બેઠકમાં હાજરી આપીશ નહીં' તેણીએ મીટિંગમાંથી બહાર આવ્યા પછી પત્રકારોને કહ્યું કે, 'હું મીટિંગનો બહિષ્કાર કરીને બહાર આવી છું. ચઆંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુને બોલવા માટે ૨૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. આસામ, ગોવા, છત્તીસગઢના મુખ્યમંત્રીઓએ ૧૦-૧૨ મિનિટ સુધી વાત કરી હતી. માત્ર પાંચ મિનિટ પછી મને બોલતા અટકાવવામાં આવી હતી.' સરકારે તેમના દાવાને ફગાવી દીધો હતો. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોના ફેક્ટચેક હેન્ડલ, X પરની એક પોસ્ટમાં, જણાવ્યું હતું કે બેનર્જીનો માઈક્રોફોન બંધ હતો તે કહેવું 'ભ્રામક' હતું. 'ઘડિયાળ જ બતાવે છે કે તેણીનો બોલવાનો સમય પૂરો થઈ ગયો છે.' અનામી સૂત્રોને ટાંકતા મીડિયાના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મૂળાક્ષરો મુજબ, બેનરજીને બોલવાનો વારો લંચ પછી આવ્યો હશે, પરંતુ બંગાળ સરકારની સત્તાવાર વિનંતી પર તેમને સાતમા વક્તા તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું કારણ કે તેમને વહેલી કલકત્તા પરત ફરવું હતું.

### 'અપમાનજનક અને પક્ષપાતી' : મમતા

બેનરજીએ કહ્યું કે તેમણે બેઠક દરમિયાન ઉલ્લેખ કર્યો કે ભાજપના નેતૃત્વ હેઠળના કેન્દ્રએ રાજકીય રીતે પક્ષપાતી બજેટ રજૂ કર્યું અને પૂછ્યું કે નરેન્દ્ર મોદી સરકાર રાજ્યો વચ્ચે ભેદભાવ શા માટે કરી રહી છે.

તેમણે કહ્યું, 'તેઓ રાજકીય રીતે પક્ષપાતી છે. તેઓ જુદા જુદા રાજ્યો પર યોગ્ય ધ્યાન આપતા નથી. બજેટ પણ રાજકીય રીતે પક્ષપાતી બજેટ છે.' તેમણે ઉમેર્યું. 'તમે અમુક રાજ્યો પર વિશેષ ધ્યાન આપવામાં મને કોઈ સમસ્યા નથી. મેં પૂછ્યું કે તેઓ શા માટે અન્ય રાજ્યો સાથે ભેદભાવ કરી રહ્યા છે. આની સમીક્ષા થવી જોઈએ. હું તમામ રાજ્યો માટે બોલી રહી છું. મેં કહ્યું કે અમે એવા લોકો છીએ જેઓ કામ કરે છે તેઓ તો માત્ર સૂચનાઓ જ આપે છે.' તેમણે એમ પણ કહ્યું કે નીતિ આયોગ પાસે કોઈ નાણાકીય સત્તા નથી અને કાં તો તેને તે સત્તાઓ આપવી જોઈએ અથવા આયોજન પંચને પુનઃસ્થાપિત કરવું જોઈએ. તેમણે અગાઉ પણ આ જ માંગણી કરી હતી. બેનરજીએ કહ્યું કે, 'મેં એ પણ કહ્યું કે કેવી રીતે મનરેગા અને ચવડાપ્રધાનૃ આવાસ ચયોજના ભંડોળ ચબંગાળ માટૃ ત્રણ વર્ષ માટે રોકી દેવામાં આવ્યું. જો તેઓ તેમની પાર્ટી અને અન્ય લોકો વચ્ચે ભેદભાવ કરશે, તો દેશ કેવી રીતે ચાલશે ? જ્યારે તેમની પાસે સત્તા છે તો તેમણે બધાનું ધ્યાન રાખવું જોઈએ.'

### મમતાને વિપક્ષનું સમર્થન

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન તેના બંગાળ સમકક્ષના સમર્થનમાં આવ્યા. X પરની એક પોસ્ટમાં, તેમણે કહ્યું : 'શું આ સહકારી સંઘવાદ છે ? શું મુખ્યમંત્રી સાથે વ્યવહાર કરવાની આ રીત છે ? કેન્દ્રની ભાજપ સરકારે સમજવું જોઈએ કે વિરોધ પક્ષો આપણી લોકશાહીનો અભિન્ન ભાગ છે અને તેમની સાથે દુશ્મનો તરીકે વર્તવું જોઈએ નહીં. ઈન્ડિયા જૂથના મુખ્ય પ્રધાનો - સ્ટાલિન (DMK), કેરળના પિનરાઈ વિજયન (CPM), પંજાબના ભગવંત માન (AAP), કોંગ્રેસના સિદ્ધારમૈયા (કર્ણાટક), સુખવિંદર સિંહ સુખુ (હિમાચલપ્રદેશ) અને રેવંત રેડ્ડી (તેલંગાણા) અને ઝારખંડના હેમંતે (JMM) નીતિ આયોગની બેઠકમાં ભાગ લીધો ન હતો. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો છે કે તાજેતરમાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટમાં તેમના દ્વારા શાસિત રાજ્યોની અવગણના કરવામાં આવી છે.

### ભાજપ, સીપીએમનો વળતો પ્રહાર

બંગાળમાં વિરોધ પક્ષ ભાજપે નીતિ આયોગની બેઠકમાંથી બહાર નીકળવા બદલ બેનરજીની ટીકા કરી હતી, અને દાવો કર્યો હતો કે તે રાજકીય લાભ મેળવવાના હેતુથી કરવામાં આવેલ 'નાટક' છે. ભાજપના રાજ્યસભા સાંસદ સમિક ભટ્ટાચાર્યએ કહ્યું કે તે બેનરજીએ તૈયાર કરેલી 'નબળી સ્ક્રિપ્ટ' છે. તેમણે દાવો કર્યો કે, 'તેમને નીતિ આયોગની બેઠકમાં નિયત સમયની મંજૂરી આપવામાં આવી હતી. તે પશ્ચિમ બંગાળના લોકોના આર્થિક લાભ માટે મીટિંગમાં નહોતા ગયા પરંતુ રાજકીય લાભ મેળવવા અને બહાર નીકળીને નાટક કરવા ગયા હતો.' CPM રાજ્યસભાના સભ્ય વિકાસ રંજન ભટ્ટાચાર્યએ પ્રશ્ન કર્યો હતો કે બેનરજી પહેલા તો શા માટે બેઠકમાં હાજર રહ્યા હતા જ્યારે અન્ય ભારતીય જૂથ પક્ષોના મુખ્ય પ્રધાનોએ તેને છોડી દીધું હતું. તેમણે દાવો કર્યો કે, 'તે પરિણામોથી વાકેફ હતા. અને તેમના પગલાથી ફરીથી એવું લાગે છે કે તે નરેન્દ્ર મોદી સાથે થોડી જોડતોડ દિલ્હી ગયા હતા. લોકોને સમગ્ર મુદ્દાની દંભીતાનો અહેસાસ થશે.'

**કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ મમતા પર નિશાન સાધ્યું :** કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ બાંગ્લાદેશીઓને બેનર્જીના 'આશ્રય' પર પ્રહાર કરતા કહ્યું હતું કે કેન્દ્ર ઘૂસણખોરો અને રોહિંગ્યાઓ સાથે સખત રીતે કામ કરી રહ્યું છે. તેમણે નીતિ આયોગની બેઠકમાં બેનરજીની ક્રિયાઓની પણ ટીકા કરી, કહ્યું કે ઈન્ડિયા બ્લોક સાથે તેમનું બિલકુલ ગઠબંધન નથી કારણ કે બેનર્જીએ રાજ્યમાં કોંગ્રેસને એક પણ બેઠક ઓફર કરી નથી. જોશીએ કહ્યું કે, રોહિંગ્યા કે અન્ય કોઈ ઘૂસણખોરીઆ, ખાસ કરીને અમે કાર્યભાર સંભાળ્યા પછી, અમે કોઈપણ મૂંઝવણ વિના અને લોખંડી હાથથી, અમે તેને સંભાળી રહ્યા છીએ. પરંતુ તમે મર્યાદાઓ પણ જાણો છો કારણ કે ૭૦ અને ૮૦ ના દાયકા પછી છેલ્લા ઘણા વર્ષોથી, આ તુષ્ટિકરણ તેમની ટોચ પર પહોંચી ગયું છે.' જોશીએ બજેટ ૨૦૨૪-૨૫ની ટીકા કરતી દયાનિધિ મારનની એ ટિપ્પણીને પણ નકારી કાઢી હતી કે 'બજેટ મધ્યમ-વર્ગના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યું હતું' કહ્યું હતું કે તમિલનાડુને પણ સૌથી વધુ ભંડોળ, ગ્રાન્ટ-ઈન-એઈડ મળી છે.

# 'આ બંગાળનું અપમાન છે' : દિલ્હીથી કોલકાતા પહોંચેલા મમતા બોલ્યાં

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફરી એકવાર દાવો કર્યો હતો કે, નીતિ આયોગની બેઠકમાં તેમને બોલવા દેવાયા ન હતા અને માઈક બંધ કરી દેવાયું હતું. આ પહેલાં તેમણે દિલ્હીમાં પણ આ દાવો કર્યો હતો. કોલકાતા પહોંચીને તેમણે જણાવ્યું કે, આ પશ્ચિમ બંગાળનું અપમાન છે. કોલકાતા એરપોર્ટ પર પત્રકાર પરિષદ દરમિયાન તેમણે જણાવ્યું કે, હું બોલી રહી હતી ત્યારે માઈક બંધ કરી દેવાયું હતું. મેં કહ્યું કે, તમે મને કેમ રોકી, તમે ભેદભાવ કરી રહ્યા છો. હું બેઠકમાં ભાગ લઈ રહી છું ત્યારે તમારે ખુશ થવું જોઈએ તેના બદલે તમે પોતાની પાર્ટી અને સરકારને વધુ તક આપી રહ્યા છો. વિપક્ષમાંથી માત્ર હું જ છું અને તમે મને બોલવાથી રોકી રહ્યા છો. આ માત્ર બંગાળનું જ નહીં પરંતુ તમામ ક્ષેત્રીય પાર્ટીઓનું અપમાન છે.'' તેમણે આરોપ લગાવ્યો હતો કે, મારી પહેલાં ચંદ્રબાબુ નાયડુએ બેઠકમાં ૨૦ મિનિટ સુધી બોલવાનું ચાલુ રાખ્યું. અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓએ ૧૫ મિનિટ, કેટલાકે ૧૭ મિનિટ, કેટલાકે ૨૦ મિનિટ સુધી ભાષણ આપ્યું. જ્યારે મારો વારો આવ્યો ત્યારે પાંચ મિનિટમાં જ રોકી દેવાઈ હતી. જ્યારે મેં કહ્યું કે, તમે સાંભળવા નથી માગતા તો હું બેઠક છોડી જાઉં. શું તમે જણાવી શકો કે, પાંચ મિનિટ ભાષણ બાદ વારંવાર ઘંટી બજાવવાનો ઉદ્દેશ્ય શું હતો ? આવો પક્ષપાતી વ્યવહાર કેમ? બીજા મુખ્યમંત્રીઓ બોલી રહ્યા હતા ત્યારે કેમ આવું ના થયું ? આ ઉપરાંત તેમણે કોલકાતા પહોંચીને સોશિયલ મીડિયા પર રાજ્યોને ફંડના મુદ્દાનો ઉલ્લેખ કર્યો જે નીતિ આયોગમાં ઉઠાવાયો હતો. તેમણે કહ્યું કે, તેઓ કેટલાક રાજ્યોને વધારે ફંડ ફાળવે તો મને સમસ્યા નથી. મેં તેમને કહ્યું કે, કેન્દ્ર ફક્ત નિર્દેશ આપે છે અને જમીન પર કામ કરવાનું કામ રાજ્યોનું છે. તમે કોવિડ-૧૯ સમયે માત્ર નિર્દેશ આપ્યા હતા અને રાજ્યોએ જ બધું સંભાળ્યું હતું. મેં તેમને કહ્યું કે, તેમણે અમારા ફંડના ૧.૭૨ લાખ કરોડ રૂપિયા રોકી રાખ્યા છે અને આ વર્ષે આ રકમ વધી જશે.''


**CSB Bank** Trusted Heritage Smart Future

**PUBLIC NOTICE ON AUCTION OF PLEDGED GOLD ORNAMENTS**

The borrower/s in specific and interested bidders,in general, are hereby informed that on account of non-repayment of the Banks due by the borrowers as under despite the payment notice and recall/auction notice issued by the Bank, the gold ornaments pledged with the bank security by the respective borrowers for the loan availed by them will be sold in public auction on "as is where is" and "non-recourse" basis through e-auction portal http://csbgold.auctiontiger.net on 05th August 2024 at 10.30 AM. The auction may be adjourned to any other date later at the discreation of the bank upon publication of the same in the Bank's notice board. The borrowers are hereby further inform that the gold ornaments will be disposed of by private sale if the public auction is not successful and if there is a further balance to be recovered thereafter, legal action will be initiated against the borrower/s for recovery of the balance amounts due to the bank.

| S. No. | Account Name | Client ID | No.of Acc. | Bal. Outstading as on 25/07/2024 | Weight (grams) |
|---|---|---|---|---|---|
| | BRANCH NAME : BARODA | | | | |
| 1 | Bhati Shilpaben Mahendrasigh | 4631422 | 1 | 7018.5 | 5.05 |
| 2 | Divan Ashrafbhai Habibsha | 4789600 | 2 | 212966.61 | 49.74 |
| 3 | Garasia Madinabibi | 4318313 | 1 | 40827.5 | 11.19 |
| 4 | Gosai Mahesh Samubhai | 4500412 | 1 | 111530.5 | 29.16 |
| 5 | Panchal Priteshkumar | 4624018 | 2 | 103231.6 | 23.57 |
| 6 | Patel Hetalkumar Ravajibhai | 4024473 | 5 | 2871379.49 | 556.71 |
| 7 | Patel Miteshbhai | 3992553 | 1 | 521276.5 | 99.51 |
| 8 | Patel Ravajibhai Shankarbhai | 4025939 | 3 | 2175074.5 | 418.81 |
| 9 | Pradhan Vinita Sanjay | 4769223 | 1 | 34484 | 8.5 |
| 10 | Prajapati Umakanti Geetamsingh | 4629082 | 1 | 154542.23 | 37.24 |
| 11 | Praveen Kumar | 4740982 | 1 | 141404.39 | 32.29 |
| 12 | Rana Sandipbhai | 4387688 | 1 | 23078.5 | 8.58 |
| 13 | Ravi Lathiya | 4091015 | 1 | 723960.64 | 181.19 |
| | BRANCH NAME : AHMEDABAD | | | | |
| 14 | Bharatbhai Ramanbhai Patel | 3741459 | 39 | 8074220.87 | 1928.2 |
| 15 | Kartikkumar Modi | 3594708 | 37 | 3456024.6 | 774.1 |
| 16 | Modi Sahil | 7249972 | 59 | 3172408.73 | 806.3 |
| 17 | Shah Chandrakant Babulal | 3836390 | 70 | 8055850.06 | 1832.1 |
| 18 | Shah Lalitchandra | 3847732 | 76 | 11593767.04 | 2562.5 |
| 19 | Shah Rajesh Mafatlal | 4145603 | 47 | 4471655.96 | 1039.3 |
| 20 | Shah Saharsh Lalitchandra | 7082420 | 112 | 12055155.61 | 2698.4 |
| | BRANCH NAME : JAMNAGAR | | | | |
| 21 | Aal Bharatbhai Bhikhabhai | 4049386 | 1 | 446928.24 | 108.4 |
| 22 | Bagathariya Amitbhai | 3621458 | 1 | 77803.1 | 20.6 |
| 23 | Bhagad Firoj Daudbhai | 4768433 | 2 | 97130.5 | 26.43 |
| 24 | Bhagad Osmanbhai | 4629780 | 1 | 30368.05 | 7.45 |
| 25 | Bhatti Jainamben | 4347162 | 1 | 14471.5 | 3.7 |
| 26 | Chauhan Ajaj Ahemad | 4580885 | 1 | 21652.35 | 10 |
| 27 | Dulani Jerambhai | 7679593 | 1 | 43641.77 | 10.75 |
| 28 | Hundala Anvar | 4738293 | 1 | 29466.5 | 7.5 |
| 29 | Jadeja Yuvrajsinh | 4157642 | 1 | 53694.96 | 13.3 |
| 30 | Modhwadiya Sejalben | 4758970 | 1 | 213664.02 | 51.7 |
| 31 | Paresh Rameshchandra Pithdia | 1258360 | 1 | 197968.89 | 48 |
| 32 | Sanghani Alpesh Maganbhai | 4467615 | 1 | 184178.69 | 46.1 |
| 33 | Shekh Abrar Ahmed | 4167985 | 1 | 43716.46 | 22 |
| 34 | Solanki Ketanbhai | 4382157 | 1 | 190314.8 | 48.6 |
| 35 | Sumbhania Husen Abdul | 4764900 | 2 | 92449.02 | 22.7 |
| 36 | Vaghela Harshit | 4758360 | 1 | 45484 | 10.95 |
| 37 | Varotariya Hamirbhai | 4247245 | 2 | 421126.42 | 106 |
| | BRANCH NAME : VAPI | | | | |
| 38 | Anmol Singh | 4566022 | 1 | 24130 | 16.7 |
| 39 | Dharmendra Ramjatan | 4014017 | 1 | 69813.59 | 19.3 |
| 40 | Manish Ganpat Rathod | 4421026 | 2 | 228548.54 | 61.9 |
| 41 | Prashant Giri | 4617372 | 1 | 123074.82 | 33.8 |
| 42 | Rajesh Ramjibhai Harijan | 4753105 | 1 | 20377.51 | 6 |
| 43 | Rajni Dharmendra | 3904160 | 1 | 45261.83 | 11.7 |
| 44 | Rohit Satishbhai Babubhai | 4324262 | 1 | 39590 | 11.5 |
| 45 | Sharda Suthar | 3600182 | 1 | 102116.88 | 25 |
| | BRANCH NAME : BHAVNAGAR | | | | |
| 46 | Chudasama Balaramsinh Pradyumansinh | 7279224 | 2 | 833163.05 | 170.3 |
| 47 | Hemangi Manishbhai Solanki | 4605267 | 3 | 868055 | 211 |
| 48 | Sarvaiya Vikramsinh G | 3629458 | 6 | 833635.75 | 191.1 |
| 49 | Vaja Dilipsinh | 4782105 | 2 | 115967.1 | 29.2 |
| 50 | Vishal Bharatbhai Renuka | 4782005 | 1 | 53621.71 | 18 |
| | BRANCH NAME : RAJKOT | | | | |
| 51 | Agravat Rameshbhai Jagdishbhai | 4626768 | 1 | 161846.76 | 48.7 |
| 52 | Chauhan Mukeshbhai . | 4757787 | 1 | 50811.08 | 10.3 |
| 53 | Dodhiya Sajidbhai Gafarbhai | 4592764 | 2 | 228969.18 | 49.92 |
| 54 | Malek Ramij Liyakatalikhan | 4634494 | 1 | 71720.35 | 14.4 |
| 55 | Meghnathi Bharatgiri Prabhatgiri | 4712180 | 3 | 98913.46 | 21.32 |
| 56 | Parmar Hareshbhai Jadavbhai | 4585565 | 1 | 71752.36 | 15.3 |
| 57 | Urvisha Jignesh Parmar | 4769500 | 3 | 262039.25 | 52.1 |
| | BRANCH NAME : AHMEDABAD - 2 - DELHI DARWAJA | | | | |
| 58 | Gopal Mansingh Bodana | 4776940 | 1 | 34726.78 | 8.3 |
| 59 | Nandkishor Ramgopal Soni | 4763867 | 1 | 149551.5 | 37.72 |
| 60 | Vachheta Mukeshbhai | 4766807 | 1 | 212878 | 58.34 |
| | BRANCH NAME : NIZAMPURA-BARODA | | | | |
| 61 | Durga Prasad Mishra | 4248523 | 1 | 266635.2 | 63.83 |
| 62 | Jignesh Jayantibhai Solanki | 4631028 | 1 | 33809.5 | 9.78 |
| 63 | Savita Durga Prasad Mishra | 7224637 | 1 | 203137.42 | 50.9 |
| 64 | Sharma Ashokkumar | 4637462 | 1 | 106991 | 29 |

For more details/account wise information borrowers/interested bidders may contact respective branches and for participating in the auction, please visit/login to the e-auction portal http://csbgold.auctiontiger.net.

Gujarat | 28.07.2024 Sd/- Authorized Officer, CSB Bank


# નીતિ આયોગની બેઠકમાં પીએમ મોદી : 'ભારતે આંતરરાષ્ટ્રીય રોકાણો માટે અનુકૂળ નીતિઓ બનાવવાની જરૂર છે'

(એજન્સી) તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતામાં જણાવ્યું હતું કે ભારતે તેની નીતિઓને 'આંતરરાષ્ટ્રીય રોકાણો માટે અનુકૂળ' બનાવવાની જરૂર છે.

મોદીએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''આ દાયકો તકનીકી અને ભૌગોલિક-રાજકીય પરિવર્તનો અને તકોનો પણ છે. ભારતે આ તકોનો લાભ ઉઠાવવો જોઈએ અને આંતરરાષ્ટ્રીય રોકાણ માટે આપણી નીતિઓને અનુકૂળ બનાવવી જોઈએ. ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે આ પ્રગતિનું પગથિયું છે.''

PM મોદીએ Viksit Bharat @2047 માટે વિઝન ડોક્યુમેન્ટ માટેના અભિગમ પેપર પર ચર્ચાઓનું નેતૃત્વ કર્યું, જેનો ઉદ્દેશ્ય ૨૦૪૭ સુધીમાં ભારતને ૩૦ ટ્રિલિયન ડોલર અર્થતંત્રમાં પરિવર્તિત કરવાનો છે.

રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત આ બેઠકમાં મુખ્ય પ્રધાનો, લેફ્ટનન્ટ ગવર્નરો, કેન્દ્રીય પ્રધાનો અને નીતિ આયોગના અધિકારીઓને એકસાથે ઉપસ્થિત રહે છે.

અગાઉ, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે તેમના ભાષણ દરમિયાન તેમનો માઈક્રોફોન કાપી નાખવામાં આવ્યો હતો અને તેઓ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા. બેનરજી બહાર નીકળ્યા પછી પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB) દ્વારા જારી કરાયેલ સત્તાવાર હકીકત તપાસમાં જણાવ્યું હતું કે દાવો 'ભ્રામક' હતો.

બેનરજીએ 'ભેદભાવ' અને 'બોલવા માટે અપૂરતો સમય'નો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે તેમનું માઈક પાંચ મિનિટમાં કાપી નાખવામાં આવ્યું હતું જ્યારે અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓને વધુ સમય સુધી બોલવાની મંજૂરી આપવામાં આવી હતી.

પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''આ દાવો ઈભ્રામક છે. ઘડિયાળ જ બતાવે છે કે તેમનો બોલવાનો સમય પૂરો થઈ ગયો હતો. તેમને ધ્યાન દોરવા માટે ઘંટ પણ વગાડવામાં આવ્યો ન હતો.'' ''મૂળાક્ષરો પ્રમાણે, CM, પશ્ચિમ બંગાળનો વારો લંચ પછી આવ્યો હશે પશ્ચિમ બંગાળ સરકારની સત્તાવાર વિનંતી પર તેમને ૭મા વક્તા તરીકે સમાયોજિત કરવામાં આવી હતી કારણ કે તેમને વહેલા પાછા જવું હતું.''

બેનરજીએ રાષ્ટ્રપતિ ભવનના ગેટની બહાર પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે, ''હું બેઠકનો બહિષ્કાર કરીને બહાર આવી છું. ચંદ્રબાબુ નાયડુને બોલવા માટે ૨૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો, આસામ, ગોવા, છત્તીસગઢના મુખ્યમંત્રીઓએ ૧૦-૧૨ મિનિટ સુધી વાત કરી હતી. માત્ર પાંચ મિનિટ પછી મને બોલતા અટકાવવામાં આવી હતી . આ અયોગ્ય છે, ''

બેનરજીએ કહ્યું, 'હું વિપક્ષ તરફથી એકલી આવી હતી પરંતુ તેઓએ મને ૫ મિનિટમાં અટકાવી દીધી. હું આગળ કોઈ બેઠકમાં હાજરી આપીશ નહીં.' તેમણે એમ પણ કહ્યું હતું કે 'કોઈ સરકાર આ રીતે કામ કરતી નથી' અને જ્યારે સરકાર સત્તામાં હોય છે, ત્યારે તેણે દરેકનું ધ્યાન રાખવું જોઈએ.

તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિને, જેઓ બેઠકનો બહિષ્કાર કરનારા ઘણા ભારતીય બ્લોક નેતાઓમાં સામેલ છે, તેમણે શનિવારે ઠ પર પોસ્ટ કર્યું કે સંસદમાં ગયા અઠવાડિયે રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટમાં 'તમિલનાડુ પ્રત્યે ભેદભાવપૂર્ણ વલણ' હતું.

બિહારના સીએમ અને એનડીએના ભાગીદાર નીતિશ કુમાર પણ આ બેઠકમાં હાજર ન હતા. પરંતુ તેમનું પ્રતિનિધિત્વ નાયબ મુખ્ય પ્રધાનો સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિન્હાએ કર્યું હતું.

NITI આયોગની ગવર્નિંગ કાઉન્સિલ કે જે સરકારની સર્વોચ્ચ થિંક ટેન્ક છે તેને શરૂઆતથી તેની નવમી બેઠક માટે બોલાવવામાં આવી હતી, જે મે સામાન્ય ચૂંટણીઓ અને ત્યારબાદ GCની પુનઃરચના પછી આવી પ્રથમ બેઠકને ચિહ્નિત કરે છે, જેમાં હવે BJPના NDAના કેન્દ્રીય પ્રધાનો ખાસ આમંત્રિતો તરીકે સાથીઓનો સમાવેશ થાય છે. મીટિંગ પહેલા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, ''મીટિંગનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સહભાગી શાસન અને સહયોગને પ્રોત્સાહન આપવાનો હતા, સરકારી હસ્તક્ષેપોની ડિલિવરી મિકેનિઝમ્સને મજબૂત કરીને ગ્રામીણ અને શહેરી બંને વસ્તી માટે જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો હતો. આ બેઠકમાં Viksit Bharat @2047ના ધ્યેયને હાંસલ કરવામાં રાજ્યોની ભૂમિકા પર વિગતવાર ચર્ચાઓ પણ થવાની હતી.''

વધુમાં, આ બેઠક ડિસેમ્બર, ૨૦૨૩માં આયોજિત મુખ્ય સચિવોની ૩જી રાષ્ટ્રીય પરિષદની ભલામણો પર આધારિત હશે, જે દરમિયાન 'ઈઝ ઓફ લિવિંગ'ની સર્વાંગી થીમ હેઠળ પાંચ થીમ પર ચર્ચા કરવામાં આવી હતી- પીવાનું પાણી, વીજળી, આરોગ્ય, શાળા અને જમીન અને મિલકત.

વિપક્ષી ઈન્ડિયા જૂથના કેટલાક મુખ્ય પ્રધાનો બેઠકથી અળગા રહ્યા. તેમાં તમિલનાડુના એમકે સ્ટાલિન (ડીએમકે), કેરળના પિનરાઈ વિજયન (સીપીઆઈ-એમ), પંજાબના ભગવંત માન (આપ) અને કોંગ્રેસના ત્રણેય સીએમ - કર્ણાટકના સિદ્ધારમૈયા, હિમાચલપ્રદેશના સુખવિંદર સિંઘ સુખુ અને તેલંગાણાના રેવંત રેડ્ડીનો સમાવેશ થાય છે. તેઓએ મીટિંગનો બહિષ્કાર કરવા માટેના એક કારણ તરીકે 'ભેદભાવપૂર્ણ યુનિયન બજેટ'નો ઉલ્લેખ કર્યો.

પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી (સ્ક્ર) અને ઝારખંડના હેમંત સોરેને (JMM) જોકે તેમની હાજરીની પુષ્ટિ કરી હતી.

૧૬ જુલાઈના રોજ ગવર્નિંગ કાઉન્સિલના તાજેતરના વિસ્તરણમાં ખાસ આમંત્રિતોની સંખ્યા પાંચથી વધારીને અગિયાર થઈ ગઈ, જેમાં ભાજપના સાથી પક્ષોના પાંચ મંત્રીઓ સામેલ છે: એચડી કુમારસ્વામી (JD-S), જીતન રામ માંઝી (HAM), રાજીવ રંજન સિંહ (JD-U) , કે આર નાયડુ (ટીડીપી), અને ચિરાગ પાસવાન (એલજેપી-રામ વિલાસ).

ગયા વર્ષે ઓક્ટોબરમાં, નીતિ આયોગના સીઈઓ બીવીઆર સુબ્રમણ્યમે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે સરકારની સર્વોચ્ચ જાહેર નીતિ થિંક ટેંક વિવિધ સચિવોના ૧૦ ક્ષેત્રીય જૂથો (SGoS) તરફથી ઈનપુટ પ્રાપ્ત કર્યા પછી Viksit Bharat @2047 પર વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરશે. લગભગ બે વર્ષ સુધી ચાલેલી પ્રક્રિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કલ્યાણ, વાણિજ્ય અને ઉદ્યોગ, ટેક્નોલોજી અને ગવર્નન્સ સહિતની થીમ પરના મંત્રાલયોએ રચના કરી હતી.

તે સમયે, નીતિ આયોગ ગુજરાત અને આંધ્રપ્રદેશને તેમના વિઝન દસ્તાવેજો તૈયાર કરવામાં પણ મદદ કરી રહ્યો હતો જ્યારે ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, ગોવા અને ઉત્તરાખંડ જેવા રાજ્યો સ્વતંત્ર રીતે તેમના દસ્તાવેજો તૈયાર કરી રહ્યા હતા. જ્યારે નીતિ આયોગને રાજ્યોના વિઝન ડોક્યુમેન્ટ્સને નેશનલ વિઝન ડોક્યુમેન્ટ સાથે સંરેખિત કરવાની યોજના કેવી રીતે છે તે વિશે પૂછવામાં આવતાં, સુબ્રહ્મણ્યમે કહ્યું હતું કે, ''આ એક પ્રશ્ન છે જેની સાથે અમે સંઘર્ષ કરી રહ્યા છીએ. મને લાગે છે કે NITIને થોડો ટેકો પણ કરવો પડશે. સારી વાત એ છે કે મોટા ભાગના રાજ્યો માત્ર આગામી પાંચ વર્ષ માટે વિઝન ડોક્યુમેન્ટ્સ તૈયાર કરી રહ્યા છે જ્યારે અમે તેને વધુ સમય માટે કરી રહ્યા છીએ. અમે હવેથી ભૂમિકા ભજવીશું કારણ કે તે એક ગંભીર કસરત છે.'' છેલ્લી NITI ગવર્નિંગ કાઉન્સિલ ૨૭ મે, ૨૦૨૩ના રોજ યોજાઈ હતી.

# દિલ્હી : પ્રોપર્ટીના વિવાદમાં બિલ્ડરે થપ્પડ મારતાં છોકરી બિલ્ડિંગ પરથી પડી

## આ ચોંકાવનારી ઘટના કેમેરામાં કેદ થઈ છે, આ બાબતે કેસ નોંધવામાં આવ્યો છે અને આરોપી ફરાર હોવાનું માનવામાં આવી રહ્યું છે



(એજન્સી) તા.૨૭

અહેવાલ મુજબ દિલ્હીમાં એક ચોંકાવનારી ઘટનામાં એક યુવતીને બિલ્ડર દ્વારા ઉગ્ર દલીલ બાદ જોરથી થપ્પડ માર્યા બાદ તે બિલ્ડિંગની છત પરથી નીચે પડી ગઈ હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. આ દલીલ મિલકતના વિવાદને લઈને થઈ હતી. શબ્દોની ઉગ્ર વિનિમય પછી, ગુસ્સે થયેલા બિલ્ડરે છોકરીને જોરથી થપ્પડ મારી અને તે બિલ્ડિંગ પરથી પડી ગઈ હતી. બાળકી પીડાથી ચીસો પાડતા, સ્થાનિક લોકો તેને મદદ કરવા માટે આગળ આવ્યા હતા. આરોપી ફરાર હોવાનું જાણવા મળ્યું છે, પોલીસે કેસ નોંધ્યો છે અને આરોપી બિલ્ડરને પકડવા માટે ઘણી ટીમો બનાવી છે. ૨૦૨૩માં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના તાજેતરના ડેટા અનુસાર ૨૦૨૨માં ભારતમાં મહિલાઓ સામેના ગુનાઓમાં ૪%નો વધારો થયો છે. મેટ્રો શહેર, દિલ્હીમાં સતત ત્રીજા વર્ષે સૌથી વધુ ૧૪,૧૫૮ કેસ નોંધાયા છે જેમાં દર ૧,૦૦,૦૦૦ મહિલાઓએ લગભગ ૧૮૬.૯ ગુના નોંધાયા છે. નવી મુંબઈમાં ગઈકાલે એક ૨૦ વર્ષીય યુવતીને તેના બોયફ્રેન્ડ દ્વારા સંબંધના મુદ્દાને લઈને નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધ્યો છે, પરંતુ આરોપી ફરાર હોવાનું મનાય છે. ૨૩ જુલાઈના રોજ, બેંગ્લુરૂના કોરમંગલામાં ૨૪ વર્ષીય મહિલાની તેના પીજીમાં છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે ફરાર આરોપીની મધ્યપ્રદેશમાંથી ધરપકડ કરી હતી. બિહારમાં પીડિતાએ તેના રૂમમેટને બેરોજગાર આરોપીઓથી દૂર રહેવાની સલાહ આપતા, તેની હત્યા કરવામાં આવી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કૌભાંડ મામલે પો.કમિશનર કચેરીએ પહોંચી કરી રજૂઆત

# કમલમમાં વાહનોની જરૂરિયાતના નામે ભાજપ કાર્યકર અને પો.કર્મીનું ૪૦૦ ગાડી ભાડે મેળવી પચાવી પાડવાનું કૌભાંડ

## શું પોલીસ-ગૃહમંત્રીએ ગુનેગારોને છૂટ્ટો દોર આપ્યો છે ? ધરણાં કરવાની મેવાણીએ આપી ચીમકી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

કમલમ ખાતે વાહનોની જરૂર હોવાથી ગાડી ભાડે લઈને ૪૦૦ લોકોની ગાડી પચાવી પાડવાનું કૌભાડ થયું હોવાનો કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ આક્ષેપ કર્યો છે. જોકે, આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ભાજપના એક કાર્યકર્તા સામે છેતરપિંડીની ફરિયાદ પણ ગઈકાલે રાતે નોંધી છે. જિજ્ઞેશ મેવાણી ગાડીઓના કૌભાંડ મામલે પોલીસ કમિશનર કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા હતા અને આરોપીઓની ધરપકડ કરવા માગ કરી છે. આરોપીઓની ધરપકડ ન થાય તો આગામી દિવસોમાં પોલીસ સ્ટેશન અને ક્રાઈમ બ્રાન્ચની બહાર જ ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ ઉપરાંત ગુજરાત પોલીસને આસામ પોલીસ પાસેથી શિખ લેવાની વાત કરી, શું ગુનેગારોને પોલીસ અને ગૃહમંત્રીએ છુટ્ટો દોર આપ્યો છે ? તેવો સવાલ કર્યો હતો.



આરોપીની વાળ પણ વાંકા નહીં થાય તેવી શેખી

અમદાવાદના અસારવામાં રહેતા કાજલ જાદવે ફરિયાદ નોંધાવી છે કે, પ્રિન્સ કનુભાઈ મિસ્ત્રી નામના આરોપીએ પોતાને ગાડી ભાડેથી ફેરવવાનો કોન્ટ્રાક્ટ મળેલો હોવાનું જણાવી વિશ્વાસમાં લઈને તેમની મારૂતિ સ્વિફ્ટ ડિઝાયર ૯ મહિનાથી ૩૩ હજારના ભાડે મેળવી હતી. જેની ૫૦,૦૦૦ રૂપિયા ડિપોઝિટ લઈને ગાડી લીધી હતી અને આ ગાડી પચાવી પાડી છે. માત્ર કાજલભાઈ જ નહીં, પરંતુ અન્ય પણ લોકોની આ રીતે જ ગાડી ભાડા ઉપર મેળવીને ૫૦,૦૦૦ રૂપિયા ડિપોઝિટ પણ મેળવી છે. જેમાં શરૂઆતના મહિનામાં ભાડું ચૂકવ્યું હતું. ત્યારબાદ આ ગાડીઓ અલગ-અલગ જગ્યાએ ગીરવે મૂકીને ગાડી પરત આપી નથી. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રિન્સ મિસ્ત્રી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગાડી પચાવી પાડવાના કેસમાં ભોગ બનાર લોકો સાથે કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અમદાવાદ પોલીસ કમિશનરને રજૂઆત કરવા આવ્યા હતા. જિજ્ઞેશ મેવાણીએ ભાજપના કાર્યકર્તા પ્રિન્સ મિસ્ત્રી અને અમદાવાદના પોલીસ કોન્સ્ટેબલ પર નાગરિકોની ૪૦૦ જેટલી ગાડી પચાવી પાડવાનો આક્ષેપ કર્યો છે.જિજ્ઞેશ મેવાણીએ સેક્ટર ૧ જેસીપી નીરજ બડગુર્જરને રજૂઆત કરી હતી અને આરોપીઓની ધરપકડ કરવા માટે માગ કરી છે.

આ મામલે મીડિયા સાથેની વાતચીતમાં જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, ગઈકાલે અમદાવાદ પોલીસના એક ASI અને ભાજપના વોર્ડના પ્રમુખ દારૂની હેરાફેરીમાં પકડાયા હતા. ત્યારે હવે છેતરપિંડીના કેસમાં પણ ભાજપના કાર્યકર્તાઓની સંડોવણી સામે આવી છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપના કમલમ ખાતેના કાર્યાલય વાહનોની જરૂરિયાત હોવાથી પ્રિન્સ મિસ્ત્રી નામના ભાજપના બક્ષીપંચના કાર્યકરે અમદાવાદ પોલીસના કોન્સ્ટેબલ સાથે મળીને ગુનાહિત ષડયંત્ર રચ્યુ હતું અને ૪૦૦ જેટલી ફોરવ્હીલર ૩૩ હજાર રૂપિયાના ભાડે લીધી હતી. મહિનાઓ સુધી આ ગાડીઓ ભાડે રાખ્યા બાદ ગાડીના માલિકને એક પણ ગાડી પરત આપવામાં આવી ન હતી. આ તમામ ગાડીઓમાં પોલીસની નેમ પ્લેટ સાથે ગુનાહિત પ્રવૃત્તિઓ થઈ રહી છે. જેમાં દારૂ, ડ્રગ્સ અને અન્ય હેરાફેરી કરવામાં આવી રહી છે.

ગાડીઓના કેસમાં અત્યાર સુધી એક પણ આરોપીની ધરપકડ થઈ નથી. મેં ગઈકાલે જાહેરાત કરી હતી કે, ગાડી કૌભાંડ મામલે પોલીસ કમિશનર કચેરી બહાર ધરણાં કરીશ ત્યારબાદ જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મોડી રાત્રે ગુનો નોંધ્યો છે. જે નાગરિકોની ગાડી છીનવાઈ છે, તે તમામની ગાડી પરત કરવામાં આવે તેવી અમારી માગ છે. પ્રિન્સ મિસ્ત્રી અને તેની સાથે સંકળાયેલા અન્ય આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવે. આરોપીઓની ધરપકડ ના થાય તો આવનાર દિવસમાં માધુપુરા પોલીસ સ્ટેશન અથવા તો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ બહાર બેસીને ધારણા કરીશું.

પ્રિન્સે લોકોને કહ્યું હતું કે, અમારી પર સરકારના આશીર્વાદ છે, જેથી પોલીસ અમારો વાળ પણ વાંકો નહીં કરી શકે. મારે હર્ષ સંઘવી અને પોલીસ કમિશનરને સવાલ છે કે તમે આવા ગુનેગારોને છૂટો દોર આપ્યો છે? શા માટે હજુ સુધી એક પણ આરોપીની ધરપકડ કરાઈ નથી. જયાં સુધી આરોપીઓની ધરપકડ કરાશે નહીં, ત્યાં સુધી અમે આંદોલન કરીશું. પોલીસે ફરિયાદ લેવામાં પણ મોડું કર્યું છે. ૧૩ દિવસ અગાઉ ફરિયાદી જ્યારે ફરિયાદ કરવા પહોંચ્યા હતા, ત્યારે તેમની ફરિયાદ લીધી ન હતી. અમદાવાદ અને ગુજરાત પોલીસ આરોપીને ના પકડી શકતી હોય તો આસામ પોલીસ પાસેથી તેમને શીખવું જોઈએ. મારા એક ટ્વીટ ઉપર આસામ પોલીસ ૨૫૦૦ કિલોમીટર દૂરથી મારી ધરપકડ કરવા માટે આવી હતી. આ મામલે સેક્ટર ૧ જેસીપી નીરજ બડગુર્જરે જણાવ્યું હતું કે, કચેરીમાં ફરિયાદી અને ધારાસભ્ય રજૂઆત માટે આવ્યા હતા. ફરિયાદની તપાસ ચાલુ છે. ગાડીઓ લઈને છેતરપિંડી કરવામાં આવી છે તે મામલે તપાસ કરવામાં આવશે. સાક્ષીઓ દ્વારા જુદા-જુદા મુદ્દાઓ પર રજૂઆત કરવામાં આવી છે, તે અંગે પણ તપાસ કરવામાં આવશે. ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધવામાં આવી છે, જેથી ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરશે. પોલીસકર્મી પર આક્ષેપ થયા છે તે અંગે પોલીસ કમિશનરને પણ જાણ કરવામાં આવશે.

નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી નેમ

# ગુજરાતને ૨૦૨૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન અમેરિકી ડોલરની અર્થવ્યવસ્થા બનાવાશે

## નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRITની સ્થાપના કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની નવમી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત@૨૦૪૭ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાŒ@૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.

'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર પર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવન સ્તરને બહેતર અને સર્વોત્તમ બનાવવાનાં અને તેમની સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાનાં લક્ષ્યો સાથે રાજ્ય સરકાર આગળ વધવા માંગે છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRIT(ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી. વડાપ્રધાનના વિચાર મંત્ર 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસને આધાર બનાવીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ ગુજરાતે કર્યો છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશની જનસંખ્યાના પાંચ ટકા જેટલી વસ્તી ધરાવતા ગુજરાતે ૨૦૨૨-૨૩ના વર્ષમાં જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, દેશની અર્થવ્યવસ્થામાં પણ ગુજરાત ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનવાની નેમ સાથે આગળ વધી રહ્યું છે. તેમણે પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, અન્ન (મિલેટ), પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજય સરકારની વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યના વિઝન માટે લેવાઈ રહેલા નક્કર આયોજનો-પગલાંઓની વિસ્તૃત ભૂમિકા આ બેઠકમાં આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આત્મનિર્ભર ભારતથી જ વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત થઈ શકે અને એ માટે આપણે સામુહિક પ્રયાસોથી એવા નિર્ણયો લેવા જોઈએ તથા એવી નીતિઓ બનાવવી જોઈએ જેથી આપણે વિશ્વના સૌથી મોટા મૅન્યુફેક્ચરિંગ હબ બની શકીએ. તેમણે એમ પણ કહ્યું કે, આપણા ઉત્પાદનો વૈશ્વિક કક્ષાના હોય અને માત્ર દેશની સપ્લાય ચેઈનનો હિસ્સો ન બની રહે પરંતુ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં પણ મહત્વપૂર્ણ ભાગીદારી કરી શકે. વડાપ્રધાનએ આપેલા આ વિઝન તેમજ વિકસિત ભારત માટે ગ્રીન ગ્રોથના વિચારને ગુજરાત આગળ ધપાવી રહ્યું છે, તેની વિગતો મુખ્યમંત્રીએ આપી હતી. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, જાન્યુઆરી-૨૦૨૪માં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાતે સેમિકન્ડક્ટર સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું કદમ ભર્યું છે તેનો લાભ સમગ્ર દેશ અને વિશ્વને થશે. એટલું જ નહીં, ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન થશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭ માટે જરૂરી સ્કીલ ઈકોસિસ્ટમને વેગ આપવા સેમિકન્ડક્ટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને 'મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના'ના માધ્યમથી અત્યારથી જ તાલીમબદ્ધ કરવાના પ્રયાસોપર રાજ્યસરકારેફોકસ કર્યુંછે.

ચીફ જસ્ટિસ તથા કાયદા મંત્રીએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત- લો હેરાલ્ડની વેબસાઈટ તથા એપ લોન્ચ કરી

# આપણે વધુને વધુ કેસોને સમયસર પૂર્ણ કરી લોકોને ન્યાય અપાવવા બનતું કરવું જોઈએ

## વકીલો માટે સુપ્રીમ તથા હાઈકોર્ટના ચુકાદાઓ અને કાયદાકીય માહિતી હવે આંગળીના ટેરવે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં વકીલ આલમને લગતી કામગીરી સરળ અને પેપરલેસ બનાવવાના હેતુથી એક મહત્વના પગલાના ભાગરૂપે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને ગુજરાત લો હેરાલ્ડની નવી વેબસાઈટ તથા એપ લોન્ચ કરવામાં આવી છે. ગુજરાત બાર કાઉન્સિલ દેશની સૌપ્રથમ પહેલી હાઈટેક બાર કાઉન્સિલ બની છે. જેથી કરીને ગુજરાતના વકીલોને બાર કાઉન્સિલની કામગીરી અને સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટના ચુકાદાઓ આંગળીના ટેરવે મળશે. છેવાડાના ગામડાના વકીલોને બાર કાઉન્સિલ સુધી ધક્કો નહીં ખાવો પડે. ગુજરાતના આશરે ૧.૪૦ લાખ વકીલોને તેનો લાભ મળશે.

અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ, કાયદા મંત્રી ઋષિકેશ પટેલ, હાઈકોર્ટના જજીસ, એડવોકેટ અને એડિશનલ એડવોકેટ જનરલ, ગુજરાતના બાર એસોસિએશનના પ્રમુખ, ઉપ-પ્રમુખ અને સેક્રેટરીઓ આ પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના મહત્વના ૮૦ ચુકાદાઓ પર તૈયાર કરાયેલા પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા બાર કાઉન્સિલને વકીલોને લગતા જુદા જુદા કાર્યો માટે ૫ કરોડનો ચેક આપવામાં આવ્યો હતો. આજ સુધીમાં ગુજરાત સરકારે બાર કાઉન્સિલને કુલ રૂા. ૨૪ કરોડની મદદ કરી છે. ઉપરાંત આગામી સમયમાં હાઈકોર્ટને પેપરલેસ બનાવવા માટેની કાર્યવાહી આરંભાઈ ચૂકી છે.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એકમાત્ર બાર કાઉન્સિલ છે, જેણે ટેકનોલોજીને અપનાવીને એક નવીન પહેલ આરંભી છે. બાર કાઉન્સિલે આજે મારા ચુકાદાઓનું પુસ્તક લોન્ચ કર્યું છે. બાર અને બેન્ચ વચ્ચેનો તાલમેલ જળવાઈ રહે અને ન્યાય વ્યવસ્થા વધુને વધુ મજબૂત થાય એ આપણા સૌના સહિયારા પ્રયાસ હોવો જોઈએ. આપણે સૌએ ન્યાય સંહિતા અને ન્યાય વ્યવસ્થાની ગરિમા જાળવી રાખવી જોઈએ. આપણે સૌ ન્યાય વ્યવસ્થાના પ્રહરી છીએ એમ જણાવીને તેમણે ઉમેર્યું કે, આપણે સમાજના લોકોને ન્યાય અપાવવા કાર્ય કરી રહ્યા છીએ. બાર એ બેન્ચ અને ન્યાય ઈચ્છતા લોકો વચ્ચેનો સેતુ છે. આપણે વધુને વધુ કેસોને સમયસર પૂર્ણ કરીને લોકોને ન્યાય અપાવવા બનતું કરવું જોઈએ અને ઈમાનદારી પૂર્વક આપણું કાર્ય કરવું જોઈએ.

કાયદા અને ન્યાયતંત્ર મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ન્યાય તંત્ર લોકશાહીનો પાયો છે. તે લોકશાહીને ધબકતી રાખે છે. લોકશાહીના સ્તંભમાં ન્યાયતંત્ર અને વકીલોની ખૂબ મોટી ભૂમિકા છે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટમાં જેમ વકીલોને બેસવા માટે અલગ વ્યવસ્થા અને બિલ્ડિંગ છે. બરોડા અને રાજકોટ ખાતે પણ તે મુજબના અલાયદા બિલ્ડિંગની વ્યવસ્થા વકીલો માટે ઊભી કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તથા વકીલ મંડળની માંગણીઓ સંદર્ભે હંમેશા હકારાત્મક અભિગમ દાખવવામાં આવે છે. રાજ્યમાં તાલુકાથી લઈને હાઈકોર્ટ સુધી ન્યાયક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા રાજ્ય સરકારે હંમેશા તત્પરતા દાખવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આજના ટેક્નોલોજીના યુગમાં દરેક ક્ષેત્રમાં જયારે મોબાઈલ તથા કોમ્પ્યુટરના માધ્યમથી દરેક માહિતી ત્વરિત મેળવી શકાય છે, ત્યારે વકીલોને અપડેટેડ રાખવાના ઉદ્દેશ સાથે નવી વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન બનાવીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સાચા અર્થમાં માતૃસંસ્થા બનવા સાથે સમયની સાથે ચાલી રહ્યું છે. સાથે જ, મંત્રીએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તથા ઉપસ્થિત વકીલોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી નવીન ટેક્નોલોજીના ઉપયોગ માટે પણ આહ્‌વાન કર્યું હતું.

શિક્ષકોની ભરતી મામલે કોંગ્રેસના ભાજપ સરકાર સામે પ્રહારો

# ભાજપ સરકારની કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાક્ટ પ્રથાવાળી યોજના ગેરકાયદે

## શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે મૌખિક જાહેરાતને બદલે સત્તાવાર જાહેરનામું બહાર પાડવા કોંગ્રેસની મુખ્યમંત્રી સમક્ષ માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતની પ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે મૌખિક જાહેરાતને બદલે સત્તાવાર જાહેરનામું બહાર પાડવા અને રાજ્યમાં શિક્ષકોની ખાલી જગ્યાને ધ્યાને લઈ વધુમાં વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા બે માસમાં પૂર્ણ કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, RTE રૂલ્સ બન્યા પછી ત્રણ વર્ષમાં શિક્ષકોની ભરતી ખાસ કરીને ધો-૬થી ૮માં વિષયવાર શિક્ષકોની ભરતી અને માળખાકીય સુવિધા પૂરી કરવાની જવાબદારી રાજ્ય સરકારની બને છે પણ રાજ્ય સરકાર દ્વારા બાર વર્ષ જેટલો લાંબો સમય વિતી ગયા છતાં કાયદાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું નથી. રાજ્યમાં ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. માળખાકીય સુવિધાની દૃષ્ટિએ ૩૮,૦૦૦ જેટલા વર્ગ ખંડોની ઘટ છે. જે વર્ગખંડો છે તેમાં પણ મોટી સંખ્યામાં વર્ગખંડો જર્જરીત છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક યોજના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક માટે ૧૧ મહિનાના કરાર (કોન્ટ્રાક્ટ)થી નિમણૂક કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ભાજપ સરકાર દ્વારા કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાક્ટ પ્રથા દાખલ કરવાની યોજના ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે. શિક્ષણ વિભાગ દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયક માટે પુનઃ જાહેરાત આપવામાં આવી છે. ટેટ-ટાટ પાસ થયેલ હજારો ગુજરાતના યુવાન-યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહ્યા છે પણ સરકાર દ્વારા કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવું કેટલા અંશે વ્યાજબી ? તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કાયમી શિક્ષકોની ભરતી માટે જ્યારે જ્યારે વ્યાપક રજૂઆતો થાય છે ત્યારે આક્રોશ ઠંડો પાડવા શિક્ષણમંત્રી દ્વારા વિધાનસભા ગૃહમાં અને સમૂહ માધ્યમોમાં મૌખિક જાહેરાતો કરવામાં આવે છે પણ મૌખિક જાહેરાત મુજબ સત્તાવાર ભરતી કરવામાં આવતી નથી. તાજેતરમાં પાંચ-પાંચ વર્ષથી શિક્ષક બનવા માટે રાહ જોઈ રહેલા ગુજરાતના ટેટ-ટાટ પાસ યુવાનોએ તાત્કાલિક ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે ગાંધીનગરમાં આક્રોશ સાથે પ્રદર્શન કર્યું ત્યારે ફરી એકવખત ભરતી પ્રક્રિયા માટે મૌખિક જાહેરાત કરવામાં આવી જેને અનેક દિવસો વિતી ગયા છતાં આજ દિન સુધી સરકાર દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું નથી. જે ગુજરાતના યુવાન-યુવતિઓ સાથે વધુ એક છેતરપીંડી છે. રાજય સરકાર અને શિક્ષણ વિભાગ ગુજરાતના યુવાન-યુવતિઓ સાથે રમત રમવાનું બંધ કરે.

પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીના કારણે ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ઘણી જ ગંભીર બાબત છે.

રાજ્યનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા/ યોજના જાહેર કરી રહી છે તેનાથી શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. ત્યારે તાજેતરમાં શિક્ષણ મંત્રીશ્રી દ્વારા મૌખિક જાહેર કરેલ ભરતી અંગે તાત્કાલિક સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવે. રાજ્યમાં શિક્ષકોની ખાલી જગ્યાઓને ધ્યાને લઈ વધુમાં વધુ સંખ્યાનો સમાવેશ કરવામાં આવે અને વિદ્યા સહાયક, શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા બે મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે જેથી વર્ગખંડમાં શિક્ષક ઉપલબ્ધ થાય અને ગુજરાતના બાળકોને શિક્ષણ મળી શકે. તેમ તેઓએ મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી છે.


બેસણું



અમારા માતૃશ્રી દોલતબાનુ બહાદુરઅલી નરસિંહદાણી
તા.૨૬-૦૭-૨૦૨૪ના રોજ જન્નત નશીન થયેલ છે.
મર્હૂમાનું બેસણુંતા.૨૮-૦૭-૨૦૨૪ના રવિવારે
સવારે ૧૦ થી ૧ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

બરકત નરસિંહદાણી | ફિરોજ નરસિંહદાણી
સિરાજઅલી હિમાણી | હનીફ પ્રધાન
સાહિર નરસિંહદાણી | ઝિશાન નરસિંહદાણી
ફૈઝાન નરસિંહદાણી

નિવાસ સ્થાન : ૧-૨ કલાસિક વિલા સોસાયટી, પાર્ક લેન્ડની સામે, ગુજરાત ફ્રીજની પાછળ, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ.

કલાસિક બિલ્ડ પ્રોજેક્ટસ પ્રા.લી.
વિશાલા સર્કલ, અમદાવાદ. 9825012127


મર્હૂમ સલમાન વ્હોરાના પરિવારજનોને ન્યાય મળે તે માટેના સ્વૈચ્છિક બંધને અભૂતપૂર્વ સમર્થન

# આણંદ-સોજિત્રા-તારાપુરમાં મુસ્લિમ વેપારીઓએ જડબેસલાક બંધ પાળ્યો : હિંદુ વેપારીઓ પણ જોડાયા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૭

આણંદમાં ક્રિકેટ મેચ દરમ્યાન સલમાન વ્હોરા નામના મુસ્લિમ યુવકની હત્યા કરવાના ચર્ચાસ્પદ બનાવમાં હજુ સુધી પોલીસ દ્વારા રાજકીય દબાણ હેઠળ મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં ન આવતા મૃતકના પરિવારજનોએ આજે સ્વૈચ્છિક બંધનાં આપેલ એલાનને લઈને શહેરમાં મુસ્લિમ વેપારીઓએ જડબેસલાક બંધ પાળ્યો હતો. જ્યારે પરિવારને ન્યાય મળે તે માટે બંધનાં સમર્થનમાં અનેક હિંદુ વેપારીઓએ પણ પોતાનાં વેપાર ધંધા બંધ રાખીને કોમી એકતા પ્રદર્શિત કરી હતી. આ બનાવ અંગે આણંદ ગ્રામ્ય પોલીસ દ્વારા ગુનો નોંધી ૧૧ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી, પરંતુ આ સમગ્ર ઘટનામાં સ્થાનિક ભાજપનાં ધારાસભ્યનાં ભાણાની પોલીસ દ્વારા હજુ સુધી ધરપકડ કરવામાં આવી ન હતી તેમજ સામાજિક કાર્યકર સોહીલ ચિસ્તીયાનાં જણાવ્યા અનુસાર સમગ્ર ઘટનામાં સ્થાનિક ભાજપનાં ધારાસભ્યનાં પુત્ર હર્ષદ પરમારે હત્યારાઓની ઉશ્કેરણી કરી મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ અપશબ્દો ઉચ્ચાર્યા હતા, સાક્ષીઓએ પોતાનાં નિવેદનમાં આ હકિકત જણાવી હોવા છતાં પોલીસે રાજકીય દબાણ હેઠળ નિવેદનમાં હર્ષદ પરમારનાં નામનો ઉલ્લેખ કર્યો નથી. જેથી મુસ્લિમ સમુદાય દ્વારા સલમાનની હત્યામાં સંડોવાયેલા તમામ આરોપીઓની કોઈ પણ શેહશરમ વિના ધરપકડ કરવામાં આવે, સાક્ષીઓનાં નોંધેલા નિવેદનો



વકીલોની પેનલ સમક્ષ વાંચી સંભળાવવામાં આવે અને સાક્ષીઓનાં કહ્યા મુજબ નિવેદનો નોંધવા અને નિવેદનનાં આધારે જે તે આરોપીનાં નામોનો એફઆઈઆરમાં ઉમેરો કરવો, સહિતની રજૂઆતો કરી હતી. આજે અપાયેલા સ્વૈચ્છિક બંધને અંગે સોહેલભાઈ ચિસ્તીયા, જમીઅતે ઉલેમાનાં ઉપપ્રમુખ એમ.જી. ગુજરાતી, પાલિકામાં વિપક્ષનાં નેતા ડૉ.જાવેદ વ્હોરા, કાઉન્સિલર ઈલ્યાસ આઝાદ, ફિરોજભાઈ ચોકથા, કાઉન્સિલર સલીમશા દિવાનપીરેતરીકત કારી શબ્બીરશાહ ઉર્ફે કારીબાપુ સહિત તમામ મુસ્લિમ આગેવાનોએ સલમાનનાં પરિવારને ન્યાય મળે તે માટે બંધનું સમર્થન કરવા કરેલી અપીલને લઈને આજે આણંદ, તારાપુર સોજીત્રામાં મુસ્લિમ વેપારીઓ દ્વારા જડબેસલાક બંધ પાળવામાં આવ્યો હતો. મુસ્લિમ વેપારીઓની સાથે આ વિસ્તારમાં હિંદુ વેપારીઓ પણ પોતાની દુકાનો લારી ગલ્લા બંધ રાખીને બંધમાં જોડાયા હતા. શહેરમાં ખાટકીવાડ પાસે ઝોહરની નમાઝ બાદ મર્હૂમ સલમાન વ્હોરાની મગફેરત અને તેનાં પરિવારને ન્યાય મળે અને તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થાય તે માટે મસ્જિદનાં પેશઈમામએ દુવા કરાવી હતી. આ પ્રસંગે ખાટકીવાડનાં આગેવાનો સલીમભાઈ, કાઉન્સિલર અને વિપક્ષનાં નેતા ડૉ.જાવેદ વ્હોરા, ઉપનેતા ઈલ્યાસ આઝાદ ઉપસ્થિત રહ્યાં હતા, દુવા બાદ ડૉ.જાવેદ વ્હોરાએ કહ્યું હતું કે આજનાં બંધનાં એલાનમાં મુસ્લિમ વેપારીઓ સાથે હિંદુ વેપારીઓ પણ જોડાયા છે, કેમ કે આ બંધ હત્યાનો ભોગ બનનાર સલમાન વ્હોરાનાં પરિવારને ન્યાય મળે તેનાં સમર્થનમાં છે, કોઈ ધર્મ કે જ્ઞાતી વિરૂદ્ધ નથી, જેથી કોઈ નિર્દોષની હત્યા ન થાય અને હત્યારાઓને સજા મળે તે માટે આ બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ જૂલાઈ-૨૦૨૪ | રૂા. | ૫૧.૦૦ |


ગુજરાત ટુડે

33માં વાર્ષિક વિશેષાંકમાં આપની જાહેરખબર આપી સહયોગ માટે અપીલ

"આપના અવાજને મજબૂત બનાવો"

'ગુજરાત ટુડે' હંમેશા કચડાયેલ અવાજને બુલંદ કરવા પ્રયત્નશીલ રહ્યો છે. સત્યને વળગી રહેનાર અને લોકોની વાત પહોંચાડનાર આપનું માનીતું દૈનિક 'ગુજરાત ટુડે' ભારે પડકારજનક અને પુરૂષાર્થભરી 33 વર્ષની મજલને સફળતાપૂર્વક પાર કરીને 3૪માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. 'ગુજરાત ટુડે' દૈનિકમાં આગામી વાર્ષિક વિશેષાંકમાં આપ આપના ધંધા-વ્યાપાર અને શુભેચ્છાની જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો જ એવી અપેક્ષા છે. 'ગુજરાત ટુડે'ના ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસો કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી મોકલી શકો છો.

વાર્ષિક વિશેષાંક ૦૪-૮-૨૦૨૪ને રવિવારના રોજ પ્રસિદ્ધ થશે

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ
ગુજરાત ટુડે દૈનિક,33/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - 33/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

ગુજરાત ટુડે
રવિવાર મેઘધનુષ
તા. ૨૮-૭-૨૦૨૪

# જો તમે કોમ્પ્યુટર અને ટેક્નોલોજીના ચાહક હોવ તો તમારા શોખને કરિયર બનાવો, આ રહ્યા ઢગલાબંધ વિકલ્પ



## હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

### સવાલ - મારૂં નામ ઉસ્માન પટેલ છે, મને કોમ્પ્યુટરમાં રસ છે તો મને આ બાબતે માહિતગાર કરશો ?

**મિત્રો કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો જમાનો ક્યારનોય આવી ગયો છે તે વાત હવે નવી રહી નથી. પરંતુ ઘણા બધા યુવાનો આ ક્ષેત્રમાં શું કારકિર્દી બનાવી શકાય તે માટે અંધારામાં હોય છે. તેઓ માત્ર એટલું જાણતા હોય છે કે કોમ્પ્યુટર કે આઈટી એટલે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં કારકિર્દી બનાવવી હોય છે. તો મિત્રો આ લેખ એવા વ્યક્તિઓ માટે છે કે જેમને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. જો આ લેખમાં કોમ્પ્યુટર આધારિત અનેક કોર્ષ વિશે વિહંગાવલોન આપવામાં આવ્યું છે. મારી જાણ મુજબ કોમ્પ્યુટર અને આઈટી ક્ષેત્રમાં ઓછામાં ઓછા એક સો એવા માઈક્રો અને મેક્રો લેવલના કોર્ષીષ હશે કે જેમાં પારંગત થઈને વિદ્યાર્થીઓ આગળ વધીનો પોતાની કારકિર્દી બનાવી શકે છે. તો ચાલો આજે જાણીએ કોમ્પ્યુટર આધારિત કોર્ષીષ વિશે.**

**કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિશે તફાવત શું છે ?**

મિત્રો આમ તો દેખીતો તફાવત છે પરંતુ પ્રાથમિક જાણકારી માટે જણાવી દઉં કે કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકબીજાના પુરક છે. એક સિક્કાની બે બાજુ જેવા છે. કારણ કે કોમ્પ્યુટર એક મશીન છે કે જેમાં સોફ્ટવેર કે હાર્ડવેર ઈન્સ્ટોલ કર્યા વગર ચાલતું નથી. સોફ્ટવેર અને હાર્ડવેરને કામ કરવા માટે ઈન્ટરનેટ પણ એટલું જ જરૂરી છે. આથી કોમ્પ્યુટરના ઉત્તમ મેનેજમેન્ટ, પ્રોસેસીંગ કોમ્યુનિકેશન કરવા અને ડેટા સાચવવા માટે નેટવર્ક બનાવવા માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજીની જરૂરિયાત રહે છે. આ બન્ને વિષયો દરિયા જેટલા વિશાળ છે અને તેમાં શીખો તેટલું ઓછું છે. આથી જો તમે જેટલી રીસર્ચ અને પ્રયોગો કરશો તેના પરિણામો મળી શકે છે.

**કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરની એક દુનિયા**

જો કોમ્પ્યુટર ક્ષેત્રની વાત કરું તો મુખ્ય બે બાબતો અલગ તારવવી પડે. એક સોફ્ટવેર અને બીજું હાર્ડવેર. પહેલાના જમાનામાં કોમ્પ્યુટર કેવા હતા અને આજે કેવા છે તેના વચ્ચે જમીન આસમાનનો ફર્ક છે. કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં દર કલાકે નવા નવા અપડેટ્સ આવતા રહે છે. જાત-જાતના સોફ્ટવેર અને ટુલ્સ ડેવલપ થયા કરે છે. તેના કોમ્પ્યુટર સાથે તાલમેલ મેળવવા માટે કોમ્પ્યુટરની ક્ષમતા પણ જરૂરી છે. આથી કોમ્પ્યુટર નામના મશીનને વધુને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સારામાં સારા હાર્ડવેરના ઈન્સ્ટ્રુમેન્ટ્સની જરૂર પડે છે અને તેમાં પણ સંશોધન કરીને અપગ્રેડ કરવાના હોય છે. પહેલાના સમયમાં કોમ્પ્યુટર શરૂ થાય તેની રાહ જોવી પડતી હતી, કામ કરતી વખતે તેની ઝડપ ઓછી હતી, સ્ટોરેજ મળતું નહોતું. પરંતુ હવે તો એવા કેપેસીટીવાળા કોમ્પ્યુટર આવ્યા છે કે પળવારમાં શરૂ થઈ જાય છે અને સ્પીડ એટલી બધી હોય છે કે ફટાફટ કામ શરૂ થઈ જાય છે. વળી હવે તો વિપુલ પ્રમાણમાં સ્ટોરેજ પણ ઉપલબ્ધ હોય છે. આખે આખી મુવી એક સમયે કોમ્પ્યુટરમાં એડીટ થઈ જાય તે પ્રકારના હાર્ડવેર આવ્યા છે કે જે વીડીયો એડીટીંગના લેટેસ્ટ સોફ્ટવેરને મદદ કરે છે.

**કોમ્પ્યુટર ક્ષેત્રમાં મુખ્ય કોર્ષીષ ક્યા ક્યા છે ?**

જો આપણે પહેલાના સમયની વાત કરીએ તો બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન અને માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન જેવા કોર્ષીષ કરતા હતા અને સારી જોબ મળી જતી હતી. પરંતુ હવે તેનાથી નેક્સ્ટ લેવલના કોર્ષીષ આવ્યા છે. કોમ્પ્યુટર સાયન્સ અને કોમ્પ્યુટર એન્જિનિયરીંગ જેવા વિષયો તો હજુ સદાબહાર જ છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે આજકાલ બેચલર ઓફ સાયન્સ ઈન ઈન્ફોર્મેશન ટેકનોલોજી એટલે કે બીએસસી આઈટી અને તેના માસ્ટર ડિગ્રી કોર્ષીષ કે જેને એમએસસી આઈટી પણ કહેવામાં આવે છે. પરંતુ હવે ટેકનોલોજીના વિકાસની સાથે કોમ્પ્યુટર અને આઈટી ફિલ્ડમાં પણ અનેક ફાંટા પડી ગયા છે અને તમારા શોખ અને આવડત મુજબ તમે અભ્યાસ કરી શકો છો.

**કોમ્પ્યુટર હાર્ડવેર કોર્ષીષ**

- જો તમને કોમ્પ્યુટર મશીન, મિકેનિકલ બાબતો અને નેટવર્કિંગમાં રસ હોય તો તમે કોમ્પ્યુટર એન્જિનિયરીંગના આ કોર્ષ કરી શકો છો. જેમાં કોમ્પ્યુટર સિસ્ટમ બાબતે જાણકારી આપવામાં આવે છે અને તમને કોમ્પ્યુટરમાં કોઈપણ પ્રોબ્લમ હોય તો તેને ઉકેલવા, અટકાવવા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ કરવા ઉપર ભાર આપે છે.

**સોફ્ટવેર કોર્ષીષ**

- જો તમને સોફ્ટવેર બનાવવામાં રસ હોય અને તમે કલાકો સુધી કોમ્પ્યુટર સામે બેસીને કોડીંગ અને બીજી કામગીરી કરી શકતા હોવ તો આ બાબતના કોર્ષીષ કરવા બાબતે આગળ વધી શકાય છે. સોફ્ટવેર બનાવવામાં પારંગત વ્યક્તિઓને સારામાં સારી જોબ પણ મળે છે. આ કામ ચેલેન્જીંગ પણ છે અને તમે જાતે જાતને સોફ્ટવેર બનાવી શકો છો.

**મોબાઈલ એપ્લીકેશન**

- આમ તો આ મોબાઈલ ટેકનોલોજીનો એક ભાગ છે. પરંતુ મોબાઈલ એપ્લીકેશન એક ટાઈપનું મીની સોફ્ટવેર જ છે અને તે બનાવવા માટે કોમ્પ્યુટરની તો જરૂર પડે જ છે. આથી મોબાઈલ એપ્લીકેશન હવે તો વેબસાઈટ કરતા પણ વધુ ટ્રેન્ડમાં છે. આથી તેમાં કરિયર બનાવવાનું વિચારી શકાય છે.

**કોમ્પ્યુટર એન્ડ મોબાઈલ એસેસરીઝ**

- આ કોમ્પ્યુટર સાથે આડકતરી રીતે જોડાયેલી બાબત છે. જો માઉસ ના હોત તો કોમ્પ્યુટર ચલાવવાની મઝા ના આવત. એક્ટરર્નલ સ્પીકર વગર ઘણી વખત કોમ્પ્યુટરમાં મ્યુઝીક કે વીડિયો કોલ સાંભળવાની મઝા નથી આવતી. પેન ડ્રાઈવથી લઈને ઈયર પોડ સુધી કોમ્પ્યુટર અને મોબાઈલને ચલાવવામાં સરળતા રહે તેવી કેટલીય એસેસસરીઝ આવે છે. તેનું રિસર્ચ કરીને જાત જાતની એસેસસરીઝ ડિઝાઈન કરીને કોમ્પ્યુટર અને મોબાઈલ ઓપેરશન સરળ બનાવી શકાય છે.

**ડેટા એનાલિસીસ**

- આ એક સૌથી ટ્રેન્ડીંગ પ્રોફેશન છે. જો તમને ડેટા મેનેજમેન્ટ, ડેટા ભેગો કરવો, એનાલિસીસ કરવી, ડેટા સ્ટોર કરવો અને તેનો ઉપયોગ કરવાની ફાવટ હોય તો આ અપનાવી શકાય છે. આજકાલ કહેવાય છે કે ડેટા ઈઝ ધ કીંગ. સોશિયલ મીડિયા, મોબાઈલ એપ્લીકેશન અને ઈ કોમર્સના માધ્યમથી લોકોને ડેટા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. તે બિઝનેસને આગળ વધારવા માટે તેમજ બીજા હકારાત્મક કામો માટે ઉપયોગમાં લઈ શકાય છે.

**આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સ**

- આ વિષયે તો આખી દુનિયામાં ચર્ચા જગાવીને હાહાકાર મચાવ્યો છે. તેમાં ઊંડા ઉતરીએ તેટલું ઓછું છે. આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સની દુનિયામાં પ્રવેશ કર્યા પછી અનેક બાબતોએ તમે તેના ડેવલપમેન્ટ અને ઉપયોગના માધ્યમથી કરીયર બનાવી શકો છો.

**વેબસાઈટ ડેવલપર**

- આ પણ એક સારી કરિયર છે. પરંતુ તેમાં સ્પર્ધા પણ ઘણી છે. પરંતુ સારી રીતે વેબસાઈટ ડેવલપમેન્ટ અને મેન્ટેનન્સ કરનારને કામ મળી જ જાય છે. વેબસાઈટ માત્ર બનાવવાથી કામ નથી થતું પરંતુ તેનું અપગ્રેડેશન, મેન્ટેનન્સ, મેનેજમેન્ટ પણ એટલું જ જરૂરી છે.

**મલ્ટીમીડિયા, એનીમેશન એન્ડ ગેમીંગ**

- કોમ્પ્યુટર અને મોબાઈલ ગેમીંગનો યુવાનિયાઓમાં ભારે ક્રેઝ હોય છે. ગેમીંગ ઉપરાત મલ્ટી મીડિયાનું એક બહુ મોટું ક્ષેત્ર છે. જેમાં ગ્રાફિક ડિઝાઈન, ૩ડી એનીમેશન, નોર્મલ એનીમેશન, ગેમીંગ અને સ્ટેટીક અને મોશન પીક્ટર્સ અને વીડિયો બનાવવા સહિતના અનેક વિકલ્પો હોય છે. આથી મલ્ટીમીડિયા ક્ષેત્ર પણ એક મઝાની કરિયર બની શકે છે.

**સાયબર સિક્યુરીટી**

- જેમ જેમ કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યાપ વધ્યો છે તેમ તેમ તેની સુરક્ષા કરવી તે એક મોટો પડકાર બની રહ્યો છે. આથી ઈન્ટરનેટના યુગમાં સાયબર હુમલા થાય તો જે તે વ્યક્તિ, સંસ્થા, કંપની કે સરકારી પ્રણાલીઓ ખોરવાઈ જાય છે. આથી સાયબર સિક્યુરિટીના અનેક કોર્ષ હાલમાં ઉપલબ્ધ હોવાથી તેમાં પદાર્પણ કરી શકાય છે.

**ઈ કોમર્સ, એસઈઓ અને બેઝીક કોર્ષીષ**

- આ ઉપરાંત ઈ કોમર્સની બોલબાલો હોવાથી ઈ કોમર્સની વેબસાઈટના માધ્યમથી બિઝનેસ થતો હોય ત્યારે તેના સંચાલન માટે એક્સપર્ટ વ્યક્તિઓની જરૂર હોય છે. તેમા બેઝીક કોમ્પ્યુટર નોલેજ હોય તો વાંધો આવતો નથી. ઉપરાંત સર્ચ એન્જિન ઓપ્ટીમાઈઝેશન એટલે કે એસઈઓ કે જે સર્ચ એન્જિનમાં ક્લાયન્ટનું નામ ટોપ સર્ચ રિઝલ્ટમાં આવે તેનું કાર્ય કરવાનું હોય છે. આ ઉપરાંત ડિજીટલ માર્કેટીંગ, કન્ટેન્ટ ક્રિએટીંગ, એકાઉન્ટ મેનેજમેન્ટ વગેરે સહિતના અનેક કોર્ષીષ છે કે જેના કારણે તમે મર્યાદિત નોલેજ સાથે પણ આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકો છો.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# ભારત સરકારે શેખ હસીનાને બાંગ્લાદેશ રાઈફલ્સના ૨૦૦૯ના બળવાને દબાવવામાં કેવી રીતે મદદ કરી હતી

**અવિનાશ પાલીવાલના ‘ઇન્ડિયાઝ નીયર ઇસ્ટ : અ ન્યૂ હિસ્ટ્રી’માંથી અવતરણ**

પેરાશૂટ રેજિમેન્ટની ૬ઠ્ઠી બટાલિયનના મેજર કમલદીપસિંહ સંધુ “ભાલા” પર પોતાની ફરજ પર હતા. તેઓને અમુક ઓર્ડર આવ્યા ત્યારે ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ સાંજે ૫ વાગ્યા હતા. એક કટોકટી કોડ સક્રિય કરવામાં આવ્યો હતો, અને પેરાટૂપરના ભાલાની વાનગાર્ડ કંપનીઓ એકત્ર થઈ રહી હતી. બટાલિયન સ્ટ્રાઈક ફોર્સ દ્વારા કટોકટીની જમાવટ માટે ૨૪/૭ ચેતવણી આપવામાં આવી રહી હતી. ભાલા ભારતના પાવર પ્રોજેક્શન માટે કેન્દ્રીય છે. આ એક સમાન ઈમરજન્સી કોડ સક્રિય કરવામાં આવ્યો હતો અને આગલી રાત્રે તેને રદ કરવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે ફરીથી ઓર્ડર આવ્યો ત્યારે સંધુને જાણ થઈ કે કંઈક ખોટું થઈ રહ્યું છે. અઢી કલાક પછી, ૧,૦૦૦થી વધુ ભારતીય પેરાટૂપર્સ પશ્ચિમ બંગાળના કલાઈકુંડા એરફોર્સ સ્ટેશન પર આવી ગયા હતા. રાત્રે ત્યાં રોકાયા હતા. સંધુના કમાન્ડિંગ ઓફિસરે સૂચનાઓ આપી હતી. BDRએ બળવો કર્યો હતો અને બાંગ્લાદેશી અધિકારીઓ અને તેમના પરિવારોને મારી રહ્યા હતા. તાજેતરમાં ચૂંટાયેલા વડાપ્રધાન હસીના, જેમણે સંરક્ષણ પોર્ટફોલિયો પણ સંભાળ્યો હતો, તેઓને ખતરો લાગ્યો હતો અને તેઓ સેનાના સમર્થન પર વિશ્વાસ કરી શકતા ન હતા. તેણીએ ભારતને મદદ માટે કહ્યું અને તેથી જ અમે ત્યાં ગયા હતા, ઓર્ડરની રાહ જોઈ રહ્યા હતા અને જ્યારે અમે ઢાકામાં પહોંચીએ ત્યારે તમામ ઘટનાઓની તૈયારી કરી રહ્યા હતા. નવી દિલ્હી ઢાકામાં ભારતીય રાજદ્વારીઓની સલામતી વિશે ચિંતિત હતું કારણ કે જો હિંસા વધે તો તેઓ પર પણ હુમલાઓ થઈ શકે તેમ હતા. બાંગ્લાદેશના ઈતિહાસમાં સૈન્ય અધિકારીઓનો સૌથી ભયંકર નરસંહાર ચાલી રહ્યો હતો. હત્યાઓ શરૂ થયાના થોડા સમય પછી, હસીનાએ નવી દિલ્હીમાં તેના સૌથી નજીકના સાથી, કોંગ્રેસના ટોચના નેતા અને તાજેતરમાં નિયુક્ત નાણાપ્રધાન પ્રણવ મુખરજી સાથે વાત કરી અને ત્યાં જે ચાલી રહ્યું હતું તે સાંભળીને, મુખરજીએ તેનો યોગ્ય પ્રતિભાવ આપવાનું વચન આપ્યું હતું અને વિદેશ સચિવ શિવશંકર મેનનને હસીનાને સમર્થન આપવા માટે અને અમેરિકન, બ્રિટિશ, જાપાનીઝ અને ચીની રાજદૂતો સાથે તાકીદે સંપર્ક કરવા માટે કહ્યું હતું. કલાઈકુંડા ઉપરાંત જોરહાટ અને અગરતલામાં પેરાટૂપર્સને એકત્ર કરવામાં આવ્યા હતા. જો નવો આદેશ આવશે તો ભારતીય સૈનિકો ત્રણેય બાજુથી બાંગ્લાદેશમાં પ્રવેશ કરશે. તેનો ઉદ્દેશ ઝિયા ઈન્ટરનેશનલ એરપોર્ટ (હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ) અને તેજગાંવ એરપોર્ટને સુરક્ષિત કરવાનો હતો. ત્યારબાદ, પેરાટૂપર્સ વડાપ્રધાનના નિવાસસ્થાન ગણભવન પર નિયંત્રણ મેળવીને હસીનાને સલામત સ્થળે લઈ ગયા. ઓપરેશનની દેખરેખ રાખતા બ્રિગેડ કમાન્ડરે સક્રિય લડાઈ દરમિયાન ઉપયોગ માટેના દારૂગોળોનું વિતરણ કરવાનું શરૂ કર્યું હતું. બાંગ્લાદેશી સેનાની પ્રતિક્રિયા ચિંતાજનક હતી. જો બાંગ્લાદેશી સેનાપતિઓ હસીનાની વિરુદ્ધ જાય તો તેઓ ભારતીય સૈનિકોનો પ્રતિકાર કરે તેમ હતા. સંધુ કહે છે કે, જો આવી પરિસ્થિતિ આવે, તો અમારી પાસે પૂર્વમાં એક આખું કોર્પ્સ તૈયાર હતું. ભારતે લગભગ ૨૭ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશમાં લશ્કરી દખલ કરી હતી. ઢાકામાં ભારતના હાઈ કમિશનર (૨૦૦૭-૧૦) પિનાક રંજન ચક્રવર્તી, કે જેઓ બાંગ્લાદેશમાં પરિવારના મૂળ ધરાવે છે અને હસીનાને આદરથી “આપા” (મોટી બહેન) કહે છે, તેઓ કહે છે કે અમે કેટલાક દળોને સાવચેત કર્યા હતા, અને હસીનાને જણાવ્યું હતું કે અમે તેની સલામતી વિશે ચિંતિત છીએ. કારણ કે ભારતને ખબર ન હતી કે આ બળવો ક્યાં સુધી ચાલશે. ઢાકામાં, બળવાખોરોએ “પિલખાના” તરીકે ઓળખાતા BDR-HQ ખાતે તેમના ડાયરેક્ટર-જનરલ અને તેમની પત્નીની હત્યા કરી હતી, સમગ્ર બાંગ્લાદેશમાં અધિકારીઓ સામે આવા સમાન હુમલાઓ કરવામાં આવ્યા હતા. લશ્કરના વડા, જનરલ મોઈન ઉદ્દીન અહેમદ પર બળવાખોરો સામે કાર્યવાહી કરવાનું દબાણ જબરદસ્ત હતું. પરંતુ જો તેમણે આવી કાર્યવાહી શરૂ કરી હોત, તો ભયંકર રક્તસ્રાવ થયો હોત અને દેશમાં અસ્થિરતામાં વધારો થઈ શક્યો હોત અને હસીનાની રાજકીય અને વ્યક્તિગત સુખાકારી જોખમમાં આવી ગઈ હોત. તેણીને બળવાખોરો દ્વારા, અથવા તો ગુસ્સે થયેલા અધિકારીઓ દ્વારા મારી નાખવામાં આવ્યા હોત અથવા બળવાને લીધે તેણીને દેશમાંથી હાંકી કાઢવામાં આવી શક્યા હોત. તેણીની અગાઉ ૨૦૦૭માં એકવાર ધરપકડ કરવામાં આવી હતી, અને તેવું ફરીથી બની શકે છે. બાંગ્લાદેશના તત્કાલીન વિદેશ સચિવ તૌહિદ હુસૈન કહે છે કે, મને સત્તાની નજીક રહેલા લોકો દ્વારા કહેવામાં આવ્યું હતું કે જનરલ મોઈનને બળનો ઉપયોગ ન કરવા માટે કહેવામાં આવ્યું હતું અન્યથા ભારતીય પેરાટૂપર્સ એક કલાકમાં ઢાકામાં આવી ગયું હોત. તે બધું વાસ્તવિક હતું... જો જરૂરી હોત તો અમે દરમિયાનગીરી કરી હોત.




આગામી બે દિવસમાં દેશભરમાં સ્થાનિક BDR સંગઠનોની બળવાની સ્થિતિની અસરો જોવા મળી હતી. તે રાજકીય ન હતું, અને લશ્કરી કટોકટીની પરિસ્થિતિ તરીકે, મારી સમજણ એ હતી કે સૈન્યને નિર્ધારિત નિયમોની અંદર જવાબ આપવાની મંજૂરી હોવી જોઈએ, પરંતુ તેવું બન્યું નહીં. ૨૦૦૯માં ભારતના હસ્તક્ષેપથી ઉપખંડનો ઈતિહાસ બદલાઈ ગયો હોત. પરંતુ આ ઘટના એ સમાન શક્તિશાળી વળાંક હતો. હસીનાના રક્ષણ માટે બળનો ઉપયોગ કરવાની ધમકી આપીને, ભારતે બાંગ્લાદેશી સૈન્યને એટલી હદે ઠુકરાવી દીધું કે તેણે વિરોધીઓનો મુકાબલો કરવા માટે હસીનાનો પક્ષ મજબૂત કરી દીધો હતો. તેના પ્રથમ કાર્યકાળથી વિપરીત, હસીના હવે રાજનીતિકૃત સૈન્યના દબાણમાંથી મુક્ત થઈ ગઈ હતી, અને આ બધુ ભારતને આભારી હતું. નવી દિલ્હીએ આ રીતે શા માટે પ્રતિક્રિયા આપી ? આ હસ્તક્ષેપથી બાંગ્લાદેશના સાર્વભૌમત્વને નુકસાન થયું હતું અને આધિપત્ય તરીકે ભારતની પ્રતિષ્ઠા બગડી હશે. તેનાથી હસીનાનું જીવન બચી શક્યું હોત, પરંતુ તેણીને ભારતીય “કઠક” તરીકે નિંદા કરીને તેણીની કારકિર્દીનો અંત લાવવાનું જોખમ હતું, જે આ આરોપ સાથે પહેલેથી જ સંઘર્ષ કરી રહી છે. ભારતે જાણ્યું કે સક્રિય હસીના વિરુદ્ધ વિદ્રોહનો હેતુ તેની સરકારને અસ્થિર કરવાનો હતો. ચક્રવર્તી કહે છે કે, તેણીએ સુરક્ષાનાં પગલાં પણ લીધાં, પરંતુ તેણીને સમજાયું કે બળવાનો રાજકીય રીતે સામનો કરવો પડશે અને તેણી એવા અધિકારીઓને મળી જેમના પરિવારો અને સાથીદારોની હત્યા કરવામાં આવી હતી.

આ વિદ્રોહનો અંત થયો અને ગૃહ મંત્રાલયના “નિરીક્ષણ” હેઠળ સૈન્ય ટેન્કો સાથે પિલખાનામાં પ્રવેશ્યા પછી લગભગ ૨૦૦ની ધરપકડ કરવામાં આવી હતી અને મોઈનના સંયમથી હસીના માટે સત્તા એકીકૃત કરવા માટેનું ક્ષેત્ર સાફ થઈ ગયું હતું. એવા દરેક અધિકારી જેમણે ગેરવર્તણૂક કરી હતી છેવટે તેમની નોકરી ગુમાવી હતી, અને અંતે BDR વિખેરી નાખવામાં આવ્યું. તેણીએ ખૂબ જ હિંમતથી અને બહાદુરીથી કામ કર્યું અને તે એક હિંમતવાન સ્ત્રી છે. પરંતુ જ્યારે આ બળવો થયો ત્યારે ભારતની અસલામતી અંગે સમજવા માટે, ઢાકામાં ૨૦૦૧-૦૬ની BNP-જમાત સરકાર અને ૨૬/૧૧ના મુંબઈ હુમલા દરમિયાન સંબંધોમાં ઉથલપાથલ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ૨૬/૧૧ના આઘાતમાંથી હજી પણ, નવી દિલ્હીએ વિદ્રોહને પાકિસ્તાન-કેન્દ્રિત લેન્સથી અને રાષ્ટ્રીય સુરક્ષાના જોખમ તરીકે જોયો છે. BDR રેન્ક અને ફાઈલની ફરિયાદો ઉપરાંત, ભારતીય નીતિ નિર્માતાઓ વિદ્રોહની વૈચારિક રચના વિશે ચિંતિત હતા. ચક્રવર્તી કહે છે કે, BNP-જમાતના શાસન દરમિયાન BDRમાં ઘણા બધા જમાતીઓને રેન્ક અને ફાઈલ તરીકે ભરતી કરવામાં આવ્યા હતા જેથી તેઓનો દેખીતી રીતે પાકિસ્તાન દ્વારા ઉપયોગ કરવામાં આવતો હતો. સંયુક્ત સંવાદ (૨૦૦૪-૦૭) દરમિયાન આશાવાદ પછી પાકિસ્તાન સાથેના સંબંધો સૌથી નીચા સ્તરે પહોંચ્યા હતા, તેમ નવી દિલ્હી ઢાકામાં અસ્થિરતા અથવા વિરોધી શાસન ભારત માટે ચેતવણી હતી. વિદ્રોહ અને તેના આંતરરાષ્ટ્રીય જોડાણોએ ઘણી અફવાઓ અને સંકેતો આપ્યા હોવા છતાં, નવી દિલ્હી માટે આ મુશ્કેલ સમય હતો. મે મહિનામાં ભારતની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે અને શ્રીલંકાના ગૃહયુદ્ધ અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યું છે ત્યારે ભારતીય નીતિ નિર્માતાઓ બાંગ્લાદેશમાં હસીનાની સરકાર અસ્થિર રહે તે પરવડી શકે તેમ નથી. મેનને યુ.એસ.ને જાણ કરી હતી કે ભારત ચિંતિત છે કે જો હસીનાને કંઈ થયું તો જમાત અને હરકત-ઉલ જિહાદ-અલ ઈસ્લામી બાંગ્લાદેશ (HuJI-B) બાંગ્લાદેશથી ભારતમાં હુમલાને અંજામ આપશે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બ્રજેશ મિશ્રા ૨૦૦૧માં ખાલિદા ઝિયાને અભિનંદન આપનાર પ્રથમ વિદેશી મહાનુભાવ હતા. તેમણે પદ સંભાળ્યાના બે અઠવાડિયા પછી ૨૬-૨૭ ઓક્ટોબરે ઢાકાની મુલાકાત લીધી હતી. પરંતુ આ વખતે તેમના પુત્ર તારિક રહેમાન સાથે સંબંધ વિકસાવ્યો હતો, તેઓ ભારત પ્રત્યે સારી ભાવના ધરાવતા હતા. ચૂંટણી પછી તરત જ, ભોલા અને જેસોર જિલ્લાઓમાં હિંદુ સમુદાયના સભ્યો શાસક પક્ષના સભ્યો પર હુમલા કરવામાં આવ્યા હતા. તેમાં અનેક લોકો માર્યા ગયા, સામૂહિક બળાત્કાર થયા, અને તેમની મિલકતોનો નાશ કરવામાં આવ્યો, સ્થાનિક હિંદુઓ આઘાત પામ્યા અને વિસ્થાપિત થયા હતા. આ સમયગાળા દરમિયાન પૂર્વોત્તર બળવાખોરોને બાંગ્લાદેશનું સમર્થન પ્રાપ્ત થયું. ૧ એપ્રિલ ૨૦૦૪ના રોજ ચિત્તાગોંગમાં શસ્ત્રોથી ભરેલી દસ ટ્રક પકડાઈ હતી જે બાંગ્લાદેશી ઈતિહાસમાં સૌથી મોટી હથિયારોની હેરાફેરી હતી, આ માલ ઉત્તરપૂર્વ માટે હતો અને ઢાકાના સેફ હાઉસમાંથી ULFA-Iના વડા પરેશ બરુઆહ દ્વારા આ ઓપરેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ શસ્ત્રો બાંગ્લાદેશના સૌથી દક્ષિણી બિંદુ સેન્ટ માર્ટિન્સ ટાપુ પર મૂકેલા મોટા જહાજમાંથી ટ્રકમાં ટ્રાન્સ-શિપ કરવામાં આવ્યા હતા અને પછી સરકારની માલિકીની ચિત્તાગોંગ યુરિયા ફર્ટિલાઈઝર કંપની લિમિટેડના ડોક્સ પર મૂકવામાં આવ્યા હતા. સેન્ટ માર્ટિન્સ ખાતેનું જહાજ ચૌધરી સિવાય અન્ય કોઈની માલિકીનું હતું, અને ભારતનું માનવું હતું કે, પાકિસ્તાનના ઈશારે અને તારિકની મંજૂરીથી આ કામ થઈ રહ્યું હતું. ચક્રવર્તી કહે છે કે, થોડા સમય બાદ, ભારતે યુએસ એજન્સીઓ સાથે સંકલન કરીને CHTમાં ઢાકાને ૧૪૮ શિબિરોની યાદી આપી. ત્યારે તેઓએ કહ્યું કે, અમે તપાસ કરી છે અને આ શિબિરો ત્યાં નથી.

**(“ઈન્ડિયાઝ નિયર ઈસ્ટ : અ ન્યૂ હિસ્ટ્રી”, અવિનાશ પાલીવાલ દ્વારા લિખિત, પેંગ્વિન ઈન્ડિયા તરફથી પરવાનગી સાથેના અવતરણો.)**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# આપણા હાથમાં કાંઈ નથી ને આપણા હાથમાં જ બધું છે...

આપણે થોડી આપણી તપાસ કરવા જેવી છે. એક સામાન્ય જવાબ આપણી પાસે તૈયાર હોય છે કે ટાઈમ નથી. જે નવરો છે, તે પણ ટાઈમ નથી-ની જ ફરિયાદ કરતો રહે છે અને જે કામમાં હોય છે, તેની પાસે સમય હોય જ છે. સાદી વાત એ છે કે જે સૌથી વધુ બિઝી છે, એની પાસે પણ ચોવીસ કલાક જ છે અને જે સાવ નવરો છે, તેની પાસે પણ પચ્ચીસમો કલાક નથી. ગમે એવો મહાન માણસ હોય તો પણ તેણે એ જ ચોવીસ કલાકમાં જ પાડવાનો હોય છે. એ પણ ખરું કે આપણી વ્યસ્તતાઓ વધી છે. ટેકનોલોજીએ આપણો સમય બચાવ્યો છે, એ સાચું, પણ એણે જ બીજી વધુ તકો ઊભી કરી આપતાં, આપણી નવરાશ ઘટાડીય છે. એ વિચારવા જેવું છે કે ટાઈમ નથી, એવું કહેતાં આપણે ખરેખર શેમાં બિઝી છીએ? જેમાં બિઝી છીએ, એ કામ ન કરીએ તો ચાલે એવું છે કે એમાં સમય કાઢવો જ પડે એવું છે? એ કામ એટલું બધું અનિવાર્ય છે? એ અનિવાર્ય છે, તો થોડાં એવાં કામ પણ છે, જેમાં ન પડીએ તો ચાલે, પણ નથી જ ચાલતું. જેમ કે, મોબાઈલમાં કે સોશિયલ મીડિયામાં આપણે જે સમય કાઢીએ છીએ, એની ગણતરી, જો થોડા પણ ફ્રી હોઈએ તો માંડવા જેવી છે. આપણે જાત જોડે થોડું પણ સાચું બોલતાં હોઈશું તો સમજાશે કે ઘણો સમય આપણે એમ જ મોબાઈલમાં કે સોશિયલ મીડિયામાં કાઢીએ છીએ ને એ પણ સમજાશે કે એવો વખત, સમય કાઢવા જેવો છે એટલે કાઢીએ છીએ એવું નથી. ન કાઢવા જેવો સમય પણ આપણે મોબાઈલ કે સોશિયલ મીડિયામાં આરામથી કાઢીએ છીએ.

સાચું તો એ છે કે એમાં સમય વેડફાયા જેવું એટલે લાગતું નથી,



## સ્ત્રી સશક્તિકરણ

- રવીન્દ્ર પારેખ

કારણ જેને માટે તમે સમય બચાવવા ઈચ્છો છો, એ પણ એ જ રીતે સમય વેડફવામાં વ્યસ્ત છે, એટલે જ તમને સમય વેડફાઈ રહ્યો છે, એનો ખ્યાલ આવતો નથી. વિચારવા જેવું છે કે કેટલો સમય આપણે ફોટા પાડવામાં, સેલ્ફી લેવામાં કે વીડિયો ઉતારવામાં વાપરીએ છીએ. એ પણ વિચારીએ કે એમાંનું ખરેખર કેટલું જરૂરી હતું કે છે? જો પ્રમાણિકતાથી જાતને પૂછીશું તો સમજાશે કે, એમાં ભાગ્યે જ કશું જરૂરી હતું. એ ન કર્યું હોત તો કૈં ખાટુંમોળું થયું ન હોત. ઈન ફેક્ટ, એમાંનું કૈં જ ન થયું હોત, તો પણ કૈં ખૂટ્યું ન હોત કે ઓછું પડ્યું ન હોત ! પણ, મોબાઈલ હાથમાં આવ્યો છે, તો તેનો એટલો કસ કાઢવો છે કે એક પણ ઈચ્છા ફોટાની, સેલ્ફીની કે રીલ્સની બાકી ન રહે. એક ફોટો પડે કે હજાર ફોટા પડે કે એકાદ સેલ્ફી લેવાય કે હજાર સેલ્ફી લેવાય, ક્યાંક તો, ક્યારેક તો અટકીશુંને? પણ કોઈ નથી અટકતું. ક્યારેક તો બધા ફોટા જોવાનો સમય પણ નથી હોતો, પણ લોભને થોભ નથી. એ એટલે નથી, કારણ કે ફેસબુક પર, ઈન્સ્ટા પર, વોટ્સએપ પર અપલોડ કરવું હોય છે. સામેવાળો એ જુએ કે ન જુએ, પણ બધું જ અનેક મિત્રોને, અનેક ગ્રૂપમાં એકસામટું મોકલવું હોય છે. એમાં સ્પર્ધા હોય તેમ મોખરે રહેવાનું ઝનૂન કામ કરે છે, એટલે આમ તો ટાઈમ નથી હોતો, પણ મોકલવાનો ટાઈમ તો મળી જ રહે છે.

આ સમય, મોબાઈલ ન હતો કે સોશિયલ મીડિયા ન હતું, ત્યારે ન તો અનેક ફોટા પાડવાની ઉતાવળ હતી કે ન તો એ સેન્ડ કે ફોરવર્ડ કરવાનું કોઈ દબાણ હતું. સ્ટુડિયોમાં મોટે ભાગે પાસપોર્ટ સાઈઝના ફોટા પડતા કે કોઈ તહેવારના કે પ્રસંગના કે ડિગ્રી મળી હોય તેના ફોટા સ્ટુડિયોમાં પડતા. ભાગ્યે જ ત્યારે ઘરોમાં કેમેરા જોવા મળતો. કોઈ લગ્નમાં ફોટા પડતા તેનો આનંદ રહેતો. કોઈ સિદ્ધિ મળી હોય ને અખબારનાં અંદરને પાને કોઈ ફોટો છપાતો તો એનો ઉમંગ જુદો જ રહેતો. એ સિવાય જાહેરમાં ફોટા ઓછા જ છપાતા, પણ જ્યારથી મોબાઈલમાં કેમેરા, ઘડિયાળ, તારીખ આવવા માંડ્યાં, કેલેન્ડરો, કેમેરા, ઘડિયાળ વગેરેનો અલગથી થતો મહિમા ઘટ્યો. એ બધું પણ મોબાઈલમાં એટલું સહજ થઈ ગયું કે એનું આકર્ષણ સમય જતાં ઘટવું જોઈતું હતું, તેને બદલે કલ્પી ન શકાય એટલું વધ્યું.

એમાં સૌથી વધુ ઉપદ્રવ થયો હોય તો તે સોશિયલ મીડિયામાં લાઈક્સ કે કોમેન્ટ્સ મેળવવાનો. સોશિયલ મીડિયા ન હતું ત્યારે પણ ગમા-અણગમા તો હતા જ, પણ તેની કોઈ ગણતરી કે હિસાબ ન હતાં, જ્યારે આજે સોશિયલ મીડિયામાં લાઈક્સ, કોમેન્ટ્સ માટે જે હવાતિયાં મરાય છે, તે શરમજનક છે. ઘણા પાસે લાઈક્સ આવે પણ છે, પણ ધારી હોય એથી ઓછી આવે, તો ઘણાં મરવા પડે છે. જીવ એટલો ઊંચો નીચો થાય છે કે વાત ન પૂછો. આટલી ઓછી લાઈક્સ? એ તો ચાલે જ કેમ? મેસેજ કે ફોટો મોકલનારને ડિપ્રેશન, ફ્રસ્ટ્રેશન આવે છે. આમાંનું કશું પણ ફરજિયાત નથી કે નોકરીના ભાગ રૂપે નથી. આ તો પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવું થયું છે. કોઈ ચોખા મૂકવા આવ્યું ન હતું કે ફોટા, સેલ્ફી કે વીડિયો મોકલો, પણ આપણને જ ચાનક ચડી હતી કે બધું કરીએ. ફોટો, સેલ્ફી કે રીલ્સ શેર કરી અને એ પર લાઈક્સ કે કોમેન્ટ્સ મેળવીએ. હવે શું છે કે સૌએ સોશિયલ મીડિયામાં છવાઈ જવું છે. ચોમેર પોતાની વાહવાહ થઈ જાય, લાખોમાં લાઈક્સ આવે એ માટે બધાં જ મચી પડે છે. આમાં દાદા-દાદી કે માબાપ કે સ્ત્રી-પુરુષ કે બાળકોથી માંડીને કોઈ કહેતાં કોઈ બાકાત નથી. લાખો લાઈક્સ આવે, તો પણ શાંતિ નથી થતી. ગમે એટલી કોમેન્ટ્સ આવે તોય શું? રાહત થવી જોઈએ, તે નથી જ થતી. આમાંનું કૈં ન થાય તો મરી નથી જવાતું, પણ આ બધું કરવું જ પડે એવી લાચારી છે ને એ ન કરીએ ને જોઈતી લાઈક્સ ન મળે તો મરવા જેવું લાગે છે. આ બધાં વગર પણ ચાલતું હતું, પણ હવે એના વગર નથી ચાલતું એ સ્થિતિ છે.

એકાદ સેલ્ફી, વીડિયો કે રીલ માટે જે મહેનત થાય છે, જે સાહસ થાય છે, જીવ સટોસટનો ખેલ ખેલાય છે, એ કમકમા લાવનારો છે. પર્વતની ટોચ પર કે રેલવે ટ્રેક પર કે દરિયાની વચ્ચે કે બીજી જોખમી જગ્યાઓ પર સેલ્ફી લેવાનો રોમાંચ, જિંદગીને જોખમે લેવાનો કોઈ અર્થ ખરો? જીવ ખોવાના એટલા બધા બનાવો મીડિયામાં ચર્ચાયા છે, પણ એનો ક્રેઝ ઘટતો નથી ને સવાલોનો સવાલ એ છે કે આ બધું શેને માટે? માત્ર ફોટો લેવા જીવ આપવાનો, એમાં કયું ડહાપણ કે સાહસ કે સેવા છે? કોણ પાડે છે એવી ફરજ કે આ કર્યા વગર રહેવાય જ નહીં? વારુ, આવું કરનારા અભણ કે અબૂધ નથી, એ શિક્ષિત ને સમજદાર છે, સમૃદ્ધ છે, છતાં કોણ જાણે કેમ પણ મુર્ખાઈ જેવું સાહસ કરવાથી ચૂકતા નથી. ફોટો લેવાની એવી તે કેવી ઘેલછા કે ઊંચાઈ-નીચાઈ, આભ-જમીન કે જળ-વાયુનો ખ્યાલ જ ન રહે? સોશિયલ મીડિયામાં ફોરવર્ડ, વાઈરલ, કોપી-પેસ્ટનો મહિમા જ જુદો છે. એમાં સાચું-ખોટું, જોવા-તપાસવાનું રહેતું નથી. વાઈરલ કરવાનું નૈતિક કર્મ હર કોઈ બજાવી લે છે ને એનાં પરિણામની ચિંતા કોઈ જ કરતું નથી. એની કોઈ પર શી અને કેવી અસર પડશે એ અંગે પણ ભાગ્યે જ કોઈ વિચારે છે. આવું અવિચારી કૃત્ય કોઈની પણ આબરૂ કે જિંદગીને દાવ પર લગાવી શકે છે. આવું કરવાનું કોઈની ફરજમાં આવતું નથી, પણ વફાદારીપૂર્વક હર કોઈ કરતાં હોય છે. કેટલાય મેસેજ ફોરવર્ડ એમ જ થતા રહે છે. બે લીટી જાતે લખવાની અશક્તિ છે, પણ ફોરવર્ડ કરવામાં તો કોઈપણ બહાદુરી બતાવી શકે છે. આ એવો ઉકરડો છે, જેમાં હાથ નાખનારના હાથમાં રંગીન કચરો જ આવે છે, પણ કમનસીબી એ છે કે બધા જ હાથ બગાડવાનું પુણ્ય કમાઈ લેવા માંગે છે. એનો કોઈ છેડો હાલ તો દેખાતો નથી. જાત પર કાબૂ એક જ ઈલાજ છે, પણ એ સહેલો નથી. અત્યારે તો પ્રસિદ્ધિ, લાઈક્સ, સબસ્ક્રાઈબર્સનો એવો ફુગાવો છે કે એનાથી બચવું અશક્ય નથી, પણ અશક્ય જેટલું જ અઘરું છે. મોબાઈલ, સોશિયલ મીડિયામાં રચ્યાપચ્યા રહેનારાઓને એમ જ છે કે દુનિયા તો આ અને આટલી જ છે. થોડો વખત એનાથી બ્રેક અપ થાય તો દુનિયા એની બહાર પણ છે અને એ પણ સુંદર અને જીવવા જેવી છે, એ પણ ટ્રાય કરી શકાય એનો ખ્યાલ આવે. એમાં મા-બાપ, ભાઈ-બહેન, મિત્રો વગેરે પણ છે, પણ એમને શોધવા જતાં આઘાત એ લાગે છે કે એ પણ એ જ મોબાઈલ અને સોશિયલ મીડિયાની દુનિયામાં દિવસો ખુટાડી રહ્યા છે. લાગે છે એવું કે આ માંદી દુનિયા છે અને એનો ઈલાજ કરનારા ડોકટરો પણ એનો જ શિકાર હોય તો નવાઈ નહીં ! વધારે શું કહેવું ?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# રેવન્યુ રેકોર્ડમાં એન્ટ્રી સુધારવામાં ન આવી હોય તો તે માલિકી સાબિત કરી શકે નહીં; માત્ર મહેસૂલ રેકોર્ડ બદલવામાં ન આવ્યા હોવાથી કરાર હેઠળના અધિકારો છીનવી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે મહેસૂલ રેકોર્ડ સુધારવામાં રાજ્ય સરકારની સુસ્તી અથવા બેદરકારીથી રાજ્યને ખત હેઠળ આપવામાં આવેલા અધિકારો છીનવી લેવામાં આવી શકે નહીં. કોર્ટે કહ્યું છે કે એકવાર મિલકત માન્ય ગિફ્ટ ડીડ દ્વારા રાજ્યને ટ્રાન્સફર થઈ જાય, તે પછી મિલકત રાજ્યની માલિકીની હોવાનું માનવામાં આવશે. મહેસૂલ રેકોર્ડમાં ટ્રાન્સફર કરનારના કાયદેસરના વારસદારોના નામનો ઉલ્લેખ તેમને કોઈ અધિકાર અથવા કબજો આપી શકે નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ફક્ત એવા કારણસર કે વાદીનું નામ મહેસૂલ રેકોર્ડ (જામાબંદીઓ)માં ચાલુ છે, તે તેને કોઈ અધિકાર કે કબજો પ્રદાન કરી શકે નહીં. મહેસૂલ રેકોર્ડ્સ (જામાબંદીઓ)એ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કર વસૂલવાના હેતુ માટે અથવા ગ્રામ સભાઓ દ્વારા જમીન મહેસૂલ વસૂલવા માટે છે. ગિફ્ટ ડીડના આધારે રેવન્યુ રેકોર્ડ્સ સુધારવામાં રાજ્યની આળસ/બેદરકારી એ ગિફ્ટ ડીડ હેઠળ રાજ્યને આપવામાં આવેલા અધિકારો છીનવી શકશે નહીં.

આ એક એવો કેસ હતો કે જેમાં પશુ ચિકિત્સા હોસ્પિટલના નિર્માણ માટે ૧૯૫૮માં પંજાબ રાજ્યને ટ્રાન્સફર દ્વારા એક વ્યક્તિ દ્વારા આ જમીનનું દાન કરવામાં આવ્યું હતું. તેમના જીવનકાળ દરમિયાન, આ ટ્રાન્સફર કરનાર વ્યક્તિએ ક્યારેય રાજ્ય દ્વારા પેશકદમી કરવામાં આવી છે અથવા અનધિકૃત વ્યવસાય કે બાંધકામનો આરોપ લગાવતો કોઈ દાવો કર્યો નથી અથવા આવો દાવો દાખલ કર્યો નથી. હોસ્પિટલનું નિર્માણ ૧૯૫૮-૧૯૫૯માં દાનમાં આપવામાં આવેલી મિલકત પર કરવામાં આવ્યું હતું. જો કે, ૨૦૦૧માં લગભગ ૪૩ વર્ષ પછી, આ જમીન ટ્રાન્સફર કરનારના પુત્રએ રાજ્યને દાનમાં આપેલી મિલકતના કબજા માટે દાવો દાખલ કર્યો હતો.

એક એવી મિલકત પર વાદી/તબદીલી કરનારના પુત્ર દ્વારા કબજો મેળવવાનો દાવો કરવામાં આવ્યો હતો. પ્રતિવાદી/અપીલકર્તા (રાજ્ય) દ્વારા મર્યાદાના આધારે આ દાવાને વિવાદિત ગણવામાં આવ્યો હતો. પ્રતિવાદીએ જણાવ્યું હતું કે વાદીએ એ કબૂલ્યું હતું કે તે ૧૯૮૧થી હોસ્પિટલની કામગીરી જોઈ રહ્યો છે અને તેથી, ૧૯૮૧થી લઈને હવે ૨૦૦૧માં વાદી




દ્વારા દાખલ કરાયેલ કબજા માટેનો દાવો મર્યાદા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬૫ મુજબ મર્યાદા દ્વારા પ્રતિબંધિત છે. આ મર્યાદા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬૫ મુજબ આ કબજાનો દાવો ૧૨ વર્ષની અંદર નોંધાવવો જોઈએ.

અપીલકર્તા/પ્રતિવાદીની દલીલ અંગે ન્યાયમૂર્તિ વિક્રમનાથ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે અવલોકન કર્યું કે શીર્ષક પર આધારિત કબજા માટે વાદીનો દાવો મર્યાદા દ્વારા પ્રતિબંધિત છે કારણ કે આ દાવો કાર્યવાહીના કારણ (૧૯૮૧)ની તારીખથી ૧૨ વર્ષની અંદર ન હતો. તારીખ ૨૪.૦૪.૧૯૮૧ના આ પત્રને ધ્યાનમાં લેતા, જો આપણે એમ ધારીએ કે પ્રતિવાદી આ તારીખે હોસ્પિટલના અસ્તિત્વ વિશે પ્રથમ વખત વાકેફ થયા હોવા છતાં તેમના દ્વારા દાખલ કરાયેલ દાવો મર્યાદાના સમયગાળામાં આવશે નહીં. અને મર્યાદા અધિનિયમની કલમ ૬૫ સ્પષ્ટપણે જણાવે છે કે સ્થાવર મિલકતના કબજા માટેના દાવામાં, પ્રતિવાદીનો કબજો વાદી માટે પ્રતિકૂળ બને ત્યારથી મર્યાદાનો સમયગાળો બાર વર્ષનો રહેશે. કેસના તથ્યો અને સંજોગોમાં, પ્રતિવાદી-વાદીનો દાવો સ્પષ્ટપણે મર્યાદા દ્વારા પ્રતિબંધિત છે.

કોર્ટે જણાવ્યું હતું કે આ દાવામાં જમીનનું શીર્ષક રાજ્યને દાન અને કબજાના સ્થાનાંતરણ પછી અને બાંધકામ પછી, આ દાવો દાખલ કર્યા પહેલા ચાર દાયકાથી વધુ સમય સુધી ચાલુ રહ્યું હતું. કોર્ટે હોસ્પિટલ ચલાવવાની કબૂલાત કરવા છતાં વાદીની નિષ્ક્રિયતાને દોષી ઠેરવતા કહ્યું કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે ૪૩ વર્ષ પછી, તેમના પુત્રએ ઘોષણા વિના કબજા માટે દાવો દાખલ કર્યો છે, જો તેણે જાહેરનામાની રાહત માંગી હોત, તો દાવો પણ આ રાહત માટે સમય દ્વારા વધુ પ્રતિબંધિત કરવામાં આવ્યો હોત. જમીન પ્રતિવાદીના ૧૯૫૮થી કોઈપણ અવરોધ વિના કબજામાં છે, જો હુકમ કરવામાં આવે તો દાખલ કરાયેલ દાવો માત્ર ન્યાયની મજાક છે. જો વાદીનો કેસ એવો હતો કે તે ક્યારેય દાનમાં આપવામાં આવ્યું ન હતું પરંતુ તેમ છતાં હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હતું, તો વાદીએ ૧૨ વર્ષની અંદર કબજા માટે દાવો દાખલ કરવો જોઈએ. આમ ન કર્યા પછી, આ દાવો સ્પષ્ટપણે કબજાની રાહત માટે સમય મુજબ પ્રતિબંધિત છે.

કોર્ટે વાદી દ્વારા ફરિયાદનો મુસદ્દો તૈયાર કરવાની રીત પર પણ સવાલ ઉઠાવ્યા છે. વાદીએ તે સંજોગોનો ઉલ્લેખ ટાળવા માટે ડ્રાફ્ટિંગનો ઉપયોગ કરીને તે જોગવાઈને અટકાવી, જેના દ્વારા દાવો મર્યાદાના કાયદા દ્વારા પ્રતિબંધિત છે. કોર્ટે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે વાદીએ હેતુપૂર્વક એક અસ્પષ્ટ ફરિયાદનો મુસદ્દો તૈયાર કરીને દાખલ કર્યો હતો જેમાં હોસ્પિટલનું નિર્માણ ક્યારે કરવામાં આવ્યું હતું, વાદીને આવા બાંધકામની જાણ ક્યારે થઈ હતી, જ્યારે તેના પિતા મૃત્યુ પામ્યા ત્યારે માલિકીનો અધિકાર વાદીને સોંપવામાં આવ્યો હતો તેની આવશ્યક વિગતો આપવામાં આવી નથી. માલિકી સાબિત કરવાનો બોજ કબજા માટેના દાવામાં વાદી પર હોય છે.

એવિડન્સ એક્ટ, ૧૮૭૨ની કલમ ૧૧૦નો સંદર્ભ લેતા, કોર્ટે કહ્યું કે મિલકતની માલિકી અંગેના પુરાવાનો બોજ કબજામાં રહેલી વ્યક્તિની માલિકીને પડકારતી વ્યક્તિ પર રહેલો છે. કોર્ટે કહ્યું કે નીચેની અદાલતે અપીલકર્તા/પ્રતિવાદી પર માલિકી સાબિત કરવાની જવાબદારી અંગે ભૂલ કરી છે કારણ કે કબજા માટેના દાવામાં પુરાવાનો બોજ વાદી પર રહેલો હોય છે. આ સ્પષ્ટ તારણને ધ્યાનમાં રાખીને કે હોસ્પિટલ ૧૯૫૮થી આ જમીન પર કાર્યરત છે, ટ્રાયલ કોર્ટ તેમજ હાઈકોર્ટે ખોટી રીતે અપીલકર્તા પર માલિકીનો પુરાવો આપવાનું કહ્યું છે, જ્યારે પુરાવા અધિનિયમની કલમ ૧૧૦ના આધારે તે જવાબદારી પ્રતિવાદી પર છે. તદનુસાર, રાજ્યની અપીલને મંજૂરી આપવામાં આવી હતી.

(સૌ. : લાઈવ લૉ.ઈન)

- યશ મિત્તલ

# શું ભારતીયોને ધર્મની સ્વતંત્રતાનો અધિકાર છે ? બંધારણ હા કહે છે, પરંતુ કાયદો ના કહે છે

શું ભારતીયોને ધર્મની સ્વતંત્રતા છે? મતલબ, શું તેઓને અન્ય લોકોને તેમના ધર્મમાં આમંત્રિત કરવાનો અને તેમની શ્રદ્ધાને સરળતાથી છોડી દેવાનો અધિકાર છે? બંધારણ હા કહે છે, પણ કાયદા ના કહે છે. ભારત એક અસામાન્ય રાષ્ટ્ર છે જ્યાં પ્રચાર એ મૂળભૂત અધિકાર અને ફોજદારી ગુનો બંને છે. મૂળભૂત અધિકાર એ એક તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે રાજ્ય દ્વારા અતિક્રમણથી ઉચ્ચ સ્તરનું રક્ષણ મેળવે છે. પરંતુ કલમ ૨૫ (મુક્તપણે ધર્મનો અભિપ્રાય અને પ્રચાર કરવાનો અધિકાર) આવા રક્ષણનો આનંદ માણતો નથી.

હકીકતમાં, બંધારણ અમને કહે છે કે અમે પ્રચાર કરવા માટે સ્વતંત્ર છીએ પરંતુ જ્યારે અમે તેમ કરીએ છીએ ત્યારે પોલીસ આવે છે અને અમને લઈ જાય છે. આ વર્ષે ૧૧ જુલાઈના રોજ અહેવાલ આવ્યો હતો કે અલ્હાબાદ હાઈકોર્ટે શ્રીનિવાસ રાવ નાયક નામના વ્યક્તિના જામીનને આ અવલોકન સાથે ફગાવી દીધા હતા કે "બંધારણ દરેક વ્યક્તિને તેના ધર્મનો ઉપદેશ, અભ્યાસ અને પ્રચાર કરવાનો મૂળભૂત અધિકાર આપે છે. જો કે, વિવેક અને ધર્મની સ્વતંત્રતાના વ્યક્તિગત અધિકારને ધર્માંતરણના સામૂહિક અધિકાર માટે વિસ્તૃત કરી શકાતો નથી.

ઉપમહાદ્વીપમાં, નેપાળ ધર્માંતરણને મંજૂરી આપતું નથી, જ્યારે પાકિસ્તાનમાં સમાન પ્રતિબંધો સાથે, ભારતની જેમ સમાન શબ્દસમૂહો છે. પાકિસ્તાનમાં ધર્મની વાસ્તવિક સ્વતંત્રતા નથી, જેમ પ્રમાણિક નિરીક્ષક તારણ કાઢશે કે તે ભારતમાં પણ નથી. પરંતુ બંધારણ લખનારાઓનો આ હેતુ ન હતો.

ધાર્મિક સ્વતંત્રતા પર બંધારણ સભાની ચર્ચા ૬ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ થઈ હતી. તે લઘુમતી સમિતિ અને મૂળભૂત અધિકારોની સમિતિની બેઠકો પછી આવી હતી, જેણે આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરી હતી અને એક ટેક્સ્ટ તૈયાર કર્યો હતો, જે આજે આર્ટિકલ ૨૫ છે. તે વાંચે છે: "ધર્મની સ્વતંત્રતાનો અધિકાર: જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્ય અને આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન, તમામ વ્યક્તિઓ અંતરાત્માની સ્વતંત્રતા અને મુક્તપણે ધર્મનો સ્વીકાર, આચરણ અને પ્રચાર કરવાનો અધિકારના સમાન રીતે હકદાર છે."

અહીંનો મુખ્ય શબ્દ "પ્રચાર" છે, જેને શબ્દકોશ ફેલાવવા અને પ્રોત્સાહન આપવા અને સંવર્ધન માટે વ્યાખ્યાયિત કરે છે. ભારતની બંધારણ સભા દ્વારા જે સંદર્ભમાં આ શબ્દ પર ચર્ચા કરવામાં આવી હતી તે

**બંધારણ સભાની સમિતિઓને સુપરત કરાયેલા આંબેડકરના મૂળ ડ્રાફ્ટમાં આ શબ્દો હતા : "જાહેર વ્યવસ્થા અને નૈતિકતા સાથે સુસંગત મર્યાદામાં, વ્યવસાય કરવાનો, ઉપદેશ આપવાનો અને ધર્માંતરણ કરવાનો અધિકાર"**

ધર્માંતરણનો હતો, ખાસ કરીને ખ્રિસ્તીઓ દ્વારા. ગુજરાતના કે.એમ. મુનશી, જેઓ હિંદુ રૂઢિચુસ્ત જૂથનો એક ભાગ હતા જે લખાણ પર આવ્યા અને તેમણે "પ્રચાર કરો" શબ્દ વિશે કહ્યું હતું કે: "હું જાણું છું કે આ શબ્દ પર ખ્રિસ્તી સમુદાયે સૌથી વધુ ભાર મૂક્યો હતો, એટલા માટે નહીં કે તે લોકો આક્રમક રીતે ધર્માંતરણ કરાવવા માંગતા હતા., પરંતુ કારણ કે 'પ્રચાર' શબ્દ તેમના સિદ્ધાંતનો મૂળભૂત ભાગ હતો. અને "જ્યાં સુધી ધર્મ એ ધર્મ છે, ત્યાં સુધી અંતઃકરણની મુક્ત કસરત દ્વારા પરિવર્તનને માન્યતા આપવી જરૂરી હતી." લોકોએ પ્રચારના અધિકારના વિચારથી ડરવું જોઈએ નહીં, મુનશીએ કહ્યું, કારણ કે "જે કંઈ પણ રૂપાંતરણ થાય છે... તે માત્ર સમજાવટનું પરિણામ છે અને ભૌતિક લાભોને કારણે નહીં."

નોંધ કરો કે રૂપાંતરણને હંમેશા પ્રચારના કારણ તરીકે સ્વીકારવામાં આવ્યું હતું.

૧ મે, ૧૯૪૭ના રોજના મૂળભૂત અધિકારો પરના વચગાળાના અહેવાલમાં, ફ્રેન્ક એન્થોનીએ સમિતિ સાથે વાત કરી અને કહ્યું: "મારો સમુદાય (તે એંગ્લો-ઈન્ડિયન હતો) પ્રચાર કરતો નથી. અમે કન્વર્ટ કરતા નથી, કે અમે કન્વર્ટ થતા નથી. પરંતુ હું પ્રશંસા કરું છું કે લાખો ખ્રિસ્તીઓ તેમના ધર્મનો પ્રચાર કરવાના આ અધિકાર પર કેટલા ઊંડે, કેટલા જુસ્સાથી અનુભવે છે. એન્થોની, ભારતભરમાં શાળા નેટવર્કના સ્થાપક, "તેના વિવાદાસ્પદ પાત્ર હોવા છતાં" "પ્રચાર કરવા", "એક અધિકાર જે કદાચ ખ્રિસ્તી અધિકારોમાં સૌથી મૂળભૂત ગણાય છે" શબ્દો જાળવી રાખવા બદલ બહુમતીને અભિનંદન આપ્યા.

ટી.ટી. કૃષ્ણમાચારીએ કહ્યું કે દલિતો ખ્રિસ્તી બન્યા કારણ કે તે દરજ્જો આપે છે, કે હિંદુ સુધારણા આવા ધર્માંતરણને અટકાવશે, અને પ્રચારનો અધિકાર હિંદુઓ અને આર્ય સમાજના સભ્યોને પણ લાગુ પડે છે જેઓ તેમની ધર્માંતરણ પ્રવૃત્તિઓ કરવા માટે સ્વતંત્ર હતા, જેને તેઓ કહે છે. શુદ્ધિ. અહીં મુદ્દો એ છે કે "પ્રચાર" શબ્દનો અર્થ મુનશીના શબ્દોમાં, "લોકોને તેમના વિશ્વાસમાં જોડાવા માટે સમજાવવાનો" અધિકાર તરીકે બધાએ સમજ્યો હતો. એટલે કે રૂપાંતર કરવું. પરંતુ ભારતમાં તેના બદલે શું થાય છે, જેમ આપણે આપણી આસપાસ જોઈએ છીએ, તે એ છે કે રાજ્ય માત્ર પ્રચારના અધિકાર માટે જ નહીં પરંતુ વ્યક્તિના ધર્મ બદલવાના અધિકાર માટે પણ પગલું ભરે છે.

બંધારણ સભામાં એકમાત્ર વિરોધ ઓડિશાના ૨૬ વર્ષીય વ્યક્તિ દ્વારા થયો હતો, જે "પ્રચાર" શબ્દ દૂર કરવા માંગતા હતા. આ રંગનાથ મિશ્રાના ભાઈ લોકનાથ મિશ્રા હતા, જેઓ પાછળથી ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા અને દિપક મિશ્રાના કાકા પણ મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. લોકનાથ મિશ્રાએ કહ્યું કે તેમને પ્રચારમાં કોઈ સમસ્યા નથી. "જો લોકોને તેમના ધર્મનો પ્રચાર કરવો છે, તો તેમને તેમ કરવા દો", તેમણે કહ્યું, પરંતુ " હું માત્ર એ ઈચ્છું છું કે, બંધારણ તેને મૂળભૂત અધિકાર તરીકે ન મૂકે અને તેને પ્રોત્સાહન ન આપે." તેમનો વિરોધ પ્રચાર કરવાના અધિકારની સમજણથી પણ આવ્યો હતો જેનો અર્થ ધર્માંતરણ કરવાનો અધિકાર છે.

વી.પી. ભારતીય, ૧૯૭૭માં જર્નલ ઑફ ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યૂટમાં લખતા, કહે છે કે ચર્ચાઓમાંની વિશિષ્ટતાએ એવી છાપ આપી હતી કે પ્રચાર શબ્દનો સમાવેશ "પરિવર્તન કરવાનો ચોક્કસ મૂળભૂત અધિકાર બનાવે છે."

ડૉ.બી.આર. આંબેડકર ચર્ચામાં હાજર રહ્યા હતા પણ બોલ્યા નહીં. તેમણે કહ્યું કે પ્રચારના અધિકારના બચાવમાં અન્ય લોકોએ જે કહ્યું હતું તેમાં ઉમેરવા માટે તેમની પાસે કંઈ નથી. એ નોંધવું જોઈએ કે બંધારણ સભાની સમિતિઓને સુપરત કરાયેલા આંબેડકરના મૂળ ડ્રાફ્ટમાં આ શબ્દો હતા: "જાહેર વ્યવસ્થા અને નૈતિકતા સાથે સુસંગત મર્યાદામાં, વ્યવસાય કરવાનો, ઉપદેશ આપવાનો અને ધર્માંતરણ કરવાનો અધિકાર." તેમને સંતોષ હતો કે પ્રચારનો અર્થ એ જ હતો. તેઓ ૧૪ ઓક્ટોબર, ૧૯૫૬ના રોજ નાગપુરમાં ત્રણ લાખથી વધુ અન્ય દલિતો સાથે હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવવાના હતા. ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં, ભારતના ન્યાયતંત્ર અને પોલીસે શ્રેણીબદ્ધ પ્રથાઓ શરૂ કરવાનું શરૂ કર્યું જેના પરિણામે આપણે આજે જ્યાં છીએ: એક રાષ્ટ્ર કે જેનું બંધારણ નાગરિકોને ધર્મની સ્વતંત્રતા આપે છે પરંતુ જેની સ્થાપના ફોજદારી કાયદાના આડેધડ ઉપયોગ દ્વારા તેને નામંજૂર કરે છે.

(લેખક અને કટારલેખક છે)

(સૌ. : ધ વાયર.ઇન)

# ઓમાન મસ્જિદ હુમલો : આ બિનસાંપ્રદાયિક અને સર્વસમાવેશક રાષ્ટ્ર માટે એક નિવાસી ભારતીયની લાગણી

આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં, જ્યારે મારા પતિને ઓમાનની રાજધાની મસ્કતમાં નોકરીની ઓફર કરવામાં આવી હતી, ત્યારે અમે આ દેશને નકશા પર જોયું હતું. સઉદી અરેબિયા, યમન અને યુએઈની સરહદે આવેલો આ પશ્ચિમ એશિયાઈ દેશ અરબી સમુદ્રની પેલે પાર સુંદર દેખાતો હતો. હું ત્યારે સિમ્બાયોસિસમાં ભણાવતી હતી, અને મારા પતિ મહારાષ્ટ્રના પુણેમાં એક ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ કંપનીના આઈટી વિભાગમાં કામ કરતા હતા અને આ શહેર લગભગ પાંચ વર્ષથી અમારું ઘર બની ગયું હતું.

તે ૧૯૮૮નો ઉનાળો હતો અને રમઝાનનો મહિનો હતો. અમારા પુત્રમાં એક શિશુ હતું અને તે નવું ચાલવા શીખતું બાળક હતું અને અમે તેની સાથે મસ્કત ગયા. લોહિયાળ બળવા અને આદિવાસી યુદ્ધોનો ઈતિહાસ ધરાવતી રાજાશાહીમાં રહેવાની થોડી આશંકા હોવા છતાં અમે આ નિર્ણય લીધો પરંતુ તે પછી સિત્તેરના દાયકામાં પ્રગતિ શરૂ થઈ હતી.

અમારા મન પર અહીંની પ્રથમ છાપની વાત કરીએ તો, આ દેશ અને લોકો આવકારદાયક લાગતા હતા. એરપોર્ટ અત્યંત સ્વચ્છ હતું અને અહીંનો સ્ટાફ પણ નમ્ર હતો, અને અમને શહેર તરફ લઈ જતા રસ્તાઓ સારા હતા. આ શટલ હવે ૩૦ વર્ષ માટે અમારું ઘર બનવાનું હતું. રસ્તામાં મુખ્યત્વે સફેદ ઘરો, અદભૂત મસ્જિદો અને દરેક વળાંક પર પીરોજ સમુદ્ર ખૂબ જ આકર્ષક લાગતો હતો. રંગબેરંગી વસ્ત્રોથી પથરાયેલા સફેદ ડીશ અને કાળા અબાયા સાથેનો દરિયો શરૂઆતમાં વિચિત્ર લાગતો હતો, પણ મોહક હતો.

આગામી ત્રણ દાયકાઓમાં, ઓમાન મારા પરિવાર માટે અત્યાર સુધીનો સૌથી શાંતિપૂર્ણ, અરાજકીય અને સુંદર દેશ બની ગયો હતો. તેથી જ જ્યારે મેં એક મસ્જિદમાં હુમલા વિશે સાંભળ્યું, ત્યારે ઓમાન એ પૃથ્વી પરનું છેલ્લું સ્થાન હતું જેની મેં શાંત પ્રદેશ તરીકે કલ્પના કરી હતી ત્યાં આ દુર્ઘટના બની હતી. હિંસા એ આજના વિશ્વમાં કઠોર વાસ્તવિકતા હોવા છતાં, આ હુમલો અવાસ્તવિક અને અકલ્પનીય લાગતું હતું — જે આ દેશની પવિત્રતા પર ડાઘ જેવું હતું.

ઓમાનમાં સ્થાનોના નામ પણ કવિતા જેવા લાગે છે - રુબ અલ ખલી રેતીનું રણ; યેતી, કંતબ અને કુરુમના બીચ નગરો; રુવીના બજાર વિસ્તારો, અલ ખુવૈર, મુત્રાહનું જૂનું શહેર અને વાદીએ કબીર, જ્યાં આ ઘૃણાસ્પદ ગોળીબાર થયો હતો. વાદીએ અલ કબીર મસ્કતમાં સતત ધમધમતો મધ્યમ-વર્ગીય વિસ્તાર છે, જ્યાં મેં શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત સરકારી શાળામાં માધ્યમિક શાળાના શિક્ષક તરીકે મારી પ્રથમ નોકરી કરી હતી. મારા મોટાભાગના વિદ્યાર્થીઓ પોલીસ, માછીમારો અને સરકારી કર્મચારીઓની દીકરીઓ હતી. ત્યાં શિસ્તના મુદ્દાઓ વિચિત્ર હતા, અહીં તમે કોઈ રેન્ડમ જાતિવાદી ટિપ્પણી પણ કરી શકતા નથી. જ્યારે મને ફેમિલી વોટ્સએપ ગ્રૂપ પર વાદીએ કબીરમાં




**આજની દુનિયામાં હિંસા એ કઠોર વાસ્તવિકતા હોવા છતાં ઓમાનમાં મસ્જિદ પરનો હુમલો અવાસ્તવિક અને અકલ્પનીય લાગે છે**

અલી બિન અબી તાલિબ મસ્જિદમાં થયેલા ગોળીબાર વિશે જાણવા મળ્યું, ત્યારે મારી પ્રથમ વૃત્તિ સમાચારની ચકાસણી કરવાની હતી. મને એવું હતું કે અહી આવું ક્યારેય ન થઈ શકે. સમાચાર આવતાં જ મેં મારા પૂર્વ ઓમાની સાથીદારો સાથે વાત કરી. એક મિત્ર અને પૂર્વ સાથીદાર જે તે ભાગ્યશાળી રાત્રે મોહર્રમ મજલીસમાં હાજરી આપવા મસ્જિદમાં હતી. તેણીએ મને ફોન પર સંભળાવ્યું કે કેવી રીતે તેણીએ બંદૂકધારીઓને પાર્કિંગમાં અંધાધૂંધ ગોળીબાર કરતા સાંભળ્યા હતા. આ આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોના જીવ ગયા હતા અને ૩૦ અન્ય ઘાયલ થયા હતા. આ ગોળીબારની જવાબદારી ISILએ લીધી છે. અમે કામ કરતા અને રહેતા હતા તે શહેર અને જ્યાં અમારા બે બાળકો ક્યારેય ડર અનુભવ્યા વિના શાળાએ જતા હતા તે મસ્કતને પણ આ હિંસા સ્પર્શી ગઈ હતી તે સાંભળવું મૂંઝવણભર્યું હતું. તે જ સમયે, મસ્કતની યાદો ફરી યાદ આવી ગઈ હતી. વર્ષોથી અમારા નજીકના ભારતીય સમુદાય સાથે વિતાવેલો સમય જેમાં અમારા બાળકોનો ઉછેર, સંભાળ અને લાડ લડાવવામાં આવ્યા હતા. કામ કરતી માતાઓને અવિશ્વસનીય સમર્થન આપવામાં આવ્યું હતું. અને વિવિધ, બહુસાંસ્કૃતિક કાર્યસ્થળોમાં પુરુષો માટે અનેક તકો હતી. આજે પણ, ભારતીયો ઓમાનમાં બાંગ્લાદેશીઓ પછી બીજા નંબરનો સૌથી મોટો ડાયસ્પોરા સમૂહ છે. મસ્કતમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર નવેમ્બર ૨૦૨૩ સુધીમાં, લગભગ ૬.૮ લાખ ભારતીય મૂળના લોકો ઓમાનમાં રહે છે. ઈદ દરમિયાન અમે અમારા પાકિસ્તાની, ભારતીય અને ઓમાની મિત્રો સાથે સમય પસાર કર્યો છે. અમારા પુરૂષ ભારતીય મિત્રો એક ઓમાની મહિલાને હેન્ડશેક કરવા માટે તેમનો હાથ આગળ કરતાં હતા, જે સલામ અલયકુમ કહેતી હતી. અમને આ બધુ શીખવા માટે થોડો સમય લાગ્યો પરંતુ તે હંમેશા સુખદ અને મૈત્રીપૂર્ણ હતું. કેટલાક વર્ષોમાં, અમે સ્થાનિક લોકો સાથે મળીને રમઝાન દરમિયાન એક દિવસ માટે ઉપવાસ રાખ્યો, પછી સાંજે ઈફ્તાર સમયે ભોજન પણ કર્યું હતું. અમે હંમેશા સુલતાન કબૂસ બિન સૈદના હસતા ચહેરા સાથે તેમના પ્રગતિશીલ દેશ તરફ ઉદારતાથી જોતા હતા. દરેક ખૂણે મસ્જિદો સિવાય, મસ્કતમાં બે સુંદર મંદિરો, બે ગુરુદ્વારા અને એક ચર્ચ છે. અમે અમારા અન્ય ભારતીય મિત્રો સાથે શિવરાત્રી, ગણેશ ચતુર્થી અને જન્માષ્ટમીની ઉજવણી પણ કરી હતી. અમે મધ્યરાત્રિ સમૂહ અને ચર્ચ મેળાઓમાં પણ ગયા હતા. દર ગુરુપૂરબ પર, અમે બીજા દિવસના ભોજન માટે ઘરે લંગર કરતાં હતા. વર્ષોથી, મારા ઓમાની સાથીદારો મારા સૌથી પ્રિય મિત્રો બની ગયા છે અને આ મિત્રતા હજુ પણ ચાલુ છે. તેઓ સ્માર્ટ, આદરણીય અને વ્યાવસાયિકો, બુદ્ધિશાળી, દયાળુ, મનોરંજક અને મિત્રો તરીકે ઉદાર હતા. જ્યારે પણ તેઓ સાંભળતા કે મારા માતા-પિતા ભારતમાંથી અમારી મુલાકાતે આવ્યા છે, તો તેઓ મને મારા ઘરકામમાં મદદ કરવા માટે તમામ પ્રકારનો ખોરાક મોકલતા હતા. કેટલીકવાર, તે એટલું બધું હતું કે હું અન્ય મિત્રોને તે શેર કરવા આમંત્રણ આપતી હતી. જ્યારે ઓમાની નિરીક્ષકો દર મહિને વર્ગોની પ્રગતિની દેખરેખ માટે આવતા હતા, ત્યારે તેઓ કેટલીકવાર ભારતીય શિક્ષકો માટે અહેવાલો લખવા બદલ માફી માગતા હતા અને કહેતા હતા કે તેઓ અમારા વિદેશીઓ પાસેથી અંગ્રેજી શીખ્યા છે. અહી તાપમાન ઉચ્ચ રહેતું હોવા છતાં, અમે દર સપ્તાહના અંતે પિકનિક પર જતા. અમે દરેક બીચ પર અથવા દરેક પાર્કમાં તે સંદિગ્ધ વિસ્તારો અને બરબેક્યુ સ્થળો શોધીને ગરમીથી કેવી રીતે બચી શકાય તે શીખ્યા હતા. અમને બીજા ઘણા અવિશ્વસનીય અનુભવો પણ થયા હતા. રણની સફારીનો રોમાંચ અને વહીબા સેન્ડ્સ ખાતેના ટેકરાની ધૂમ. કાચબાને માળો બાંધતા અને ઈંડા મૂકતા જોવા માટે રાસ અલ હદમાં એક રાત વિતાવી હતી, અને પછી પરોઢિયે કાચબાઓ ઉછળતા અને સમુદ્રમાં જતાં જોતા હતા. ઓમાનના દક્ષિણ ભાગમાં સલાલાહ તરફ ડ્રાઈવિંગ કરવું અને અલ મુગસેલ બીચ પર ગીઝરને શૂટ થતાં જોવું. નખાલ અને કુરિયતની વાદીઓ, સિંચાઈ પૂરી પાડવા માટે ખેતરોમાં ફરતા ફલાજ, તેમના ઈતિહાસ સાથેના કિલ્લાઓ, તેમના વશીકરણ અને હસ્તકલા સાથેના સોક અને લોબાન અને ઓમાની કહવાની મસ્ત સુગંધ પણ મને યાદ છે. મારા માટે, આ કલ્પના કરતા તે મારા માટે કોઈ અન્ય દેશ નથી. ત્યાં મારવા અથવા મરવા માટે કંઈ નથી અને કોઈ કટ્ટર ધર્મ પણ નથી. કલ્પના કરો કે ત્યાં બધા લોકો શાંતિથી જીવે છે એવો દેશ માત્ર અને માત્ર ઓમાન હશે એવું આજે પણ મને વિચાર આવે છે.

- પ્રીત સેઠી

(લેખક અંગ્રેજી શાળાના શિક્ષક છે તેઓએ ૨૫ વર્ષ સુધી ઓમાનમાં ભણાવ્યું હતું)

(સૌ. : ધ ક્વિન્ટ)

# ભારતના મુસ્લિમો નફરતી ભાષણ અને અયોગ્ય માહિતી વચ્ચે માનસિક સ્વાસ્થ્ય સંકટમાં છે

ઘૂસણખોરો અને 'વધુ બાળકો ધરાવતા', કટવા (સુન્નત), આતંકવાદી - આ ઘણા બધા શબ્દો છે જેનો ઉપયોગ રાજકારણીઓએ ભારતમાં મુસ્લિમોના સંદર્ભમાં કર્યો છે. પ્રથમ બે શબ્દોનો ઉપયોગ અન્ય કોઈએ નહીં પણ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એપ્રિલમાં એક વિવાદાસ્પદ ચૂંટણી પ્રચાર ભાષણમાં કર્યો હતો. આ સાંપ્રદાયિકતા નવી નથી. વાસ્તવમાં, તે હવે પ્રચાર દરમિયાન લગભગ અપેક્ષિત છે. જો કે, ઑક્ટોબર ૭ના હમાસના ઈઝરાયેલ પરના હુમલા પછી સ્થિતિ વધુ ખરાબ થઈ હોય તેવું લાગે છે. તે ઘટનાનો ઉપયોગ સમગ્ર ભારતમાં મુસ્લિમ વિરોધી રેટરિકના મોજાને ન્યાયી ઠેરવવા માટે કરવામાં આવ્યો છે, જેમાં કેટલાક ભારતીય જનતા પાર્ટી નેતાઓ પેલેસ્ટીનને હમાસના સમર્થન તરીકે ગણે છે અને તમામ મુસ્લિમોને "આતંકવાદી" અથવા "આતંકવાદી સહાનુભૂતિ" ધરાવતા લોકો તરીકે દર્શાવે છે.

વોટ્સએપ પર નફરત ફેલાવતા સંદેશાઓ વ્યાપકપણે પ્રસારિત કરવામાં આવે છે, જેમાં ઈઝરાયેલ-હમાસ સંઘર્ષને લગતા સેંકડો સંદેશાઓ જૂથોમાં શેર કરવામાં આવે છે. અમે આવા સેંકડો વોટ્સએપ સંદેશાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે અને ૪ પર સરક્યુલેટ થતી સમાન સામગ્રીનું અવલોકન કર્યું છે, જે કટ્ટર હિન્દુત્વ વિચારધારા ધરાવતા લોકો દ્વારા શેર કરવામાં આવ્યું છે. આ વોટ્સએપ જૂથો પર શેર કરાયેલ એક લેખ જણાવે છે કે ગાઝામાં જે પ્રકારની હિંસા જોવા મળી છે તેવી જ હિંસા ભારતમાં પણ ટૂંક સમયમાં થશે.

અહેવાલો સૂચવે છે કે ઈઝરાયેલ-પેલેસ્ટીન સંઘર્ષ વિશે મોટી માત્રામાં ખોટી માહિતી ભારતમાંથી ઉદભવી રહી છે. આ ખોટા વર્ણનો ઘણીવાર હિંદુ વસ્તીમાં ડર જગાડવાના હેતુ સાથે હોય છે. ઉદાહરણ તરીકે, WhatsApp પર એક વ્યાપકપણે પ્રસારિત હિન્દી અખબારના લેખમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકન પત્રકાર જેનેટ લેવીએ કહ્યું હતું કે, જો મોદીને પદ પરથી હટાવવામાં આવે તો "હિંદુ નરસંહાર"ની ચેતવણી આપી હતી. જો કે, તપાસ કરતાં, એવું જાણવા મળ્યું કે આ નિવેદન ૨૦૧૫ના એક પ્રચાર વેબસાઈટ પર પ્રકાશિત થયેલ "અમેરિકન થિંકર"માંથી લેવામાં આવ્યું હતું, જેનું શીર્ષક "ધ મુસ્લિમ ટેકઓવર ઑફ વેસ્ટ બંગાળ" હતું. આ લેખ અગાઉ પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર તથાગત રોયે ૨૦૧૫માં શેર કર્યો હતો.

ઑક્ટોબર ૭થી, એવા ઘણા વીડિયો સર્ક્યુલેશનમાં છે જેમાં મુસ્લિમોને અસંસ્કારી અને મહિલાઓ અને બાળકોને નુકસાન પહોંચાડનાર દર્શાવવામાં આવ્યા છે. એવા સંદેશા આવી રહ્યા છે કે ઈઝરાયેલમાં જે બન્યું અને જે રીતે મૃત મહિલાઓ અને બાળકોને પણ નિશાન બનાવવામાં આવ્યા તેવું ભારતમાં પણ થઈ શકે છે.

બાળકોને પિંજરામાં જીવતા સળગાવી દેવાની ચેતવણી સાથેની તસવીર સાથે લખ્યું છે કે, ભારતમાં ૧૦-૧૫ વર્ષમાં આવું થશે અને અલ્લાહ-ઉ-અકબરની બૂમો પાડનારાઓ આવું કરશે. અસલમાં આ તસવીર ૨૦૧૫ માં ISIS દ્વારા જીવતા સળગાવવામાં આવેલા જોર્ડનિયન પાઈલટના કૃત્રિમ દૃશ્યના કાર્યકર્તાઓ દ્વારા બનાવેલ છે.

પેલેસ્ટીનને સમર્થન આપતા એક મુસ્લિમ વ્યક્તિનો વીડિયો કેપ્શન સાથે શેર કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે,: તેમનો ફંડા ખૂબ જ સ્પષ્ટ છે પરંતુ હિન્દુઓના મનમાં શંકાનો કીડો છે. તેમના ઈરાદા ખૂબ જ ખતરનાક છે. જેમણે દેશદ્રોહી જોયા નથી તેઓએ તેમની શોધ કરવી જોઈએ અને તેમને ઓળખવા જોઈએ. આ લોકો સાપ છે, અને બિલકુલ ભરોસાપાત્ર નથી, અને જો તમને તમારી બાંયમાં સાપ રાખવાનું પસંદ ન હોય તો મુસ્લિમોને તમારાથી દૂર રાખો.

ઉપરની આ છેલ્લી પોસ્ટમાં ઉલ્લેખ છે કે ઈઝરાયેલ-હમાસ સંઘર્ષમાંથી આપણને



ભારતમાં ઑક્ટોબર ૭ ૨૦૨૩ના હમાસના ઈઝરાયેલ પરના હુમલા પછી સ્થિતિ વધુ ખરાબ થઈ હોય તેવું લાગે છે. તે હુમલાનો ઉપયોગ સમગ્ર ભારતમાં મુસ્લિમ વિરોધને ન્યાયી ઠેરવવા માટે કરવામાં આવ્યો છે, જેમાં કેટલાક ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતાઓ પેલેસ્ટીનના સમર્થનને હમાસનું સમર્થન ગણે છે અને તમામ મુસ્લિમોને "આતંકવાદી" અથવા "આતંકવાદી માટે સહાનુભૂતિ" ધરાવતા તરીકે દર્શાવે છે.

આ પાઠ શીખવા મળે છે:

પાઠ ૧ : હમાસને ઈઝરાયેલી મહિલાઓ અને છોકરીઓ પ્રત્યે કોઈ દુશ્મનાવટ ન હતી. જો હોત, તો તેઓએ તેમને ફક્ત ગોળી મારી જ દીધી હોત, પરંતુ કોણ જાણે કયું પુસ્તક તેમને તેમના પર બળાત્કાર કરવાનું, તેમને નગ્ન પરેડ કરવાનું, તેમના મૃતદેહોને વિકૃત કરવાનું, તેમના મૃતદેહો પર પણ બળાત્કાર કરવાનું શીખવે છે. એ જાણવાનો પ્રયત્ન કરો, નહીંતર તમે પણ આગામી નિશાન હોઈ શકો છો.

પાઠ ૨: પેલેસ્ટીનમાં મહિલાઓ અને નાની છોકરીઓ સાથે જે નિર્દયતા થઈ તેમાં માત્ર હમાસના મુસ્લિમ આતંકવાદીઓ જ નહીં પરંતુ સામાન્ય લોકો અને મહિલાઓ પણ તેમાં સામેલ હતી. આ વિચાર તમારી આસપાસ પણ અમલમાં આવી શકે છે. ચાલો હું તમને જાણવાની રીત કહું. તમારી આસપાસના લોકો માટે પેલેસ્ટીનમાં બનેલી ઘટનાઓનો ઉલ્લેખ કરો, તેમની સહાનુભૂતિ કોની સાથે છે તે શોધો અને તમારા ભવિષ્યને પણ જાણો.

પાઠ ૩: ઈઝરાયેલમાં ગાઝા પટ્ટી છે, ભારતમાં હજારો ગાઝા પટ્ટી બનાવવામાં એ છે, અને તમે પણ તેમના દાયરામાં આવો છો.

પાઠ ૪: આજે આપણે એ શીખ્યા છીએ કે મધ્યયુગીન સમયગાળા દરમિયાન આપણા દેશ ભારતમાં હિંદુઓએ કેવી પીડા સહન કરવી પડી હતી. મહમૂદ ગઝનવી, મોહમ્મદ બિન કાસિમ, અલાઉદ્દીન ખિલજી, ઔરંગઝેબ અને કહેવાતા મહાન અકબરે મધ્યયુગીન કાળમાં હિંદુઓ સાથે આ જ કર્યું હતું, જે આજે ઈઝરાયેલમાં મુસ્લિમ આતંકવાદીઓએ કર્યું છે. તમારી યાદશક્તિ આ ૭૦ વર્ષમાં ફોર્મેટ થઈ ગઈ એ અલગ વાત છે.

પાઠ ૫: આ ઘટનાઓ દર્શાવે છે કે હિંદુ મહિલાઓ શા માટે જૌહર કરતી હતી અને તેઓ મહિલાઓના મૃતદેહો પર પણ બળાત્કાર કરવામાં કોઈ સંકોચ રાખતા ન હોવાથી, હિંદુ મહિલાઓ જૌહર કરતી હતી જેથી તેમના મૃતદેહો પણ આ જાનવરોનાં હાથમાં ન આવે.

પાઠ ૬: આપણે બધાએ આપણા વડીલોનો આભાર માનવો જોઈએ જેમણે સેંકડો વર્ષો સુધી આવી નિર્દયતાની સાક્ષી બન્યા અને સામનો કરવા છતાં તેમના ધર્મનું રક્ષણ કર્યું હતું.

પાઠ ૭: બિનસાંપ્રદાયિકતા એ ધીમું ઝેર છે. હકીકતમાં, ઈઝરાયેલે આરબ-ઈઝરાયેલ યુદ્ધ પછી ક્યારેય મોટું યુદ્ધ જોયું ન હતું. આ ૫૦ વર્ષોમાં ઈઝરાયેલમાં નવી પેઢી આવી જે સંપૂર્ણપણે બિનસાંપ્રદાયિકતાના નશામાં હતી. તમારા બાળકોને વીજળી-પાણી વગર બે-ત્રણ કલાક કેવી રીતે ટકી રહેવું એ જ ખબર નથી, જો ભાજપ થોડા વધુ વર્ષો સત્તામાં રહેશે તો આવનારી નવી પેઢી ભૂલી જશે કે તેઓએ કેવા તાંડવનો ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસના જમાનામાં આવું થશે. તે સારું છે કે હવે ઈઝરાયેલની નવી પેઢીએ તે બધું જોયું છે જે તેમના પૂર્વજોએ પણ જોયું ન હતું.

પાઠ ૮: માત્ર ચહેરા બદલાયા છે, દેશ બદલાયો છે, મુસ્લિમ આતંકવાદી સંગઠનનું નામ બદલાયું છે, બાકીના બર્બર કૃત્યો એ જ છે જે તેર-ચૌદસો વર્ષથી ચાલ્યા આવે છે, તે પૈકી કંઈ બદલાયું નથી.

પાઠ ૯: જો દેશની સરકાર અને સુરક્ષા એજન્સીઓનું ધ્યાન હટાવવામાં આવે છે, તો તમારે સાવચેત રહેવાની જરૂર છે. ચાલો સમજીએ કે કેવી રીતે? સમગ્ર આયોજન કેવી રીતે કરવામાં આવ્યું હતું. બેન્જામિન નેતાન્યાહુ સરકારે થોડા વર્ષો પહેલા ન્યાયિક સુધારણા બિલ લાગુ કર્યું હતું, શરૂઆતમાં થોડા લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આ પરિસ્થિતિનો લાભ લઈને, ડાબેરી વિચારધારા ધરાવતા લોકોએ તરત જ લોકોને ઉશ્કેર્યા અને વિરોધ પ્રદર્શન અને હડતાલનું આયોજન કર્યું અને સમગ્ર ઈઝરાયેલમાં લાંબા સમય સુધી રસ્તાઓ બંધ કરવામાં આવ્યા, જેથી ઈઝરાયેલ સરકારનું સંપૂર્ણ ધ્યાન આ વિરોધ અને હડતાલ પર રહે. એ પછી મુસ્લિમ આતંકવાદીઓ દરિયાઈ માર્ગે ઈઝરાયેલમાં ઘૂસી ગયા હતા અને તબાહી મચાવી હતી. વિશ્વની સર્વશ્રેષ્ઠ ગુપ્તચર સંસ્થા મોસાદ પણ આ અંગે કોઈ સુરાગ મેળવી શકી નથી કારણ કે સરકાર અને મોસાદનું સમગ્ર ધ્યાન ઈઝરાયેલમાં વિરોધ પ્રદર્શન, અરાજકતા પર હતું.

પાઠ ૧૦: યાદ રાખો, આજે ઈઝરાયેલમાં જે કંઈ બન્યું છે, તેવું જ કંઈક આપણા દેશમાં પણ એક દિવસ થશે. જો તમે મારા પર વિશ્વાસ ન કરતા હો, તો હું તમને જણાવી દઉં કે ભૂતકાળમાં આવું ઘણી વખત બન્યું છે જેમ કે જિન્નાહના ડાયરેક્ટ એક્શન ડેની જાહેરાત વખતે થયું હતું. કાશ્મીરમાં થયું. તે ફ્રાન્સમાં થયું. અને કોણ જાણે કેટલા દેશોમાં થયું છે.

પાઠ ૧૧: આ જેહાદી આદિવાસી સેનાઓનું મુખ્ય શસ્ત્ર છે, સ્ત્રીઓ અને છોકરીઓ પર બળાત્કાર જ્યારે વિશ્વના અન્ય કોઈ ધર્મમાં આવું નથી, યુદ્ધના પણ નિયમો હોય છે. આ હમાસ અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ નથી, આ જેહાદ છે અને તે જ ૧૪૦૦ વર્ષ જૂની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

પાઠ ૧૨: હવે જ્યારે ઈઝરાયેલે યુદ્ધની ઘોષણા કરી છે, ત્યારે ભારતમાં એક ચોક્કસ સમુદાય ગાઝા બચાવો, ગાઝા બચાવો બૂમો પાડશે. તમારે ફક્ત તમારી આસપાસની વિચારસરણીને ઓળખવાની જરૂર છે, અને સાવચેત રહેવું જોઈએ.

નોંધનીય રીતે, આ સંદેશાઓ જે સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર ફરતા થઈ રહ્યા છે તે સૂચવે છે કે ભારતીય મુસ્લિમો હમાસની ક્રિયાઓને સમર્થન આપે છે અને તેઓ ઈઝરાયેલી નાગરિકો સામે હિંસાના સમર્થક છે અને સૂચવે છે કે સમાન કૃત્યો ભારતીય મહિલાઓ અને બાળકો પ્રત્યે નિર્દેશિત થઈ શકે છે. વોટ્સએપ ફોરવર્ડ્સ દાવો કરે છે કે વધતી જતી મુસ્લિમ વસ્તી હિંદુ બહુમતી માટે ખતરો છે, અને આવી જ અંતર્ગત કથા જે હમાસે ઈઝરાયેલમાં કર્યું તે ભારતના મુસ્લિમો દ્વારા પણ થઈ શકે છે.

**- ભરત નાયક**

**(સૌ. : ધ વાયર)**

# 'અસશક્તિકરણની આગાહી': J&Kમાં આગામી ચૂંટાયેલી સરકાર માટે LGને વધુ સત્તાનો અર્થ શું છે

## કાનૂની નિષ્ણાતો અને રાજકારણીઓનું કહેવું છે કે આગામી મુખ્યપ્રધાન ગૌરવશાળી સરપંચ જેવા હશે અને વિધાનસભા નગર પરિષદ કરતાં થોડી વધુ હશે

ગયા અઠવાડિયે, કેન્દ્રએ એક જાહેરનામું બહાર પાડ્યું હતું, જેમાં શાસનના તે ક્ષેત્રો દર્શાવ્યા હતા જેમાં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરને વિશિષ્ટ સત્તા હોય છે - ભલે ચૂંટાયેલી વિધાનસભા હોય કે ન હોય. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્ર દ્વારા નિયુક્ત લેફ્ટનન્ટ ગવર્નર પોલીસ, જાહેર વ્યવસ્થા, અખિલ ભારતીય સેવાઓના અધિકારીઓ અને વરિષ્ઠ કાયદા અધિકારીઓની નિમણૂક અને ટ્રાન્સફરને લગતી બાબતો અંગે નિર્ણય લેવાની એકમાત્ર સત્તા હશે, જેમાં યુનિયનના એડવોકેટ જનરલનો પણ સમાવેશ થાય છે. પ્રદેશ લેફ્ટનન્ટ ગવર્નર એ પણ નક્કી કરશે કે અલગ-અલગ કેસો અને જેલ સાથે જોડાયેલી બાબતોમાં કાર્યવાહી માટે મંજૂરી આપવી કે નહીં.

છેલ્લા પાંચ વર્ષથી, જમ્મુ અને કાશ્મીરમાં કોઈ ચૂંટાયેલી સરકાર નથી, અને લેફ્ટનન્ટ ગવર્નરની કચેરી દ્વારા નવી દિલ્હીના સીધા શાસન હેઠળ છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ, જમ્મુ અને કાશ્મીરે તેનો વિશેષ દરજ્જો અને તેના રાજ્યનો દરજ્જો ગુમાવ્યો, કારણ કે નરેન્દ્ર મોદી સરકાર દ્વારા તેને કેન્દ્રશાસિત પ્રદેશમાં ડાઉનગ્રેડ કરવામાં આવ્યું હતું.

તાજેતરની સૂચનાએ વિરોધ પક્ષો તરફથી વ્યાપક ચિંતા અને તીક્ષ્ણ ટીકાને ઉત્તેજિત કરી છે, જેમણે સર્વસંમતિથી આ પગલાને જમ્મુ અને કાશ્મીરના લોકોનું વધુ "અસશક્તિકરણ" અને અશાંત પ્રદેશ પર કેન્દ્રના કાયમી કબજાના સંસ્થાકીયકરણ તરીકે ગણાવ્યું છે. કાશ્મીરની સૌથી જૂની રાજકીય પાર્ટી નેશનલ કોન્ફરન્સના મુખ્ય પ્રવક્તા તનવીર સાદિકે જણાવ્યું હતું કે, "તેનો હેતુ જમ્મુ અને કાશ્મીરના લોકોના લોકશાહી અવાજને નબળો પાડવાનો છે." "ચૂંટાયેલી સરકારને બદલે બિનચૂંટાયેલા લેફ્ટનન્ટ ગવર્નરને સત્તા આપવાનું કેન્દ્ર સરકારનું પગલું એ જમ્મુ અને કાશ્મીરમાં લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારના ભાવિને નબળું પાડવાનો સ્પષ્ટ પ્રયાસ છે."

ડિસેમ્બરમાં, કલમ ૩૭૦ની નાબૂદીને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. સ્ક્રોલ એ જે નિષ્ણાતો સાથે વાત કરી હતી તેમણે નિર્દેશ કર્યો કે આ અશક્તિકરણ થવાનું જ હતું - અને તે કાયદાઓમાં ઘડવામાં આવ્યું હતું જેણે ઓગસ્ટ ૨૦૧૯માં જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યો હતો.

**'એક ગૌરવપૂર્ણ મ્યુનિસિપલ કાઉન્સિલ'** : ફેરફારોની ઉત્પત્તિ જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯માં રહેલ છે - જે સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો જ્યારે કાશ્મીર કર્ફ્યુ હેઠળ હતું અને સંચાર નાકાબંધી હેઠળ હતું. ભારતના બંધારણની કલમ ૩૭૦ હેઠળ તેના વિશેષ દરજ્જાને નાબૂદ કર્યા પછી આ અધિનિયમે ૨૦૧૯માં અગાઉના રાજ્ય જમ્મુ અને કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કરવાનો માર્ગ મોકળો કર્યો હતો.



કાયદાના અમલ પછી, ઓગસ્ટ ૨૦૨૦માં, ગૃહ મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર નિયમો, ૨૦૧૯ના કેન્દ્રશાસિત પ્રદેશની સરકારના વ્યવસાયના વ્યવહારને સૂચિત કર્યું. કેન્દ્ર દ્વારા ૧૨ જુલાઈના નોટિફિકેશનમાં આ નિયમોમાં નવી કલમો ઉમેરીને તેમાં સુધારો કરવામાં આવ્યો છે. જમ્મુ અને કાશ્મીર સરકારના કાયદા વિભાગના પૂર્વ ઉચ્ચ-ક્રમના અધિકારીએ સ્ક્રોલને જણાવ્યું હતું કે આવા ફેરફારો લગભગ અનિવાર્ય હતા, કારણ કે ચૂંટાયેલી વિધાનસભાની ઘટતી શક્તિઓ J&K પુનર્ગઠન કાયદામાં પ્રોગ્રામ કરવામાં આવી હતી. "આજે હોય કે કાલે, કેન્દ્ર સરકારે તે કરવાનું હતું," અધિકારીએ કહ્યું. ઉદાહરણ તરીકે, પુનર્ગઠન અધિનિયમની કલમ ૩૨ મુજબ, જમ્મુ અને કાશ્મીરની વિધાનસભાને ફક્ત 'પબ્લિક ઓર્ડર' અને "પોલીસ" સંબંધિત બાબતો સિવાય રાજ્યની સૂચિમાં કાયદા બનાવવાની સત્તા છે. ભારતના બંધારણની સાતમી અનુસૂચિમાં સમવર્તી સૂચિ તેના માટે મર્યાદાઓથી દૂર છે. નિવૃત્ત અધિકારીના જણાવ્યા મુજબ, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ દ્વારા પરિકલ્પિત વહીવટના માળખા અને આ કાયદા હેઠળ લેફ્ટનન્ટ ગવર્નરને સોંપેલ વ્યાપક વિવેકાધીન સત્તાઓ દ્વારા સુધારાઓ જરૂરી હતા. "બંધારણ હેઠળ, રાજ્યની કારોબારી સત્તા એ વસ્તુઓ સુધી વિસ્તરે છે કે જેના પર રાજ્યની વિધાનસભાને કાયદાકીય સક્ષમતા છે," તેમણે કહ્યું. "જમ્મુ અને કાશ્મીરના કિસ્સામાં, કાયદાકીય ક્ષમતા માત્ર રાજ્યની સૂચિ બાદ પોલીસ અને જાહેર વ્યવસ્થા પૂરતી મર્યાદિત છે. તેથી, નવા સુધારાઓ વિશે અસામાન્ય કંઈ નથી કારણ કે આ રીતે ૨૦૧૯ પુનર્ગઠન અધિનિયમ હેઠળ મૂળભૂત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે," તેમણે રેખાંકિત કર્યું. આનાથી જમ્મુ અને કાશ્મીરની ચૂંટાયેલી વિધાનસભાને જમીન, મહેસૂલ, જાહેર આરોગ્ય, સ્વચ્છતા, સ્થાનિક શાસન અને નાગરિક સંસ્થાઓ, સિંચાઈ અને કર વગેરે બાબતો પર વિધાનસભ્ય સક્ષમતા આપવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં હાથ ધરવામાં આવશે. પરંતુ આ સંજોગોમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં મુખ્યપ્રધાનની ભૂમિકા શું હશે?

નિવૃત્ત અધિકારીએ કહ્યું, "તેઓ ગૌરવશાળી સરપંચ જેવા હશે અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભા મ્યુનિસિપલ કાઉન્સિલ જેવી હશે."

**'પ્રધાન પરિષદ' અવરોધ :** જ્યારે ઓગસ્ટ ૨૦૨૦માં ગૃહ મંત્રાલય દ્વારા વ્યવસાયિક નિયમોના વ્યવહારને પ્રથમ વખત સૂચિત કરવામાં આવ્યું હતું, તે સમયે રાજકીય પક્ષો અને કાયદાકીય નિષ્ણાતોએ એક મૂળભૂત સમસ્યા તરફ ધ્યાન દોર્યું હતું.

જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૫૫ કહે છે કે નિયમો જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા "પ્રધાન પરિષદની સલાહ પર..." ઘડવામાં આવ્યા હતા. છતાં, કેન્દ્ર સરકારે ચૂંટાયેલી સરકારની ગેરહાજરીમાં વ્યાપાર નિયમો ઘડવાની પ્રક્રિયા હાથ ધરી હતી. તે જોગવાઈને પાર પાડવા માટે, કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલી ઘોષણા પર આધાર રાખ્યો હતો. તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા જારી કરાયેલી ઘોષણા અનુસાર, ભારતના રાષ્ટ્રપતિએ "જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશની સરકારના તમામ કાર્યો અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્ર શાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા નિયુક્ત અથવા ઉપયોગમાં લેવા યોગ્ય તમામ સત્તાઓ ધારણ કરી છે." ઘોષણા જાહેર કરવામાં આવી હતી કે "જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભા અથવા વિધાનસભાની સત્તાઓ સંસદ દ્વારા અથવા તેના હેઠળ ઉપયોગમાં લેવાશે." આ ઘોષણાએ જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૫૫ની કામગીરીને પણ સ્થગિત કરી દીધી હતી - જેણે લેફ્ટનન્ટ ગવર્નરને "પ્રધાન પરિષદની સલાહ પર" વ્યવસાય નિયમો ઘડવાનું ફરજિયાત બનાવ્યું હતું. એક વરિષ્ઠ વકીલના જણાવ્યા અનુસાર, જેમણે ઓળખ ન આપવાની વિનંતી કરી હતી, આ સુધારાઓ લોકશાહીમાં અપેક્ષિત કાયદાના નિર્માણ સાથે સુસંગત નથી. "પ્રથમ તો, કેન્દ્ર દ્વારા મંત્રી પરિષદની સલાહ વિના વ્યવસાયના નિયમોની સૂચના આપવામાં આવી હતી. હવે, કેન્દ્ર સરકાર ચૂંટાયેલા પ્રતિનિધિઓની સલાહ લીધા વિના તે નિયમોમાં સુધારા પણ કરી રહી છે. તે કેવી રીતે ન્યાયી છે?" વરિષ્ઠ વકીલે સમજાવ્યું. તેમણે ઉમેર્યું: "જો મારે મારા મૂલ્યાંકનમાં રૂઢિચુસ્ત હોવું જોઈએ, તો હું કહીશ કે આ બંધારણીય કાયદા અને લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે."

**રાજકીય વર્ગ તરફથી ટીકા :** આ સુધારાઓએ કેન્દ્રશાસિત પ્રદેશના સેટઅપમાં જમ્મુ અને કાશ્મીરના ભાવિ ચૂંટાયેલા મુખ્યપ્રધાનની ઘટતી જતી અને મર્યાદિત ભૂમિકાને પણ સપાટી પર લાવી છે. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન અને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે "...જમ્મુ અને કાશ્મીરના લોકો શક્તિહીન, રબર સ્ટેમ્પ સીએમ કરતાં વધુ સારી રીતે લાયક છે, જેમને પોતાના પટાવાળાની નિમણૂક કરવા માટે એલજીને ભીખ માંગવી પડશે."

અન્ય એક પૂર્વ મુખ્યપ્રધાન અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ જણાવ્યું હતું કે સુધારાઓએ જમ્મુ અને કાશ્મીરના લોકો વિશે નવી દિલ્હીની વિચારસરણી વિશે મૂળભૂત પ્રશ્ન ઊભો કર્યો છે. "...તમે એવો વટહુકમ લાવ્યા છો કે જેના દ્વારા તમે આખા દેશની સૌથી શક્તિશાળી જમ્મુ અને કાશ્મીરની વિધાનસભામાંથી બધું જ છીનવી લીધું છે. આજે, તમે તેને નગરપાલિકામાં રૂપાંતરિત કરવા માંગો છો," મુફ્તીએ ૧૩ જુલાઈના રોજ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું. તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ફેરફારો નવી દિલ્હીના ડરથી પ્રેરિત છે કે ભારતીય જનતા પાર્ટી જમ્મુ અને કાશ્મીરમાં કોઈપણ ચૂંટણી જીતવાની સ્થિતિમાં નથી. "જો આવતીકાલે જમ્મુ અને કાશ્મીરમાં કોઈપણ સરકાર રચાય છે, તો તે ભાજપ દ્વારા બિલકુલ બનાવવામાં આવશે નહીં," તેણીએ કહ્યું. "અને (તેથી) તે સરકાર પાસે કોઈ સત્તા નહીં હોય, તે તેના કોઈપણ કર્મચારીઓને સ્થાનાંતરિત કરી શકશે નહીં, જેની સામે કાર્યવાહી કરવી, તમે તે અધિકાર તેમની પાસેથી છીનવીને મુખ્ય સચિવ અને એલજીને આપવા માંગો છો. તે એલજી જે બહારથી આવે છે, જેને આ જગ્યા વિશે કંઈ ખબર નથી," તેણીએ કહ્યું. નવી દિલ્હીની નજીક દેખાતા પક્ષોએ પણ નવા સુધારાની ટીકા કરી છે. અપની પાર્ટીના વડા અલ્તાફ બુખારીએ ૧૩ જુલાઈના રોજ શ્રીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, "આ નવા નિર્ણયનો હેતુ રાજ્યને ખોખું બનાવવાનો છે જેમાં ચૂંટાયેલી સરકાર માટે કોઈ સત્તા છોડવામાં આવશે નહીં... જમ્મુ અને કાશ્મીરના લોકો આને સમર્થન આપતા નથી." પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ લોને પણ નવી દિલ્હીની આકરી ટીકા કરી, આ સુધારાને જમ્મુ અને કાશ્મીરના લોકોના "સતત વ્યવસ્થિત અશક્તિકરણ"નો ભાગ ગણાવ્યો. જ્યારે રાજકીય પક્ષોએ સુધારા પર આકરી પ્રતિક્રિયા આપી છે, ત્યારે સૂચનાએ સંકેત આપ્યો છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં લાંબા સમયથી વિલંબિત વિધાનસભાની ચૂંટણીઓ સપ્ટેમ્બરની સુપ્રીમ કોર્ટની સમયમર્યાદા અનુસાર યોજવામાં આવી શકે છે. વરિષ્ઠ વકીલે કહ્યું, "તેનો અર્થ એ પણ નથી કે નવી દિલ્હી ગમે ત્યારે જલ્દી જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા વિશે વિચારી રહી છે."

**- સફવત ઝરગર**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# મુહદ્દીસ ઇમામ તિરમીઝી (રહે.)

## (ઈ.સ.૮૨૪-૮૯૨)

**પ્રભાવી વ્યક્તિત્વ**

**- મુહમ્મદ સઈદ શેખ**

ઈમામ તિરમીઝી (રહે.), જેમનું પૂરૂં નામ અબુ ઈસા મુહમ્મદ ઈબ્ને ઈસા ઈબ્ને સોરા તિરમીઝી છે, તેઓ ઈસ્લામના વિખ્યાત હદીસ વિદ્વાનોમાંના એક હતા. એમનો જન્મ ઈસ ૮૨૪માં તિરમીઝ, હસ્તીયાન પ્રદેશમાં થયો હતો, જે આજના તુર્કમેનિસ્તાનમાં આવેલું છે. તેઓ ૯મી સદીમાં રહેલા વિખ્યાત મુહદ્દીસ હતા અને તેઓના હદીસના સંગ્રહ "જામેઅ તિરમીઝી" માટે વિશેષ પ્રસિદ્ધ છે.

નાનપણથી જ એમને હદીસના વિજ્ઞાન અને કુર્આનના અભ્યાસમાં રસ હતો. જ્ઞાનપ્રાપ્તિ માટે તેઓ મુસાફરી કરી, વિવિધ શહેરોમાં જઈને પ્રસિદ્ધ વિદ્વાનો પાસેથી હદીસો શીખતા અને તેમને સંગ્રહિત કરતા. તેઓ ઈમામ બુખારી (રહે.), ઈમામ મુસ્લિમ (રહે.) અને ઈમામ માલિક (રહે.) જેવા મહાન મુહદ્દીસોના શિષ્ય હતા. ઈમામ તિરમીઝી (રહે.)એ હદીસ ઉપરાંત તફસીર અને ફિકહ (ધાર્મિક ન્યાયશાસ્ત્ર) જેવા વિષયોમાં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ઈમામ તિરમીઝીનું મુખ્ય યોગદાન એમનો હદીસ સંગ્રહ છે, જેને "જામેઅ તિરમીઝી" અથવા "સુનન તિરમીઝી" કહેવામાં આવે છે. આ ગ્રંથ ઈસ્લામના છ મોટા અને પ્રમાણભૂત હદીસ સંગ્રહોમાંથી એક છે, જેને "કુતુબ અલ-સિત્તાહ" કહેવાય છે. એમનો હદીસ સંગ્રહ સુનન વર્ગમાં આવે છે અને તેમાં ૩,૯૫૬ હદીસોનો સમાવેશ થાય છે.

એમણે હદીસના વર્ણન અને તેમને શ્રેણીબદ્ધ કરવા માટે ખૂબ મહેનત કરી હતી. આ સિવાય એમણે કુર્આનના અભ્યાસમાં યોગદાન આપ્યું છે. એમણે લખેલા મહત્ત્વના ગ્રંથોની અહીં ચર્ચા કરવામાં આવી છે.

**જામેઅ તિરમીઝી (સુનન તિરમીઝી) :**

આ ઈમામ તિરમીઝીનો સૌથી મહત્વપૂર્ણ ગ્રંથ છે, જેમાં ૩,૯૫૬ હદીસોનો સંગ્રહ છે. હદીસોના છ મહત્ત્વપૂર્ણ સંગ્રહો (કુતુબ અલ-સિત્તાહ)માંથી એક છે. આ ગ્રંથમાં એમણે હદીસોને સંકલિત કરીને તબક્કાવાર રીતે રજૂ કરી છે. તેઓ હદીસોની શ્રેણી, શ્રેષ્ઠતા અને તેમની પ્રામાણિકતા પર વિશેષ ધ્યાન આપતા હતા. એમણે આ ગ્રંથમાં હદીસોને તેમના શ્રેણી, વિષય અને પ્રામાણિકતા અનુસાર વર્ગીકૃત કર્યા છે. આમાં એમણે ફિકહ (ધાર્મિક ન્યાયશાસ્ત્ર), અકીદા (વિશ્વાસ સિદ્ધાંતો), તફસીર (કુર્આનનું વિસ્તૃત વિવરણ) જેવા વિષયોનો સમાવેશ કર્યો છે.

**અશ-શમાયલ અન નબવીયા વલ ફઝાઈલ અલ મુસ્તાફવીયા (અશ શમાયલ અત-તિરમીઝી) :**

આ ગ્રંથમાં ઈમામ તિરમીઝીએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) સાહેબના જીવન, વ્યક્તિત્વ અને ગુણોના વિષય પર હદીસોનો સંગ્રહ કર્યો છે. એમણે આ ગ્રંથમાં પયગમ્બર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) સાહેબના નૈતિક, આધ્યાત્મિક અને દૈનિક જીવનના વિવિધ પાસાઓનું વર્ણન કર્યું છે.

**અલ-ઈલલ અસ સુગરા :**

આ ગ્રંથ હદીસ વિજ્ઞાનના મહત્ત્વપૂર્ણ વિષય પર આધારિત છે. આમાં ઈમામ તિરમીઝીએ હદીસોની મૂળભૂત ખામીઓ અને તેના સ્રોતો વિશે વિગતવાર ચર્ચા કરી છે. આ ઉપરાંત એમણે 'અઝ જુહદ', અલ ઈલલ કુબરા', 'અલ અસ્મા વલ કુના' અને 'કિતાબ અત તારીખ' જેવા ગ્રંથોની પણ રચના કરી છે.

ઈમામ તિરમીઝીએ હદીસોના વિજ્ઞાનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. એમણે હદીસોને શ્રેણીબદ્ધ કરીને અને તેમના સ્રોતોને તપાસીને હદીસોના પ્રામાણિક સંગ્રહની રચના કરી છે.

તેમણે હદીસોના અર્થઘટન અને અભ્યાસમાં વિશેષ પદ્ધતિ અપનાવી, જે આજે પણ વિદ્વાનો દ્વારા માન્ય છે. એમણે હદીસોને સરળ રીતે સમજાવીને તેમના આદેશ અને માર્ગદર્શનને સમજાવ્યા છે.

ઈમામ તિરમીઝીનું અવસાન ઈસ.૮૯૨માં થયું, એમની કબર એમના જન્મસ્થળ તિરમીઝમાં છે. એમનો જ્ઞાન વારસો આજે પણ હદીસ સંગ્રહ રૂપે જીવંત છે.

ઈમામ તિરમીઝીના ગ્રંથો અને હદીસના વિજ્ઞાનમાં તેમના યોગદાનને આજે પણ મહાન માન્યતા પ્રાપ્ત છે. એમના ગ્રંથો અને શિક્ષાઓ મુસ્લિમ સમુદાયમાં પવિત્રતા અને માર્ગદર્શનના સ્તંભ તરીકે માનવામાં આવે છે.

ઈમામ તિરમીઝી ઈસ્લામના મહાન હદીસ વિદ્વાનોમાંના એક હતા. તેમનું જીવન અને કાર્ય મુસ્લિમ સમુદાય માટે પ્રેરણાસ્પદ છે. તેમની પદ્ધતિ, શૈક્ષણિક યોગદાન અને ગ્રંથો આજના હદીસ વિજ્ઞાનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

# મુસ્લિમ ધર્મસ્થળોને તોડી પાડવા એ અસહિષ્ણુતા છે, શાસન નથી

**જ્યા**રે મુસ્લિમ સમુદાય તેમના ધર્મસ્થાનો પરના હુમલા સામે વાંધો ઉઠાવે છે, ત્યારે વારંવાર જવાબી પ્રશ્ન થાય છેઃ શું સરકારે કાશી અને અયોધ્યામાં પણ મંદિરોને બુલડોઝ નથી કર્યા? શું તે સાબિત નથી કરતું કે પ્રેરણા ધર્માંધતા નથી પરંતુ જાહેર સુવિધા અથવા વહીવટી પાલન છે?

જો કે, બંનેની સમાનતા કરવાનો પ્રયાસ ખોટો છે. જ્યારે કાશી અને અયોધ્યામાં હિંદુ મંદિરો મોટા, ભવ્ય મંદિરો માટે તોડવામાં આવ્યા હતા, ત્યારે ઈસ્લામિક બાંધકામો જાહેર જમીન પર અતિક્રમણના આધારે તોડવામાં આવ્યા છે, જ્યારે તેઓ સદીઓ જૂના હતા.

નેટવર્ક ઓફ સાઉથ એશિયન જર્નાલિસ્ટ જે ICFJ (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર જર્નાલિસ્ટ), વોશિંગ્ટન, ડીસી દ્વારા સંચાલિત સંશોધન પ્રોજેક્ટ જાહેર કરે છે કે દુર્લભ કિસ્સાઓમાં જ વહીવટીતંત્રે કેરટેકર્સને 'કારણ બતાવો' નોટિસ પાઠવી હતી, દસ્તાવેજો માટે પૂછ્યું હતું કે શા માટે બાંધકામો તોડી પાડવા ન જોઈએ, તેઓ આમાં દસ્તાવેજોની યોગ્ય સુનાવણી અથવા ચકાસણી કર્યા વિના કોઈપણ રીતે આગળ વધ્યા.

આ પ્રોજેક્ટ દર્શાવે છે કે એકલા ઉત્તરાખંડમાં જ છેલ્લા ચાર-પાંચ વર્ષમાં ૩૦૦થી વધુ મજારો, મસ્જિદો અને મદ્રેસાઓ (શાળાઓ)ને બુલડોઝ કરવામાં આવ્યા છે. જ્ઞાનવાપી વિવાદિત માળખા કેસમાં હિન્દુ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા વિષ્ણુ જૈને દાવો કર્યો હતો કે દેશભરમાં ઓછામાં ઓછી ૫૦ 'વિવાદિત' મસ્જિદો અને સ્મારકો છે જેને હિન્દુઓને પુનઃસ્થાપિત કરવાની જરૂર છે. ઈતિહાસકાર શાહિદ સિદ્દીકી ખાતરી આપે છે કે વિવિધ હિંદુ સંગઠનોએ આવા અંદાજે ૩૦,૦૦૦ સ્થળોની યાદી તૈયાર કરી છે, જેમાંથી ઘણા મુસ્લિમ સમુદાય માટે સાંસ્કૃતિક, ઐતિહાસિક, સ્થાપત્ય અને ધાર્મિક મહત્વ ધરાવે છે, જેઓ ત્યાં ઈબાદત કરવાનું ચાલુ છે.

જ્ઞાનવાપી કેસમાં મુસ્લિમ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ એડવોકેટ ફરમાન હૈદર નકવી નિર્દેશ કરે છે કે જો કે, પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૯૧ નિયત કરે છે કે ધાર્મિક સ્થાનો ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હતા તે જ રીતે રહેવા જોઈએ, સુપ્રીમ કોર્ટ સમક્ષ કાયદાને પડકાર પેન્ડિંગ છે. તે કહે છે કે આનાથી નીચલી અદાલતોને અવલોકનો કરવા, સર્વે કરવાનો આદેશ આપવા અને સુનાવણી માટે છૂટીછવાઈ ફરિયાદો સ્વીકારવાની છૂટ મળી છે.

કેટલીકવાર અદાલતોએ પૂજા સ્થાનોની પ્રકૃતિમાં પણ ફેરફાર કર્યો છે. દાખલા તરીકે, વારાણસીમાં, કોર્ટે હિંદુઓને જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણ ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપી હતી, અને જિલ્લા ન્યાયાધીશે ચુકાદો આપ્યો હતો કે હિંદુ અરજદારોની પૂજા કરવાની અરજી કાયદાનું ઉલ્લંઘન કરતી



એપ્રિલ ૨૦૨૩માં નવી દિલ્હીના બંગાળી માર્કેટમાં NDMC દ્વારા મસ્જિદનો એક ભાગ તોડી પાડવામાં આવ્યો.

## સૈયદ ઝૈગમ મુર્તઝા લખે છે કે મુસ્લિમ ધર્મસ્થળોને સંયુક્ત રીતે તોડી પાડવા એ અસહિષ્ણુતા છે, શાસન નથી

નથી. ભાજપ શાસિત રાજ્યોમાં મુસ્લિમ ધર્મસ્થાનો યુદ્ધનું મેદાન બની ગયા છે. ટ્રેન્ડ નવો નથી. જામનગર, અમદાવાદ, વડોદરા અને ભોપાલમાં, મસ્જિદો અને મજારોને વર્ષોથી હાલના રસ્તા પહોળા કરવાની આડમાં અથવા અતિક્રમણ વિરોધી ઝુંબેશના ભાગરૂપે તોડી પાડવામાં આવ્યા છે. ૧૯૯૦ના દાયકામાં, જ્યારે કલ્યાણસિંહ મુખ્યમંત્રી હતા, ત્યારે ઉત્તર પ્રદેશે ગાઝિયાબાદમાં ગાઝીઉદ્દીન ગાઝીની કબરને તોડી પાડી હતી.

મુસ્લિમ સાઈટ્સ પર યુદ્ધ ૨૦૧૪થી ઝડપી બન્યું, નામ બદલવાની પળોજણથી શરૂ થયું. મુગલસરાય જંકશન દીનદયાલ ઉપાધ્યાય જંકશન બન્યું. અલ્હાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું. ગુડગાંવ ગુરુગ્રામ બન્યું, અને ખુલ્લી જગ્યાઓ અને ઉદ્યાનો જ્યાં મુસ્લિમો શુક્રવારની નમાઝ અદા કરવા માટે ભેગા થાય છે તેને પ્રતિબંધિત કરવામાં આવ્યા. ત્યારબાદ ડિમોલિશનની પળોજણ કરી. તેથી મુસ્લિમ સમુદાયને આને સંગઠિત અભિયાન તરીકે જોવા માટે ભાગ્યે જ દોષી ઠેરવી શકાય. નરેન્દ્ર મોદીની સત્તામાં વાપસી સાથે, તેને હવે વધુ સ્થળો ગુમાવવાનો ભય છે. મે ૨૦૨૪માં ચૂંટણી પ્રચારની ગરમી અને ધૂળ દરમિયાન, જૌનપુર જિલ્લા કોર્ટમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૧૪મી સદીની અટાલા મસ્જિદ એક પ્રાચીન હિન્દુ મંદિર છે. અરજદાર, એડવોકેટ અજય પ્રતાપસિંહે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ના અહેવાલને ટાંક્યો જેમાં એક નિર્દેશકે મસ્જિદને મંદિર તરીકે વર્ણવી હતી. મસ્જિદનું પ્રતિનિધિત્વ કરતા મૌલાના શહાબુદ્દીને વળતો દાવો કર્યો હતો કે મસ્જિદનું નિર્માણ ૧૩૯૩માં ફિરોઝ શાહ તુઘલક દ્વારા કરવામાં આવ્યું હતું. (વ્યંગાત્મક રીતે, તુઘલકે મસ્જિદની બાજુમાં જે મદ્રેસાની સ્થાપના કરી હતી તેને ASI દ્વારા સ્મારક તરીકે માન્યતા આપવામાં આવી છે.)

શહેરનું પ્રાચીન નામ લક્ષ્મણ નગરી હોવાનો દાવો કરીને લખનૌમાં પણ આવો જ એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ટીલે વાલી મસ્જિદ દેખીતી રીતે લક્ષ્મણ ટીલાના ખંડેર પર બાંધવામાં આવી હતી, જે એક પ્રાચીન સનાતન ધર્મ ધરોહર સ્થળ છે. આ જ અજય પ્રતાપ સિંહે દાવો કર્યો હતો કે ફતેહપુર સીકરીમાં સલીમ ચિશ્તીની દરગાહ મૂળ કામાખ્યા દેવીને સમર્પિત મંદિર છે. બદાઉનમાં ૮૦૦ વર્ષ જૂની જામા મસ્જિદ વિશે, અખિલ ભારતીય હિંદુ મહાસભાએ દાવો કર્યો હતો કે, તે શિવ મંદિરના અવશેષો પર બાંધવામાં આવી હતી. નવા સંસદ ભવનથી ત્રણ કિલોમીટરના અંતરે દિલ્હીના મંડી હાઉસ વિસ્તારમાં સદીઓ જૂની છોટે મિયાં ચિશ્તીના મઝારને, ગયા વર્ષે એપ્રિલમાં એક ભયાનક રાત્રે સમતળ કરવામાં આવ્યું હતું, જેણે સંભાળ રાખનાર અકબર અલીને એસડીએમને સંબંધિત દસ્તાવેજો રજૂ કરવાનો સમય આપ્યો ન હતો. ૨૦ ઑગસ્ટ ૨૦૨૩ના રોજ રાત્રે ૨ વાગ્યે, ઝંડેવાલનમાં અઢી સદી જૂની મામા-ભાંજેની મજારના રખેવાળ વજાહત અલીને PWD ઑફિસ તરફથી ફોન આવ્યો - મજાર તોડી પાડવામાં આવશે કારણ કે તે રસ્તા પર અતિક્રમણ કરેલું છે. સવારે ૪.૦૦ કલાકે બુલડોઝર આવી ગયા. સવારે ૮.૦૦ વાગ્યા સુધીમાં તે કાટમાળનો ઢગલો હતો.

૩૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ, દિલ્હીના મહેરૌલીમાં અખુંદજી મસ્જિદ (જે ઓછામાં ઓછી ૬૦૦ વર્ષ જૂની છે) અને તેની નજીકના મદ્રેસાને દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (DDA) દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો. પત્રકાર પ્રશાંત ટંડન નિર્દેશ કરે છે કે ડીડીએનો જમીન પર અતિક્રમણનો દાવો વાહિયાત છે, કારણ કે મસ્જિદ સદીઓથી ડીડીએના અસ્તિત્વ પહેલાથી ઉભી છે. સુનેહરી બાગ વિસ્તારમાં એરફોર્સ ભવન પાસે આવેલી ૧૫૦ વર્ષ જૂની મસ્જિદ નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (NDMC) દ્વારા ટ્રાફિકની જરૂરિયાતોને ટાંકીને તોડી પાડવા માટે તૈયાર છે. સ્ટે ઓર્ડર હોવા છતાં એનડીએમસીએ દિલ્હી વક્ફ બોર્ડના દાવાઓને પડકાર્યા છે.

દિલ્હી વક્ફ બોર્ડ દલીલ કરે છે કે NDMC દ્વારા કેન્દ્રીય એજન્સીને ફાળવવામાં આવેલા પ્લોટ - લોદી રોડ સાથે અલીગંજ ગામની લાલ મસ્જિદ અને દાખલા તરીકે બાજુમાં આવેલ કબ્રસ્તાન - મુઘલ યુગની મસ્જિદો અને કબ્રસ્તાન ધરાવે છે જે NDMCની મિલકત નથી. જો કે, આ વાંધાઓ રદ કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ વકીલ ચંગેઝ ખાને તોડી પાડવાને કોર્ટમાં પડકાર્યો હતો. જ્યારે મસ્જિદ અસ્થાયી રૂપે બચી ગઈ છે, તેના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. કેરટેકર નફીસા બેગમે કેસ પાછો ખેંચવા માટે તેમના પર દબાણ હોવાનું સ્વીકાર્યું. તેણી કહે છે, "તેઓએ માત્ર અસંખ્ય દાવાઓ જ દાખલ નથી કર્યા, પણ હવે તેઓ માંગ કરી રહ્યા છે કે અમે મસ્જિદ છોડી દઈએ."

નવા બનેલા સંસદ ભવનની બાજુમાં એક મજાર છે, જે વર્ષોથી સેન્ટ્રલ સેક્રેટરીએટ મેટ્રો સ્ટેશનના પ્રવેશદ્વારને આકર્ષિત કરે છે. તેની રેલિંગ અને શણગારની તોડફોડ થઈ ચૂકી છે.

અને આ તે છે જે હેડલાઈન્સ બનાવે છે. જૂની દિલ્હીના રહેવાસી, મુખ્તાર અલી, સેંકડો અનામી કબરો અને મજારોના રાતોરાત ગાયબ થવા પર શોક વ્યક્ત કરે છે. જામિયા હમદર્દ યુનિવર્સિટીના પ્રોફેસર અબ્દુલ કાદિર સિદ્દીકી કહે છે કે, આ કબ્રસ્તાનો માત્ર સ્વાતંત્ર્ય સેનાનીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓના અવશેષો જ નહીં, પરંતુ યાદો પણ ધરાવે છે.

દરેક ધ્વંસ સાથે, તે યાદો ભૂંસી નાખવામાં આવે છે, અને આપણી સામૂહિક ચેતના તેના માટે વધુ નબળી છે.

**- ઝૈગમ મુર્તઝા(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)**

# મોદી ત્રીજી ટર્મ માટે સત્તામાં પાછા આવ્યા છે ત્યારે ભારતીય રાજનીતિમાં મુસ્લિમોનું સ્થાન ક્યાં છે ?

## ભાજપની ભારતની દૃષ્ટિમાં તેમનો રૂઢિચુસ્ત આવેગ તેમની હિંદુ રાષ્ટ્રવાદી ઓળખ સાથે અવિશ્વસનીય રીતે જોડાયેલો છે, જે મુખ્ય લોકશાહી રૂઢિચુસ્ત પક્ષોથી કંઈક અંશે વિપરીત છે, દેશમાં વિવિધતા અને સર્વસમાવેશકતાને રાજકીય લેન્ડસ્કેપ માટે અનિવાર્યપણે સ્વીકારવામાં આવે છે

**૨**૦૨૪માં, વિશ્વના અનેક દેશોમાં વૈશ્વિક ચૂંટણીઓ થઈ હતી જેમાં ભારત અને અન્ય મોટા લોકશાહી દેશો સહિત પચાસથી વધુ દેશો આ વર્ષે ચૂંટણી તરફ આગળ વધી રહ્યા છે. ભારતની ચૂંટણી પૂરી થઈ છે અને એક પરિચિત ચર્ચા સપાટી પર આવી છે કેઃ ૧૮મી લોકસભામાં મુસ્લિમ પ્રતિનિધિત્વની સૌથી ઓછી સંખ્યા છે. વધુમાં એવું લાગે છે કે ભારતીય જનતા પાર્ટીમાં મુસ્લિમો માટે કોઈ જગ્યા નથી. ભાજપના ૪૩૦ ઉમેદવારોમાંથી માત્ર એક જ મુસ્લિમ હતો અને જો તે જીત્યો હોત તો તે નીચલા ગૃહમાં ભગવા પક્ષના એકમાત્ર મુસ્લિમ સાંસદ હોત. ભાજપની ભારતની દૃષ્ટિમાં, તેમનો રૂઢિચુસ્ત આવેગ તેમની હિંદુ રાષ્ટ્રવાદી ઓળખ સાથે અવિશ્વસનીય રીતે જોડાયેલો છે, જે મુખ્ય લોકશાહી રૂઢિચુસ્ત પક્ષોથી કંઈક અંશે વિપરીત છે. દેશમાં વિવિધતા અને સર્વસમાવેશકતાને રાજકીય લેંડસ્કેપ માટે અનિવાર્યપણે સ્વીકારવામાં આવે છે.

યુકેની કન્ઝર્વેટિવ પાર્ટીનું નેતૃત્વ એક હિન્દુ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની પુનઃચૂંટણી માટે આફ્રિકન અમેરિકનો અને લેટિનોમાં તેમની લોકપ્રિયતામાં અસંભવિત વધારો થયો છે, તેમના પ્રાથમિક રિપબ્લિકન હરીફોમાં ભારતીય મૂળના બે લોકો અને એક આફ્રિકન અમેરિકનનો સમાવેશ થાય છે. રૂઢિચુસ્ત રાજકારણના વૈશ્વિક લોકતાંત્રિક ક્રમમાં, ભાજપ ધાર્મિક રાષ્ટ્રવાદના અપ્રમાણિક ગઢ છે, તેના દરવાજા મુસ્લિમને 'અન્ય' ગણીને તેઓને નિશ્ચિતપણે અવરોધે છે. આપણે મોદી ૩.૦ સરકારનું પરીક્ષણ કરીએ તો તે સમજવું આવશ્યક છે કે કેવી રીતે ભાજપે એકીકૃત હિંદુ મત બેંક કેળવી છે, તેને મંજૂરી આપી છે, ખાસ કરીને તૃતીય પક્ષ હરીફ વગરની સ્પર્ધાઓમાં આ અભિગમે ઉત્તર અને પશ્ચિમ ભારતીય પટ્ટામાં (મધ્ય પ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ, રાજસ્થાન અને દિલ્હી) ૧૦ કરોડ મુસ્લિમોને અસરકારક રીતે ચૂંટણીની રીતે અપ્રસ્તુત બનાવી દીધા છે. ભારતના નોંધપાત્ર હિસ્સામાં મુસ્લિમ મતદાન શક્તિને ભૂંસી નાખવામાં ફાળો આપનાર પરિબળોને સમજવું જરૂરી છે.

- **મુસ્લિમ મતનું મહત્ત્વ અદૃશ્ય થઈ રહ્યું છે :** ભાજપ દ્વારા તાજેતરના ચૂંટણી પ્રચારમાં પુનરાવર્તિત વિષયોમાંનો એક એવો આક્ષેપ હતો કે કોંગ્રેસ અને ઈન્ડિયા જોડાણ માત્ર મુસ્લિમોને મદદ કરવા માટે છે. વડાપ્રધાન દ્વારા પણ ભારતીય મુસ્લિમોને બદનામ કરવા માટે પાકિસ્તાનનો ઉપયોગ અપમાનજનક તરીકે કરવામાં આવ્યો હતો. ભાજપે હંમેશા મુસ્લિમો પર એકીકૃત વોટ બેંક હોવાનો આરોપ મૂક્યો છે. ભોપાલમાં, જ્યાં હિંદુઓની વસ્તી ૬૯% છે, ત્યાં ૬૫.૫% લોકોએ બીજેપીને મત આપ્યો, આ આંકડો સંભવતઃ હિંદુ મતોના લગભગ કુલ કેપ્ચરને સૂચવે છે. તેવી જ રીતે, વડોદરામાં, જ્યાં ૮૫% વસ્તી હિંદુ છે, ત્યાં ૭૨.૦૪% લોકોએ ભાજપને મત આપ્યો છે. મુસ્લિમ વોટબેંક વિપક્ષ સાથે હોવા અંગે ભાજપ પોતે જે કહે છે તેના પર અહીં માત્રાત્મક ધારણા આધારિત છે. ભોપાલને પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે તે ૨૦૧૯માં પ્રજ્ઞા ઠાકુરને સંસદમાં મોકલવાની પ્રસિદ્ધિ ધરાવે છે અને વડોદરા એટલા માટે કારણ કે ગુજરાત ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટને કારણે ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાથી પાંચ કેસ થયા છે જે શહેરમાં મુસ્લિમો માટે ઘેટ્ટો સિવાયના આવાસ વિકલ્પોને ઓછા થઈ રહ્યા છે. તેથી, એવું લાગે છે કે, એકીકૃત મુસ્લિમ વોટબેંકના ભાજપના આક્ષેપો હિંદુ મતને એકીકૃત કરવામાં તેમની પોતાની નોંધપાત્ર સફળતાના અંદાજ કરતાં થોડા વધુ છે. તો, આ હિંદુ વોટ બેંક કેવી રીતે બની? એક લીટીમાં જવાબ એ છે કે, મુસ્લિમ અમાનવીકરણ અને અન્યીકરણની પ્રક્રિયા દ્વારા આવું કરવામાં આવ્યું છે.
- **વિભાજન અને મુસ્લિમ અન્યીકરણ :** જવાહરલાલ નહેરુ અને વલ્લભભાઈ પટેલ દિલ્હીના વિભાજન પછીના લેન્ડસ્કેપ પર અસંમત હતા, નહેરુએ તેમની સલામતી અને સંરક્ષણ માટે નિયુક્ત વિસ્તારોમાં મુસ્લિમોના કામચલાઉ અલગીકરણને સમર્થન આપ્યું હતું. સરકારે મુસ્લિમોને આ મુસ્લિમ ઝોનમાં સ્થાનાંતરિત કર્યા, કેટલાકને બળજબરીથી



ખાલી કરાવ્યા, અને આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે સઘન પેટ્રોલિંગ જેવા પગલાં અમલમાં મૂક્યા હતા. આ જોખમ વ્યવસ્થાપન વ્યૂહરચના હિંદુ પ્રભુત્વ ધરાવતા, મુસ્લિમ પ્રભુત્વવાળી અને મિશ્ર શ્રેણીઓમાં વિસ્તારોને વિભાજિત કરે છે. પ્રથમ વખત, આવા અનૈચ્છિક રીતે વિસ્તારો ગોઠવવામાં આવ્યા હતા, કટોકટીમાં સમુદાયની સંખ્યાત્મક શક્તિ સત્તાવાર પ્રવચનમાં મુખ્ય વહીવટી સિદ્ધાંત બની હતી. પરંતુ હિંદુ રાષ્ટ્રવાદીઓના દૃષ્ટિકોણમાં, આ જગ્યાઓને હિંદુ ભારતના પવિત્ર સ્થાન પરના અતિક્રમણ તરીકે માનવામાં આવતું હતું, બીજી બાજુ બિનસાંપ્રદાયિક ભારતની મુસ્લિમો પ્રત્યેની અપેક્ષાઓ ઓછી કઠોર ન હતી અને તેથી, મુસ્લિમ



ઓળખની ભારતીયતા પાકિસ્તાન સાથે અસ્પષ્ટ રીતે જોડાયેલી રહી છે, અને આ એક ખ્યાલ જેણે હિંદુ રાષ્ટ્રવાદીઓ માટે તેમના અખંડ હિંદુ રાષ્ટ્રના સ્વપ્નને અનુસરવા માટેના સાધન તરીકે સેવા આપી હતી.

- **વિભાજન પછીના રમખાણો અને વધુ ઘેટ્ટોઈઝેશન :** ભારત લાંબા સમયથી સાંપ્રદાયિક હિંસાથી ત્રસ્ત છે, આ એક વારસો જે રાષ્ટ્રના જન્મ પહેલાનો છે. ભાગલપુરના હુલ્લડોના અવશેષોથી લઈને નેલીની લોહીથી લથપથ શેરીઓ સુધી, મુંબઈના બરબાદ થઈ ગયેલા વિસ્તારોથી લઈને ગુજરાત સુધી, અને તાજેતરમાં જ, દિલ્હીમાં થયેલ રમખાણોની ભૂતાવળ હંમેશા ભારતને ત્રાસ આપે છે. અને તે રાજ્યની સંડોવણીના ગંભીર રીમાઈન્ડર તરીકે કામ કરે છે. ઘણા કિસ્સાઓમાં, રાજ્યના વાલીઓ પડખે ઊભા રહ્યા છે, તેમનો પક્ષપાત એકદમ દૃશ્યમાન છે. એવા શહેરોમાં જ્યાં રમખાણો વારંવાર થાય છે અને તે વિનાશક હોય છે, ત્યાં સમૃદ્ધ અને ગરીબ મુસ્લિમો સલામતી માટે સાથે રહે છે, ઘેટ્ટો બનાવે છે જે એન્ક્લેવ અને ઝૂંપડપટ્ટીના લક્ષણોને જોડે છે. ગરીબ મુસ્લિમો, સરળ લક્ષ્યાંક છે અને તેઓ પ્રથમ સ્થળાંતર કરે છે, ત્યારબાદ ધનિકોને અસર થાય છે. ૧૯૬૯, ૧૯૮૫, ૧૯૯૨ અને ૨૦૦૨માં રમખાણો પછી ચાર-પાંચ લાખ લોકોની વસ્તી ધરાવતા જુહાપુરામાં લોકોનો વધારો થયો હતો, જ્યારે પૂર્વ સાંસદ એહસાન જાફરી સહિત ચુનંદા મુસ્લિમોની હત્યા કરવામાં આવી હતી. જાફરીનું મૃત્યુ દેશભરના મુસ્લિમોમાં એક સંદેશ હતો. તેથી, રાજ્યમાં ઘણા મુસ્લિમોએ ભારે હિંસા સામેની પદ્ધતિ તરીકે, ઘેટ્ટોમાં રહેવાનું પસંદ કર્યું છે. ભારતમાં એકલતાના આવા અનેક કિસ્સા છે, પછી તે અમદાવાદનું જુહાપુરા, મુંબઈનું મુંબ્રા અને મીરા રોડ, દિલ્હીનું શાહીનબાગ હોય - આ એન્ક્લેવ્સ એ યાદ કરાવે છે કે કેવી રીતે મુસ્લિમ સમુદાયને એકાંતમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ ફરજિયાત અલગતા અમાનવીયતાની શરૂઆત છે અને સંઘર્ષના સમયે ચોક્કસ વિસ્તારોને લક્ષ્ય બનાવવાનું પણ સરળ બનાવે છે. જેમ તેઓએ તાજેતરના દિલ્હી રમખાણોમાં કર્યું હતું તેમ, આ એકલવાયા વિસ્તારો સરળ શિકાર બની જાય છે, તેઓને સળગાવવામાં આવે છે અને મુસ્લિમો ભયંકર રીતે પ્રભાવિત રહે છે.
- **આ હિંસાથી કોને ફાયદો થાય છે ? :** અય્યર, આનંદ શ્રીવાસ્તવ અને અન્યો દ્વારા કરાયેલા સંશોધનમાં ભારતીય ચૂંટણીઓ પર હિંદુ-મુસ્લિમ રમખાણોની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં અનેક મુખ્ય તારણો બહાર આવ્યા છે. ચૂંટણી પહેલાના વર્ષમાં થયેલા રમખાણોને કારણે ભાજપના વોટ શેરમાં ૫-૭%નો વધારો થાય છે. વધુમાં કોંગ્રેસ પક્ષમાંથી સાંસદ ચૂંટવાથી વંશીય ઝઘડાની શક્યતા ૩૨% ઘટી જાય છે, જ્યારે ભાજપને ચૂંટવાથી તેમાં ૧૦% વધારો થાય છે. વધુમાં, રાજ્યની એસેમ્બલીઓમાં મુસ્લિમ રાજકારણીઓનો વધુ હિસ્સો હિંદુ-મુસ્લિમ રમખાણોમાં નોંધપાત્ર ઘટાડા તરફ દોરી જાય છે. જો કોંગ્રેસ ૧૯૬૦ અને ૨૦૦૦ની વચ્ચેની તમામ ચૂંટણીઓ હારી ગઈ હોત, તો ભારતમાં ૧૧% વધુ રમખાણો અને ૪૬% વધુ જાનહાનિ થઈ હોત. સંશોધન એ પણ બતાવે છે કે વિધાનસભાની ચૂંટણી પહેલાના રમખાણોને કારણે કોંગ્રેસના વોટ શેરમાં ૧.૩% ઘટાડો થયો હતો અને ભાજપના વોટ શેરમાં ૦.૮%નો વધારો થયો હતો. એકંદરે, અભ્યાસ સૂચવે છે કે બહુમતી ઓળખ ભાજપ પાસે વંશીય તણાવને



ઉશ્કેરવા માટે સ્પષ્ટ પ્રોત્સાહન છે. ઐય્યર અને શ્રીવાસ્તવના જણાવ્યા મુજબ, અમારા કાર્યનો સૌથી મહત્વપૂર્ણ સૂચિતાર્થ એ છે કે તે દલીલ માટે એક આધાર પૂરો પાડે છે કે બહુમતી ઓળખ પક્ષ પાસે વંશીય તણાવ ઉશ્કેરવા માટે સ્પષ્ટ પ્રોત્સાહન છે. અને જેમ આપણે દિલ્હી અને ગુજરાતમાં જોયું છે અને સમગ્ર માનવ ઈતિહાસમાં જોયું છે, ઈરાદાપૂર્વક ઘેટ્ટોઈઝેશન અને હાંસિયામાં રહેવું હિંસાને સરળ બનાવે છે.

- **હાંસિયામાં ધકેલવાનો સૌથી ઈરાદાપૂર્વકનો પ્રયાસ, ગુજરાત સરકારનો ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ :** આનું એક અગ્રણી ઉદાહરણ ગુજરાત સરકારનો ૧૯૮૫માં રજૂ કરાયેલ ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ છે. સાંપ્રદાયિક હિંસા દરમિયાન સંવેદનશીલ વ્યક્તિઓને બચાવવાના પ્રારંભિક હેતુઓ હોવા છતાં, હિંસાની ગેરહાજરીમાં પણ દર ત્રણ વર્ષે આ કાયદો નવીકરણ કરવામાં આવે છે. તે કલેક્ટરને મિલકતના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે જે વસ્તી વિષયક સંતુલનને વિક્ષેપિત કરી શકે છે અથવા ધ્રુવીકરણ તરફ દોરી શકે છે, અને અમુક વિસ્તારોમાં મુસ્લિમોની મિલકતની માલિકીને અસરકારક રીતે નકારી શકે છે. આ કાયદાને વધુ વિસ્તારોમાં વિસ્તારવામાં આવ્યો છે, અને મુસ્લિમોના બંધારણીય અધિકારોના ઉલ્લંઘનને પડકારવામાં આવ્યો છે. શાંતિ લાવવાના દાવાઓ હોવા છતાં, ભાજપ સરકારની ક્રિયાઓ સાંપ્રદાયિક વિભાજન અને ધ્રુવીકરણને કાયમી બનાવે છે, મુસ્લિમોને અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરોમાં અલગ-અલગ વિસ્તારોમાં સીમિત કરે છે. આ કાયદામાં ૨૦૦૯ અને ૨૦૧૯માં બે વાર સુધારો કરવામાં આવ્યો છે, જેમાં કલેક્ટરને વેચાણ અટકાવવા અને ગંભીર દંડ લાદવાની વિવેકાધીન સત્તાઓ આપવામાં આવી છે, જેમાં છ વર્ષની જેલની સજાનો સમાવેશ થાય છે, જે કાયદો પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યો ત્યારે શરૂઆતમાં છ મહિના નક્કી કરવામાં આવ્યો હતો. આના પરિણામે આશ્ચર્યજનક રીતે વિરોધાભાસી છે. વિદેશીઓને આ વિસ્તારોમાં મિલકત હસ્તગત કરવાની પરવાનગી છે, જ્યારે ગુજરાતી મુસ્લિમોને આમ કરવાથી પ્રતિબંધિત છે. સરકારે વધારાના ક્ષેત્રોને આવરી લેવા માટે આ કાયદાના અવકાશને વિસ્તૃત કર્યો છે. સત્તાવાળાઓ હવે હિંસાની ગેરહાજરીમાં પણ સામુદાયિક રીતે સંવેદનશીલ ઝોનમાં મિલકતની ખરીદીની પરવાનગી નકારે છે.
- **પૂર્વગ્રહની પ્રકૃતિ :** ભારતીય સમાજના ઘેટ્ટો માત્ર ભૌતિક નથી, પણ સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પણ છે. શૈક્ષણિક ઘેટ્ટો, તેમની અલગ અને અસમાન શાળાઓ સાથે, તેમને એવા ભવિષ્ય તરફ દોરી જાય છે જે પહેલેથી જ બંધ છે, તેમને વિકાસ કરવાની તકથી વંચિત રાખે છે. અને સાંસ્કૃતિક ઘેટ્ટો, જે રીતે તેઓ સિનેમા અને કલામાં તેમના ભૂંસી નાખેલા અને મૌન સાથે ચિત્રિત થાય છે, તેઓ તેમની ઓળખ, તેમના ઈતિહાસ, તેમના અવાજો છીનવી લે છે. અલ્પસંખ્યક જૂથોને અલગ અને આર્થિક રીતે વંચિત વિસ્તારોમાં સીમિત કરીને, ઘેટ્ટો અર્થપૂર્ણ આંતર-જૂથ સંપર્કની તકોને મર્યાદિત કરે છે, પૂર્વગ્રહ ફેલાવે છે અને સુમેળભર્યા અને સર્વસમાવેશક સમાજના પાયાને નબળો પાડે છે. આ રીતે, વંશીય વસાહતોનું અસ્તિત્વ આંતર-જૂથ સંપર્કની સંભાવનાને ઘટાડવા માટે પૂર્વગ્રહમાં નોંધપાત્ર અવરોધ ઊભો કરે છે, જે એકીકરણ અને સામાજિક સંકલનને સક્રિયપણે પ્રોત્સાહન આપતી નીતિઓ અને પહેલોની જરૂરિયાતને પ્રકાશિત કરે છે. રૂઢિચુસ્તો કોઈપણ પ્રકારના મિલનનો વિરોધ કરે છે તેનું કારણ એ છે કે તેઓ જાણે છે કે એકબીજા સાથે જોડાવાથી માનવીય અસર તરફ દોરી શકે છે. તેથી જ તેઓને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU) અને જાદવપુર યુનિવર્સિટી જેવી સંસ્થાઓ સાથે સમસ્યા છે જ્યાં તમામ હાંસિયામાં ધકેલાઈ ગયેલા "અન્ય" કંઈક વધુ જ દેખાય છે, તેથી જ તેઓ એવું આરક્ષણ અથવા સિનેમા જેવા વિવિધતાના પગલાંનો વિરોધ કરે છે જે હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોનું ચિત્રણ કરે છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ જેવી પહેલ પણ, જે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિદ્યાર્થીઓ માટે ખાનગી શાળાની ૨૫% બેઠકો અનામત રાખે છે, તેને મધ્યમ-વર્ગના મજબૂત પ્રતિકારનો સામનો કરવો પડે છે, જે આંતર-જૂથ સંપર્ક અને સામાજિક મિશ્રણના વિચાર સાથે અગવડતા દર્શાવે છે. આપણે જેઓ વધુ સર્વસમાવેશક ભારતની ઝંખના કરીએ છીએ તેઓએ આ અમાનવીયીકરણનો પ્રતિકાર કરવો જોઈએ, આપણા ઘરો, શાળાઓ અને ઓફિસોની ઘનિષ્ઠ જગ્યાઓમાં તેનો સામનો કરવો જોઈએ. આપણે એન્કાઉન્ટરના ક્ષેત્રો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, જ્યાં વિવિધ અવાજો એકરૂપ થઈ શકે - કલાના ક્ષેત્રમાં, ન્યાયી આવાસ કાયદા માટેના સંઘર્ષમાં, વિભાજિત જાહેર જગ્યાઓમાં આ જરૂરી છે. અમે નાગરિકોની પેઢીઓ ઉછેરી રહ્યા છીએ જેઓ એકાંત ટાપુઓ પર વસે છે, તેમની 'અન્ય' સાથેની ક્રિયાપ્રતિક્રિયાઓ અસમાન શક્તિની ગતિશીલતાની ક્ષણોમાં છે. પ્રગતિશીલ આદર્શો માટેની લડાઈ એ આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધતા માટે, આંતર-શ્રદ્ધા અને આંતર-જાતિ જોડાણો માટેની લડાઈ છે, એવી દુનિયા માટે જ્યાં 'અન્ય'ની માનવતા કોઈ દૂરની અમૂર્તતા નથી પણ એક અંતરની વાસ્તવિકતા છે. આ દુનિયામાં, રૂઢિચુસ્તો તેમના વિભાજનના ઝેરને રોકી શકતા નથી, કારણ કે 'અન્ય'ની માનવતા આપણી સામે તાકી રહી છે, જે આપણા પોતાના આત્માનો અરીસો છે. પ્રગતિશીલ તરીકેનું અમારું મૂલ્ય અન્યને રૂપાંતરિત કરવામાં નથી પરંતુ વિશ્વ માટેના સંઘર્ષ માટે અમારી અતૂટ પ્રતિબદ્ધતામાં રહેલું છે જ્યાં દરેક જીવન મૂલ્યવાન છે, દરેકનો અવાજ સંભળાય છે, અને દરેક ભૌતિક અને સામાજિક જગ્યા આપણી સહિયારી છે.

(લેખક સાન ફ્રાન્સિસ્કોના છે અને ડેટા ગોપનીયતા નિયમોના ક્ષેત્રમાં કામ કરે છે. તે રાજનીતિ પર લખવા માટે ફ્રીલાન્સર તરીકે પણ યોગદાન આપે છે અને ભારતીય જુન્ટા પોડકાસ્ટ તરીકે ઓળખાતા રાજકારણ પર પોડકાસ્ટ ચલાવે છે)

**- રાજશેખર સેન (સૌ. : ધ વાયર)**